# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકૅડેમિક કાઉન્સિલની સભા શનિવાર, તા. ૯-૮-૨૦૦૩ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૯-૮-૨૦૦૩ |
|---|---|---|
| ૧. | પ્રિ. એ. યુ. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | પ્રો. કુમારપાળ દેસાઈ | હાજર |
| ૪. | પ્રિ. આર. જી. ભટ્ટ | હાજર |
| ૫. | પ્રિ. કે. કે. શાહ | હાજર |
| ૬. | પ્રિ. બી. એમ. મોદી | હાજર |
| ૭. | પ્રિ. રક્ષાબહેન દેસાઈ | હાજર |
| ૮. | પ્રો. એચ. વી. ત્રિવેદી | હાજર |
| ૯. | ડૉ. એચ. પી. ભાલોડિયા | ગેરહાજર |
| ૧૦. | પ્રો. સુરેશચંદ્ર એન. દાણી | હાજર |
| ૧૧. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર |
| ૧૨. | ડૉ. જી. વી. શાહ | ગેરહાજર |
| ૧૩. | ડૉ. કે. એમ. કુલકર્ણી | હાજર |
| ૧૪. | પ્રો. અંજનાબહેન શાહ | હાજર |
| ૧૫. | પ્રો. એમ. ટી. દેસાઈ | હાજર |
| ૧૬. | પ્રો. નીતાબહેન એન. શાહ | હાજર |
| ૧૭. | પ્રો. વી. બી. ગોહેલ | ગેરહાજર |
| ૧૮. | પ્રો. એન. એમ. કાઝી | હાજર |
| ૧૯. | ડૉ. વાય. કે. અગ્રવાલ | ગેરહાજર |
| ૨૦. | પ્રો. થોમસ બી. પરમાર | હાજર |
| ૨૧. | ડૉ. વિષ્ણુ પ્રકાશ | હાજર |
| ૨૨. | પ્રો. એન. આર. લાધાવાલા | હાજર |
| ૨૩. | પ્રો. એચ. એન. પ્રજાપતિ | હાજર |
| ૨૪. | પ્રો. એસ. આર. દવે | હાજર |
| ૨૫. | પ્રો. એલ. એસ. પાઠક | હાજર |
| ૨૬. | પ્રો. આર. એન. શુક્લા | હાજર |
| ૨૭. | પ્રો. જી. એમ. પટેલ | હાજર |
| ૨૮. | પ્રો. એમ. એન. પટેલ | ગેરહાજર |
| ૨૯. | પ્રો. સી. સી. રાજગુરુ | હાજર. |

સભાની શરૂઆતમાં પ્રમુખશ્રીએ નવા નિયુક્ત થયેલા સભ્યશ્રીઓને આવકારીને શુભકામનાઓ પાઠવી હતી અને ત્યાર બાદ તેમનો પરિચય વિધિ કરવામાં આવ્યો હતો. સભ્યશ્રીઓએ પણ પ્રમુખશ્રીનો આભાર માનીને પૂરતો સાથ અને સહકાર આપવાની ખાતરી આપી હતી.

**બાબત ક્રમાંક ૧ : તા. ૯-૩-૨૦૦૩ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

ઠરાવ ૧ : તા. ૯-૩-૨૦૦૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

**બાબત ક્રમાંક ૨. નીચે જણાવેલ કૉલેજોને તેમનાં નામ સામે દર્શાવેલ મુજબના વિષયો/અભ્યાસક્રમો પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :**

| ક્રમ | કૉલેજનું નામ | જોડાણનો પ્રકાર-વર્ષ | અભ્યાસક્રમ/વિષયોના નામ | જોડાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ | જૂન, ૨૦૦૨થી | નાટ્ય વિભાગ નાટ્ય વિદ્યાસ્નાતક | કાયમી જોડાણ |
| ૨. | સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત મહિલા વાણિજ્ય મહા-વિદ્યાલય, બાપુનગર, અમદાવાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બી.કૉમ. (સેલ્ફ ફાઈનાન્સ) સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઉચ્ચતર નામાપદ્ધતિ, આંકડાશાસ્ત્ર, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., કૉમ્પ્યુટર સાયન્સ | ચાલુ જોડાણ |
| ૩. | શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ (ઉ.ગુ.) | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બી.કૉમ.(ગૌણ)માં કૉમ્પ્યુટર બિઝનેસ ઓપરેશન | ચાલુ જોડાણ |
| ૪. | કપડવંજ કેળવણી મંડળ બી.સી.એ. કૉલેજ, કપડવંજ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | પ્રથમ/દ્વિતીય વર્ષ બી.સી.એ.ના અભ્યાસક્રમો | ચાલુ જોડાણ |
| ૫. | આર્ટ્સ, સાયન્સ ઍન્ડ આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ભાદરણ | જૂન, ૨૦૦૧થી | બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબાયોલોજી | કાયમી જોડાણ |
| ૬. | સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી, અમદાવાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, હિન્દી, ઇતિહાસ; બી.કૉમ. (મુખ્ય)માં એડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર | ચાલુ જોડાણ |
| ૭. | આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | જૂન, ૨૦૦૨-૨૦૦૪ | બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, અંગ્રેજી; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં ઉચ્ચતર નામાપદ્ધતિ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. | ચાલુ જોડાણ |
| ૮. | કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બેઝિક બી.એસસી. | ચાલુ જોડાણ |
| ૯. | ચંપાબહેન ભગત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ફાયર કૉલેજ, સાણંદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | ફર્સ્ટ/સેકન્ડ બી.એસસી. (ફાયર) ચાલુ અને થર્ડ બી.એસસી. (ફાયર) નવું | ચાલુ જોડાણ |
| ૧૦. | ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ, સોલા, અમદાવાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડ. ઍકા.; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, એસ.પી. | ચાલુ જોડાણ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧. | તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર | જૂન, ૨૦૦૩ | બી.એ. (મુખ્ય)માં ઇતિહાસ, સિન્ધી, સમાજશાસ્ત્ર, અંગ્રેજી; બી.એસસી. (મુખ્ય)માં માઈક્રોબાયોલોજી, ગણિતશાસ્ત્ર, બોટાની-નવા વિષયો | કાયમી જોડાણ |
| ૧૨. | આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સંખેડા | જૂન, ૧૯૯૮થી | બી.એ. (ગૌણ)માં અંગ્રેજી નવા વિષયો | એડહોક જોડાણ નહીં આપવાની ભલામણ છે. |
| ૧૩. | શ્રી આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી.સી.જે. સાયન્સ કૉલેજ, ખંભાત | જૂન, ૧૯૯૭થી | માઈક્રોબાયોલોજી | કાયમી જોડાણ |
| ૧૪. | એમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ (પંચમહાલ) | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન | ચાલુ જોડાણ |
| ૧૫. | મહિલા મહાવિદ્યાલય આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજ, વડોદરા | જૂન, ૨૦૦૩થી | બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં ગુજરાતી, ઇતિહાસ, સહકાર, અર્થશાસ્ત્ર, હિન્દી, સમાજશાસ્ત્ર તેમજ બી.એડ.ના નવા અભ્યાસક્રમો | કાયમી જોડાણ |
| ૧૬. | શ્રી એસ. ડી. પટેલ આર્ટ્સ અને સી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, આંકલાવ | જૂન, ૨૦૦૧થી | બી.એ.(મુખ્ય)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી; બી.એ.(ગૌણ)માં સંસ્કૃત; બી.કૉમ.(મુખ્ય)માં એડ. ઍકા. ઍન્ડ ઓડિટિંગ; બી.કૉમ.(ગૌણ)માં એસ.પી. | કાયમી જોડાણ |
| ૧૭. | એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, દહેગામ | જૂન, ૨૦૦૧થી | બી.કૉમ.(ગૌણ)માં કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન; બી.એ.(ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ, બી.એ.(મુખ્ય)માં મનોવિજ્ઞાન | કાયમી જોડાણ |
| ૧૮. | જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ | જૂન, ૨૦૦૩થી | બી.કૉમ.(મુખ્ય)માં એડ. ઍકા. ઍન્ડ ઓડિટિંગ; બી.કૉમ.(ગૌણ)માં આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર ઈન ઓપરેશન | કાયમી જોડાણ |
| ૧૯. | બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ | જૂન, ૨૦૦૩થી | એમ.બી.,બી.એસ. - ૨૫૦ વિદ્યાર્થી સંખ્યાની ક્ષમતા | કાયમી જોડાણ |
| ૨૦. | શ્રીમતી એસ. સી. પી. એફ. કૉમર્સ કૉલેજ, ડભોઈ | જૂન, ૨૦૦૧થી | બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન | કાયમી જોડાણ |
| ૨૧. | સુરેશ બ્રહ્મકુમાર ભટ્ટ સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી, અમદાવાદ | જૂન, ૨૦૦૩થી | પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ બેચેલર ઑફ ફિઝિયોથેરાપી અને ચતુર્થ વર્ષ બી.ફિઝિયોથેરાપીના અભ્યાસક્રમો | કાયમી જોડાણ |
| ૨૨. | નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | ફર્સ્ટ બી.કૉમ.નું ચાલુ, સેકન્ડ બી.કૉમ.ની નવી જોડાણ અરજી | ચાલુ જોડાણ |
| ૨૩. | ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર | જૂન, ૧૯૯૫થી ૨૦૦૩ | બી.કૉમ. (ગૌણ)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ | ચાલુ જોડાણ તેમજ ૧૫ જૂન, ૨૦૦૩થી કાયમી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪. | ધી માણેકચોક કૉ-ઓપ. બૅન્ક આર્ટ્સ ઍન્ડ મહેમદાવાદ અર્બન પી. કૉ-ઓપ. બૅન્ક કૉમર્સ કૉલેજ, મહેમદાવાદ | ૨૦૦૦થી ૨૦૦૩ | બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં એડ. ઍકા. ઍન્ડ ઓડિટિંગ અને કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન | ચાલુ જોડાણ |
| ૨૫. | શ્રી કેળવણી મંડળ સંચાલિત એસ. સી. એ. પટેલ આર્ટ્સ કૉલેજ, સાંધલી | જૂન, ૨૦૦૨થી | બી.એ.(મુખ્ય)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(ગૌણ)માં માનસશાસ્ત્ર-સમાજશાસ્ત્ર | કાયમી જોડાણ |
| ૨૬. | શ્રી મહાદેવિયા ચૅરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | જૂન, ૨૦૦૩-૨૦૦૪ | ડેન્ટલ વિદ્યાશાખાની નવી ડેન્ટલ કૉલેજ (૪૦ વિદ્યાર્થીઓની ક્ષમતા) | નવું જોડાણ |
| ૨૭. | અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ, અમદાવાદ | જૂન, ૨૦૦૩થી | બી.પી.એ. અને ડિપ્લોમા ઈન યોગા | નવું જોડાણ |
| ૨૮. | શ્રી ચરોત્તર પાટીદાર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, ચાંગા | જૂન, ૨૦૦૩થી | આઈ.ટી., કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિકલ ઍન્ડ કૉમ્યુનિકેશન, ઇલેક્ટ્રિકલ એન્જનિયરિંગ અને મિકેનિકલ એન્જિનિયરિંગ. | ચાલુ જોડાણ |

ઠરાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૧૨ સિવાયની ૧થી ૨૮માં દર્શાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ વિષયો/અભ્યાસક્રમો પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સંબંધિત કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તારીખ ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે ઉપરોક્ત કૉલેજોને તેના નામ સામે જણાવેલ અભ્યાસક્રમ/વિષયનું દર્શાવેલ વર્ષ માટેનું જોડાણ મંજૂર કરવા અને ક્રમાંક ૧૨થી દર્શાવેલ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સંખેડાને જણાવેલ વિષયોનું એડહોક જોડાણ નહીં આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સ્થાનિક તપાસસમિતિના હેવાલ **પરિશિષ્ટ "૧થી ૨૮"** તરીકે સામેલ છે.)

**બાબત ક્રમાંક ૩ : સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશનની તા. ૨૬-૮-૨૦૦૨, તા. ૨૦-૯-૨૦૦૨ તેમજ તા. ૧૧-૧૦-૨૦૦૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.**

(ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "૨૯"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૩ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની ભલામણોનો સ્વીકાર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૪ : નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, અમદાવાદને ગુજરાત સરકાર વર્ષ ૨૦૦૩ના ગુજરાત એક્ટ ૧૦થી સરકારશ્રીના ગેઝેટથી શિક્ષણ વિભાગ જીએચ/એસએચ/૩/APB-2001/M-65-KH-1, તા. ૧૬-૪-૨૦૦૩ના ઠરાવથી આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપેલ હોઈ તા. ૧૭-૪-૨૦૦૩થી નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલોજી, અમદાવાદ, યુનિવર્સિટી તરીકે અસ્તિત્વમાં આવતાં સદરહુ સંસ્થાને આપેલ અભ્યાસક્રમોના જોડાણો સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટી પાસેથી તબક્કાવાર પરત માગવા કરેલી માગણી પરત્વે વિચારણા કરવા બાબત.**

(સદરહુ સંસ્થાનો પત્ર તા. ૨૮-૪-૨૦૦૩ **પરિશિષ્ટ "૩૦"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૪ : આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના ઉપરોક્ત ઠરાવ અનુસાર નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલોજી, અમદાવાદને યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થતાં સદરહુ સંસ્થાને ગુજરાત યુનિવર્સિટીએ આપેલા અભ્યાસક્રમના જોડાણો તબક્કાવાર પરત આપવા સંસ્થાએ કરેલી માગણીનો સ્વીકાર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૫ : તબીબી વિદ્યાશાખાની તા. ૧-૫-૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ (મિનિટ્સ) અન્વયે કરેલ ભલામણો મંજૂર કરવા વિચારણા કરવા બાબત.**

(તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત સભાની ભલામણો **પરિશિષ્ટ "૩૧"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૫ : તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત સભાએ કરેલ ભલામણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૬ : બી.એડ. પ્રવેશ અંગે સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓની તા. ૧૮-૬-૨૦૦૩ની સભામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે વિદ્યાર્થી પ્રવેશ અંગે નક્કી કરેલી માર્ગદર્શક સૂચનાઓની નોંધ લેવા બાબત.**

(બી.એડ. પ્રવેશ અંગે ઉપરોક્ત સભાની માર્ગદર્શક સૂચનાઓની નોંધ **પરિશિષ્ટ "૩૨"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૬ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૭ : નિયુક્ત નીડ સમિતિની તા. ૧૭-૧-૨૦૦૩ અને તા. ૨૧/૨૨-૫-૨૦૦૩ અને તા. ૧૯-૬-૨૦૦૩ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

(નીડ સમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો **પરિશિષ્ટ "૩૩"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૭ : આથી ઠરાવવામાં આવે છે કે નીડ સમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૮ : ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી સને ૨૦૦૩ના ગુજરાત રાજ્યના વટહુકમ ક્રમાંક : ૨ તા. ૨૬-૬-૨૦૦૩ પ્રસિદ્ધ થયેલો છે, જે હેઠળ જુદા જુદા સત્તામંડળોમાં અને જુદા જુદા હોદ્દા ઉપર નિમણૂક, નિયુક્તિ, કૉ-ઓપ્ટ કરવા માટે વયમર્યાદાની પાત્રતા અંગે ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૮(ક) દાખલ કર્યા અંગે તેમજ કલમ ૧૬માં પેટા કલમ (૧)માં "વર્ગ-૧ હોદ્દાની રૂએ" શીર્ષક હેઠળ પરિચ્છેદ (ક)માં ખંડ (૩)ને બદલે "રાજ્યમાં રહેતા યુનિવર્સિટીના છેલ્લાં ભૂતપૂર્વ કુલપતિ" મજકૂર મૂકવામાં આવેલા છે, તેની નોંધ લેવા બાબત.**

(ઉપરોક્ત વટહુકમ ક્રમાંક : ૨, તા. ૨૬-૬-૨૦૦૩ની નકલ **પરિશિષ્ટ "૩૪"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૮ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૯ : ક્રમ ૨૬ ગણવો.**

**બાબત ક્રમાંક ૧૦ : કુલપતિશ્રીના નીચેનાં કાર્યો (જાણ સારુ) :**

૧૦(૧). ગુજરાત યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવનમાં એમ.કૉમ. (આંકડાશાસ્ત્ર) સાથે થનાર વિદ્યાર્થીઓ માટે આંકડાશાસ્ત્ર વિષયમાં એમ.ફિલ. (M.Phil.)નો અભ્યાસક્રમ શરૂ કરવા વાણિજ્ય વિદ્યાભવનનાં અધ્યાક્ષશ્રી તરફથી આવેલ દરખાસ્ત પરત્વે ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખાની સદરહુ એમ.ફિલ.નો અભ્યાસક્રમ શરૂ કરવાની ભલામણ સ્વીકાર્યાનું;

૧૦(૨). શ્રીમતી એ. પી. પટેલ આટ્ર્સ અને શ્રી એમ. પી. પટેલ કૉમર્સ કૉલેજ, નરોડાની જૂન, ૧૯૯૯થી બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, ડિફેન્સ સ્ટડીઝ, કૉમ્પ્યુટર મેથડ્સ, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને બી.કૉમ. (મુખ્ય)માં એડ. ઍકાઉન્ટન્સી, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર બિઝનેસ ઓપરેશનના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે સદરહુ કૉલેજની ઉપરોક્ત વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૨૦૦૩ સુધીનું ચાલુ જોડાણ અને તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી જોડાણ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

(ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૩૫"** તરીકે સામેલ છે).

૧૦(૩). યુ.જી.સી.ના ધોરણો મુજબ ઑર્ડિનન્સ ૯૭(iii)(૪) અનુસાર સંલગ્ન કૉલેજોમાં આચાર્યશ્રી તથા માન્ય સંસ્થાઓમાં નિયામકશ્રીની નિમણૂક માટેની વરણી સમિતિ માટેના તજજ્ઞોની યાદી કુલપતિશ્રીએ તૈયાર કરેલી છે તે અંગેની ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરી પરિપત્રિત કર્યાનું;

૧૦(૪). બાલાજી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, વાસદને જૂન, ૨૦૦૩થી પ્રથમ વર્ષ બી.સી.એ. અને દ્વિતીય વર્ષ બી.સી.એ.નું ચાલુ તેમજ તૃતીય વર્ષ બી.સી.એ.નું નવું જોડાણ મેળવવા આવેલ અરજી પરત્વે નિયુક્ત થયેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ મુજબ જોડાણ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર સ્વીકાર્યાનું;

(ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૩૬"** તરીકે સામેલ છે).

૧૦(૫). હેલ્થ ઍન્ડ ફેમિલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૨૮-૫-૨૦૦૩ ઠરાવ ક્રમાંક એમસીજી-૧૦૦૩-૧૮૬૯/જ થી મેડિકલ, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી સરકારી અને સ્વનિર્ભર કૉલેજોના વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના ફીના ધોરણો સ્વીકાર્યાનું અને તેને યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી કૉલેજોને પરિપત્રિત કર્યાનું;
(સદરહુ સરકારશ્રીના ઠરાવ તા. ૨૮-૫-૨૦૦૩ની નકલ **પરિશિષ્ટ "૩૭"** તરીકે સામેલ છે).

૧૦(૬). શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૬-૬-૨૦૦૩ ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૦૩/૨૧૧૨(૧)-ખથી નક્કી કરેલા સરકારી અને પ્રાઈવેટ ગ્રાન્ટ ઈન એઈડેડ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી ટ્યૂશન ફીના ધોરણો સ્વીકાર્યાનું અને તેને સંબંધિત કૉલેજોમાં પરિપત્રિત કર્યા અંગેનું;

(સરકારશ્રીના સદરહુ ઠરાવ તા. ૬-૬-૨૦૦૩ની નકલ **પરિશિષ્ટ "૩૮"** તરીકે સામેલ છે).

૧૦(૭). શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર પ્રાઈવેટ નોન ગ્રાન્ટ ઈન એઈડેડ કૉલેજો માટેના તા. ૬-૬-૨૦૦૩ ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૦૩/૨૧૧૨-ખથી નક્કી કરેલા વિવિધ વિદ્યાશાખાઓની યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કૉલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી ટ્યૂશન ફીના ધોરણો સ્વીકાર્યાના અને તે સંબંધિત કૉલેજોને પરિપત્રિત કર્યાનું;
(સરકારશ્રીના સદરહુ ઠરાવ તા. ૬-૬-૨૦૦૩ની નકલ **પરિશિષ્ટ "૩૯"** તરીકે સામેલ છે).

૧૦(૮). શ્રી ઘંટાકર્ણ મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની જૂન, ૨૦૦૩થી નવી બી.એડ. કૉલેજના (સેલ્ફ ફાઈનાન્સ ધોરણે) વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે સદરહુ કૉલેજને ઉપરોક્ત અભ્યાસક્રમો શીખવવા માટેનું નવું જોડાણ મંજૂર કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;
(ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૦"** તરીકે સામેલ છે).

૧૦(૯). શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણશાસ્ત્ર અને કાયદાની કૉલેજો તથા યુનિવર્સિટી વિદ્યાભવનો અને અનુસ્નાતક કેન્દ્રોના સત્રો નક્કી અંગે સંબંધિત ફેકલ્ટીના ડીનશ્રીઓની મીટિંગના ભલામણ અનુસાર સત્રો કરીને સ્વીકાર કર્યાનું અને સંબંધિત કૉલેજોને પરિપત્રિત કર્યાનું;

(યુનિવર્સિટીના પરિપત્ર તા. ૧૧-૬-૨૦૦૩ની નકલ **પરિશિષ્ટ "૪૧"** તરીકે સામેલ છે).

૧૦(૧૦). વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૩-૪-૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ (મિનિટ્સ) અન્વયે વિદ્યાશાખાએ કરેલ ભલામણો ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;
(સદરહુ વાણિજ્ય વિદ્યાશાખાની કાર્યવાહી નોંધ **પરિશિષ્ટ "૪૨"** તરીકે સામેલ છે).

૧૦(૧૧). એન્જિનિયરિંગ વિદ્યાશાખાની નવી (સ્વનિર્ભર ધોરણે) કૉલેજ શરૂ કરવા આવેલ પારુલ આરોગ્ય સેવા મંડળ, વડોદરાની અરજી પરત્વે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલની ભલામણ અને એ.આઈ.સી.ટી.ઈ.ની મંજૂરીને આધિન સદરહુ સંસ્થાને ચાલુ શૈક્ષણિક વર્ષ જૂન, ૨૦૦૩થી નીચેના વિષયો માટે નવા જોડાણ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું;
(૧) કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ : ૬૦ બેઠકો
(૨) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન્સ : ૬૦ બેઠકો
(૩) મિકેનિકલ એન્જિનિયરિંગ : ૬૦ બેઠકો
(૪) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ : ૬૦ બેઠકો.
(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૩"** તરીકે સામેલ છે).

૧૦(૧૨). જૂન, ૨૦૦૩થી ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને ૧૦૦ વિદ્યાર્થીઓનું જોડાણ મેળવવા આવેલ જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિએ કરેલ ભલામણ અનુસાર સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી જોડાણ આપવા ઍકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું;
(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૪"** તરીકે સામેલ છે).

૧૦(૧૩). કાશીબા જયશંકર પંડ્યા કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી, પીપરિયાની જૂન, ૨૦૦૩થી પ્રથમ વર્ષ ફિઝિયોથેરાપી, દ્વિતીય વર્ષ ફિઝિયોથેરાપીનું ચાલુ અને તૃતીય વર્ષ ફિઝિયોથેરાપીનું નવું જોડાણ મેળવવાની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિએ આપેલ હેવાલની ભલામણ અનુસાર સદરહુ કૉલેજને પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ ફિઝિયોથેરાપીનું ચાલુ અને તૃતીય વર્ષ ફિઝિયોથેરાપીનું નવું જોડાણ તા. ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૪ સુધીનું જોડાણ આપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું;

૧૦ (૧૪). કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપરિયાની જૂન, ૨૦૦૪થી ડેન્ટલ વિદ્યાશાખાનું ૧૦૦ વિદ્યાર્થીઓનું કાયમી જોડાણ મેળવવાની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિની ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જૂન, ૨૦૦૪થી કાયમી જોડાણ અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૬"** તરીકે સામેલ છે.)

૧૦ (૧૫). સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન કૉલેજ, ગાંધીનગરની જૂન, ૨૦૦૩થી નવી બી.ઍડ. કૉલેજના (સેલ્ફ ફાઇનાન્સ ધોરણે) વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે અને પ્રવેશ કાર્ય શરૂ થઈ ગયેલ હોઈ વિદ્યાર્થી અને સંસ્થાના હિતમાં સદરહુ કૉલેજને ઉપરોક્ત અભ્યાસક્રમો શીખવવા માટેનું નવું જોડાણ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૭"** તરીકે સામેલ છે.)

૧૦ (૧૬). નીચે દર્શાવેલ વિષયોનાં અભ્યાસક્રમો અભ્યાસ સમિતિની ભલામણો અનુસાર સ્વીકારી પરિપત્રિત કર્યાનું;

(૧) અંગ્રેજી (૨) ગુજરાતી (૩) હિન્દી (૪) સંસ્કૃત (૫) સિંધી (૬) મરાઠી (૭) પ્રાકૃત-પાલિ (૮) પર્શિયન-ઉર્દૂ-અરેબિક (૯) પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી.માં ગણિતશાસ્ત્ર (૧૦) રાજ્યનીતિશાસ્ત્ર (૧૧) ઇતિહાસ (૧૨) સમાજશાસ્ત્ર (૧૩) ભારતીય સંસ્કૃતિ (૧૪) એલએલ.એમ. (૧૫) પ્રાણીશાસ્ત્ર (૧૬) ભૂગોળ (૧૭) બાયોલોજી (૧૮) પ્રથમ વર્ષથી તૃતીય વર્ષ બી.કૉમ.ના વિવિધ વિષયો (૧૯) પ્રથમ/દ્વિતીય/તૃતીય વર્ષ બી.એ.-એમ.એ. અર્થશાસ્ત્ર (૨૦) ફિલોસોફી (૨૧) ફિઝિક્સ (૨૨) એમ.એડ. (૨૩) બી.એડ. (૨૪) મનોવિજ્ઞાન (૨૫) કેમિસ્ટ્રી (૨૬) પ્રથમ વર્ષ બી.એસસી. ગણિતશાસ્ત્ર (૨૭) લેબર વેલ્ફેર (માસ્ટર ઑફ લેબર વેલ્ફેર) (૨૮) પ્રથમ વર્ષ બી.એસસી. ઝૂલોજી, બાયોલોજી (૨૯) એમ.એસસી. ભાગ-૧-૨ માઇક્રોબાયોલોજી (૩૦) દ્વિતીય વર્ષ બી.એસસી. અને તૃતીય વર્ષ બી.એસસી. અને એમ.એસસી. માઇક્રોબાયોલોજી (૩૧) પ્રથમ વર્ષ બી.એ. અને એમ.એ. ભાગ-૧ તત્ત્વજ્ઞાન (૩૨) દ્વિતીય વર્ષ બી.એસસી. અને એમ.એસસી. ભાગ-૧ જીઓલોજી (૩૩) પ્રથમ વર્ષ બી.એ. અને એમ.એ. ભાગ-૧ હોમસાયન્સ (૩૪) પ્રથમ વર્ષ બી.એસસી. અને એમ.એસસી. ભાગ-૧ કેમિસ્ટ્રી.

(નોંધ : સુધારેલા અભ્યાસક્રમોના પરિશિષ્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

૧૦ (૧૭). ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદની જૂન, ૨૦૦૩થી નવી બી.ઍડ. કૉલેજના (સેલ્ફ ફાઇનાન્સ ધોરણે) વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ અને પ્રવેશ કાર્ય શરૂ થઈ ગયેલ હોઈ વિદ્યાર્થી અને સંસ્થાના હિતમાં કૉલેજને ઉપરોક્ત અભ્યાસક્રમો શીખવવા માટેનું નવું જોડાણ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

૧૦ (૧૮). શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં પ્રથમ વર્ષ બી.બી.એ., બી.સી.એ.માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની સૂચનાઓ અને માર્ગદર્શક નિયમો તમામ સંબંધિત કૉલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રવેશ સમિતિના સભ્યશ્રીઓની તા. ૩૧-૫-૨૦૦૩ના રોજ મળેલ સંયુક્ત મિટિંગમાં નક્કી થયા મુજબના ધારાધોરણો બી.બી.એ., બી.સી.એ. અભ્યાસક્રમો સંબંધિત સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓને પરિપત્રિત કર્યા અંગેનું;

(સદરહુ પરિપત્ર **પરિશિષ્ટ "૪૯"** તરીકે સામેલ છે.)

૧૦ (૧૯). શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે વિવેકાનંદ ફાઇન્ડેશન સંચાલિત વિવેકાનંદ આટ્ર્સ (બપોરની) વિવેકાનંદ કૉમર્સ (સવારની) અને વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય (બપોરની) કૉલેજોમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલતી તપાસના સંદર્ભમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના પ્રવેશ નહીં આપવા અંગે સંબંધિત કૉલેજને સૂચના આપ્યાનું;

૧૦ (૨૦). એમ. પી. આટ્ર્સ અને એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વીમેન, અમદાવાદને એમ.કૉમ.નું કોસ્ટિંગનું અનુસ્નાતક કેન્દ્ર વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે શરૂ કરવા અંગે માનનીય કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલની ભલામણ અનુસાર સદરહુ કૉલેજને વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા મંજૂરી આપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું;

(નોંધ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪૯ (એ)"** તરીકે સામેલ છે.

ઠરાવ ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૧૦ (૧)થી ૧૦ (૨૦) સુધીના કાર્યોની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૧૧ : (૧) પી.જી. ડિપ્લોમા ઇન કેમઇન્ફોર્મેટિક અને (૨) એમ.એસસી. ઇન બાયોટેકનોલોજી (ઇન્ફર્મેશન બાયોટેકનોલોજી ઍન્ડ એન્વાયરમેન્ટલ બાયોટેકનોલોજી)ના નવા અભ્યાસક્રમો શરૂ કરવા આવેલ પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.**

ઠરાવ ૧૧ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અભ્યાસક્રમો શરૂ કરવા માટે સરકારશ્રી તરફથી મંજૂરી મળ્યા બાદ ઘટિત કાર્યવાહી કરવાનું રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૨ : સી. યુ. શાહ આટ્ર્સ કૉલેજની જૂન, ૨૦૦૧થી બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૦"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૧૨ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તારીખ ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષય શીખવવા માટે વર્ષ ૨૦૦૨-૦૩થી ચાલુ જોડાણ તેમજ શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૩ : સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદની જૂન, ૨૦૦૩થી એરોનોટિકલ એન્જિનિયરિંગ (૬૦ વિદ્યાર્થીઓની ક્ષમતા માટે) અભ્યાસક્રમ માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૧"** તરીકે સામેલ છે)

ઠરાવ ૧૩ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત નવા અભ્યાસક્રમ ૬૦ વિદ્યાર્થી ક્ષમતા સાથે શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૩થી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૪ : સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદની જૂન, ૨૦૦૩થી એમ.સી.એ. (૬૦ વિદ્યાર્થીઓની ક્ષમતા માટે) અભ્યાસક્રમ માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૨"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩

સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત અભ્યાસક્રમ ૬૦ વિદ્યાર્થી ક્ષમતા સાથે શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૩થી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૫ : સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૨૦૦૩થી ઇલેક્ટ્રોનિક્સ વિષય શીખવવા માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૩"** તરીકે સામેલ છે)

ઠરાવ ૧૫ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષય શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૬ : શ્રી તેજેન્દ્રપ્રસાદ સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, કોઠંબાની, ૨૦૦૨થી બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત (ગૌણ)માં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૪"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષયો શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૨થી જોડાણ આપવાનું વિચારી શકાય તેવી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૭ : શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવક મંડળ, દાસાની, સીંગવડ ખાતે જૂન, ૨૦૦૩થી બી.એડ.ના અભ્યાસક્રમ શીખવવા જોડાણ અરજી યુનિવર્સિટીએ આપેલ એન.ઓ.સી. પરત્વે એન.સી.ટી.ઈ. તરફથી આવેલ ૧૦૦ વિદ્યાર્થીઓની મંજૂરી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૫"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત અભ્યાસક્રમ ૧૦૦ વિદ્યાર્થી ક્ષમતા સાથે શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૪ સુધીનું ચાલુ જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૮ : એમ. ડી. શાહ કૉમર્સ અને બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાની જૂન, ૧૯૯૮ બી.એ. (મુખ્ય)માં સમાજશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં બિઝનેસ મેનેજમેન્ટ વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૬"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષયો શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તારીખ ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૪ સુધીનું ચાલુ જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૯ : એફ. ડી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ ફોર વિમેન બી.કૉમ. (મુખ્ય)માં જૂન, ૨૦૦૩-૨૦૦૪ એડ. એકાઉન્ટ અને ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ)માં સ્ટેટિસ્ટિક્સ, એસ.પી., કોમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશન માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૭"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષય શીખવવા માટે શૈક્ષણિક વર્ષ તારીખ ૧૫-૬-૨૦૦૩ સુધીનું વધારાનું અને તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૨૦ : બી.વી.ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૨૦૦૩થી જોડાણ મેળવવાની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૮"** તરીકે સામેલ છે)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ઉપરોક્ત વિષય શીખવવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩થી જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૨૧ : કુલપતિશ્રીનાં કાર્યો (જાણ સારુ) :**

૨૧(૧). ઇજનેરી વિદ્યાશાખાની સભા તા. ૧૩-૬-૨૦૦૩ની મિનિટ્સ મંજૂર કરી ઈ.સી./આઈ.સી. ઇલેક્ટ્રિકલ અને એમ.ઈ. એન્વાયરોનમેન્ટલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો-સ્કીમ અને માળખું પરિપત્રિત કરવાની મંજૂરી આપ્યાનું;

૨૧(૨). મહાદેવિયા ચેરિટેબલ ટ્રસ્ટ, રણછોડપુરા, ગાંધીનગર ખાતે ડેન્ટલ વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે તેમના તા. ૨૦-૩-૨૦૦૩ના પત્રથી માગેલ 'ના વાંધા પ્રમાણપત્ર' (No Objection Certificate) ભારત સરકાર, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ, નવી દિલ્હીને મોકલ્યાનું;

૨૧(૩). જૂન, ૨૦૦૧થી શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુરને બી.એ. (મુખ્ય)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ભૂગોળ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલને આધીન તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૩થી સદરહુ વિષયોનું કાયમી જોડાણ અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરી જાહેરનામું બહાર પાડ્યાનું;

(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫૯"** તરીકે સામેલ છે)

૨૧(૪). સેન્ટ ઝેવિયર્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદનું તા. ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૪ સુધીનું પ્રથમ વર્ષ બી.સી.એ. ચાલુ તથા દ્વિતીય વર્ષ બી.સી.એ.ના નવા અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અંગેની સ્થાનિક તપાસસમિતિના હેવાલના આધારે સદરહુ અભ્યાસક્રમોનું જોડાણ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું;

(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૬૦"** તરીકે સામેલ છે)

૨૧(૫). પ્રાકૃત-પાલિ વિષયની એડહોક અભ્યાસ સમિતિએ તેની તા. ૪-૪-૨૦૦૩ની સભાએ કરેલ ભલામણ અનુસાર યુનિવર્સિટીના પ્રાકૃત વિભાગમાં જૂન, ૨૦૦૩થી અપભ્રંશ અનુસ્નાતક પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવા આવેલ દરખાસ્તને મંજૂરી આપ્યાનું.

(**નોંધ :** (૧) સદરહુ સર્ટિફિકેટ અભ્યાસક્રમ એક વર્ષનો રહેશે તેમજ તે માટે યુનિવર્સિટીએ કોઈ પણ આર્થિક ભાર ઉપાડવાનો નથી તેમ જણાવેલ છે.

(૨) આ સર્ટિફિકેટ અભ્યાસક્રમ એમ.એ.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સમાંતરે કરી શકે તેમ સૂચવ્યું.

૨૧(૬). યુનિવર્સિટીની જુદી જુદી કેડરની ખાલી પડેલ બિનશિક્ષક વર્ગની જગ્યાઓ ભરવા અંગે વર્તમાનપત્રમાં જાહેરખબર આપી મંગાવેલ અરજીઓ પૈકી લાયકાત ધરાવતાં ઉમેદવારોમાંથી

વરણીસમિતિએ નીચે મુજબના ઉમેદવારોની નિમણૂક માટે ભલામણ કરેલી છે તે માન્ય રાખી તેમની નિમણૂક કર્યાનું:

| ક્રમ | જગ્યાનું નામ | વરણી સમિતિની તારીખ | ઉમેદવારનાં નામ |
|---|---|---|---|
| ૧. | યુનિવર્સિટી એન્જિનિયર | ૨૪/૨૫-૩-૨૦૦૩ | જૈન શુભાંગી પ્રકાશ |
| ૨. | ડેવલપમેન્ટ ઑફિસર | ૪-૪-૨૦૦૩ | પઢિયાર વૈશાલી મહેન્દ્રભાઈ |
| ૩. | ડેપ્યુટી રજિસ્ટ્રાર | ૪-૪-૨૦૦૩ | પટેલ દિનેશકુમાર પોપટલાલ |
| ૪. | પ્રકાશન અધિકારી | ૫-૪-૨૦૦૩ | વોહરા કલ્પેન દીલિપભાઈ |
| ૫. | પ્રેસ-મૅનેજર | ૫-૪-૨૦૦૩ | લિંબાચીયા હરેશકુમાર શંકરલાલ |
| ૬. | ડેપ્યુટી એન્જિનિયર (ઇલે.) | ૮/૯-૪-૨૦૦૩ | ગોસ્વામી શૈલેશપૂરી દશરથપૂરી |
| ૭. | આસિ. રજિસ્ટ્રાર | ૭-૪-૨૦૦૩ | ૧. સુસરા રાજેન્દ્ર ટપુભાઈ<br>૨. જોષી પુર્ણેન્દુ મહેન્દ્રકુમારટ<br>૩. જાની અમિત ઈન્દ્રજિતભાઈ |
| ૮. | ડેપ્યુટી એન્જિનિયર (સિવિલ) | ૨૧થી ૨૫-૪-૦૩ | ચોક્સી ભાવિન દેવીપ્રસાદ |
| ૯. | ચીફ એકાઉન્ટ્સ ઑફિસર | ૨૮/૨૯-૪-૨૦૦૩ | ફરી જાહેરાત આપવી |
| ૧૦. | ડાયરેક્ટર ઑફ કૉમ્પ્યુટર સેન્ટર | ૧૨-૫-૨૦૦૩ | ભટ્ટ કેદારનાથ પ્રદ્યુમનભાઈ |
| ૧૧. | કૉમ્પ્યુટર પ્રોગ્રામર | ૧૨-૫-૨૦૦૩ | શાહ વૈશાલી મહેન્દ્રભાઇ |
| ૧૨. | કોચ | ૧૩-૫-૨૦૦૩ | ડોગરા સુધાકુમારી બલવંતસિંહ |
| ૧૩. | વૉર્ડન | ૧૩-૫-૨૦૦૩ | ખાચર બાબુભાઈ જેઠાસુરભાઈ |
| ૧૪. | પ્લેસમેન્ટ ઑફિસર | ૧૩-૫-૨૦૦૩ | પઢિયાર વૈશાલી મહેન્દ્રભાઈ |
| ૧૫. | આસિ. લાયબ્રેરિયન | ૪/૫-૬-૨૦૦૩ | પંડિત જ્યોત્સના કાર્તિકભાઈ |
| ૧૬. | એકાઉન્ટ્સ ઑફિસર | ૧૭/૧૮/૧૯-૫-૨૦૦૩ | પટેલ કનૈયાલાલ અંબાલાલ |
| ૧૭. | વર્કશોપ સુપરિટેન્ડન્ટ | ૨૦/૨૧-૫-૨૦૦૩ | પટેલ મહેન્દ્ર જયંતીભાઈ |
| ૧૮. | એકાઉન્ટન્ટ | ૨૨થી ૨૮-૫-૨૦૦૩ | પટેલ જયંતિભાઈ માધાભાઈ |
| ૧૯. | ટેકનિકલ આસિસ્ટન્ટ (ગ્રંથાલય) | ૩૦-૫-૨૦૦૩ | ભાવસાર અશ્વિનકુમાર નારાયણદાસ |
| ૨૦. | ઇલેક્ટ્રિકલ વાયરમેન | ૩૧-૫-૨૦૦૩ અને ૧-૬-૨૦૦૩ | જેઠવા રાજેશ કાલીદાસ |

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક : ૨૧(૧)થી ૨૧(૬) સુધીના કાર્યોની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૨૨ : એલ. ડી. કૉલેજ ઑફ એન્જિયરિંગમાં એમ.ઈ.માં ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગ એપ્લાઈડ ઈન્સ્ટ્રુમેન્ટેશનનું અનુસ્નાતક કેન્દ્ર ૨૦૦૩-૨૦૦૪ના વર્ષથી શરૂ કરવા અંગે માનનીય કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

(**નોંધ :** સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૬૧"** અને **પરિશિષ્ટ "૬૨"** તરીકે સામેલ છે.)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં એમ.ઈ.માં ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગ એપ્લાઈડ ઈન્સ્ટ્રુમેન્ટેશનનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સંબંધિત કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે ઉપરોક્ત કૉલેજને જણાવેલ અભ્યાસક્રમ/વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી શરૂ કરવા મંજૂરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૨૩ : એલ. ડી. કૉલેજ ઑફ એન્જિયરિંગમાં એમ.ઈ.માં મિકેનિકલ એન્જિનિયરિંગમાં ઈન્ટર્નલ કૉમ્બ્યુશન એન્જિન્સ ઍન્ડ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગનું અનુસ્નાતક કેન્દ્ર વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી**

**શરૂ કરવા અંગે માનનીય કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

(**નોંધ** : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૬૩"** તરીકે સામેલ છે.)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં એમ.ઈ.માં ઈન્ટર્નલ કૉમ્બ્યુશન એન્જિન્સ ઍન્ડ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સંબંધિત કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તા. ૧૫-૯-૨૦૦૩ સુધીમાં કરવામાં આવે તે શરતે ઉપરોક્ત કૉલેજને જણાવેલ અભ્યાસક્રમ/વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી શરૂ કરવા મંજૂરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

**બાબત ક્રમાંક ૨૪ : મનોવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિની તા. ૨૦-૬-૨૦૦૩ની સભાની ભલામણ અનુસાર તૃતીય વર્ષ બી.એ.માં માત્ર એક્સ્ટર્નલના વિદ્યાર્થીઓ માટે જૂન, ૨૦૦૩થી પેપર-૮માં વિકાસાત્મક મનોવિજ્ઞાન અથવા શૈક્ષણિક મનોવિજ્ઞાન અથવા ગુનાનું મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ જૂન, ૨૦૦૩થી અમલી કર્યાનું;**

(નોંધ : (૧) તૃતીય વર્ષ બી.એ. (એક્સ્ટર્નલ)ના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત પેપરમાં પ્રેક્ટિકલ્સ રહેશે નહીં.
(૨) તૃતીય વર્ષ બી.એ. (રેગ્યુલર)ના વિદ્યાર્થીઓ માટે પેપર-૮માં પ્રયોગ અને આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ યથાવત રાખવામાં આવે છે.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૨૫ : તા. ૪-૮-૨૦૦૩ના રોજ મળેલ ડીનશ્રીઓની સભાએ પ્રવેશ, પરીક્ષા, મૂલ્યાંકન જેવી બાબતો પરત્વે કરેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત.**

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ડીનશ્રીઓની તા. ૪-૮-૨૦૦૩ની સભાએ કરેલ ઉપરોક્ત ભલામણોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવા ડીનશ્રીઓની સમિતિ સમક્ષ સદરહુ બાબત મૂકવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એકે. કાઉ./ ૫૬૧૬૭ /૨૦૦૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૧૧-૩-૨૦૦૪.

**મ. ૫. જડિયા**
કુલસચિવ

## પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨(૧)

### ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગ અંગે ચકાસણી હેવાલ

અમે ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગની તા. ૧૬-૧૧-૨૦૦૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મુલાકાત લીધી, અમે નાટ્ય વિભાગની કામગીરી, વ્યવસ્થા, સજ્જતા વગેરે બાબતે નિરીક્ષણ કર્યું તેમ જ કૉલેજના આચાર્ય કુમારી મિનાક્ષીબહેન ઓઝા અને વિભાગના ત્રણે અધ્યાપકો સાથે ચર્ચાવિચારણા કરી, અમારા નિરીક્ષણના હેવાલ રૂપે અમે નીચે પ્રમાણેની નોંધ રજૂ કરીએ છીએ.

(ક) નાટ્ય વિભાગમાં અત્યારે વિદ્યાર્થી સંખ્યા નીચે મુજબ છે :
એફ.વાય. ડ્રામા-૨૪, એસ.વાય. ડ્રામા-૧૯ અને ટી.વાય. ડ્રામા-૧૪.

(ખ) અત્યારે વિભાગમાં નીચે મુજબનો સ્ટાફ છે :
(૧) અધ્યક્ષ-૧ (૨) વ્યાખ્યાતા-૧ (૩) ટ્યુટર-૧

(ગ) અત્યારે યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબ B.A. with Theatre Arts (નાટ્ય વિદ્યા સ્નાતક) અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, છેલ્લા ૪ વર્ષથી (૧૯૯૯ એપ્રિલથી ૨૦૦૨ એપ્રિલ સુધીમાં) આ વિભાગ તરફથી પ્રતિ વર્ષ તૃતીય વર્ષ બી.એ. (ફાઈનલ)ની પરીક્ષામાં વિદ્યાર્થીઓ મોકલવામાં આવ્યા છે, તથા પ્રત્યેક વર્ષે ૧૦૦ ટકા પરિણામ આવે છે, જે ઉલ્લેખનીય છે, ચાલુ વર્ષની છેલ્લાં વર્ષની પરીક્ષા માટે ૧૪ વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે.

આ જોતાં નાટ્ય વિભાગનું કામકાજ સંતોષજનક રીતે થઈ રહ્યું છે, એમ કહી શકાય અગાઉના હેવાલના સંદર્ભમાં વર્તમાન શૈક્ષણિક સવલતો તપાસતા જણાયું છે કે, પરિસ્થિતિમાં ઘણો વિકાસ થયો છે, નાટ્ય વિદ્યા માટે જરૂરી રંગમંચ, પ્રેક્ષાગાર, પ્રકાશ યોજના, વસ્ત્રાગાર, લાઈટરૂમ, ધ્વનિ વગેરેની વ્યવસ્થા તથા આ બધા માટેની જરૂરી યંત્રસામગ્રી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ છે, આથી નાટ્યવિદ્યાના પ્રાયોગિક શિક્ષણ માટેની જોગવાઈ પૂરતા પ્રમાણમાં કરવામાં આવી છે.

આ વિભાગનો આરંભ થયે ૩૨ વર્ષ થઈ ગયા છે, અને વર્તમાન સ્નાતક કક્ષાનો આરંભ થયે પણ ૬ વર્ષ પૂરા થયા છે, અને આ ૭મું વર્ષ ચાલે છે, આ દરમ્યાન શૈક્ષણિક કાર્ય તેના પરિણામો બતાવે છે તેમ સંતોષકારક રીતે થયું છે, સાધન સજ્જતા બાબતે પણ ઉત્તરોત્તર પ્રગતિ સધાઈ છે, અને પૂરતી અનુકૂળતા પ્રાપ્ત કરાઈ છે.

આ હકીકતો ધ્યાનમાં લેતા ગુજરાત કૉલેજના નાટ્યવિભાગને અમે કાયમી જોડાણ માટે મંજૂરી આપવા ભલામણ કરતા આનંદ અનુભવીએ છીએ, તે સાથે નાટ્ય વિભાગનો અભ્યાસક્રમ સારી રીતે ચલાવી શકાય તે માટે નીચેના સૂચનો રજૂ કરીએ છીએ.

(૧) આ વિભાગ વિશેષ પ્રકારના અભ્યાસક્રમ તેમ જ સક્રીય તાલીમ માટેનો હોઈ તેને સ્નાતક કક્ષાએ ભણાવતા વિનયન વિભાગના અન્ય અભ્યાસક્રમોને સમકક્ષ ગણાતા આ વિભાગ માટે પ્રત્યક્ષ તાલીમ માટેની સવલતો તથા સાધનો અને વિશેષ વ્યવસાયી જાણકારોની સહાય ઉપલબ્ધ થાય તથા શિક્ષણ સહાયક કાર્યક્રમો હાથ ધરી શકાય તે માટેના વિશેષ ખર્ચ માટેની નિયમિત નાણાકીય જોગવાઈ કરવી જરૂરી લેખાય.

(૨) આ તાલીમ સુપેરે આપી શકાય તે માટે હમણા નિવૃત્તિને લીધે ખાલી થયેલી વ્યાખ્યાતાની જગ્યા સવેળા ભરવામાં આવે ઉપરાંત કાર્યભારની દૃષ્ટિએ એક વધારાના વ્યાખ્યાતા ઉમેરવામાં આવે.

(૩) નાટ્ય શિક્ષણની વિશિષ્ટ જરૂરિયાતને લક્ષમાં લઈ એક વૉર્ડરોબ ઈન ચાર્જ તથા એક લાઈટમેન અથવા બન્ને કામ સંભાળી શકે તેવા એક જાણકાર કાર્યકરની જોગવાઈ જરૂરી છે.

સહી

**(૧) ડૉ. ચિનુભાઈ મોદી**

**(૨) શ્રી વિનોદભાઈ અધ્વર્યુ**

**(૩) શ્રી કમલભાઈ ત્રિવેદી**

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૨(૨)

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયુક્ત સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ સરદાર પટેલ વિદ્યાભવન સંચાલિત મહિલા વાણિજ્ય મહાવિદ્યાલય બાપુનગર, અમદાવાદ કૉલેજની તા. ૨૧-૩-૨૦૦૩ના રોજ મુલાકાત લીધી હતી, મુલાકાત દરમ્યાન કૉલેજના ઈન-ચાર્જ આચાર્યા સુશ્રી ભાવનાબહેન પટેલ અને મંડળના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી વલ્લભભાઈ સાવલિયા હાજર રહ્યા હતાં.

હાલમાં આ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગમાં કુલ ૮૨ વિદ્યાર્થિનીઓ આભ્યાસ કરે છે, યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કૉલેજમાં અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ સેવાઓ આપે છે, મંડળના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી તથા ઈન-ચાર્જ આચાર્યાએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી એસ.વાય.બી.કૉમ.ના શરૂ થનાર વર્ગ માટે જરૂરી શૈક્ષણિક અને વહીવટી સ્ટાફની નિમણૂંક કરવાની લેખીત ખાતરી આપી છે.

આ કૉલેજમાં જરૂરી માપ અને ક્ષેત્રફળ ધરાવતા વર્ગખંડો ઉપલબ્ધ છે, આચાર્યશ્રી, અધ્યાપક ખંડ, વહીવટી કાર્યાલય, ગ્રંથાલય, વિદ્યાર્થિનીઓ માટે મહિલા કક્ષ શૌચાલય પણ જોવા મળેલ છે, આ પ્રત્યેક કક્ષના માપ ચોરસફૂટમાં કૉલેજ દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે, જે આ સાથે સામેલ છે, આ ઉપરાંત જરૂરી ફર્નિચર-સાધન સુવિધાઓ પણ કૉલેજમાં ઉપલબ્ધ છે, હાલમાં સેવા આપતા કૉલેજના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને યુનિ.ના ધારાધોરણ મુજબનો નિયમિત પગાર ચૂકવાય છે, અને ફેબ્રુઆરી-૨૦૦૩નો પગાર ચૂકવાઈ ગયેલ છે, અમે કૉલેજના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને પણ મળ્યા હતા, આ કૉલેજના પુસ્તકાલય અને વાચનાલયની પણ અમે મુલાકાત લીધી હતી, કૉલેજમાં પૂરતા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ છે, જરૂરી મૅગેઝિન અને દૈનિકપત્રો પણ કૉલેજમાં મંગાવવામાં આવે છે, આ રીતે જોતાં અમે નવા શૈક્ષણિક વર્ષ-૨૦૦૩-૨૦૦૪ માટે એસ.વાય.બી. કૉમ.ના વર્ગ શરૂ કરવાની મંજૂરી આપવાની ભલામણ કરીએ છીએ, આ ઉપરાંત પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગનું જોડાણ ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટે લંબાવવાની પણ ભલામણ કરીએ છીએ.

આ સાથે કૉલેજ દ્વારા સંપૂર્ણ પૂરી પાડવામાં આવેલી ફાઈલ સામેલ કરેલ છે, યુનિ. તરફથી જોડાણની કાર્યવાહી અંગે કોઈ ફાઈલ લીધી ન હોવાથી તે પરત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

સહી

**૧. પ્રિ. પી. સી. ઉપાધ્યાય**
**૨. શ્રી જગદીશભાઈ ભાવસાર**
**૩. પ્રા. એસ. એમ. દાણી**
**૪. પ્રિ. એ. એમ. પટેલ**

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૨(૩)

**સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ (ઉ.ગુ.)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયના વધારાના (ગૌણ) વિષયના જૂન, ૨૦૦૩થી માગેલ જોડાણ માટે સ્થાનિક તપાસસમિતિએ તા. ૧૪-૪-૨૦૦૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે મુલાકાત લીધી હતી. સ્થાનિક તપાસ સમિતિમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. પ્રો. સવિતાબહેન ગાંધી
૨. પ્રો. દામુભાઈ પંચાસરા
૩. પ્રિ. સૌરભ ચોક્સી

તપાસસમિતિ સમક્ષ કૉલેજના કા. આચાર્ય તથા ટ્રસ્ટીશ્રી પ્રફુલભાઈ તલસાણિયા હાજર રહ્યા હતા તેમ જ જરૂરી માહિતી પૂરી પાડી હતી.

કૉલેજની સર્વગ્રાહી તપાસ બાદ નીચેના હેવાલ નીચે પ્રમાણે રજૂ કરીએ છીએ :

૧. સંસ્થા તા. ૧૫-૬-૧૯૭૯ના સ્થાપેલ છે, ૨૪ વર્ષથી તે ગ્રાન્ટેબલ કૉલેજ તરીકે વાણિજ્ય વિદ્યાશાખામાં શિક્ષણ આપે છે. બીજા વર્ષ માટે ૨૦૦૪-૨૦૦૫માં ફરીથી અરજી કરવાની રહેશે.
૨. કૉલેજના વહીવટી મંડળ દ્વારા હાલમાં કૉમ્પ્યુટર વર્ગો ચલાવવામાં આવે છે.
૩. હાલમાં મંડળના કૉમ્પ્યુટર વર્ગમાં જુદા જુદા પ્રકારના ૧૫ કૉમ્પ્યુટર છે, અને બે પ્રિન્ટર્સ જેની યાદી સાથે બિડેલ **(છાપેલ નથી)** છે.

૪. મંડળ પાસે હાલમાં કૉમ્પ્યુટરને લગતાં કુલ ૧૭૧ પુસ્તકો છે.

૫. કૉલેજમાં લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ઉપરોકત માહિતી ધ્યાનમાં લઈને નીચેની શરતોનું પરિપાલન થાય તો કામચલાઉ જોડાણ આપવા આ સમિતિ ભલામણ કરે છે.

૧. હાલ માત્ર પ્રથમ વર્ષમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓ માટે કૉમ્પ્યુટર સાયન્સ ગૌણ વિષય તરીકે મંજૂરી આપી શકાય.

૨. સંસ્થાએ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબની જ ફી લેવાની રહેશે.

૩. યુનિવર્સિટીના નિયમ મુજબ લાયકાત ધરાવતા એક પૂરા સમયના પ્રોગ્રામર અને ખંડ સમયના એક વ્યાખ્યાતા કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી મેળવી યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં ઈન્ટરવ્યૂ ગોઠવી નિમણૂક કરવાની રહેશે.

૪. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ મુજબ તમામ કૉમ્પ્યુટર સુધારવાના UPDATE રહેશે તેમ જ જરૂરી સોફટવેર (લાયન્સ કૉપી) નંખાવવાના રહેશે.

૫. ચાલુ વર્ષે એફ.વાય.બી.કૉમ.ના અભ્યાસક્રમ મુજબના રૂ. ૩૦,૦૦૦ના પુસ્તકો અને ત્યારબાદ દર વર્ષે રૂ. ૧૦,૦૦૦ના પુસ્તકો વસાવવાના રહેશે.

૭. સંસ્થા દ્વારા બાંહેધરી આપવાની રહેશે કે સરકાર ગ્રાન્ટ આપવામાં ના આવે તો પણ સંસ્થા આ વિષયના કર્મચારીઓના પગાર, પ્રૉવિડન્ટ ફંડ, ભથ્થાં, નિવૃત્તિના લાભો વિ. તમામ ખર્ચ ઉઠાવશે.

સહી

**૧. સવિતાબહેન ગાંધી**

**૨. દામુભાઈ પંચાસરા**

**૩. સૌરભ ચોકસી**

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૨(૪)

### કપડવંજ કેળવણી મંડળ બી.સી.એ. કૉલેજ, કપડવંજ માટેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ આજ રોજ તા. ૧૩-૫-૨૦૦૩ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે બી.સી.એ. કૉલેજની મુલાકાત લીધી હતી. અમારી મુલાકાત દરમ્યાન કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રી, શ્રી. ડૉ. હરીશભાઈ એચ. કુંડલિયા, કાર્યકારી ડાયરેક્ટરશ્રી, શાહ સંદિતભાઈ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ હાજર રહ્યાં હતા.

અમારી મુલાકાત દરમ્યાન કૉલેજના કાર્યકારી ડાયરેક્ટરશ્રી બી.સી.એ. કૉલેજને લગતી અમને બધી જ વિગતવાર માહિતી જરૂરી આધારો, પત્રકો અને પરિશિષ્ટ સાથે પૂરી પાડેલ છે. એ રીતે જોતા ગુજરાત યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફ, પગાર, કૉમ્પ્યુટર, સાધનો, પ્રયોગશાળા, લાઈબ્રેરીના પુસ્તકો, વર્ગખંડો ઉપલબ્ધ છે, અને જૂન ૨૦૦૩થી ટી.વાય.બી.સી.એ.નું જોડાણ આપવામાં આવે તો યુનિવર્સિટી ધારાધોરણ મુજબનો સ્ટાફ, સાધનો તથા લાઇબ્રેરીના પુસ્તકો વસાવવાની ખાતરી આપેલ છે.

આ બધા પાસાઓને જોતાં અમે તા. ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૪ સુધીનો એક વર્ષ માટે ટી.વાય.બી.સી.એ.ના જોડાણની ભલામણ કરીએ છીએ. ઉપરોક્ત એફ.વાય.બી.સી.એ. અને એસ.વાય.બી.સી.એ.ના પ્રથમ ધોરણે જોડાણ લંબાવવાની ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રિ. શ્રી. પી. સી. ઉપાધ્યાય**

**૨. શ્રી. જયેશભાઈ ઠક્કર**

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૨(૫)

**સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

કમિટીના સભ્યોએ શ્રી પ્રગતિ મંડળ આટ્‌ર્સ, સાયન્સ અને આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ભાદરણની મુલાકાત તા. ૨૬-૬-૨૦૦૩ના રોજ લીધેલ છે.

કમિટીના સભ્યોએ કૉલેજના પ્રિન્સિપાલ, ટ્રસ્ટના સભ્યો અને માઇક્રોબાયોલોજી વિભાગના સ્ટાફ મેમ્બર્સ સાથે ત્યાંના પ્રશ્નો અને શૈક્ષણિક બાબતોની ચર્ચા કરી, ત્યાર બાદ કમિટીના સભ્યોએ માઇક્રોબાયોલોજી વિભાગ તથા પ્રયોગશાળાની મુલાકાત લઈ જરૂરી સગવડોની તપાસ કરી.

માઇક્રોબાયોલોજી વિભાગ માટે જરૂરી પુસ્તકો માટે ગ્રંથાલયની પણ મુલાકાત લેવામાં આવી.

સમગ્ર ચર્ચા અને જાતતપાસના આધારે કમિટીના સભ્યોને માઇક્રોબાયોલોજી વિભાગમાં ઉપલબ્ધ સુવિધાથી સંતોષ થયેલ છે.

કૉલેજને માઇક્રોબાયોલોજી વિભાગનું ૨૦૦૧ સુધીનું જોડાણ આપેલ છે, વિભાગે કાયમી જોડાણ માટે જરૂરી વર્ષ પૂરા કરેલ છે, આથી કમિટી આટ્‌ર્સ, સાયન્સ અને આર. એ. પટેલ કોમર્સ કૉલેજ, ભાદરણને માઇક્રોબાયોલોજી વિષયનું કાયમી જોડાણ જૂન ૨૦૦૩થી આપવા ભલામણ કરે છે.

સહી

**ડૉ. બી. વી. પટેલ**

**ડૉ. એસ. આર. દવે**

## પરિશિષ્ટ "૬"

બાબત ક્રમાંક ૨(૬)

**સાબરમતી આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૫૨૩૫૧/૨૦૦૩ તા. ૧૬-૬-૨૦૦૩ના અનુસંધાનમાં સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ કૉલેજની તા. ૨૩-૬-૨૦૦૩ના રોજ રૂબરૂમાં મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી પ્રિ. અશ્વિનભાઈ કારિઆ તેમ જ કૉલેજના ટ્રસ્ટીશ્રી એ. બી. વ્યાસ રૂબરૂમાં હાજર રહ્યા હતા. અને સ્થાનિક તપાસસમિતિના સભ્યને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

કૉલેજે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે જરૂરી ફી જમા કરાવીને કૉલેજના કાયમી જોડાણ માટે અરજી કરી છે, હાલમાં આ કૉલેજ શાળાના મકાનમાં બેસે છે, સંસ્થાને પોતાનું કૉલેજ માટેનું આગવું મકાન નથી.

વિદ્યાર્થીઓની સંખ્યા અને વર્ગખંડ પ્રમાણે ૩૦ પિરીયડનો કાર્યભાર છે, ગુજરાતી વિષયમાં અધ્યાપક શ્રી ક. ઓ. કડકિયા ચાલુ વર્ષના શૈક્ષણિક સત્રથી નિવૃત્ત થયા છે, તેમનાં કાર્યભારની આપૂર્તી કરવા માટે મુલાકાતી શિક્ષકો નીમવાની સંસ્થા દ્વારા લખાણમાં બાંહેધરી આપવામાં આવી છે, હાલમાં ગુજરાતીમાં બે અધ્યાપકો હોવાથી માત્ર ત્રણ પિરીયડના કાર્યભાર અંગે મુલાકાતી અધ્યાપકની નિમણૂક કરવાની રહેશે.

સંસ્કૃત વિષયમાં અધ્યાપકની જગ્યા હાલમાં ખાલી છે, આ વિષયમાં પણ સંસ્થા દ્વારા મુલાકાતી અધ્યાપકોની નિમણૂક કરીને શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે.

ગુજરાતી તેમ જ સંસ્કૃતના અધ્યાપકોની નિમણૂક માટે રાજ્ય સરકાર પાસે વારંવાર માગણી કરવામાં આવી છે, અને જે અત્યારે સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

યુનિવર્સિટીના તા. ૧-૬-૨૦૦૩ના પત્રાંક નં. ઍકેડેમિક/૫૬૨૯૯/૨૦૦૩ પ્રમાણે ગુજરાત રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગના તા. ૮-૪-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક/એનજીસી/૧૧૦૩/૬૩૧/ખ કૉલેજ દ્વારા ઘટિત કાર્યવાહી કરવામાં આવી છે.

આચાર્યશ્રીની તા. ૨૩-૬-૨૦૦૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે સંચાલક મંડળ કૉલેજનું પોતાનું આગવું મકાન બને તે માટે ખૂબ ઉત્સુક છે, અને સંચાલક મંડળ હાલમાં આ બાબતમાં કાર્યરત છે, કૉલેજના મકાનનો પ્રશ્ન ૨-૩ વર્ષમાં પતી જશે તેમ જણાવ્યું છે.

ઉપરોક્ત સમગ્ર બાબત ધ્યાનમાં લેતાં અંતે સ્થાનિક તપાસસમિતિના સભ્યો સર્વાનુમતે ભલામણ કરે છે કે કારણ કે કૉલેજનું આગવું મકાન ન હોવાથી શિક્ષણનાં સાતત્યના સંદર્ભમાં સાબરમતી આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજનું હાલનું જોડાણ ચાલુ રાખવું.

અમદાવાદ

તા. ૨૪-૬-૨૦૦૩

સહી

**૧. પ્રો. એન. યુ. રાજગુરુ**

**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**

ઉ. પ્રો. એન. કે. પાઠક

## પરિશિષ્ટ "૭"

બાબત ક્રમાંક ૨(૭)

**ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ કૉલેજની તા. ૨૫-૬-૨૦૦૩ના રોજ રૂબરૂમાં મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી કિશોરસિંહ એચ. સોલંકીની જગ્યાએ કૉલેજના સીનિયર અધ્યાપકશ્રી જયંતીભાઈ એસ. પ્રજાપતિએ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

આટ્‌ર્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગર હાલમાં સેક્ટર ૮ના શોપિંગ સેન્ટરમાં કાર્યરત છે, આચાર્યશ્રીના તા. ૨૫-૬-૨૦૦૩ના પત્રાંક જાવક નં.-૨૩૪૯/૨૦૦૩-૨૦૦૪માં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટને સરકારશ્રી તરફથી જમીન ફાળવવામાં આવેલી હતી, પરંતુ કોર્ટ મેટર બનતાં જમીન ઉપર કૉલેજના મકાનનું બાંધકામનું કામ થઈ શક્યું નથી, સરકારશ્રી તરફથી એન.ઓ.સી. મળતાંની સાથે મકાન બાંધકામની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવશે, તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.

આચાર્યશ્રીના તા. ૨૫-૬-૨૦૦૩ના પત્રાંક જાવક નં.-૨૩૫૩/૨૦૦૩-૨૦૦૪માં દર્શાવ્યા પ્રમાણે સરકારશ્રી પાસે શૈક્ષણિક કર્મચારીઓ માટે એન.ઓ.સી. માગવામાં આવી છે, જે મંજૂર થયેથી હાલમાં શૈક્ષણિક કર્મચારીઓની જે સંખ્યા છે, તેની યુનિ.ના નિયમ પ્રમાણે આપૂર્તી કરવામાં આવશે, હાલમાં મુલાકાતી અધ્યાપકોની મદદથી શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે, હાલની કૉલેજમાં શૈક્ષણિક તેમ જ વહીવટી કર્મચારીઓની માહિતી આચાર્યશ્રી દ્વારા તા. ૨૫-૬-૨૦૦૩ના પત્રાંક-જાવક-૨૩૫૨/૨૦૦૩-૨૦૦૪માં આપવામાં આવી છે, જે આ સાથે (છાપેલ નથી) કૉલેજની ફાઈલમાં છે.

કૉલેજના પુસ્તકાલયમાં ૧૯૯૬-૯૭થી ઉત્તરોત્તર પુસ્તકો અને સંદર્ભગ્રંથો ખરીદવામાં આવ્યા છે, જેની સંપૂર્ણ માહિતી કૉલેજના તા. ૨૫-૬-૨૦૦૩ના પત્રાંક નં.-૨૩૫૧/૨૦૦૩-૨૦૦૪માં દર્શાવવામાં આવી છે, જે આ સાથે કૉલેજની ફાઈલમાં સામેલ છે.

ઉપરોક્ત સમગ્ર બાબતને ધ્યાનમાં લેતા શિક્ષણના સાતત્યના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના સભ્યો ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત, આટ્‌ર્સ ઍન્ડ કોમર્સ કૉલેજને હાલનું જોડાણ ચાલુ રાખવાનું સર્વાનુમતે ભલામણ કરે છે.

અમદાવાદ

તા. ૨૮-૬-૨૦૦૩

સહી

**૧. પ્રો. દામુભાઈ પંચાસરા**

**૨. પ્રો. એન. કે. પાઠક**

**૩. પ્રિ. ભાલચંદ્ર જોષી**

સ્થાનિક તપાસસમિતિના સભ્યો

## પરિશિષ્ટ "૮"

બાબત ક્રમાંક ૨(૮)

**કૉલેજ ઑફ નર્સિંગ માટે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

**વિષય :** બેઝિક બી.એસ.સી. (નર્સિંગ)ના અભ્યાસક્રમનું ૨૦૦૩માં જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસ-સમિતિની મુલાકાત અંગે રિપોર્ટ.

માનનીય સાહેબશ્રી,

આપના પત્રના અનુસંધાને જણાવવાનું કે આપે નીમેલી સ્થાનિક તપાસસમિતિ તા. ૧૬-૬-૨૦૦૩ના રોજ ડૉ. આર. કે. પટેલ ૧૬, વૃદાવન બંગલો, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ અને ડૉ. કીર્તિભાઈ એમ. પટેલ કેન્સ હૉસ્પિટલ અમદાવાદ-૩૮૦૦૧૬ તથા પ્રોફેસર એન. યુ. રાજ્યગુરુ, એફ-૨, અવનિ ફ્લેટસ, ઈશ્વર ભવન રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ એ ગુજરાત યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિને નર્સિંગ કૉલેજની સ્થળ તપાસ માટે રૂબરૂ મુલાકાત લેવા જણાવેલ જે અનુસાર ડૉ. આર. કે. પટેલ અને ડૉ. કીર્તિભાઈ એમ. પટેલ તા. ૩૦-૬-૨૦૦૩માં રોજ નર્સિંગ કૉલેજની સ્થળ તપાસ માટે રૂબરૂ મુલાકાત લીધેલ છે. નર્સિંગ કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યાશ્રી તથા તેમનાં અધ્યાપક અને કર્મચારી પરિવારે સભ્યશ્રીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને તપાસ માટે સઘળી માહિતી પૂરી પાડી હતી.

**અભ્યાસક્રમ અને પ્રવેશ :** નર્સિંગ કૉલેજમાં સરકારશ્રી અને ગુજરાત યુનિવર્સિટીનાં નિયમો અનુસાર ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ સાથે ઉત્તીર્ણ થનાર ૩૦ બહેનોને મેરિટ અનુસાર પ્રવેશ આપવામાં આવે છે. બેઝિક બી.એસ.સી.નર્સિંગ વાર્ષિક પરીક્ષાઓ (સેમેસ્ટર સિસ્ટમ) ગુજરાત યુનિવર્સિટીની સીધી દેખરેખ હેઠળ લેવામાં આવે

છે અને ચાર વર્ષના અંતે બેઝિક બી.એસ.સી. નર્સિંગની ડિગ્રી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણ અને સંશોધન વિભાગ (તબીબી શિક્ષણ) આરોગ્ય વિભાગ હેઠળ નર્સિંગ કૉલેજનું સંચાલન થાય છે.

**મકાન અને અન્ય શૈક્ષણિક સગવડો :** બેઝિક બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસ માટે કૉલેજનું સ્વતંત્ર ગ્રાઉન્ડ ફ્લોર સહીત ત્રણ માળનું વિશાળ મકાન છે. આ મકાનમાં પૂરતી હવાની તથા ઉજાસની વ્યવસ્થા છે. વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસ સગવડ માટે પ્રવચન ખંડો, પ્રયોગશાળાઓ, પરીક્ષાખંડ, શિક્ષકગણ માટે કેબિનો, કાર્યાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે તથા મુલાકાતીઓની ખંડની વ્યવસ્થા ઉપલબ્ધ છે, નર્સિંગ કૉલેજમાં પ્રદર્શન યોજવા માટે અલાયદો વિશાળખંડ પણ છે. ઉપરાંત વિશેષ સુવિધા માટે ચોથા માળનું બાંધકામ જે પૂર્ણ થયેલ છે. તેમાં શૈક્ષણિક ગણને ઑફિસો ફાળવવામાં આવેલ છે. લિફ્ટ ચાલુ હાલતમાં છે અને વપરાશમાં છે, બીજી માહિતી નીચે મુજબ છે :

**નર્સિંગ કૉલેજનાં મકાનમાં ઉપલબ્ધ સગવડો :**

(૧) **ગ્રાઉન્ડ ફ્લોર :** આચાર્યશ્રીનું કાર્યાલય બાજુમાં રૂમ સાથે ૧ અંગત મદદનીશનું કાર્યાલય; ૧ મહેકમ શાખા રૂમ નં. ૧ એકાઉન્ટ શાખા રૂમ નં. ૧, સ્ટોર રૂમ ૧, કાઉન્સિલ મુલાકાત ખંડ ૧

(૨) **પ્રથમ માળ :** વ્યાખ્યાન ખંડ, કુલ ૪, અધ્યાપકોનાં ખંડ ૫, પ્રયોગશાળા ૪, (ફન્ડામેન્ટલ નર્સિંગ લેબ અને એમ.સી. એસ. પ્રદર્શન યોજવા માટે લેબ.)

(૩) **બીજો માળ :** વિશાળ પરીક્ષા ખંડ જેમાં એક સાથે ૮૦ વિદ્યાર્થિનીઓ બેસી શકે તેવી વ્યવસ્થા, પ્રયોગશાળા ૩, (ન્યૂટ્રિશિયન, માઇક્રો અને એનેટોમી) શિક્ષકગણ માટે વ્યક્તિગત ઑફિસ ૮અને વિશાળ ઑફિસ ૧

(૪) **ત્રીજો માળ :** અધ્યાપકોની વ્યક્તિગત ઑફિસો-૩, વિશાળ ઑફિસ-૪, ઓબ્સ્ટેટ ગાયનેક વર્ગખંડ-૧ અને લેબ-૧ આ માળ ઉપર વિશાળ ખંડ છે જે વિવિધલક્ષી પ્રોગ્રામો માટે વાપરી શકાય.

**ગ્રંથાલયની માહિતી :** નર્સિંગ કૉલેજમાં પોતાનું વિશાળ ગ્રંથાલય છે જેમાં અધ્યયન તથા અધ્યાપન કાર્યને લગતાં દેશ વિદેશનાં પુસ્તકો મોટી સંખ્યામાં અને નકલોમા ઉપલબ્ધ છે. અધ્યયન અને અધ્યાપનમાં ઉપયોગ માટે ગુજરાત સરકારશ્રી દર વર્ષે નવા જરૂરિયાતના પુસ્તકો ખરીદી માટે પૂરતી ગ્રાન્ટ આપે છે. દેશ-પરદેશનાં સામાયિકો, જર્નલ પણ નિયમિત મંગાવવામાં આવે છે જેની માહિતી નીચે મુજબ છે ;

**કૉલેજ કુલ ગ્રાન્ટ :** (હજારમાં)

| | |
|---|---|
| પ્લાન | ૧૭૫૨ રૂપિયા |
| નોન-પ્લાન | ૭૩૬૭ રૂપિયા |
| કુલ ગ્રાન્ટ | ૯૧૧૯ રૂપિયા |
| ગ્રંથાલય | ૧૧૩ રૂપિયા |

ગ્રંથાલયમાં આવતા જર્નાલિસ્ટ સામેલ છે. ઉપરાંત શૈક્ષણિક કાર્ય માટે ગ્રંથાલયમાં ટી.વી. અને વી.સી. આર તથા કૉમ્પ્યુટર ઉપલબ્ધ છે. ઉપરાંત ગ્રંથાલયમાં ગ્રંથપાલ માટે કાર્યાલયની અલગ વ્યવસ્થા છે.

**ક્લિનિકલ અનુભવ :** નર્સિંગ કૉલેજમાં અભ્યાસ કરતી બહેનોના ક્લિનિકલ અનુભવ માટે નવી સિવિલ હૉસ્પિટલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કીડની ડીસીઝ, એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ, આંખની હૉસ્પિટલ, પેરાપ્લેજિયા હૉસ્પિટલ, વી. એસ. હૉસ્પિટલ કાર્ડિયોલોજી સિસ્ટમ, મેન્ટલ હેલ્થ હોસ્પિટલ, કનોરિયા હૉસ્પિટલ, એલ. જી. હૉસ્પિટલ અમદાવાદની પ્રાયમરી હેલ્થ સેન્ટર, આંગણજ ડોમાસિલિપરી મીડવાઈફરી નર્સિંગ માટે પ્રાયમરી હેલ્થ સેન્ટર, ચાંગા નડિયાદ જિલ્લો ખેડાનો ઉપયોગ કરવામાં આવે છે. ક્લિનિકલ અનુભવ ફેકલ્ટીના સીધી દેખરેખ ઉપર આપવામાં આવે છે અને વિદ્યાર્થીનીઓને બહારગામ અનુભવ માટે મોકલવામાં આવે ત્યારે ફેકલ્ટીગણ તેમની સાથે રહે છે.

નર્સિંગ કૉલેજ પાસે અધ્યાપન અને અધ્યયનને લગતા ઓડિયો વિઝયુલ (એ.વી.એડ.) જેવા કે ઓવરહેડ પ્રોજેક્ટર, સ્લાઈડ, પ્રોજેક્ટર, મોડલ્સ, આર્ટ વગેરે ચાલુ હાલતમાં ઉપલબ્ધ છે. તથા સંસ્થાની કામગીરી માટે ઝેરોક્ષ મશીન પણ ઉપલબ્ધ છે.

**રમત-ગમત :** એક્સ્ટ્રાકરિક્યુલર એક્ટિવિટી માટે સ્ટુન્ડન્ટ એસોશિયેશન બનાવેલ છે અને એડવાઈઝરના માર્ગદર્શન હેઠળ કામગીરી થાય છે.

રમતગમતની પ્રવૃત્તિ માટે વૉલિ-બૉલ, બૅડમિન્ટન, કેરમબોર્ડ, ચેસ તથા અન્ય રમતોની વ્યવસ્થા છે. બી. જે. મેડિકલ કૉલેજનું મેદાન પણ રમત માટે ઉપયોગમાં લેવામાં આવે છે વિદ્યાર્થિનીઓના આનંદ પ્રમોદ માટે ટી.વી. સેટની વ્યવસ્થા પણ પ્રાપ્ત છે. તથા નર્સિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓએ ગુજરાત યુનિવર્સિટી તરફથી વર્ષ ૨૦૦૨ દરમિયાન યોજવામાં આવેલ "યુવક મહોત્સવ"માં પણ સક્રિય ભાગ લીધો છે. અને કૉલેજે પ્રોગ્રામ સમયે ઉપયોગ માટે કૉમ્યુનિકેશન સિસ્ટમ પણ ઉપલબ્ધ છે.

**ટ્રાન્સપોર્ટ ફેસિલિટી :** સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થિનીઓનાં શૈક્ષણિક અનુભવ માટે કૉલેજ સ્ટુડન્ટ બસ પાંત્રીસ સીટ (૩૫)ની બસ સ્વરાજ મઝદા પણ ઉપલબ્ધ છે. સંસ્થાનાં ઉપયોગ માટે કુલ નં. ૨ વાહનો (૧) ૩૫ સીટની સ્વરાજ મઝદા બસ તથા (૨) આલમોડા ૮, શીટની એમ ૨ વાહનો અહીંયાં ઉપલબ્ધ છે જે સંસ્થાની કાર્યવાહી તથા ઑફિસ કાર્ય માટે વાપરવામાં આવે છે.

**વધારાની શૈક્ષણિક કામગીરી :**

(૧) સંસ્થામાં પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ કોર્સ (ઇગ્નો દ્વારા) ચલાવવામાં આવે છે.

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી આ વર્ષ માટે સ્ટેટ લેવલનાં કુલ ૧૦ ટ્રેઈનિંગ માટે રૂપિયા પાંચ લાખ મળેલા જેમાંથી ગુજરાતના ટ્રેઈન્ડ નર્સિંગ સ્ટાફ માટે ૧૦ દિવસનો એક એવા કુલ ૧૦ ટ્રેઈનિંગ પ્રોગ્રામ કરેલા જે આ મુજબ છે.

**હૉસ્ટેલ નંબર "૧" અને "૨" :**

કૉલેજ પાસે પોતાની બે વિશાળ હૉસ્ટેલો છે જેમાં બે વૉર્ડનની નિમણૂક થયેલ છે બધી વિદ્યાર્થીનીઓ હૉસ્ટેલમાં રહેવાની સુવિધા છે. વૉર્ડનને કુટુંબ સાથે રહેવાની વ્યવસ્થા છે. વિદ્યાર્થીનીઓ માટે હૉસ્ટેલમાં રસોડાની સગવડ છે જે હાલમાં પણ ચાલુ છે, જમવા માટે વિદ્યાર્થિનીઓ માટે કલબ સિસ્ટમ ચાલે છે.

સહી

(૧) **ડૉ. આર. કે. પટેલ, નિયામક**

યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ

(૨) **ડૉ. કીર્તિભાઈ એમ. પટેલ**

માનદ્ પ્રોફેસર ઓન્કોલોજી મેડિસિન એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ

## પરિશિષ્ટ "૯"

બાબત ક્રમાંક ૨(૯)

### ચંપાબહેન ભગત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ફાયર કૉલેજનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે તપાસસમિતિના સભ્યો ટ્રસ્ટ સંચાલિત ફાયર કૉલેજ, સાણંદની પ્રથમ વર્ષ બી.એસસી.ના ચાલુ જોડાણ અને તા. ૨૧-૬-૨૦૦૩ના રોજ દ્વિતીય વર્ષ બી.એસસી.ના નવા જોડાણ માટે મુલાકાત લીધી હતી, મુલાકાત વખતે મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જ્ઞાનેશ ભગતે હાજર રહી સમગ્ર માહિતી પૂરી પાડી હતી, અમારી તપાસને અંતે નીચેની માહિતી રજૂ કરીએ છીએ :

૧. સંસ્થાની સ્થાપનાથી આજ સુધી આચાર્યની નિમણૂક કરવામાં આવી નથી.
૨. હાલમાં ૧૨ પ્રાધ્યાપકો ફિક્સ પગારથી રાખવામાં આવેલ છે, જે પૈકી માત્ર એક જ પ્રાધ્યાપકને યુનિવર્સિટી તરફથી માન્યતા આપવામાં આવેલ છે, જેને પણ નિયમ મુજબ ગ્રેડ આપવામાં આવતો નથી.
૩. લાઈબ્રેરિયન તેમ જ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવેલ નથી.
૪. કર્મચારીઓને પગારની ચુકવણી રોકડમાં કરવામાં આવે છે, જેમનું કોઈ બૅંકમાં ખાતું ખોલાવેલ નથી.
૫. વર્ષ દરમ્યાન રૂ. ૫૦,૦૦૦ ફી તેમ જ રૂ. ૭,૫૦૦ સિક્યુરિટી ડિપોઝિટ લેવામાં આવેલ છે, જે પૈકી રૂ. ૧૨,૦૦૦ ટ્યૂશન ફી પેટે રૂ. ૮૦૦૦ લેબોરેટરી ચાર્જીસ પેટે રૂ. ૨૪,૦૦૦ ફાયર ફાઈટિંગ ફિલ્ડ ટ્રેઈનિંગ પેટે રૂ. ૫,૫૦૦ સ્ટડી મટિરિયલ રૂ. ૨૦૦ લાઈબ્રેરી ફી રૂ. ૧૦૦ સ્પોર્ટ્સ ફી અને રૂ. ૨૦૦ કૉલેજ પરીક્ષા ફી પેટે લેવામાં આવેલ છે.
૬. સંસ્થા પાસે પૂરતા પ્રમાણમાં વર્ગખંડો અને લેબોરેટરીની વ્યવસ્થા છે.

ઉપરની માહિતીને આધારે નીચેની જોગવાઈઓનું પાલન તા. ૩૧-૮-૨૦૦૩ પહેલા કરવામાં આવે તે શરતે પ્રથમ વર્ષ બી.એસસી.નું જોડાણ અને દ્વિતીય વર્ષ બી.એસસી.નું એડહોક જોડાણ જૂન ૨૦૦૪ સુધી લંબાવવા ભલામણ કરીએ છીએ :

૧. તાત્કાલિક આચાર્યની નિમણૂક કરવામાં આવે.
૨. તમામ જરૂરી પ્રાધ્યાપકોની યુનિ. ભવનમાં કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી લઈ ઇન્ટરવ્યૂ ગોઠવી નિમણૂક કરવામાં આવે.
૩. તમામ પ્રાધ્યાપકોનું બૅંકમાં ખાતુ ખોલાવી પૂરેપૂરો પગાર ચૂકવવામાં આવે.
૪. લાઈબ્રેરિયન અને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.
૫. જૂન ૨૦૦૩થી સરકારના તા. ૬-૬-૨૦૦૩ના પરિપત્ર મુજબ પ્રથમ વર્ષ વધુમાં વધુ કુલ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦ ફી વસૂલ કરી શકાશે, કોઈ પણ સંજોગોમાં વધારાની ફી લઈ શકાશે નહીં.
૬. રૂ. ૧૦,૦૦૦ના પુસ્તકોની ખરીદી કરવામાં આવે.

સહી

**૧. પ્રિ. એન. યુ. રાજગુરુ**
**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**
**૩. પ્રિ. સૌરભ ચોકસી**

## પરિશિષ્ટ "૧૦"

કામકાજ ક્રમાંક ૨(૧૦)

### ઉમિયા આટ્ર્સ અને કૉમર્સ કૉલેજનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શ્રી ઉમિયા કેવીસી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી મેઘમણી પરિવાર અને શ્રી ભાઈલાલભાઈ એ. પટેલ ઉમિયા આટ્ર્સ અને કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સની કાયમી જોડાણ મેળવવા માટેની તા. ૧૫-૫-૨૦૦૩ની જાવક નં. ૫૯-૨૦૦૨-૨૦૦૩ના અનુસંધાનમાં યુનિવર્સિટીના આદેશ અનુસાર નીમાયેલ એલ.આઈ.સી.ના સભ્યોએ આજરોજ તા. ૧૧-૬-૨૦૦૩ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી, આ સભ્યોનાં નામ નીચે મુજબ છે.

૧. પ્રિ. નટવરલાલ રાજગુરૂ

૨. પ્રિ. ભાલચંદ્રભાઈ જોષી

૩. પ્રો. ડી. એન. પંચાસરા

સદરહુ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ઝવેરભાઈ પટેલ તથા મંત્રીશ્રી અને ઇન-ચાર્જ આચાર્યશ્રી એસ. ડી. ત્રિવેદી સાહેબે હાજર રહી સમિતિના સભ્યોનું સ્વાગત કરી જરૂરી માહિતીઓ પૂરી પાડી છે.

**હેવાલના મુદ્દા :**

૧. આ સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી આટ્ર્સ અને કોમર્સના એફ.વાય.થી ટી.વાય. સુધીના વર્ગો ચલાવે છે, અને પ્રતિવર્ષ યુનિ. તરફથી જોડાણ મળ્યા કર્યું છે.

૨. આ મહિલા કૉલેજ છે, જેમાં બંન્ને ફેકલ્ટીની કુલ સંખ્યા ૯૮૫ છે.

૩. ભૌતિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં છે, આચાર્ય ખંડ, કાર્યાલય, લાઈબ્રેરી, અધ્યાપક ખંડ, ટોયલેટ યુનિટ વગેરે જરૂરિયાત પ્રમાણે છે.

૪. શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ નિયમ અનુસાર છે, પરંતુ તેમાં આચાર્ય, ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષક નીમવાના બાકી છે.

૫. સદરહુ સંસ્થામાં નિવાસી છાત્રાલયની પર્યાપ્ત વ્યવસ્થા છે.

૬. યુનિ.ના ધારાધોરણ પ્રમાણે આચાર્ય, ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની તાકીદે નિમણૂક કરવાની શરતનું સંસ્થાએ પાલન કરવું પડશે, ઉપરાંત કાર્યભારને ધ્યાનમાં રાખી ખૂટતા અધ્યાપકોની તાકીદે નિમણૂક કરવાની રહેશે, અત્યારના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફનો પગાર, ચુકવણીના બૅંકના ઉતારા, યુનિ. કાર્યાલયને મોકલી આપે, આ વિગત મંગાવતો પત્ર સદરહુ કૉલેજને લખવો.

૭. આ કૉલેજમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે ભણાવવામાં આવે છે, કોમર્સમાં મુખ્ય વિષય તરીકે એડવાન્સ એકાઉન્ટન્સી શીખવવામાં આવે છે.

૮. નં. ૬માં દર્શાવેલી શરતોનું પરિપાલન થાય ત્યાર બાદ કાયમી જોડાણ આપવા અંગે વિચારણા આ સમિતિ ભલામણ કરે છે, શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ હાલનું જોડાણ ચાલુ રાખવા ભલામણ છે.

સહી

**૧. પ્રિ. નટવરલાલ રાજગુરુ**

**૨. પ્રિ. ભાલચંદ્રભાઈ જોષી**

**૩. પ્રો. ડી. એન. પંચાસરા**

## પરિશિષ્ટ "૧૧"

બાબત ક્રમાંક ૨(૧૧)

### તોલાણી આટ્ર્સ અને સાયન્સ કૉલેજ, આદિપુરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના તા. ૧૬-૬-૨૦૦૩ના પત્રાંક નં. ઍકૅડેમિક/૨૧/૫૨૩૪૯/૨૦૦૩ સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ તા. ૪-૭-૨૦૦૩ના રોજ ઉપરોક્ત કૉલેજની રૂબરૂમાં મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી ડૉ. એલ. આર. મહેતા દ્વારા સ્થાનિક તપાસસમિતિના સભ્યોને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

યુનિ.ના તા. ૨૯-૮-૧૯૭૭ના જોડાણ અંગેના જાહેરનામા ક્રમાંક-૨૦૭૭ની કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવામાં આવ્યું છે. **(પરિ. ૧)** સદરહુ કૉલેજને જૂન ૨૦૦૧થી માઈક્રોબાયોલોજી વિષયનું બે વર્ષનું જોડાણ આપવામાં આવ્યું છે. આ સંદર્ભમાં કૉલેજ દ્વારા યુનિ.નો તા. ૩૧-૯-૨૦૦૨નો પત્રાંક નં. ઍકૅડેમિક/૭૭/૫૩૬/૨૦૦૨ની ઝેરોક્ષ રજૂ કરવામાં આવી હતી. જેમાં દર્શાવ્યા પ્રમાણે કૉલેજને માઈક્રોબાયોલોજી વિષયનું તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું જોડાણ આપવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી છે. **(પરિ. ૨)**

ત્યાર બાદ કૉલેજ દ્વારા માઈક્રોબાયોલોજી વિષયનું કાયમી જોડાણ મેળવવા માટે યુનિ.માં જોડાણ અંગેની જરૂરી ફી ભરીને જોડાણનું અરજીપત્રક-૨૯ દ્વારા અરજી કરી છે. **(પરિ. ૩)**

કૉલેજને સ્વતંત્ર આગવું મકાન છે. જેમાં યુનિ.ની જોડાણની શરતો પ્રમાણે પૂરતી સુવિધાવાળા વર્ગખંડો તેમજ રમતનું વિશાળ મેદાન છે. સાયન્સ કૉલેજ માટે અદ્યતન સાધનોવાળી જરૂરી સુવિધા ધરાવતી પ્રયોગશાળાઓ છે. તેમ જ માઈક્રોબાયોલોજી વિષય માટે પૂરતા સાધનોવાળી અલગ પ્રયોગશાળા છે.

કૉલેજ પાસે પૂરતી સુવિધા ધરાવતી પુસ્તકાલય છે. જેમાં માઈક્રોબાયોલોજી વિષયના આશરે ૨૫૦થી ૩૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. **(પરિ. ૫)**

માઈક્રોબાયોલોજી (ગૌણ) વિષયના શૈક્ષણિક કાર્ય માટે શ્રી મૂકેશ એચ. ગડાપે અને શ્રીમતી અર્ચના પી. ઉપાધ્યાય પૂર્ણ સમયના માઈક્રોબાયોલોજીના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવે છે. બાકીના વ્યાખ્યાતાઓ માટે નિમણૂકની મંજૂરી સરકારશ્રી પાસેથી મંગાવવામાં આવી છે. દરમિયાન બે મુલાકાતી શિક્ષકોને શ્રી જયબર્ગી અને શ્રીમતી પૂનમ ગોધવાણી પોતાની ફરજ બજાવે છે. સરકારશ્રી તરફથી મંજૂરી મળેથી યુનિ.ના ધારાધોરણ પ્રમાણે અધ્યાપકોને નિમણૂક કરવાની આચાર્યશ્રીએ ખાતરી આપી છે.

સદરહુ કૉલેજ દ્વારા ઑર્ડિ. ૯૬ની ઝેરોક્ષ નકલ તેમ જ શિક્ષકોની નિમણૂક અંગે સરકારશ્રી પાસેથી મંજૂરીના પત્ર વ્યવહારની નકલોની ઝેરોક્ષ નકલો આ સાથે કૉલેજ દ્વારા આપવામાં આવેલી ફાઈલમાં ઉપલબ્ધ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લેતાં સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ તોલાણી આર્ટ્સ અને સાયન્સ કૉલેજને માઈક્રોબાયોલોજી વિષયનું જૂન ૨૦૦૩થી કાયમી જોડાણ આપવાની સર્વાનુમતે ભલામણ કરે છે.

આ સાથે યુનિવર્સિટી તરફથી મળેલી કૉલેજની ફાઈલ તેમ જ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને કૉલેજ દ્વારા આપવામાં આવેલી ફાઈલો હેવાલ સાથે પરત કરવામાં આવે છે.

સહી
**૧. પ્રો. એન. યુ. રાજગુરૂ**
**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**
**૩. પ્રો. એન. કે. પાઠક**
(સ્થાનિક તપાસસમિતિના સભ્યો)

## પરિશિષ્ટ "૧૨"

બાબત ક્રમાંક ૨(૧૨)

### આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, સંખેડાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, સંખેડાની તા. ૨-૭-૨૦૦૩ના રોજ રૂબરૂમાં મુલાકાત લીધી હતી. અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન કૉલેજના આચાર્યશ્રી જે. એમ. પટેલ દ્વારા સમિતિને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

આ કૉલેજને યુનિ.ની કાયમી જોડાણ મળેલ છે, અને ગ્રાન્ટ-ઇન-એઈડમાં આ કૉલેજને સરકારે ગ્રાન્ટને પાત્ર ગણી છે.

કૉલેજને યુનિવર્સિટીના તા. ૨૩-૧-૨૦૦૨ના પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૫૭૯૭૯/૨૦૦૨ના જાહેરનામા ક્રમાંક ૭૯/૨૦૦૨થી બી.એ. (ગૌણ વિષય) અંગ્રેજી વિષયમાં તા. ૧૫-૬-૯૮થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું ચાલુ જોડાણ આપવામાં આવ્યું છે.

અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન આચાર્યશ્રી જે. એમ. પટેલના જણાવ્યા પ્રમાણે કૉલેજમાં ૨૦૦૧-૨૦૦૨ના વર્ષથી અંગ્રેજી (ગૌણ) વિષયમાં વિદ્યાર્થીઓએ પોતાની અભિરુચી બતાવી હતી, અને ત્યાર પછી આના સંદર્ભમાં અંગ્રેજી વિષયનું શિક્ષણ આપવામાં આવતું નથી.

સદરહુ કૉલેજમાં સને ૨૦૦૧-૨૦૦૨થી અંગ્રેજી (ગૌણ) વિષય બંધ થયો હોવાથી સંસ્થાને અંગ્રેજી (ગૌણ) વિષયનું જોડાણ ચાલુ રાખવા—કાયમી જોડાણની માગણી કરવામાં આવી નથી. અંગ્રેજી (ગૌણ) વિષયનું જોડાણ લેતી વખતે કૉલેજમાં શ્રી. પી. એચ. સોલંકી લેકચરર ફરજ બજાવતા હતા. જેઓ ત્યાર પછી પાલનપુરની આર્ટ્સ કૉલેજમાં લેકચરર તરીકે જોડાયા છે. આમ અંગ્રેજી (ગૌણ) વિષયનું જોડાણ ચાલુ ન રાખવાથી શિક્ષક તેમ જ બીજા કોઈ કર્મચારીને નોકરીના સંદર્ભમાં અવળી અસર થતી નથી. ઉપરોક્ત વિગતો દર્શાવતો આચાર્યશ્રીનો તા. ૨-૭-૨૦૦૩નો પત્રાંક નં. એસીએસ./૩૯૨/૨૦૦૩ આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે, જેમાં કૉલેજ વિષેની બીજી અન્ય માહિતી પણ પૂરી પાડવામાં આવી છે, સદરહુ કૉલેજની ઉપરોક્ત પરિસ્થિતિનો વિગતવાર અભ્યાસ કર્યા પછી સમિતિના સભ્યો સર્વાનુમતે આ કૉલેજનું અંગ્રેજી (ગૌણ) વિષયનું એડહોક જોડાણ ચાલુ ન રાખવાની યુનિવર્સિટીને ભલામણ કરે છે.

આ સાથે યુનિ. તરફથી મળેલી કૉલેજની ફાઈલ તેમ જ સંખેડા કૉલેજ દ્વારા સ્થાનિક તપાસસમિતિના સભ્યો ને આપવામાં આવેલી ફાઈલ હેવાલ સાથે પરત કરવામાં આવે છે.

અમદાવાદ
તા. ૭-૭-૨૦૦૩

સહી
**૧. પ્રો. એન. કે. પાઠક**
**૨. પ્રો. એન. યુ. રાજગુરૂ**
**૩. પ્રો. દામુભાઈ પંચાસરા**
(સ્થાનિક તપાસસમિતિના સભ્યો)

## પરિશિષ્ટ "૧૩"

કામકાજ ક્રમાંક ૨(૧૩)

**આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કૉલેજ, ખંભાતનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

કમિટીના સભ્યો શ્રી રજની પારેખ આર્ટ્સ, શ્રી. કેશવલાલ કૉમર્સ અને શ્રીમતી ભીખુબહેન સાયન્સ કૉલેજ ખંભાતની મુલાકાત તા. ૩-૭-૨૦૦૩ના રોજ લીધેલ હતી.

કમિટીના સભ્યો કૉલેજના પ્રિન્સિપાલ, ટ્રસ્ટના સભ્યો અને અંગ્રેજી તથા માઈક્રોબાયોલોજી વિભાગના સ્ટાફ મેમ્બર્સ સાથે ત્યાંના પ્રશ્નો અને શૈક્ષણિક બાબતોની ચર્ચા કરી ત્યાર બાદ માઈક્રોબાયોલોજી વિભાગ, પ્રયોગશાળા અને પુસ્તકાલયની મુલાકાત લઈ જરૂરી સગવડોની તપાસ કરી.

સમગ્ર ચર્ચા જાત તપાસના આધારે કમિટીના સભ્યોને અંગ્રેજી વિષય માટે ઉપલબ્ધ સુવિધાથી સંતોષ થયેલ છે. પરંતુ માઈક્રોબાયોલોજી વિભાગમાં સાધનોની બાબતમાં સંપૂર્ણ સંતોષ થયેલ નથી, ત્યાંના સ્ટાફ, પ્રિન્સિપાલ તથા ટ્રસ્ટના સભ્યોને જરૂરી સાધનો જુલાઈના અંત પહેલાં લાવી આપવાની ખાતરી આપેલ છે, ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતાં ખંભાત કૉલેજમાં અંગ્રેજી વિષય માટે જૂન ૨૦૦૩ સુધી ચાલુ જોડાણ ચાલુ રાખી જૂન ૨૦૦૩થી ખંભાત કૉલેજને અંગ્રેજી વિષય માટેનું કાયમી જોડાણ આપવા ભલામણ કરે છે.

માઈક્રોબાયોલોજી વિષયમાં જો કૉલેજ જરૂરી સાધનો જુલાઈના અંત પહેલાં વસાવી તેની ખાતરી કરાવે તો સાધનો આવ્યા બાદ કાયમી જોડાણની ભલામણ કરે છે. હાલમાં માઈક્રોબાયોલોજી વિષયના વડા લાંબી રજા ઉપર ગયેલ છે. ત્યારે જરૂરી સ્ટાફ માટેની વ્યવસ્થા કરવી અતિ જરૂરી છે. આથી જરૂરી સ્ટાફ માટે કાર્યવાહી કરે અને સાધનો ખરીદી કરે તો કાયમી જોડાણ માટે ભલામણ કરે છે.

સહી

તા. ૧૦-૭-૨૦૦૩

**બી. વી. પટેલ**

**એસ. આર. દવે**

## પરિશિષ્ટ "૧૪"

બાબત ક્રમાંક ૨(૧૪)

**આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

બાબત : એમ. એમ. આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, કાલોલ ખાતે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં એફ. વાય. અને એસ. વાય. બી.એ. તેમ જ બી.કૉમ.માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનું ગૌણ વિષય તરીકે જૂન ૨૦૦૩થી જૂન ૨૦૦૪ સુધી એડહોક જોડાણ લંબાવવા બાબત.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે શ્રી એમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, કાલોલની તા. ૧૧-૭-૨૦૦૩ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન આચાર્યશ્રીએ હાજર રહી સમગ્ર માહિતી પૂરી પાડી હતી જે નીચે મુજબ છે.

૧. કૉલેજને યુનિવર્સિટી દ્વારા જુલાઈ ૨૦૦૨માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૩૦-૬-૨૦૦૨ના ઠરાવ ૪૯ મુજબ પ્રથમ વર્ષ બી.એ. (ગૌણ), કૉમ્પ્યુટર મેથડ્સ માટે અને પ્રથમ વર્ષ બી.કૉમ. (ગૌણ), કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન માટે એડહોક જોડાણ આપવામાં આવેલ છે.

૨. સંસ્થા પાસે હાલમાં એક સર્વર અને પાંચ વર્કસ્ટેશન પ્રયોગશાળામાં છે. ગત હેવાલ મુજબ વધારાના પાંચ વર્કસ્ટેશનની ખરીદી કરેલ નથી.

૩. કૉમ્પ્યુટર સાયન્સ વિષયના કુલ રૂ. ૯,૬૬૪ના પુસ્તકો વસાવેલ છે.

૪. પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂકની મંજૂરી મેળવવા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલેલ છે. જે સંદર્ભમાં સરકારશ્રીએ કૉલેજમાં નવા વિષયો ગ્રાન્ટ ન લેવાની શરતે જ મંજૂર કરવાની નીતિ છે. તેમ જણાવેલ છે, આથી વ્યાખ્યાતાઓનો તમામ ખર્ચ સંસ્થાએ ભોગવવાની ખાતરી આપેલ છે.

સમગ્ર હકીકતને ધ્યાનમાં લેતાં તેમ જ હાલમાં વિનયન અને વાણિજ્ય બન્ને વિદ્યાશાખાઓમાં અનુક્રમે ૨૬ અને ૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે. તેથી સમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે.

૧. પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા તેમ જ એક પ્રોગ્રામરની પૂરા પગારની તાત્કાલિક સંસ્થાના ખર્ચે નિમણૂક કરવામાં આવે.

૨. વધારાના પાંચ વર્કસ્ટેશન પ્રો. પ્રયોગશાળામાં મૂકવામાં આવે જેથી પ્રાયોગિક કાર્ય સંતોષકારક થઈ શકે.

૩. નિભાવ ખર્ચ પેટે વિદ્યાર્થીદીઠ, સત્રદીઠ રૂ. ૩૦૦થી ફી જ લેવામાં આવે.

૪. પુસ્તકો પેટે રૂ. ૧૦,૦૦૦નો વધારાનો ખર્ચ કરવામાં આવે અને ચાર સામયિકો નિયમિત મંગાવવામાં આવે.

ઉપરોક્ત તમામ શરતોનું પાલન તા. ૩૧-૮-૨૦૦૩ પહેલાં કરવામાં આવે તે શરતે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.કૉમ., એસ.વાય.બી.એ. અને એસ.વાય.બી.કૉમ. કૉમ્પ્યુટર સાયન્સના ગૌણ વિષયનું જોડાણ જૂન ૨૦૦૪ સુધી એડહોક ધોરણે લંબાવી આપવા ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રો. આર. પી. સોની**

**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**

**૩. પ્રિ. એન. યુ. રાજ્યગુરુ**

## પરિશિષ્ટ "૧૫"

બાબત ક્રમાંક ૨(૧૫)

**મહિલા મહાવિદ્યાલય આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજ, વડોદરાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

યુનિવર્સિટીના તા. ૧૮-૬-૨૦૦૩ના પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૨૬૯૧/૨૦૦૩ના સંદર્ભમાં મહિલા મહાવિદ્યાલય આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજ, વડોદરાની સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ તા. ૨-૭-૨૦૦૩ના રોજ રૂબરૂમાં મુલાકાત લીધી હતી. કૉલેજ તરફથી આચાર્યશ્રી એસ. એમ. પટેલ સાહેબે સ્થાનિક તપાસસમિતિના સભ્યોને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

કૉલેજ દ્વારા તા. ૩-૬-૨૦૦૩ના પત્રાંક નં. ૪૩/૨૦૦૩-૨૦૦૪ દ્વારા કાયમી જોડાણ માટે યુનિ.ને અરજી કરી હતી.

યુનિ.ના તા. ૨૯-૧૨-૨૦૦૨ના જોડાણ અંગેના જાહેરનામા ક્રમાંક-૩૯ દ્વારા બી.એ. (મુખ્ય વિષય) ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, બી.એ. (ગૌણ વિષય) ઇતિહાસ, સહકાર, દ્વિતીય ગૌણ વિષય અર્થશાસ્ત્ર, હિન્દી, સમાજશાસ્ત્ર અને બી.એડ્. કૉલેજનું જૂન ૨૦૦૩ સુધીનું ચાલુ એડહોક જોડાણ આપવામાં આવ્યું છે.

અમારી સ્થાનિક મુલાકાત દરમિયાન કૉલેજના પોતાના સ્વતંત્ર મકાનની રૂબરૂમાં તેમ જ હોમસાયન્સની લેબોરેટરીની તપાસ કરી હતી. મહિલા મહાવિદ્યાલય કૉલેજને પોતાને આગવું મકાન છે. જેમાં યુનિ.ની જોડાણની શરતો પ્રમાણે જરૂરી ભૌતિક સુવિધાઓવાળા ૩૩ વર્ગોમાં હાલમાં બી.એ. તેમ જ બી.એડ્. કૉલેજનું શૈક્ષણિક કાર્ય ચાલે છે. હોમ સાયન્સ માટે જરૂરી સાધનો ધરાવતી લેબોરેટરીની પણ સુવિધા કૉલેજના મકાનમાં ઉપલબ્ધ છે.

બી.એડ્. અભ્યાસક્રમ પ્રમાણે ઈન્ફરમેશન ટેકનોલોજી એક વિષય માટે કૉલેજ પાસે સ્વતંત્ર જરૂરી સુવિધાવાળી કોમ્પ્યુટર લેબોરેટરી છે, અને આઈ. ટી. માટે એક ઈન્ટ્રક્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

કૉલેજની રૂબરૂ મુલાકાત દરમિયાન ૧૯૯૯-૨૦૦૧થી ૨૦૦૨થી ૨૦૦૩ સુધીની વિદ્યાર્થિનીઓની કુલ સંખ્યા તેમ જ સદરહુ વર્ષમાં વિદ્યાર્થિનીઓની વિષયવાર ત્રણે વર્ષની માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેમ જ પ્રથમ ગૌણ અને દ્વિતીય ગૌણ વિષયોની પણ વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

મહિલા કૉલેજ દ્વારા નિયમિત રીતે યુનિ.ને ઑર્ડિ. ૯૬ પ્રમાણેની માહિતી પૂરી પાડવામાં આવે છે. જેની ૨૦૦૨-૨૦૦૩ની ઝેરોક્ષ નકલ આચાર્યશ્રીએ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને આપી છે. કૉલેજના આર્ટ્સ અને એજ્યુકેશન ટાઈમ ટેબલની ઝેરોક્ષ નકલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને આપવામાં આવી છે, વિશેષમાં કૉલેજ દ્વારા આર્ટ્સ અને બી.એડ્.ના વિષયને અનુરૂપ પુસ્તકો ખરીદવામાં આવ્યા છે, જેની વિગતો ગ્રંથપાલશ્રીએ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને આપી હતી.

અધ્યાપકોની નિવૃત્તિને કારણે હાલ ખાલી પડેલી જગ્યાઓ માટે ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર પાસે કૉલેજ દ્વારા સ્ટાફની નિમણૂકની મંજૂરી માગવા અંગેની કાર્યવાહી કરવામાં આવી છે, જેની વિગત દર્શાવતા પત્રની ઝેરોક્ષ નકલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને આપવામાં આવી હતી.

અગાઉ જણાવ્યા પ્રમાણેની બધી જ વિગતો દર્શાવતી કૉલેજની આ રિપોર્ટ સાથે જે ફાઈલ રજૂ કરવામાં આવી છે, તેમાં ઉપલબ્ધ છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજો પૈકી મહિલા મહાવિદ્યાલય એક જ એવી કૉલેજ છે કે, જેમાં આર્ટ્સ અને એજ્યુકેશનનું શિક્ષણ એક જ કૉલેજમાં સંયુક્ત રીતે ચાલે છે, જેમાં બન્ને કૉલેજો ભેગી છે.

બી.એડ્. કૉલેજ દ્વારા એન.સી.ટી.ઈ.માં દર વર્ષે એપ્રેજલ રિપોર્ટ અને સ્ટાફ પ્રોફાઈલ રજૂ કરવામાં આવે છે, અને દર વર્ષે કૉલેજને માન્યતા આપવામાં આવે છે, આ કૉલેજને એનસીટીઈ દ્વારા તા. ૬-૫-૨૦૦૨ના પત્રાંક -ડબલ્યુઆરસી/એનસીટીઈ/૯-૯-૨૦૦૨/૦૧૭૯૦થી છેલ્લી માન્યતા મળી છે.

ઉપરોક્ત સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં મહિલા મહાવિદ્યાલય, વડોદરાને બી.એ. તેમ જ બી.એડ્. કૉલેજે એનસીટીઈની મંજૂરીની શરતે કાયમી જોડાણ આપવાની સ્થાનિક તપાસસમિતિના સભ્યો સર્વાનુમતે ભલામણ કરે છે.

આ હેવાલ સાથે યુનિવર્સિટી દ્વારા મળેલ કૉલેજની ફાઈલ તેમ જ કૉલેજ દ્વારા સ્થાનિક તપાસસમિતિના સભ્યોને આપવામાં આવેલી ફાઈલો આ સાથે સામેલ છે, કુલ બે ફાઈલો સામેલ છે.

અમદાવાદ
તા. ૩-૭-૨૦૦૩

સહી
**૧. પ્રો. એન. યુ. રાજગુરૂ**
**૨. પ્રો. એન. કે. પાઠક**
**૩. પ્રો. દામુભાઈ પંચાસરા**

## પરિશિષ્ટ "૧૬"

બાબત ક્રમાંક ૨(૧૬)

**આટ્‌ર્સ-કૉમર્સ કૉલેજ, આંકલાવનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ આજરોજ તા. ૧૦-૫-૨૦૦૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજ આંકલાવ કૉલેજની મુલાકાત લીધી હતી. અમારી મુલાકાત દરમિયાન કૉલેજના આચાર્યશ્રી અને વહીવટી કર્મચારીઓ હાજર હતા.

કૉલેજના આચાર્યશ્રીએ આ સાથે સામેલ નિદર્ષ્ટિ પત્રકો અને પરિશિષ્ટ મુજબ અમને જરૂરી માહિતી પૂરી પાડી છે. કેળવણી મંડળના પ્રમુખશ્રીની નાદુરસ્ત તબિયત હોવાથી કૉલેજમાં હાજર રહી શક્યા ન હતા પણ અમારી સાથે વિગતે ટેલિફોન પર વાત કરી હતી કેળવણી મંડળ તરફથી અમને આ અંગે લેખિત પત્રથી પણ માહિતી પૂરી પાડવામાં આવી છે. જે અલગ પરિશિષ્ટથી સામેલ છે.

કેળવણી મંડળે કૉલેજના કર્મચારીઓનો પગાર ઑગસ્ટ ૨૦૦૨ સુધીનો ચૂકવેલ છે જ્યારે સપ્ટેમ્બર-૨૦૦૨થી એપ્રિલ-૨૦૦૩ સુધીનો આઠ માસનો પગાર ચૂકવવાનો બાકી છે, આ પગાર ચૂકવવા કેળવણી મંડળ શક્તિમાન નથી તેમ અમને જણાવવામાં આવેલ છે. ટ્રસ્ટની મુદતી થાપણ જે યુનિવર્સિટી પાસે હાલમાં જમા છે, તેમાંથી ત્રણ માસનો પગાર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે તો કેળવણી મંડળને હરકત નથી તેમ પણ વધુમાં જણાવેલ છે.

આ રીતે જોતાં હવે આ કૉલેજના કાયમી જોડાણ અંગે કુલપતિશ્રીને યોગ્ય તે નિર્ણય લેવા અમારી ભલામણ છે.

સહી

**૧. પ્રિ. પી. સી. ઉપાધ્યાય**
**૨. પ્રિ. સી. પી. જોશી**
**૩. પ્રિ. જી. આર. શર્મા**

## પરિશિષ્ટ "૧૭"

બાબત ક્રમાંક ૨(૧૭)

**આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ આજ રોજ તા. ૫-૫-૨૦૦૩ના રોજ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામની મુલાકાત લીધી હતી. અમારી મુલાકાત દરમિયાન કેળવણી મંડળના મંત્રીશ્રી હરિભાઈ બી. અમીન અને આચાર્યશ્રી એસ. આર. રાવલ હાજર રહ્યા હતા.

૧. આ કૉલેજમાં મનોવિજ્ઞાન મુખ્ય વિષયનું તા. ૧૫-૬-૯૫થી ગુજરાત યુનિવર્સિટી દ્વારા જોડાણ આપવામાં આવેલ છે જે જોડાણ ક્રમશઃ તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું આપવામાં આવેલ છે. આ કૉલેજમાં મનોવિજ્ઞાન વિષય માટે નવું અલાયદું ભવન નિર્માણ પણ કૉલેજના પ્રોજેક્ટમાં છે અને તે માટે રૂ. ૧૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા અગિયાર લાખ)નું માતબર દાન પણ કૉલેજને મળેલ છે, કૉલેજની વિદ્યાર્થી સંખ્યા, યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફ, લાઈબ્રેરીના પુસ્તકો, પ્રયોગિક સાધનો અને છેલ્લાં ત્રણ વર્ષથી ટી.વાય.બી.એ. મનોવિજ્ઞાન વિષયની પરીક્ષાનું પ્રાયોગિક કેન્દ્ર પણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ છે, આ રીતે જોતાં યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ છેલ્લા પાંચ વર્ષથી વધુ વર્ષથી મનોવિજ્ઞાન મુખ્ય વિષય કૉલેજમાં કાર્યરત હોવાથી અમે તે વિષયનું તા. ૧૫-૬-૨૦૦૧થી કાયમી જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ. (પરિશિષ્ટ ૧થી આ અંગેની તમામ માહિતી સામેલ કરેલ છે)

૨. આ કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સનું વિનયન વિદ્યાશાખામાં બીજા ગૌણ વિષય તરીકેનું જોડાણ તારીખ ૧૫-૬-૯૮થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું આપવામાં આવેલું છે. આ ઉપરાંત વાણિજ્ય વિદ્યાશાખામાં ગૌણ વિષય તરીકે તા. ૧૫-૬-૯૫ થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું જોડાણ આપવામાં આવેલું છે.

આ કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સ માટેનું અલાયદું ભવન છે, પૂરતા પ્રમાણમાં જરૂરી સાધનો છે, પ્રયોગશાળા પણ ઉપલબ્ધ છે, લાઈબ્રેરી પુસ્તકો અને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફ પણ છે. તમામ પાસાઓને જોતાં આ કૉલેજ માટે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં તા. ૧૫-૬-૨૦૦૧થી કૉમ્પ્યુટર સાયન્સનું કાયમી જોડાણ આપવામાં અમે ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રિ. પી. સી. ઉપાધ્યાય**
**૨. પ્રિ. સી. પી. જોષી**

## પરિશિષ્ટ "૧૮"

બાબત ક્રમાંક ૨(૧૮)

**જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજે તા. ૧-૫-૨૦૦૩ના ગુરુવારના રોજ, અમો નીચેના ત્રણ સભ્યો,

૧. પ્રો. સુરેશચંદ્ર એન. દાણી

૨. શ્રી. જયેશભાઈ ઠક્કર

૩. પ્રિ. શ્રી. ટી. જે. પુરાણી

જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ, ડ્રાઈવ-ઈન-રોડ, અમદાવાદની મુલાકાત લીધી હતી.

કૉલેજના પ્રિન્સિપાલશ્રી સૌરભભાઈ ચોક્સી હાજર હતા. કૉલેજની ગવર્નિંગ બોડીના કોઈ સભ્યો હાજર હતા નહીં.

જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ સ્વનિર્ભર ધોરણે તા. ૧૫-૬-૨૦૦૦થી શરૂ કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના તા. ૧૫-૬-૨૦૦૩ સુધી એફ.વાય.બી.કૉમ., એસ.વાય.બી.કૉમ.નું ચાલુ અને ટી.વાય.બી.કૉમનું નવું જોડાણ એડહોક ધોરણે મંજૂર કરેલ છે.

હાલ કૉલેજ એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના સ્કૂલના બિલ્ડિંગમાં ત્રીજે અને ચોથા માળે બેસે છે. કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન (બિલ્ડિંગ) નથી, પ્રિ. સૌરભભાઈ ચોકસીશ્રીએ મૌખિક રજૂઆત કરી હતી કે ગુલાબ ટાવર અમદાવાદ જમીન ટ્રસ્ટે લીધી છે અને બાંધકામ ચાલુ છે.

કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૯૫૩ જેટલી છે. (બિડાણ અત્રે લીધેલ નથી) કૉલેજમાં કુલ ઓરડાઓની સંખ્યા ૧૫ છે. ઓરડાઓ ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલા ધારાધોરણ મુજબના છે હવા-ઉજાસ વ્યવસ્થિત છે.

લાઈબ્રેરીનો રૂમ અલગ છે, લાઈબ્રેરિયનની પણ નિમણૂક કરવામાં આવેલી છે, હાલ રૂ. ૫૦,૫૮૮ના કુલ ૫૦૪ વિવિધ વિષયના પુસ્તકો છે. કૉલેજમાં લાઈબ્રેરીમાં આશરે ૩૧ મેગેઝિન મંગાવવામાં આવે છે તેની યાદી (પરિશિષ્ટ-૧૦ અત્રે છાપેલ નથી) સામેલ છે.

કૉલેજના પ્રિન્સિપાલશ્રી, લાઈબ્રેરિયન અને શારીરિક શિક્ષણ નિયામકશ્રી સાથે કુલ સ્ટાફ ૧૧નો છે. અને આઠ અધ્યાપકો વિઝિટિંગ ફેકલ્ટી તરીકે બોલાવવામાં આવે છે. કૉલેજના "નોન-ટિચિંગ સ્ટાફ" (અત્રે લીધેલ નથી) પૂર્ણ છે, તેની યાદી સામેલ છે. કૉલેજ સ્વનિર્ભર ધોરણે ચાલતી હોવાને કારણે ફીનું માળખું ગુજરાત યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે લેવામાં આવે છે. (અત્રે લીધેલ છે).

કૉલેજના સમગ્ર સ્ટાફને પણ ઉપરોક્ત કમિટી મળી હતી. તેમને પણ કંઈ કહેવાનું હતું નહીં.

પ્રિ. સૌરભભાઈ ચોકસી અત્યંત ઉત્સાહી અને પ્રતિભાસંપન્ન છે. ૨૦૦૩-૨૦૦૪ના વર્ષનું સંપૂર્ણ આયોજન પરીક્ષા સહિત કરવામાં આવેલ છે. યુ.જી.સી.ના નિયમ પ્રમાણે વિદ્યાર્થીઓ દ્વારા Faculty Valuation કરવામાં આવે છે, અને તેની ચર્ચા ફેકલ્ટી સાથે કરવામાં આવે છે.

કૉલેજનું રિઝલ્ટ પણ ખૂબ જ સંતોષકારક છે.

આમ સમગ્ર રીતે જોતાં કમિટીના ત્રણેય સભ્યો જે. જી. કૉલેજ ઑફ કૉમર્સને તા. ૧૫-૬-૨૦૦૩થી કાયમી ધોરણે જોડાણ આપવા અનુરોધ કરીએ છીએ.

સહી

**૧. પ્રો. સુરેશચંદ્ર એન. દાણી**

**૨. શ્રી. જયેશભાઈ ઠક્કર**

**૩. પ્રિ. ટી. જે. પુરાણી**

## પરિશિષ્ટ "૧૯"

બાબત ક્રમાંક ૨(૧૯)

**બી. જે. મેડિકલ કૉલેજ, તેમજ સિવિલ હૉસ્પિટલ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

**બાબત :** બી. જે. મેડિકલ કોલેજના શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે વિદ્યાર્થી સંખ્યાના જોડાણ અંગે.

**સંદર્ભ :** ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૨૪૩૪/૨૦૦૩ તા. ૨૮-૫-૨૦૦૩.

માનનીય સાહેબ,

ઉપરોક્ત વિષયના સંદર્ભ બાબતે સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રી ડૉ. એચ. પી. ભાલોડિયા, ડૉ. આર. કે. પટેલ, ડૉ. કે. એચ. શાહ, તા. ૪-૬-૨૦૦૩ને બુધવારના રોજ બી. જે. મેડિકલ કૉલેજ, અને તેની સાથે સંલગ્ન સિવિલ હૉસ્પિટલ અમદાવાદની મુલાકાત ડીનશ્રી, ડૉ. (મિસિસ) એસ. એમ. જોષી સાથે લીધેલ હતી. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ ૧૯૯૨ સુધી ૨૧૦, વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી હતી. ૧૯૯૨માં ગુજરાત સરકારે બી. જે. મેડિકલ કૉલેજને ૨૧૦ બેઠકોમાંથી ૨૫૦ બેઠકો કરવા માટે પરવાનગી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક એમસીજી/૧૦૯૦/૨૧૫૫/૯૦/જ તા. ૩૧-૭-૯૨થી આપેલ હતી. આ માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફ અને અન્ય ખર્ચની જોગવાઈ ૧૯૯૩-૯૪ના વાર્ષિક વિકાસ કાર્યક્રમમાંથી કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીએ પત્ર ક્રમાંક નં. ૯૯૩૭૦ તા. ૮-૭-૯૨ના પત્રથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને ૨૫૦ બેઠકો ભરવા માટેની પરવાનગી આપવા માટેની વિનંતી કરેલ, હાલમાં બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૩૮ પ્રોફેસર, ૧ એસોસિયેટ પ્રોફેસર, ૧૬૦ આસિસ્ટંટ પ્રોફેસર અને ૯૩ ટ્યૂટરો ફરજ બજાવે છે. (એનેક્ષર-૧) તદ્ઉપરાંત ઓનરરી ટીચિંગ સ્ટાફ-૭, પાર્ટ ટાઈમ ટીચિંગ સ્ટાફ-૩, કોન્ટ્રાક્ટ બેઝિક ટીચિંગ સ્ટાફ-૭ ફરજ બજાવે છે. (એનેક્ષર-૨) જે ૨૫૦ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે પૂરતી છે. બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ લગભગ ૧૧૦ એકરના વિસ્તારમાં પથરાયેલી છે. આ સંસ્થા ગુજરાત સરકાર દ્વારા સંચાલિત હોવાથી તેને માટે જરૂરી સંપૂર્ણ ખર્ચ ગુજરાત સરકાર પૂરો પાડે છે. અને અવારનવાર વધારાની જરૂરિયાત પ્રમાણે સ્ટાફ, જરૂરી માળખું અને સાધનસામગ્રીનો ખર્ચ પૂરો પાડે છે. કૉલેજમાં વિદ્યાર્થીઓને ગુણવત્તા યાદી અનુસાર કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા સરકારશ્રીનાં પ્રવેશના નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે અનામત બેઠકોની ટકાવારી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવામાં આવે છે.

કૉલેજના મુખ્ય મકાનમાં ડીનશ્રીની કચેરી, એનોટોમી, ફિઝિયોલોજી, બાયોકેમિસ્ટ્રી પેથોલોજી, માઈક્રોબાયોલોજી, ફાર્માકોલોજી, પી.એસ.એમ. ફોરેન્સિક મેડિસિન વગેરે વિભાગો આવેલા છે. દરેક વિભાગો કૉમ્પ્યુટર તેમ જ અદ્યતન સાધન સામગ્રીથી સજ્જ છે. આ ઉપરાંત કૉલેજમાં સાત લેકચર થિયેટર્સ, (વ્યાખ્યાન ખંડ) ૧૭૫થી ૨૦૦ની બેઠકો ક્ષમતા ધરાવે છે. દરેક લેકચર થિયેટર્સમાં ઓડિયોવિઝયુઅલ સાધનો પૂરા પાડવામાં આવેલ છે. કૉલેજમાં હાલ ૮૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેવા નવા ઓડિટોરિયમ હોલ ઉપલબ્ધ છે. તે ઉપરાંત ૧૭૫૦થી ૨૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેવા નવા ઓડિટોરિયમ માટેનું સરકારશ્રીમાંથી બજેટ મંજૂર થઈ ગયેલ છે. (એનેક્ષર-૩) અને તેની કાર્યવાહી ચાલુ છે. નવો પરીક્ષાખંડ પણ તૈયાર થઈ ગયેલ છે. આ ઉપરાંત ૩૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેવા ઓડિયોવિઝયુઅલ સગવડ સાથેના ત્રણ લેકચર થિયેટર અંગેની વહીવટી મંજૂરી મળી ગયેલ છે. (એનેક્ષર-૪) તથા તે અંગેની કાર્યવાહી ચાલુ છે.

ઉપરોક્ત જણાવેલ કૉલેજના વિભાગોમાં શિક્ષકગણ ને બેસવા અને કાર્ય કરવા માટે જરૂરી જગ્યા પૂરી પાડવામાં આવેલ છે, આ ઉપરાંત શૈક્ષણિક કાર્ય માટે જરૂરી પ્રયોગશાળા ડેમોસ્ટ્રેશન રૂમ, સેમિનાર રૂમ, ડિપાર્ટમેન્ટલ લાઈબ્રેરી, કૉમ્પ્યુટર્સ, એનિમલ હાઉસ, મ્યુઝિયમ વગેરેની જરૂરી સગવડો પૂરતા પ્રમાણમાં છે, આ માટે જરૂરી ટેકનિકલ અને વર્ગ-૪નો સ્ટાફ પણ પૂરો પાડવામાં આવેલ છે, દરેક વિષયમાં ગુજરાત યુનિવર્સિટી ફેકલ્ટી ઑફ મેડિસિન તેમ જ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઠરાવેલ ધોરણ મુજબ દરેક વિષયમાં વ્યાખ્યાનો, પ્રાયોગિક વર્ગો ટ્યૂટોરિયલ વગેરે યુનિવર્સિટીના અભ્યાસક્રમ અનુસાર ચુસ્તપણે ગોઠવવામાં આવેલ છે અને આનો અમલ કરવામાં આવે છે.

કૉલેજમાં એક વિશાળ લાઈબ્રેરી ૧૦૦૦ ચો. વાર વિસ્તારમાં આવેલ છે, જેમાં ૪૦૦ સ્નાતક અને ૧૦૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓ તેમ જ ૫૦ સ્ટાફ મેમ્બર બેસી શકે તેવી જોગવાઈ છે, લાઈબ્રેરીમાં ૨૩,૩૭૧ પુસ્તકો છે, દર વર્ષે ૪૦ ફોરેન જર્નલ અને ૬૦ ઇન્ડિયન જર્નલ લવાજમ ભરી મંગાવવામાં આવે છે. (એનેક્ષર-૫) હાલમાં ૧૯૨૧૩ જર્નલ બૅકવૉલ્યુમ ઉપલબ્ધ છે, લાઈબ્રેરીમાં અદ્યતન સગવડો મેડલાર, ઇન્ટરનેટ માઇક્રોફિલ્મ રીડર વગેરે ઉપલબ્ધ છે, આ ઉપરાંત લાઈબ્રેરીમાં સી.ડી. રોમ ટાવર તેમ જ તેના ઉપરના મજલે ૨૦થી વધુ કૉમ્પ્યુટરના જોડાણ સાથે શિક્ષકો, વિદ્યાર્થીઓ જરૂરી વૈજ્ઞાનિક સંશોધનને લગતા તેમ જ શૈક્ષણિક માહિતી મેળવી શકે તેવું ઇન્ટરનેટ ઇ.મેલનું નેટ ચેકિંગની સગવડતા ઉપલબ્ધ છે, નેશનલ મેડિકલ લાઈબ્રેરી સાથે પણ સમગ્ર ભારતમાં ૨૭ કૉલેજો પૈકી આ સંસ્થાની લાઈબ્રેરી પણ આ પ્રોગ્રામ હેઠળ આવરી લેવાયેલ છે, જે કેન્દ્ર સરકાર દ્વારા અનુદાનથી ચાલશે, જેનો પણ શિક્ષકો, વિદ્યાર્થીઓ અદ્યતન તબીબી તેમ જ આધુનિક જ્ઞાન મેળવી શકે, વિદ્યાર્થીઓને ઝેરોક્ષની સગવડ પૂરી પાડવામાં આવે છે, માર્ચ–૨૦૦૨થી ઇન્ટરલીકિંગ સેન્ટરની પણ શરૂઆત કરેલ છે, લાઈબ્રેરીમાં જરૂરી

લાયકાત માહિતી પૂરી પાડવા માટે સ્ટેસ્ટિક્સ એકમ પણ ઉપલબ્ધ છે, કૉલેજમાં ફોટોગ્રાફી સેકશન જરૂરી સ્ટાફ અને સાધનસામગ્રી પણ ઉપલબ્ધ છે. વિશાળ સેન્ટ્રલ એનિમલ હાઉસ પણ છે, કૉલેજના અને હૉસ્પિટલના જરૂરી સાધનોની જાળવણી અને મરામત માટે વર્કશોપ છે, શૈક્ષણિક અને બિશૈક્ષણિક સ્ટાફ માટે જરૂરી સરકારી રહેઠાણની સુવિધા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, વધુમાં ગુજરાત સરકારશ્રીએ રૂપિયા એક કરોડ વચ્ચઅલ લાઈબ્રેરી માટે ચાલુ સાલે મંજૂરી આપેલ છે.

વિદ્યાર્થીઓના મનોરંજન માટે વિશાળ ક્રિડાગણ અને ઇન્ડોર ગેમ માટેની પણ સગવડ છે, ૯૮૨ વિદ્યાર્થીઓને રહેવા માટે ૨૬૪ વિદ્યાર્થીઓને રહેવા માટેની ક્ષમતા ધરાવતી હૉસ્ટેલો છે, દરેક વિદ્યાર્થીઓને રહેવા માટે જરૂરી ફર્નિચર કૉલેજ તરફથી પૂરું પાડવામાં આવે છે, જમવા-નાસ્તા માટે મેસની સુવિધા છે, આમ કૉલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ માટેની જરૂરી સગવડો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

બી. જે. મેડિકલ કૉલેજ સાથે સંકળાયેલ સિવિલ હૉસ્પિટલ ૧૪૮૪ પથારીઓ ધરાવે છે, આ હૉસ્પિટલમાં મેડિસિન, પીડિયાટ્રિક્સ, ટી.બી. સ્કીન અને વી.ડી. સાયકયાટ્રી, સર્જરી, એનેસ્થેસિયા, રેડિયોલોજી, ઓર્થોપેડિક્સ, ઓપ્થોલમોલોજી, ઇ.એન.ટી. ઓબ ઍન્ડ ગાયનેકોલોજી, યુરોલોજી, ન્યુરો-સર્જરી, બર્ન્સ પ્લાસ્ટિક સર્જરીના વિભાગો આવેલા છે, દરેક વિભાગમાં દર્દીઓને સારવાર માટેના અદ્યતન સાધનો તથા શૈક્ષણિક કાર્ય માટે જરૂરી સગવડો પૂરી પાડવામાં આવેલ છે, હૉસ્પિટલની વિશાળ ઓ.પી.ડી. છે, હૉસ્પિટલની આ ઓ.પી.ડી.માં લગભગ ૨૦૦૦ દર્દીઓ દરરોજ સારવાર લેવા માટે આવે છે, હૉસ્પિટલમાં બેડ ઓક્યુપર્સ ૧૦૦ ટકાથી પણ વધારે છે, આ હૉસ્પિટલમાં જરૂરી ઓપરેશન થિયેટર્સ, કેજ્યુલ્ટી ડિપાર્ટમેન્ટ, ફાર્મસી સેન્ટ્રલ સ્ટરિલાઈઝેશન લોન્ડ્રી, કીમ કેન્ટીન, ઈન્સનેટર વગેરે સગવડો ઉપલબ્ધ છે, હોસ્પિટલમાં જરૂરી નર્સિંગ સ્ટાફ ટેકનિકલ અને વર્ગ-૪ કર્મચારીઓની નિમણૂકો કરવામાં આવેલ છે, સિવિલ હૉસ્પિટલ ઉપરાંત વિદ્યાર્થીઓને શૈક્ષણિક અનુભવ મળી શકે તે માટે આ જ કૅમ્પસમાં કેન્સર, ડેન્ટલ, પેરાપ્લેજીયા, કાર્ડિયોલોજી, કીડની, આંખની હૉસ્પિટલો આવેલ છે.

ડીનશ્રી બી. જે. મેડિકલ કૉલેજમાં જણાવ્યા અનુસાર મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ૨૦૦૩-૨૦૦૪ના શૈક્ષણિક વર્ષ માટે ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે જરૂરી ઇન્સ્પેકશન ૪, ૫ માર્ચ-૨૦૦૩ના રોજ કરેલ છે, જેની મંજૂરી આવી ગયેલ છે, (એનેક્ષર-૬) આથી આ સમિતિ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩થી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અને કાયમી જોડાણ આપવા ગુજરાત યુનિવર્સિટીને ભારપૂર્વક ભલામણ કરે છે.

સહી

**૧. ડૉ. એચ. પી. ભાલોડિયા**

**૨. ડૉ. આર. કે. પટેલ**

**૩. ડૉ. કે. એચ. શાહ**

## પરિશિષ્ટ "૨૦"

બાબત ક્રમાંક ૨(૨૦)

### શ્રીમતી એસ. સી. પી. એફ. કૉમર્સ કૉલેજ ડભોઈનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શ્રીમતી એસ. સી. પી. એફ. કૉમર્સ કૉલેજ ડભોઈમાં કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન વિષયના વધારાના (ગૌણ) વિષયના જૂન-૨૦૦૩થી માગેલ જોડાણ માટે સ્થાનિક તપાસસમિતિએ તા. ૯-૫-૨૦૦૩ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મુલાકાત લીધી હતી. સ્થાનિક તપાસસમિતિમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

૧. પ્રિ. એ. એમ. પટેલ

૨. પ્રિ. સૌરભ ચોકસી

૩. પ્રિ. એચ. ડી. શીખ

તપાસસમિતિ સમક્ષ કૉલેજના આચાર્યશ્રી એલ. એમ. પટેલ તથા ટ્રસ્ટીશ્રી ડૉ. રતિભાઈ પટેલ, શ્રી ચંદ્રકાન્ત પટેલ અને શ્રી ઇન્દ્રવદન પટેલ હાજર હતા તેમ જ જરૂરી માહિતી પૂરી પાડી હતી. કૉલેજની સર્વગ્રાહી તપાસ બાદ નીચેના હેવાલ રજૂ કરીએ છીએ.

૧. સંસ્થા તા. ૧૫-૬-૧૯૬૮ના સ્થાપેલ છે, તેમ જ તા. ૧૫-૬-૧૯૭૯થી કાયમી ધોરણે જોડાણ ધરાવે છે, છેલ્લાં ૩૦ વર્ષથી તે ગ્રાન્ટેબલ કૉલેજ તરીકે વાણિજ્ય વિદ્યાશાખામાં શિક્ષણ આપે છે. બીજા વર્ષ માટે ૨૦૦૪-૨૦૦૫માં ફરીથી અરજી કરવાની રહેશે. સંસ્થાએ ભૂતકાળમાં તા. ૧૫-૬-૧૯૯૩થી તારીખ ૧૪-૬-૧૯૯૫ અને તા. ૧૫-૬-૯૬થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધી જોડાણ મેળવેલ પરંતુ વિષય શરૂ કરવામાં આવ્યો ન હતો. હાલમાં સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને સ્ટેટિસ્ટિક્સ વિષય ગૌણ તરીકે આપવામાં આવે છે.

૨. હાલમાં કૉમ્પ્યુટર વર્ગમાં જુદા જુદા પ્રકારના ૬ કૉમ્પ્યુટર્સ છે.

૩. મંડળ પાસે હાલમાં કૉમ્પ્યુટરને લગતાં કુલ ૫૦ પુસ્તકો છે.

૪. કૉલેજમાં લગભગ ૧૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ઉપરની માહિતી ધ્યાનમાં લઈને નીચેની શરતોનું પરિપાલન થાય તો કામચલાઉ જોડાણ આપવા આ સમિતિ ભલામણ કરે છે :

૧. હાલ માત્ર પ્રથમ વર્ષમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓ માટે કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન વિષય તરીકે મંજૂરી આપી શકાય.

૨. સંસ્થાએ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબની જ ફી લેવાની રહેશે.

૩. યુનિવર્સિટીના નિયમ મુજબ લાયકાત ધરાવતા એક પૂરા સમયના પ્રોગ્રામર અને ખંડ સમયના એક વ્યાખ્યાતા કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી મેળવી યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં ઈન્ટરવ્યૂ ગોઠવી નિમણૂક કરવાના રહેશે.

૪. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ મુજબ તમામ કૉમ્પ્યુટર સુધારવાના UPDATE રહેશે તેમ જ જરૂરી સોફટવેર (લાયસન્સ કૉપી) નંખાવવાના રહેશે.

૫. ચાલુ વર્ષે એફ.વાય.બી.કૉમ.ના અભ્યાસક્રમ મુજબના રૂ. ૧૦,૦૦૦ના પુસ્તકો અને ત્યારબાદ દર વર્ષે રૂ. ૫,૦૦૦ના પુસ્તકો વસાવવાના રહેશે.

૬. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ વિદ્યાર્થીઓને થિયરી તેમ જ પ્રેક્ટિકલની તાલીમ પૂરી પાડવાની રહેશે.

૭. વધારાના ૯ કૉમ્પ્યુટર અને એક પ્રિન્ટર વસાવવાના રહેશે.

૮. સંસ્થા દ્વારા બાંહેધરી આપેલ છે કે સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં ના આવે તો પણ સંસ્થા આ વિષયના કર્મચારીઓના પગાર, પ્રૉવિડન્ટ ફંડ, ભથ્થાં, નિવૃત્તિના લાભો વિ. તમામ ખર્ચ ઉઠાવશે.

સહી

**૧. પ્રિ. એ. એમ. પટેલ**

**૨. પ્રિ. સૌરભ ચોકસી**

**૩. પ્રિ. એચ. ડી. શીખ**

## <u>પરિશિષ્ટ "૨૧"</u>

બાબત ક્રમાંક ૨(૨૧)

### સુરેશ બ્રહ્મકુમાર ભટ્ટ સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપીનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે તા. ૩-૫-૨૦૦૩ના રોજ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે આ સંસ્થાની મુલાકાત સવારે ૯-૦૦ વાગે લીધી હતી. સંસ્થાના ઇન્ચાર્જ આચાર્યશ્રી નીતાબહેન વ્યાસ અને ડૉ. એમ. એચ. મકવાણા સુપ્રિન્ટેન્ડન્ટ અને ડાયરેક્ટશ્રી હાજર રહ્યા હતા. તેમણે અમને જરૂરી વિગતો અને માહિતી પૂરી પાડી હતી. અમારો હેવાલ નીચે પ્રમાણે છે.

૧. આ કૉલેજ જૂન ૧૯૯૯થી અસ્તિત્વમાં આવેલ છે, અને સંસ્થાની પ્રથમ વર્ષના પ્રવેશની ક્ષમતા ૩૦ વિદ્યાર્થીઓની છે. હાલમાં સંસ્થા એ કુલ ૪ વર્ષ પૂરા કર્યા છે, હાલમાં સંસ્થામાં કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૨. સરકારના નિયમ પ્રમાણે આ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ વિદ્યાર્થીઓ પાસેથી ફી લે છે.

૩. હાલમાં લાઈબ્રેરીમાં લગભગ રૂ. ૨ લાખના ૮૦૭ પુસ્તકો ખરીદવામાં આવ્યા છે.

૪. સંસ્થામાં જરૂરી સાધનો રૂ. ૧૬ લાખના ખરીદવામાં આવ્યા છે.

૫. આ સંસ્થા માટે રૂ. ૯૦ લાખના અંદાજિત ખર્ચવાળા મકાનનું બાંધકામ ચાલુ છે, જે પૂર્ણ થવા આવ્યું છે, અને બે મહિનામાં સંપૂર્ણ બંધાઈ જશે.

ઉપરની હકીકતો ધ્યાનમાં લેતાં સંસ્થાએ ચાર વર્ષ પૂરા કર્યા છે અને ફાઈનલ વર્ષ ચોથું વર્ષ છે તે જોતાં અમે સંસ્થાને પ્રથમ વર્ષથી ચાર વર્ષના અભ્યાસક્રમનું જોડાણ જૂન ૨૦૦૩થી ૨૦૦૪ના સમયગાળા માટે આપવાની ભલામણ કરીએ છીએ.

આ કૉલેજનું મકાન સંપૂર્ણપણે બંધાઈ ગયું છે, એવો સંસ્થા તરફથી રિપોર્ટ યુનિવર્સિટીને મળે તે પછી કાયમી જોડાણ આ સંસ્થાને આપવાની ભલામણ પણ કરીએ છીએ. (સંસ્થાને તા. ૨-૫-૨૦૦૩નો પત્ર આ સાથે સામેલ છે.)

સહી

તા. ૩-૫-૨૦૦૩

**૧. ડૉ. સી. એ. દેસાઈ**

**૨. ડૉ. વાય કે. અગ્રવાલ**

**૩. પ્રો. દર્શનસિંગ શીખ**

## પરિશિષ્ટ "૨૨"

બાબત ક્રમાંક ૨(૨૨)

### સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંગ્રેજી માધ્યમની સ્વનિર્ભર કૉલેજના બીજા વર્ષ જોડાણ માટેની સ્થાનિક તપાસસમિતિએ તા. ૧૮-૪-૨૦૦૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સંસ્થાની મુલાકાત લીધી હતી, સ્થાનિક તપાસસમિતિમાં નીચેનાં સભ્યો હતા.

૧. પ્રો. દામુભાઈ પંચાસરા

૨. પ્રિ. એન. યુ. રાજગુરુ

૩. પ્રિ. સૌરભ ચોકસી

સમિતિની મુલાકાત સમયે મંડળના પ્રમુખશ્રી આર. પી. પટેલ કાર્યકારી ડાયરેક્ટર પ્રિ. દૂધવાળા હાજર રહ્યા હતા, અને જરૂરી માહિતી પૂરી પાડી હતી, તપાસસમિતિને તપાસ દરમિયાન નીચેની માહિતી પ્રાપ્ત થયેલ છે.

૧. કૉલેજનું એફ.વાય.બી.કૉમ.નું જોડાણ ૨૦૦૨-૨૦૦૩ માટે કામચલાઉ આપવામાં આવેલ છે.

૨. કૉલેજની શરૂઆત વખતે યુનિવર્સિટી ભવનમાં ઓપન ઇન્ટરવ્યૂ દ્વારા નીચેના પ્રાધ્યાપક નીમવામાં આવ્યા હતા.

| | |
|---|---|
| (૧) પ્રો. આશિષ શાહ | અંગ્રેજી |
| (૨) પ્રો. કેયુરીબહેન મોદી | કૉમર્સ |
| (૩) પ્રો. કમલેશ પટેલ | આંકડાશાસ્ત્ર |
| (૪) પ્રો. નારાયણભાઈ ભાવસાર | શારીરિક શિક્ષણ |

આ ઉપરાંત એક સિનિયર ક્લાર્ક, ૨ જુનિયર ક્લાર્ક અને ૩ પટાવાળાની નિમણૂક કરવામાં આવી હતી.

૩. ઈન્ટરવ્યૂ વખતે આચાર્યના પદ માટે કોઈપણ લાયક ઉમેદવાર નહીં મળતાં આચાર્યની નિમણૂક કરવામાં આવી ન હતી.

૪. કૉમર્સ કૉલેજમાં એકાઉન્ટન્સી મુખ્ય વિષય હોવાથી આ વિષયના લાયક ઉમેદવાર પસંદ કરવામાં આવ્યા હતાં, પરંતુ તે હાજર નહીં થતાં અન્ય કોઈ નિમણૂક કરવામાં આવી નથી.

૫. તમામ કર્મચારીઓનો પગાર રોકડેથી ચુકવવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| પ્રો. અશ્વિનભાઈ શાહ | પૂરા સમયના વ્યાખ્યાતા | રૂ ૮૦૦૦ ઉચ્ચક |
| પ્રો. કમલેશભાઈ પટેલ | પૂરા સમયના વ્યાખ્યાતા | રૂ ૫૦૦૦ ઉચ્ચક |
| પ્રો. કેયુરીબહેન મોદી | પૂરા સમયના વ્યાખ્યાતા | રૂ ૮૦૦૦ ઉચ્ચક |
| પ્રો. નારાયણભાઈ ભાવસાર | પૂરા સમયના વ્યાખ્યાતા | રૂ ૫૦૦૦ ઉચ્ચક |
| શ્રી એમ. પી. દલવાડી | લાઈબ્રેરિયન | રૂ ૮૦૦૦ ઉચ્ચક |

આ ઉપરાંત શ્રી એમ. બી. પ્રજાપતિ અને શ્રી કે. બી. રાવને વ્યાખ્યાનદીઠ રૂ. ૬૫ના પુરસ્કારથી વિઝિટિંગ વ્યાખ્યાતા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સિનિયર ક્લાર્કને | ઉચ્ચક | રૂ. ૩૨૦૦ |
| એક જુનિયર ક્લાર્કને | ઉચ્ચક | રૂ. ૩૦૦૦ |
| એક જુનિયર ક્લાર્કને | ઉચ્ચક | રૂ. ૨૦૦૦ |
| એક પટાવાળાને | ઉચ્ચક | રૂ. ૧૭૦૦ |
| એક પટાવાળાને | ઉચ્ચક | રૂ. ૧૨૦૦ |
| એક પટાવાળાને | ઉચ્ચક | રૂ. ૧૦૦૦ મહેનતાણું આપવામાં આવે છે. |

૬. કોઈ પણ કર્મચારીને પ્રૉવિડન્ટ ફંડની સવલત આપવામાં આવતી નથી.

૭. કૉલેજના જ મકાનમાં સવારમાં અન્ય કૉમર્સ કૉલેજ ચલાવવામાં આવે છે.

૮. કર્મચારીઓને ચૂકવવામાં આવતા પગારનું કોઈ પત્રક રાખવામાં આવતું નથી.

૯. કોઈ પણ કર્મચારીની સર્વિસબુક બનાવવામાં આવી નથી.

૧૦. કૉલેજ પાસે પૂરતા પ્રમાણમાં લાઈબ્રેરીના પુસ્તકો છે, તેમ જ વાચનખંડની વ્યવસ્થા છે.

૧૧. કૉલેજને ત્રણ ડિવિઝન ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ સંખ્યા નહીં મળવાને કારણે હાલમાં માત્ર એક જ વર્ગ ૮૫ વિદ્યાર્થીઓથી ચલાવવામાં આવે છે.

ઉપરની બાબતો ધ્યાનમાં લેતાં સમિતિ નીચેની શરતોનું પરિપાલન સંસ્થા દ્વારા કરવામાં આવે તે શરતે પ્રથમ વર્ષ બી.કૉમ.નું જોડાણ વધુ એક વર્ષ એટલે કે, ૨૦૦૩-૨૦૦૪ માટે તેમ જ એસ.વાય.બી.કૉમ. નવું કામચલાઉ જોડાણ ૨૦૦૩-૨૦૦૪ માટે આપવા ભલામણ કરે છે.

૧. યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી મેળવી યુનિવર્સિટીમાં જ એકાઉન્ટન્સીના પૂર્ણ સમયના વ્યાખ્યાતાની તાત્કાલિક નિમણૂક કરે.

૨. લાયકાત ધરાવતા આચાર્યની તાત્કાલિક નિમણૂક કરે.
૩. તમામ કર્મચારીઓને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબનું વેતન ચૂકવે તેમ જ ભૂતકાળમાં ઓછા ચૂકવેલ વેતનના તફાવતની રકમ ચૂકવી આપે.
૪. કર્મચારીઓ માટે તાત્કાલિક પ્રોવિડન્ડ ફંડની જોગવાઈ શરૂ કરવામાં આવે અને સંસ્થા તેમાં પોતાનો ફાળો નિયમિત આપે.
૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબની માહિતી દા.ત. ઑ. ૯૬ મુજબના પત્રકો વગેરે નિયમિત મોકલી આપે.
૬. કર્મચારીઓના વેતન બૅંક ખાતામાં બારોબાર જમા કરાવીને અથવા એકાઉન્ટ પેઈમ ચેકથી જ ચૂકવવામાં આવે.
૭. તમામ કર્મચારીઓની સર્વિસ બુક તાત્કાલિક તૈયાર કરવામાં આવે.

સહી

**૧. પ્રો. દામુભાઈ પંચાસરા**
**૨. પ્રો. એન. યુ. રાજગુરુ**
**૩. પ્રિ. સૌરભ ચોકસી**

## <u>પરિશિષ્ટ "૨૩"</u>

બાબત ક્રમાંક ૨(૨૩)

**ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

યુનિવર્સિટીના તા. ૧૬-૬-૨૦૦૩ના પત્રની ઍકેડેમિક/૨૧/૫૨૩૫૫/૨૦૦૨ના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના સભ્યોને કૉલેજની તા. ૨૫-૬-૨૦૦૩ના રોજ રૂબરૂમાં મુલાકાત લીધી હતી.

યુનિવર્સિટીના તા. ૨-૯-૧૯૯૪ના પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૩૭૫૬૧/૧૯૯૪થી કાયમી જોડાણ આપવામાં આવ્યું છે, આ કૉલેજને યુનિવર્સિટીના જોડાણ અંગેના જાહેરનામા ક્રમાંક-૨૪/૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૯૫ સુધીનું વધારાનું એડહોક જોડાણ આપવામાં આવ્યું છે.

કૉલેજ દ્વારા તા. ૨૫-૪-૨૦૦૩ના જાવક ૩૫/૨૦૦૩-૨૦૦૪થી એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનું કાયમી જોડાણ મેળવવા માટે યુનિ.ના ધારાધોરણ પ્રમાણે જોડાણ અંગેની ફી ભરીને જરૂરી માહિતી રજૂ કરીને અરજી કરી છે.

કૉલેજ તરફથી આચાર્ય શ્રીમતી અમૃતાબહેન પટેલ દ્વારા સ્થાનિક તપાસસમિતિના સભ્યોને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કૉલેજનું પોતાનું આગવું મકાન છે, જેમાં યુનિવર્સિટીના જોડાણ નિયમો પ્રમાણે પૂરતી સુવિધાવાળા વર્ગખંડો તેમ જ બીજા જરૂરી અન્ય ભૌતિક સુવિધાઓ/પુસ્તકાલય વાચન ખંડ, અધ્યાપકો માટેનો અલાયદો રૂમ જેવી સુવિધા ઉપલબ્ધ છે.

એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ (ગૌણ) વિષય તરીકે જરૂરી પુસ્તકો, પુસ્તકાલયમાં ઉપલબ્ધ છે, આ ગૌણ વિષય માટે અધ્યાપકોની પૂરતી સંખ્યાથી હાલમાં આ કૉલેજમાં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટના શિક્ષણનું કામ સુચારુરૂપથી ચાલે છે, જેની સંપૂર્ણ માહિતી આચાર્યશ્રી દ્વારા સ્થાનિક તપાસસમિતિના સભ્યોને કૉલેજની જે ફાઈલ આપી છે, તેમાં ઉપલબ્ધ છે.

ઉપરોક્ત બાબતોનો અભ્યાસ કર્યા પછી સ્થાનિક તપાસસમિતિના સભ્યો આ કૉલેજને કૉમર્સ ફેકલ્ટીમાં ગૌણ વૈકલ્પિક વિષય-એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટનું અગાઉ જણાવ્યા પ્રમાણે તા. ૧૪-૬-૧૯૯૫ સુધી જે એડહોક જોડાણ છે, તેને જૂન-૨૦૦૩ સુધી લંબાવી આપવાની સર્વાનુમતે ભલામણ કરે છે.

વિશેષમાં શિક્ષણના સાતત્યને ધ્યાનમાં રાખીને સ્થાનિક તપાસસમિતિના સભ્યો આ કૉલેજને સદરહુ ગૌણ વૈકલ્પિક વિષયનું ૧૫ જૂન-૨૦૦૩થી કાયમી જોડાણ આપવાની ભલામણ કરે છે.

અમદાવાદ
તા. ૨૭-૬-૨૦૦૩

સહી

**૧. પ્રો. દામુભાઈ પંચાસરા**
**૨. પ્રો. એન. કે. પાઠક**
**૩. પ્રિ. ભાલચંદ્ર જોશી**

**બિડાણ :** સંસ્થા પાસેથી મળેલ કૉલેજની ફાઈલ

## પરિશિષ્ટ "૨૪"

કામકાજ ક્રમાંક ૨(૨૪)

**માણેકચોક કૉ-ઓ. બૅન્ક આટ્‌ર્સ કૉલેજ અને મહેમદાવાદ અર્બન કૉ-ઓ. બૅન્ક કૉમર્સ કૉલેજ, મહેમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

તા. ૨૮-૩-૨૦૦૩ના પત્રાંક-ઍકૅડેમિક/૨૧/૭૭૩૮૩થી અમે નીચેના ત્રણ સભ્યોની સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે નિયુક્તિ થઈ છે :

૧. પ્રો. ડી. એન. પંચાસરા ૨. પ્રો. એસ. આર. દવે ૩. પ્રો. કે. એમ. કુલકર્ણી

આજરોજ તા. ૩-૪-૨૦૦૩ના રોજ અમોએ ઉપરોક્ત કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી, કૉલેજના ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ (૧) શ્રી કુમુદભાઈ પટેલ (સેક્રેટરી) (૨) શ્રી રમેશભાઈ વી. પરીખ (૩) શ્રી જસુભાઈ પંડ્યા તથા સદરહુ કૉલેજના કાર્યકારી આચાર્યશ્રીએ સમિતિના સભ્યોને આવકારી અમારી તપાસ દરમ્યાન સહકાર આપ્યો. અમારી તપાસનો હેવાલ નીચે મુજબ છે :

૧. સહુ પ્રથમ અમારા ધ્યાન ઉપર આવ્યું કે, આ કૉલેજમાં જોડાણ અરજીના સંદર્ભમાં અગાઉ નીમાએલી સમિતિ તપાસ માટે જઈ શકી નથી, એટલે સને ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨ તથા ૨૦૦૨-૨૦૦૩થી જોડાણ બાકી છે.

૨. કૉલેજ નિયત જોડાણનું અરજીપત્રક ૨૦૦૩-૨૦૦૪ માટે ભર્યું છે, તેમાં ઉલ્લેખ કરેલ છે, કે વિનયન અને વાણિજ્ય કૉલેજને તા. ૧૩-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૨૦૦૦ સુધીનું અગાઉ જોડાણ મળેલું છે, ત્યાર બાદ ૨૦૦૧-૨૦૦૨ અને ૨૦૦૩ માટે પણ અરજી કરેલ છે.

૩. ભૌતિક સુવિધાની દૃષ્ટિએ સદરહુ કૉલેજને પોતાનું આગવું મકાન છે, જેમાં ૧૩ જેટલા વર્ગખંડ, આચાર્યખંડ, સ્ટાફરૂમ, લાઈબ્રેરી, કાર્યાલય ખંડ તથા શૌચાલયની વ્યવસ્થા છે, તથા રમતગમત માટેનું વિશાળ મેદાન છે.

૪. મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ઉચ્ચશિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરને તા. ૬-૭-૨૦૦૨ના રોજ લખેલ પત્રાંક નં./એમએ/સીસી/૨૦૦૩/૨૦૦૨-૦૩ની નકલ જોડી છે, (પરિશિષ્ટ-અ) તેમાં પ્રિન્સિ. એસ. કે. ત્રિવેદી રાજીનામું આપી છૂટા થયેલા હોઈ આ જગ્યા ભરવા સરકારશ્રી સમક્ષ એન.ઓ.સી. માગ્યું છે, તેની જાણ સમિતિને કરી છે, હાલ આ જગ્યા ઉપર અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા કુ. એ. પી. આચાર્ય કાર્યકારી આચાર્ય તરીકે ફરજો બજાવી રહ્યા છે.

૫. સદરહુ આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજ ૧૯૯૯થી કાર્યરત છે, બંન્ને વિદ્યાશાખામાં છેલ્લા ચાર વર્ષથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ના વર્ષોની સંખ્યા દર્શાવતું પત્રક (પરિશિષ્ટ-બી) કૉલેજે રજૂ કર્યું છે, જે જોતાં માલૂમ પડે છે કે, ઉત્તરોત્તર સંખ્યા વધતી રહી છે, ૨૦૦૨-૨૦૦૩માં આટ્‌ર્સમાં ૪૨૨ અને કૉમર્સમાં ૨૧૯ જેટલી સંખ્યા છે.

૬. સદરહુ આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજના શૈક્ષણિક તેમ જ વહીવટી કર્મચારીઓની યાદી (પરિશિષ્ટ-સી) સામેલ છે, ૬ પૂર્ણકાલીન અને ૨ ખંડ સમયના અધ્યાપકોની નિમણૂક થયેલી છે, તથા ૧ ગ્રંથપાલ, ૧ સિનિયર કલાર્ક, ૨ જુનિ. કલાર્ક, ૨ સેવક, ૧ ચોકીદાર, ૧ સફાઈ કામદાર છે.

૭. કાર્યભારને પહોંચી વળવા માટે જુદા જુદા વિષય માટે કુલ ૭ વ્યક્તિઓને વિઝિટિંગ ફેકલ્ટી તરીકે તાસદીઠ રૂ. ૫૫ (અંકે રૂપિયા પંચાવન) આપી બોલાવે છે, જેની યાદી (પરિશિષ્ટ-ડી) તરીકે સામેલ છે.

૮. સદરહુ કૉલેજે છેલ્લાં ૬ વર્ષમાં ખરીદાયેલ કુલ પુસ્તકોની વિગત રજૂ કરી છે, જેનાં તારણમાં જણાવ્યા મુજબ કુલ રૂ. ૧,૨૧,૧૩૮ પુસ્તકો ખરીદાયા છે. (પરિશિષ્ટ-ઈ) કૉલેજમાં પુસ્તકાલયની વ્યવસ્થા સંતોષજનક છે.

૯. સમિતિના સભ્યોએ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની સાથે અલગ અલગ બેઠક યોજી હતી, મુખ્યત્વે તેઓની રજૂઆત પગારની અનિયમિતતા અંગે હતી. ડિસેમ્બર-૨૦૦૨ અને જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-૨૦૦૩ અને કુલ ૪ મહિનાથી સ્ટાફને પગાર ચૂકવાયા નથી, જો કે બધાએ કબુલ્યું હતું કે, જ્યારે પગાર થાય છે, ત્યારે પૂરો પગાર બૅંક મારફત થાય છે, અરિયર્સની ચુકવણી ૫૦% થઈ છે, અને મોંઘવારી ભથ્થું ૪૧% આકારાય છે, ત્યાર બાદ ચાર વખત ડીએ વધ્યું છે, જે ચૂકવાતું નથી, વાહન ભથ્થું પણ ચૂકવાતું નથી, ક્યારેક કોઈ કર્મચારીની જરૂરિયાતને તીવ્રતાને ધ્યાનમાં લઈ માગણી થાય તો ઉચ્ચક રકમ ઉપાડ તરીકે ચૂકવે છે, સાત વર્ષ પછી કૉલેજ ગ્રાન્ટપાત્ર થઈ જશે એવી અપેક્ષાએ આર્થિક વહેવાર નિભાવી લે છે.

૧૦. સંસ્થા તેના તમામ કાયમી કર્મચારીઓનો નિયમ મુજબ પ્રૉવિડન્ટ ફંડ કાપી જમા ખાતે લે છે, આ અંગેની ટ્રસ્ટે કરેલી વ્યવસ્થાનો નિર્દેશ કરતો તા. ૩-૪-૨૦૦૩નો પત્ર (પરિશિષ્ટ-એફ) સામેલ છે.

૧૧. સેક્રેટરી તથા અન્ય સભ્યશ્રીઓ સાથે પણ સમિતિના સભ્યોએ મુલાકાત ગોઠવી સંસ્થાની નાણાકીય છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિ અંગેની માહિતી મેળવવા પ્રયાસ કર્યો છે, ટ્રસ્ટીશ્રીઓ સંસ્થાની આર્થિક સ્થિતિ કટોકટી ભરી છે, તેમ જણાવી દાતાઓ પાસેથી નાણાકીય સહાય મેળવવા પ્રયાસ કરશે તેવી હૈયાધારણ આપે છે,

હકીકતમાં જમીન ખરીદી અને મકાન બાંધકામ પાછળ ભંડોળ ખર્ચાઈ ગયું હોય હવે પગાર ચૂકવવા કોઈ સખાવત મળવાની શક્યતા નથી, તેમ પણ જણાવે છે, ટ્રસ્ટીશ્રીઓએ તેમના તા. ૩-૪-૨૦૦૩ના પત્રથી (પરિશિષ્ટ-જી) યુનિ.ને જાણ કરી છે, કે અગાઉ યુનિ.માં જમા પડેલી રૂ. ૨૧ લાખની એફ.ડી.માંથી સ્ટાફના પગાર ચૂકવાયાં હતા એટલે યુનિવર્સિટીમાં જમા એફ.ડી.ની મૂળ રકમ રૂ. ૮,૬૪,૩૩૦ રહી છે, આ પત્રથી વ્યાજ સહીત કેટલી રકમ મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટીની યુનિ. પાસે જમા રહે છે, તે જણાવવા વિનંતી કરે છે.

૧૨. જોડાણ માટેની અરજીમાં નાણાકીય વ્યવસ્થાના સંદર્ભે છેલ્લો ઑડિટ રિપોર્ટ જોડ્યો છે, (પરિશિષ્ટ-એચ) તેમાં પગાર પી.એફ. અને ટીડીએસ અંગે ઑડિટરે નોંધ રજૂ કરી છે.

૧૩. સદરહુ સંસ્થાએ ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.માં વધારાના વૈકલ્પિક વિષય તરીકે કૉમ્પ્યુટર વિષય અંગેના નવા જોડાણની પણ અરજી કરી છે, જે અંગે અલગ સ્થાનિક તપાસસમિતિ પોતાને રિપોર્ટ અલગ રીતે રજૂ કરનાર છે, અહીં માત્ર જાણ માટે જ.

૧૪. ઉપરોક્ત મુદ્દા ૨થી ૧૨ની વિગતો જોતાં આ સમિતિ જોડાણ સંદર્ભમા સર્વાનુમતે નીચેની ભલામણ કરે છે.

**સમિતિની ભલામણો**

૧. વર્ષ ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૧-૨૦૦૨ એમ બે વર્ષનું જોડાણ માન્ય રાખવું.

૨. વર્ષ ૨૦૦૨-૨૦૦૩નું જોડાણ નીચે દર્શાવેલ બે શરતોનું ત્વરિત પાલન કરે તે શરતે કામચલાઉ ધોરણે આપવું.
(અ) નિયમ મુજબ રૂ. ૧ લાખની એફ.ડી. યુનિવર્સિટીમાં જમા કરાવવી.
(બ) શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની ચડત પગારની ચુકવણી કરવી.

સહી

તા. ૩-૪-૨૦૦૨

**૧. પ્રો. ડી. એન. પંચાસરા**
**૨. પ્રો. એસ. આર. દવે**
**૩. પ્રો. કે. એમ. કુલકર્ણી**

પ્રતિ,

તા. ૫-૫-૨૦૦૩

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

**બાબત :** આટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેમદાવાદમાં વિષય દાખલ કરવા અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

શ્રીમાન,

અમે તા. ૩-૪-૨૦૦૩ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે આટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેમદાવાદની મુલાકાત લીધી હતી. કૉલેજના કાર્યકારી આચાર્ય શ્રીમતી તથા અન્ય સભ્યોએ અમને જરૂરી માહિતી પૂરી પાડી હતી. કૉલેજના ટ્રસ્ટી પણ મુલાકાત દરમ્યાન હાજર રહેલ અને તેમની સાથે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કૉલેજ હવે પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં કૉમ્પ્યુટરનો વિષય શરૂ કરવા માગે છે કૉમ્પ્યુટર લેબોરેટરીની વ્યવસ્થા છે અને ૧૨-૧૩ કૉમ્પ્યુટર પણ છે જેમાં પ્રાઈવેટ કૉમ્પ્યુટર કલાસીસ ચાલે છે. પરંતુ કૉલેજમાં પ્રાધ્યાપકોને થોડા મહિનાથી પગાર મળ્યો નથી. કૉલેજની માહિતી ધ્યાનમાં લઈને નીચેની શરતોનું પરિપાલન થાય તો કામચલાઉ જોડાણ આપવા આ સમિતિ ભલામણ કરે છે :

૧. ફર્સ્ટ ઈયરના અભ્યાસક્રમ અનુરૂપ જરૂરિયાત મુજબના લાયસન્સ સોફટવેર તેમ જ ઓપરેટિંગ સિસ્ટમની ખરીદી કરવાની રહેશે.

૨. રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર રૂપિયા)ની ચોપડીઓ લાઈબ્રેરીમાં તથા રૂ. ૧૦,૦૦૦ (દસ હજારરૂપિયા)ના કૉમ્પ્યુટરને લગતા મેગેઝિન ઓ રેફરન્સ ચોપડીઓ લાવવાની રહેશે અને ત્યારબાદ દર વર્ષે રૂ. ૧૦,૦૦૦ના મેગેઝિન તેમ જ પુસ્તકો વસાવવાના રહેશે.

૩. યુનિવર્સિટીના નિયમ મુજબ લાયકાત ધરાવતા એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા તેમ જ એક પાર્ટ ટાઈમ પ્રોગ્રામરની નિમણૂક કુલપતિશ્રીની મંજૂરી મેળવી યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં ઈન્ટરવ્યૂ ગોઠવી કરવાની રહેશે અને તેઓની પગારની ચુકવણીની તમામ જવાબદારી ટ્રસ્ટની રહેશે.

૪. કૉમ્પ્યુટર વિષય લેનાર વિદ્યાર્થીની ફી યુનિવર્સિટીના નિયમ અનુસાર રૂ. ૫૦૦થી વધારે લઈ શકાશે નહિ.

૫. યુનિવર્સિટીના ધારાધોરણો અનુસાર વિદ્યાર્થીઓને થિયરી તેમ જ પ્રેક્ટિકલની તાલીમ પૂરી પાડવાની રહેશે.

૬. હાલ પ્રથમ વર્ષમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓ માટે કૉમ્પ્યુટર વિષય ગૌણ વિષય તરીકે લઈ શકાશે. ઉપરની શરતોનું પરિપાલન થાય તે શરતે એક વર્ષ માટે કામચલાઉ ધોરણે એફ.વાય.બી.કૉમ.માં કૉમ્પ્યુટર વિષય શરૂ કરવાની ભલામણ કરે છે.

આભારસહ.

સહી

**૧. ડૉ. સવિતાબહેન ગાંધી**
**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**

## પરિશિષ્ટ "૨૫"

કામકાજ ક્રમાંક ૨(૨૫)

**સવિતાબહેન છોટુભાઈ અવિચળભાઈ પટેલ આટ્ર્સ કૉલેજ, સાધલીનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના તા. ૨૭-૨-૨૦૦૩ના પત્રાંક નં. ઍકૅડેમિક/૧૦૪૪૨થી નિયુક્ત થયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ આટ્ર્સ કૉલેજ, સાધલી તા. સીનોરની કાયમી જોડાણની અરજીની દરખાસ્ત અંગે તા. ૨-૪-૨૦૦૩ના રોજ કૉલેજની રૂબરૂમાં મુલાકાત લીધી હતી.

રૂબરૂ મુલાકાત સમયે કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, મનુભાઈ પટેલ તથા શ્રી. મોતીભાઈ પટેલ શ્રી. ઠાકોરભાઈ પટેલ અને કાર્યકારી આચાર્યશ્રી, વ્યાસ, અધ્યાપક વર્ગ તથા વહીવટી કર્મચારીવર્ગ હાજર રહ્યા હતા.

૧. સિનોર તાલુકામાં અન્ય કોઈ કૉલેજ નથી.
૨. સમગ્ર તાલુકાના વિદ્યાર્થીઓને કૉલેજ શિક્ષણ મળી રહે તેવી કેળવણી મંડળની લાગણી છે.
૩. કૉલેજના સ્ટાફની નિમણૂક યુનિ.ના ધારાધોરણ અનુસાર થયેલી છે.
૪. યુનિ. સિલેબસ મુજબ માન્ય વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે.
૫. આ કૉલેજને ગુજરાતી અને અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે અને સંસ્કૃત, માનસશાસ્ત્ર તથા સમાજશાસ્ત્ર ગૌણ વિષય તરીકે માન્યતા મળેલી છે.
૬. આ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં કુલ ૩૯૩ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. છેલ્લાં આઠ વર્ષની વર્ષવાર સંખ્યા દર્શાવતું પત્રક સામેલ છે. (અત્રે છાપેલ નથી).
૭. આ કૉલેજમાં શિક્ષક-બિનશિક્ષક વર્ગનો ફેબ્રુઆરી ૨૦૦૩ સુધીનો પગાર થયેલ છે. પગારપત્રની ઝેરોક્ષ સામેલ છે.
૮. કૉલેજનાં શિક્ષક-બિનશિક્ષક વર્ગની યાદી સામેલ છે.
૯. આ સંસ્થા કૉલેજનું નવું બિલ્ડિંગ બાંધવાનું પ્લાનિંગ કરી રહી છે. બિલ્ડિંગના પ્લાનની નકલ સામેલ છે.
૧૦. કૉલેજને કાયમી આચાર્યા નથી. હાલમાં જ આચાર્યાશ્રીની જગ્યા માટે રાજ્ય સરકારશ્રી તરફથી એન.ઓ.સી. મળેલ છે. તે મુજબ આચાર્યશ્રીની નિમણૂક માટે કાર્યવાહી કરવાની ખાતરી હાજર સંચાલકશ્રીઓએ આપેલ છે.
૧૧. આ કૉલેજનું હાલમાં આઠમું વર્ષ ચાલી રહ્યું છે. સાત વર્ષ કૉલેજ ગ્રાન્ટેબલ થાય તે અંગે રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. જેનો પત્રવ્યવહાર અમને રૂબરૂમાં બતાવવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતો જોતાં આ કૉલેજને કાયમી જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રિ. કે. કે. શાહ**
**૨. પ્રા. ડી. બી. સોલંકી**
**૩. શ્રી બી. જે. પંડ્યા**

## પરિશિષ્ટ "૨૬"

કામકાજ ક્રમાંક ૨(૨૬)

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

**મહાદેવિયા ચેરિટેબલ ટ્રસ્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.**

**સંદર્ભ : આપની કચેરીના પત્ર ક્રમાંક ઍકૅડેમિક-૨૧-૨૭૭૦૩-૨૦૦૩, તા. ૨૭-૭-૨૦૦૩.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને સંદર્ભે દર્શાવેલ આપની કચેરીના પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી દ્વારા નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિમાં નિમણૂક કરવામાં આવેલ છે. (૧) ડૉ. એચ. પી. ભાલોડિયા પ્રોફેસર અને એચ.ઓ.ડી. ઑર્થોપેડિક ડિપાર્ટમેન્ટ, બી. જે. મેડિકલ કૉલેજ અમદાવાદ તથા ડીન, ફેકલ્ટી ઑફ મેડિસિન, ગુજરાત યુનિવર્સિટી, (૨) ડૉ. કે. એચ. શાહ, ડીન, ગર્વ. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ (૩) ડૉ. શ્રીમતી ઉષાબહેન એસ. વ્યાસ, ડીન, શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ ઉપરોક્ત સમિતિના સભ્યો પૈકી અમે નીચેના સભ્યોએ મહાદેવિયા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત અમદાવાદ ડેન્ટલ કૉલેજનું તા. ૨૮-૭-૨૦૦૩ના રોજ ઈન્સ્પેક્શન કરેલ છે.

ડૉ. હરેશ ભાલોડિયા,
પ્રોફેસર અને હેડ, ઑર્થોપેડિક્સ ડિપાર્ટમેન્ટ,
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
ડીનશ્રી, ફેકલ્ટી ઑફ મેડિસિન
ગુજરાત યુનિવર્સિટી

ડૉ. કિરીટ એચ. શાહ,
ડીનશ્રી,
ગર્વમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ.

ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિના સભ્યો પૈકી ડૉ. ઉષાબહેન વ્યાસ પરીક્ષાની કામગીરીમાં વ્યસ્ત હોવાથી ઈન્સ્પેકશનમાં હાજર રહી શકેલ નથી.

બિડાણ :

(૧) તપાસસમિતિનો હેવાલ

(૨) અમદાવાદ ડેન્ટલ કૉલેજ, ડીનશ્રી તરફથી સોંપાયેલ ફાઈલ.

**અમદાવાદ ડેન્ટલ કૉલેજ ઈન્સ્પેકશન રિપોર્ટ**

અમદાવાદ ડેન્ટલ કૉલેજ, રણછોડપુરા, ભાડજ રોડ, સાંતેજ, જિલ્લો ગાંધીનગર ખાતે આવેલી છે. સદર કૉલેજ મહાદેવિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે અને ઉપરોક્ત કૉલેજને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સાથે જોડાણની ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંક ઍકેડેમિક-૧૦૮૬૪-૨૦૦૩ તા. ૨૪-૩-૨૦૦૩થી મંજૂરી મળેલ છે જેની ઝેરોક્ષ નકલ ફાઈલમાં ઉપલબ્ધ છે. સદર કૉલેજના પ્રિન્સિપાલ તરીકે ઓર્થોડોન્ટિક્સ વિભાગના વડા અને પ્રાધ્યાપક ડૉ. એન. આર. દારૂવાલાની નિમણૂક કરવામાં આવેલ છે જેઓ ડી.સી.આઈ.ની જરૂરિયાત મુજબ શૈક્ષણિક લાયકાત અને ટીચિંગ એક્સ્પિરિયન્સ ધરાવે છે. પ્રિન્સિપાલ અને સંસ્થાના એડમિનિસ્ટ્રેટિવ જનરલ શ્રી મહેન્દ્ર બી. જોષીએ સંસ્થાના દરેક વિભાગના ટીચિંગ સ્ટાફનો પરિચય કરાવ્યો.

અમદાવાદ ડેન્ટલ કૉલેજ બિલ્ડિંગ કુલ ૧૦ એકર જમીન વિસ્તાર ધરાવે છે જેમાં કૉલેજ અને હૉસ્પિટલ, ડેન્ટલ હૉસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટર્સ, ગાર્ડન, સ્પોર્ટ ગ્રાઉન્ડ વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત સંસ્થા ડેન્ટલ કાઉન્સિલના નિયમોનુસાર ૨૫ એકર જમીનની જરૂરિયાત પૂર્ણ કરે છે.

અમદાવાદ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલના મકાનનું કુલ બાંધકામ ૨૭,૭૩૧-૦૨ સ્કે. ફિટ છે જે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ૪૦ બેઠકોની પ્રવેશ સંખ્યા માટે ૧૬,૦૦૦ સ્કે. ફૂટ મકાનના બાંધકામની જરૂરિયાત પૂર્ણ કરે છે. આ મકાનમાં વહીવટી કચેરી, પ્રિન્સિપાલની કચેરી, સેન્ટ્રલ ડેન્ટલ ક્લિનિક, લેકચર હૉલ, લેબોરેટરી, લાઈબ્રેરી, ઑડિટોરિયમ, પ્રથમ બી.ડી.એસ.ના જુદા જુદા વિભાગો, લેડિઝ કૉમન રૂમ, જિમખાના હૉલ, સ્ટાફ રૂમ વગેરે ઉપલબ્ધ છે. જેમાં દરેક વિભાગોમાં ઉપલબ્ધ જગ્યામાં પ્રાધ્યાપક માટે અલગ ચેમ્બરની સગવડ કરવી હિતાવહ છે.

વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે સંસ્થાને ભારત સરકારના તા. ૧૫-૭-૨૦૦૩ના પત્ર નં. એફ-વી-૧૨૦૧૭-૧૭-૨૦૦૩ દ્વારા પ્રથમ બી.ડી.એસ.માં ૪૦ની પ્રવેશ સંખ્યાની મંજૂરી મળેલ છે. ભારત સરકારના લેટર ઑફ પરમિશનની ઝેરોક્ષ નકલ ફાઈલમાં ઉપલબ્ધ છે. પ્રથમ વર્ષ બી.ડી.એસ. માં ૪૦ વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા નીમાયેલ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા નિયમો અનુસાર પ્રવેશ આપવાનો રહેશે.

**શિક્ષકોની વિષયક માહિતી :** અમદાવાદ ડેન્ટલ કૉલેજ ખાતે પ્રથમ બી.ડી.એસ.ના ત્રણ વિભાગો ઉપલબ્ધ છે. દરેક વિભાગોમાં સ્વતંત્ર રીતે કાર્યરત છે. દરેક વિભાગમાં પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે. ૪૦ બેઠકોની પ્રવેશ સંખ્યા માટે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની જરૂરિયાત સામે નીચે જણાવ્યા પ્રમાણે ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે. (ટીચિંગ સ્ટાફનું લિસ્ટ સામેલ છે.)

| અ. નં. | હોદ્દો | ડી.સી.આઈની જરૂરિયાત | ઉપલબ્ધ ટીચિંગ સ્ટાફ |
|---|---|---|---|
| ૧. | પ્રિન્સિપાલ | ૧ | ૧ |
| ૨. | ટ્યૂટર ડેન્ટલ સબ્જેક્ટ | ૧૨ | ૧૩ |
| ૩. | મદદ પ્રાધ્યાપક બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૨ | ૨ |
| ૪. | ટ્યૂટર બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૪ | ૪ |
| | કુલ | ૧૯ | ૨૦ |

ઉપરોક્ત ટીચિંગ સ્ટાફ જરૂરી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની લાયકાત તેમ જ જરૂરિયાત મુજબનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની જરૂરિયાત મુજબ ઉપરોક્ત કૉલેજ ટીચિંગ સ્ટાફની જરૂરિયાત પૂર્ણ કરેલ છે.

**બેઝિક મેડિકલ સબ્જેક્ટ શિક્ષકો વિષયક માહિતી :** નિયમો અનુસાર કૉલેજમાં તે મુજબના એનેટોમી, ફિઝિયોલોજીના સ્વતંત્ર વિભાગો, જરૂરી ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ, સાધનો સાથે કાર્યરત છે. જ્યારે મેડિસિન અને સર્જરીના વિષયો માટે સોલા સિવિલ હૉસ્પિટલ સાથે જોડાણ મળેલ છે. સોલા સિવિલ હૉસ્પિટલ સાથે જોડાણ માટે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક એમસીજી-૧૦૨૦૦૧-૧૨૬૪-વ તા. ૨-૭-૨૦૦૧ અન્વયે મંજૂરી મળેલ છે. ઠરાવની નકલ ફાઈલમાં ઉપલબ્ધ છે.

**લાઈબ્રેરી :** અંદાજે ૧૨૯૮-૫૪ સ્કે. ફિટ વિસ્તાર ધરાવતી કુલ ૬૦ બેઠકની ક્ષમતા સાથેની ૧૬૯ બુક્સ, કબાટો સાથે કૉમ્પ્યુટર (ઇનટરનેટ સુવિધા સાથે)ની લાઈબ્રેરી અસ્તિત્વ ધરાવે છે. ડેન્ટીસ્ટ્રીના જુદા જુદા વિષયોની પુસ્તકોનું લિસ્ટ ફાઈલમાં ઉપલબ્ધ છે. લાઈબ્રેરીમાં રાઈડિંગ ટેબલ ચેર, પંખા, લાઈટ, વેન્ટિલેશન વગેરે સગવડતા ઉપલબ્ધ છે.

**વ્યાખ્યાન ખંડ :** સદર સંસ્થા ખાતે કુલ ૨ વ્યાખ્યાન ખંડ ઉપલબ્ધ છે, અને પ્રત્યેકની ક્ષમતા ૬૦ વિદ્યાર્થીઓની છે. લેક્ચરર હૉલમાં રાઈટિંગ ફલેપવાલી ખુરશીઓ, બ્લેક બોર્ડ, પંખા, ટ્યૂબલાઈટ, વેન્ટિલેશન વગેરેની સગવડો ઉપલબ્ધ છે.

**ઓડિયો વિઝયુઅલ ખંડ તથા શૈક્ષણિક સાધનો :** સ્લાઈડ પ્રોજેક્ટર, ઓવર હેડ પ્રોજેક્ટર, એલ.સી.ડી. પ્રોજેક્ટર, લેઝર પ્રિન્ટર કૉમ્પ્યુટર (ઇનટરનેટ મલ્ટી મિડિયા. સીડી રાઈટર સાથે) ડિઝિટલ કેમેરા, વૉલ સ્ક્રીન સાથે ઓડિયો વિઝયુઅલ ખંડ ઍકેડેમિક કાર્ય માટે ઉપલબ્ધ છે. ઓડિયો વિઝયુઅલ હૉલની ક્ષમતા ૧૦૦ બેઠકોની છે.

**લેબોરેટરી :** સદર સંસ્થા ખાતે એનેટોમી, ફિઝિયોલોજી, હિસ્ટોલોજી, બાયોકેમિસ્ટ્રી, ડેન્ટલ મટીરિયલ્સ પ્રોસ્થેટિક પ્રિકલીનીક લેબોરેટરીમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ્સ તેમ જ દર્દીઓને સારવાર આપવાના હેતુસર જરૂરિયાતના સાધનો, મટીરિયલ્સ અને કેમિકલ્સ ઉપલબ્ધ છે. દરેક લેબોરેટરી ક્ષમતા ૬૦ બેઠકોની છે.

**ડેન્ટલ ચેર યુનિટ :** સદર સંસ્થા ખાતે કુલ ૧૦ ડેન્ટલ ચેર અને ૧૦ ડેન્ટલ યુનિટ છે જે ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલના સેન્ટ્રલ ક્લિનિકમાં ઇન્સ્ટોલી કરેલી છે. કાઉન્સિલની જરૂરિયાત મુજબ ૧૦ ડેન્ટલ ચેર યુનિટ ઉપલબ્ધ છે.

**અન્ય સાધનોસામગ્રી :** ડેન્ટલ કાઉન્સિલના નિયમો મુજબની સાધનસામગ્રી જે તે વિભાગમાં ઉપલબ્ધ છે. વિભાગવાર સાધનોનું પત્રક સામેલ છે.

**શૈક્ષણિક કામગીરી :** સદર સંસ્થા ખાતે ડેન્ટલ કાઉન્સિલના નિયમો અનુસાર તેમ જ યુનિવર્સિટી દ્વારા માન્ય અને પ્રસિદ્ધિ કરેલ સિલેબસ પ્રમાણે શૈક્ષણિક કામગીરી હાથ ધરવાની રહેશે. કામગીરીનું તેમ જ ક્લિનિકલ ડ્યુટીનું સમયપત્રક સામેલ છે. ગુજરાત યુનિવર્સિટીના બી.ડી.એસ. કોર્સના સિલેબસની ઝેરોક્ષ નકલ ફાઈલમાં ઉપલબ્ધ છે.

**પરીક્ષા પદ્ધતિ :** ડેન્ટલ કાઉન્સિલના નિયમો અનુસાર અને યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલા પદ્ધતિ મુજબ જે તે વર્ષના અંતે પરીક્ષા યુનિવર્સિટીના નિયમો અનુસાર લેવાની રહેશે, જેમાં નિયમો મુજબ ઈન્ટરનલ અને એક્સ્ટર્નલ પરીક્ષકોની નિમણૂક યુનિવર્સિટી દ્વારા કરાવવાની રહેશે, ગુજરાત યુનિવર્સિટીના સિલેબલ મુજબ થિયરી અને પ્રેક્ટિકલની ૧૦૦-૧૦૦ માર્કની પરીક્ષાઓ લેવાની રહેશે.

**બિનશૈક્ષણિક મહેકમ વિષયકની માહિતી :** ડેન્ટલ કાઉન્સિલના ઑફ ઇન્ડિયાની જરૂરિયાત મુજબનો ટેકનિકલ તેમ જ વહીવટી સ્ટાફ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

**હૉસ્ટેલ :** ડેન્ટલ કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રહેવા માટે બૉયઝ અને ગર્લ્સ વિદ્યાર્થીઓ માટે અલગ અલગ હૉસ્ટેલ ઉપલબ્ધ છે, જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેમ છે, હૉસ્ટેલમાં મૅશ, કૅન્ટીન, રીડિંગ રૂમ, સ્પોર્ટ રૂમ, ગાર્ડન, પાર્કિંગ વગેરે સગવડો ઉપલબ્ધ છે.

**સ્ટાફ ક્વાર્ટર્સ :** અમદાવાદ ડેન્ટલ કૉલેજ ખાતે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓને રહેવા માટે સ્ટાફ ક્વાર્ટર્સ ઉપલબ્ધ છે.

**હૉસ્પિટલ ફી :** અમદાવાદ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલમાં રાહતદરે દર્દીઓને સારવાર આપવામાં આવે છે, અને તેની પાવતી દર્દીઓને આપવામાં આવે છે.

**સ્ટુડન્ટ્સ ફી :** ગુજરાત સરકારના ફી સ્ટ્રક્ચર અંગેનો ઠરાવ ક્રમાંક-એમસીજી ૧૦૦૩-૧૮૬૯-જ તા. ૨૮-૫-૨૦૦૩ અન્વયે પ્રથમ બી.ડી.એસ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૭૦,૦૦૦ ફી નક્કી કરવામાં આવેલ છે, તેમ છતાં હાલમાં એડમિશન ફી અંગે સુપ્રિમ કૉર્ટમાં ચાલી રહેલ કેસનાં ચુકાદા મુજબ તેમ જ ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવનાર એડમિશન ફી મુજબની ફી લેવાની રહેશે.

**ઉપસંહાર :** ૪૦ બેઠકોની ક્ષમતાવાળી અમદાવાદ ડેન્ટલ કૉલેજ શરૂ કરવા ભારત સરકાર અને યુનિવર્સિટીની મંજૂરી મળેલ છે, ભારત સરકાર, ગુજરાત સરકાર અને ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત અમદાવાદ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ ખાતે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમો મુજબ જમીન, મકાન, જુદી જુદી લેબોરેટરી, લાઈબ્રેરી ઓડિટોરિયમ, લેક્ચર હૉલ, તેમજ જુદા જુદા વિભાગો ધરાવે છે, કાઉન્સિલની જરૂરિયાત મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉપલબ્ધ શિક્ષકોનું પુરતુ સંખ્યાબળ, શૈક્ષણિક કામગીરીના સાધનો નિયમોનુસાર અને સંતોષકારક જણાય છે, જેથી અમદાવાદ ડેન્ટલ કૉલેજને પ્રથમ બી.ડી.એસ.માં ૪૦ બેઠકોની પ્રવેશ સંખ્યા માટે વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણની મંજૂરી આપવા સ્થાનિક તપાસસમિતિ દ્વારા ભલામણ કરવામાં આવે છે.

આપના વિશ્વાસુ,

**ડૉ. હરેશ ભાલોડિયા**
પ્રોફેસર અને હેડ ઓર્થોપેડિક્સ ડિપાર્ટમેન્ટ
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડીનશ્રી, ફેકલ્ટી ઑફ મેડિસિન ગુજરાત યુનિવર્સિટી

**ડૉ. કિરીટ એચ. શાહ**
ડીનશ્રી
ગર્વમેન્ટ ડેન્ટલ કૉલેજ
અમદાવાદ

## પરિશિષ્ટ "૨૭"

કામકાજ ક્રમાંક ૨(૨૭)

**અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ સાથીજણ સંચાલિત બી.પી.એડ., બી.પી.ઈ. અને ડિપ્લોમા ઈન યોગાની કૉલેજ (સ્વાયત્ત) અંગેનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના પત્ર અન્વયે અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ સંચાલિત સૂચિત નવી બી.પી.એડ., બી.પી.ઈ. અને ડિપ્લોમા ઈન યોગાની (સ્વાયત્ત) કૉલેજ અંગે પ્રાથમિક સ્થાનિક તપાસસમિતિના નીચેના સભ્યશ્રીઓએ તા. ૨૯-૪-૨૦૦૩ના રોજ ઉપરોક્ત સંસ્થાની સ્થળ પર મુલાકાત લીધી હતી :

(૧) પ્રિ. કે. કે. શાહ (ડીનશ્રી, કૉમર્સ ફેકલ્ટી)

(૨) શ્રી બી. જે. પંડ્યા (સેનેટ સભ્યશ્રી)

(૩) પ્રિ. પી. એમ. કાસુન્દ્રા (વિષય નિષ્ણાત)

અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ સને ૧૯૩૯થી વ્યાયામ ક્ષેત્રે કાર્યરત છે. આ સંસ્થાએ બી.પી.એડ., એક વર્ષનો બી.પી.ઈ. ત્રણ વર્ષનો અને ડિપ્લોમા ઈન યોગા એક વર્ષનો અભ્યાસક્રમવાળી કૉલેજના જોડાણ માટે ગુજરાત યુનિવર્સિટીમાં અરજી કરેલ છે.

ટ્રસ્ટી મંડળના સભ્યોએ હાજર રહી અમને જરૂરી માહિતી અને દસ્તાવેજો આપ્યા હતા. આ સંસ્થા પાસે કુલ ૨૦૯૮૧ સ્કવેર મીટર જેટલી જમીન છે, જેમાં હૉસ્ટેલ ૨૮ રૂમ, રસોઈ ઘર, જિમ્નેશિયમ હૉલ ૩૦×૧૮ મી.ના કલાસ રૂમો, ગેસ્ટ રૂમો, ગ્રંથાલય, વગેરેના બાંધકામ થયેલ છે જેના પુરાવા આ સાથે સામેલ છે.

સંસ્થા પાસે રમત-ગમતના સાધનો, ગ્રંથાલયમાં પુસ્તકો વસાવેલા છે. તદ્ઉપરાંત બાજુમાં નવી જમીન ખરીદવાની વાતચીત ચાલે છે અને ટૂંક સમયમાં તે ખરીદવામાં આવશે તેવી માહિતી ટ્રસ્ટીઓએ આપી હતી.

સંસ્થાએ એન.સી.ટી.ઈ.માં જરૂરી ડિપોઝિટ સાથે અરજી કરેલ છે. તે જોતાં એન.સી.ટી.ઈ.ની બી.પી.એડ. કૉલેજની માન્યતા આવ્યેથી યુનિવર્સિટીએ કૉલેજને જોડાણ આપવાનું થાય તે વખતે આ સમિતિ માન્યતા મળે જોડાણ આપવાની ભલામણ કરે છે.

અત્યારે બી.પી.ઈ. તેમ જ ડિપ્લોમા ઈન યોગા કૉર્સ માટે સંસ્થા પાસે જરૂરી સાધનસામગ્રી તથા જરૂરી જમીન, મકાન વગેરે ઉપલબ્ધ હોઈ તે અભ્યાસક્રમોની યુનિવર્સિટી જોડાણ પ્રક્રિયા કરવા ભલામણ કરવામાં આવે છે.

સંસ્થાના મકાનનો નકશો, સાધનસામગ્રી, ગ્રંથાલયના પુસ્તકો તથા સંસ્થાએ બૅન્કમાં મૂકેલ થાપણોની ઝેરોક્ષ નંગ ૭ આ સાથે સામેલ છે.

ફિઝિકલ એજ્યુકેશનના વિકાસ માટે અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની કોઈ કૉલેજ નથી માટે અમે અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ સૂચિત બી.પી.ઈ. અને ડિપ્લોમા ઈન યોગા કૉલેજના જોડાણ માટે ભલામણ કરવામાં આવે છે. બી.પી.એડ. માટે એન.સી.ટી.ઈ.ની માન્યતા મળે યુનિવર્સિટીને જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

સહી

**(૧) પ્રિ. કે. કે. શાહ**

**(૨) શ્રી બી. જે. પંડ્યા**

**(૩) પ્રિ. પી. એમ. કાસુન્દ્રા**

## પરિશિષ્ટ "૨૮"

કામકાજ ક્રમાંક ૨(૨૮)

**ચરોતર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી, ચાંગાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.**

**વિષય :** શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ સંચાલિત ચરોતર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી ચાંગાની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

**સંદર્ભ :** આપના કાર્યાલયના તા. ૨૩-૪-૨૦૦૩નો પત્રાંક-ઍકૅડેમિક/૨૧/૨૬૧૬૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં સ્થાનિક તપાસસમિતિના ત્રણે સભ્યોએ ઉપરોક્ત કૉલેજની તા. ૧૪-૫-૨૦૦૩ના રોજ મુલાકાત લીધી હતી.

કૉલેજના સંચાલક મંડળના અગ્રણી ડૉ. શ્રી. કે. સી. પટેલ, શ્રી. સુરેન્દ્રભાઈ પટેલ તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા, કૉલેજના ડાયરેક્ટર અને સ્ટાફ સાથે પણ મુલાકાત ગોઠવી હતી.

કૉલેજમાં ચલાવવામાં આવતા અભ્યાસક્રમ માટે પૂરતા પ્રમાણમાં સાધનો લેબોરેટરી સુવિધા તેમ જ પુસ્તકો પ્રાપ્ત છે, જર્નલ્સ અને મેગેઝિન પણ મંગાવવામાં આવે છે, વર્ગખંડો, પ્રયોગશાળા, સાધનો ટીચિંગ તેમ જ વહીવટી સ્ટાફની વિગતો આ સાથે વિગતવાર જોડવામાં આવી છે.

કૉલેજનું વાતાવરણ ઘણું જ સુંદર છે, બહેનો માટે હૉસ્ટેલ કાર્યરત છે, અને ઓપનઍર થિયેટર તેમ જ અન્ય સુવિધાઓ માટેનું પ્લાનિંગ તૈયાર છે.

ઉપરોક્ત બાબતો જોતાં આ કૉલેજને તા. ૧૫-૬-૨૦૦૩થી તા. ૧૪-૬-૨૦૦૫ સુધીનું ચાલુ જોડાણ આપવા ભલામણ કરવામાં આવે છે.

| સહી | સહી | સહી |
|---|---|---|
| **૧. સી. પી. જોષી** | **૨. પી. સી. ઉપાધ્યાય** | **૩. અમિતભાઈ ઠાકર** |

## પરિશિષ્ટ "૨૯"

કામકાજ ક્રમાંક ૩

(૧)

સ્ટેન્ડિંગ કમિટી ઓન ઇક્વિલેન્સ ઑફ એક્ઝામિનેશનની એક સભા તા. ૨૬-૮-૨૦૦૨ના રોજ બપોરના ૪-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ હતી. તેમાં નીચેના સભ્યો હાજર રહ્યાં હતાં :

| | |
|---|---|
| ૧. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ | ગેરહાજર |
| ૨. શ્રી. એસ. એસ. સિંઘવી | ગેરહાજર |
| ૩. પ્રિ. દર્શનસીંગ એમ. શીખ | ગેરહાજર |
| ૪. ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૫. ડૉ. હર્ષદભાઈ એમ. દેસાઈ | હાજર |
| ૬. ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |

બાબત ક્રમાંક ૧ : ડાભી ભગવતીબહેન પરબતભાઈએ એસ.પી. યુનિવર્સિટીમાંથી બી.એસસી. હૉમ સાયન્સની પદવી પસાર કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં એમ.એ. (હૉમ સાયન્સ) વર્ગ માટે પ્રવેશ આપવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ :** એમ. એસ. યુનિવર્સિટી બરોડાની બી.એસસી. હૉમ સાયન્સ પરીક્ષાને બી.એ. હૉમ સાયન્સ સમકક્ષ માન્ય કરેલ છે.)

ઠરાવ ૧ : એમ.એ. ૧ ૫. માન્ય યુનિવર્સિટી બી.એસસી. હૉમ સાયન્સ પદવી પરીક્ષાને બી.એ. હૉમ સાયન્સ સમકક્ષ માન્ય કરવી.

બાબત ક્રમાંક ૨ : ડી.ડી.આઈ.ટી., નડિયાદ દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઈન કેમિકલ એન્જિનિયરિંગ પરીક્ષાને ટેકનિકલ બોર્ડ ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઈન કેમિકલ એન્જિ. સમકક્ષ માન્ય ગણી વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તા. ૭-૮-૨૦૦૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૨ : ડી.ડી.આઈ.ટી., નડિયાદ તથા નિરમા દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઈન કેમિકલ એન્જિનિયરિંગ પરીક્ષાને ટેકનિકલ બોર્ડ ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઈન કેમિકલ એન્જિ. સમકક્ષ માન્ય ગણી વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એસસી. માટે પ્રવેશપાત્ર ગણવા.

બાબત ૩ : ધી ઇન્સ્ટિટ્યૂશન ઑફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકૉમ્યુનિકેશન એન્જિનિયર્સ દ્વારા લેવામાં આવતી AMIETE તથા DIPIETE પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની બી.ઈ. સમક્ષ માન્ય કરવા અંગે IETE અમદાવાદ તરફથી આવેલ તા. ૬-૧૨-૨૦૦૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૩ : AMIETE / DIPIETE પરીક્ષાને B.E. સમકક્ષ માન્ય કરવી.

બાબત ૪ : ધોરણ ૧૨ પછી ડિપ્લોમા ફાર્મસીના કોર્સના વિદ્યાર્થીઓને ખાસ કિસ્સામાં એસ.વાય.બી.એસસી.માં પ્રવેશ આપવા અંગે આદિપુરના વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૪ : ફાર્મસી કૉલેજના સિનિયર પ્રિન્સિપાલ સાથે ચર્ચા કરી અભ્યાસક્રમ વગેરેનો અભ્યાસ કરી તે પ્રમાણે કમિટીમાં નિર્ણય કરી ભલામણ કરી ત્યાર બાદ ઇક્વિલેન્સ કમિટીમાં મૂકવું.

(...............)

કુલસચિવ વતી

(૨)

સ્ટેન્ડિંગ કમિટી ઓન ઇક્વિલેન્સ ઑફ એક્ઝામિનેશનની એક સભા તા. ૨૦-૯-૨૦૦૨ના રોજ બપોરના ૪-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ હતી. તેમાં નીચેના સભ્યો હાજર રહ્યાં હતાં :

| | |
|---|---|
| ૧. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ | ગેરહાજર |
| ૨. શ્રી. એસ. એસ. સિંઘવી | ગેરહાજર |
| ૩. પ્રિ. દર્શનસીંગ એમ. શીખ | ગેરહાજર |
| ૪. ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૫. ડૉ. હર્ષદભાઈ એમ. દેસાઈ | ગેરહાજર |
| ૬. ડૉ. સી. એ. દેસાઈ | હાજર |

બાબત ૧ : ધોરણ ૧૨ પછી ડિપ્લોમા ફાર્મસીનો કોર્સ કર્યાના આધારે એસ.વાય.બી.એસસી.માં પ્રવેશ પાત્રતા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ ૧ : અગાઉના અભિપ્રાય જોતાં ધોરણ ૧૨ પછી ડિપ્લોમા ફાર્મસી કોર્સ કરનાર વિદ્યાર્થીને સેકન્ડ બી.એસસી. માટે પ્રવેશપાત્ર ગણી શકાય નહીં.

બાબત ૨ : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવામાં આવતી હિન્દી સેવક વિશેષ પરીક્ષાને બી.એ. સમકક્ષ માન્ય ગણી વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે ગૂજરાત વિદ્યાપીઠના પત્રાંક-૧૦૬૪-પરીક્ષા તા. ૨૪-૮-૨૦૦૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૨ : નરહરિ પરીખ સાહેબનો અભિપ્રાય મંગાવ્યા બાદ પુન:વિચારણા કરવા માટે મૂકવું.

(.................)

કુલસચિવ વતી

(૩)

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલન્સ ઑફ એક્ઝામિનેશનની એક સભા તા. ૧૧-૧૦-૨૦૦૨ના રોજ બપોરના ૪-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ હતી. તેમાં નીચેના સભ્યો હાજર રહ્યાં હતાં :

| | |
|---|---|
| ૧. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ | હાજર |
| ૨. શ્રી. એસ. એસ. સિંઘવી | ગેરહાજર |
| ૩. પ્રિ. દર્શનસીંગ એમ. શીખ | હાજર |
| ૪. ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૫. ડૉ. હર્ષદભાઈ એમ. દેસાઈ | ગેરહાજર |
| ૬. ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |

બાબત ૧ : Balge Snehal Manohar એ ૧૦+૨ કર્યા બાદ મણિપાલ ઍકેડેમિક હાયર એજ્યુકેશનમાંથી BIT ની Fifth Semesterની પરીક્ષા પસાર કર્યાના આધારે આપણી યુનિ.માં એમ.સી.એ.ના વર્ગમાં પ્રવેશપાત્રતા અંગે કરેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(હાઇકોર્ટ ઑફ ગુજરાત અમદાવાદની સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૬૬૬૬-આ સાથે સામેલ છે.)

ઠરાવ ૧ : સદરહુ વિદ્યાર્થીએ એડમિશન વખતે છઠ્ઠું સેમિસ્ટર પસાર કરેલ ન હોવાથી એલિજિબિલિટી સર્ટિફિકેટ આપી શકાય નહીં, ઉપરાંત મણિપાલ ઍકેડેમિ ઑફ હાયર એજ્યુકેશન (ડિમ્ડ યુનિ.)ની બેચલર ઑફ ઇન્ફરમેશન ટેકનોલોજીની પરીક્ષાને અરસપરસના ધોરણે માન્યતા આપેલ નથી.

બાબત ૨ : પટેલ નિલય ભાસ્કર સી.બી.એસ.ઈ. બોર્ડમાંથી ધો. ૧૦ (એસએસ.સી.)ની પરીક્ષા પસાર કર્યાબાદ અખિલ ભારતીય શિક્ષા મંડળ દિલ્હીમાંથી AISSCની પરીક્ષા પસાર કર્યાના આધારે આપણી યુનિ.માં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશપાત્રતા અંગેનું સર્ટિફિકેટ મેળવવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૨ : અખિલ ભારતીય શિક્ષામંડળ બોર્ડમાં ૧૦+૨ની પરીક્ષા પસાર કરનારને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપી શકાય નહીં.

બાબત ૩ : પ્રિયા નારસિમહાન પી. એલે ૧૦+૨ની પરીક્ષા પસાર કર્યા બાદ મણિપાલ ઍકેડેમિક ઑફ હાયર એજ્યુકેશન (ડિમ્ડ યુનિ.)માંથી Bech. of Information Tech. (BIT) Six Semesterની પરીક્ષા પસાર કરેલ છે, અને આપણી યુનિ.માં એમ.બી.એ.ના વર્ગમાં જોડાવા માટે અરજી કરેલ છે, તે બાબતમાં વિચારણા કરવા બાબત.

ઠરાવ ૩ : મણિપાલ ઍકેડેમિક ઑફ હાયર એજ્યુકેશન (ડિમ્ડ યુનિ.)ની બેચેલર ઑફ ઇન્ફરમેશન ટેકનોલોજીની પરીક્ષાને અરસપરસ ધોરણે માન્યતા આપેલ નથી, તેથી એલિજિબિલિટી સર્ટિફિકેટ આપી શકાય નહીં.

**એસ. એ. ભટ્ટ**

કુલસચિવ વતી

પરિશિષ્ટ "૩૦"

કામકાજ ક્રમાંક ૪

**NIRMA EDUCATION AND RESEARCH FOUNDATION**

NERF/GU/2003/3/4 April 28, 2003

To,

The Registrar,
Gujarat University,
Navrangpura, Ahmedabad-380009.

**Sub. : Withdrawal of affiliation only for the students to be admitted in the first year under Nirma Institute of Technology in the academic year 2003-04 and onwards.**

Sir,

As you know, the Legislative Assembly of the Government of Gujarat has passed Gujarat Act No. : 10 of 2003 named as an Act of the establishment of Nirma University of Science and Technology, Ahmedabad on 5th March 2003. This Act has been published on March 12, 2003 under Extra Ordinary Gazette of the Government of Gujarat. As per Sub-Section (2) of Section-1 of the said Act, the Government of Gujarat has also issued notification from the Education Department bearing No. : GH/SH/3/APB-2001-M-65-KH.1, dated 16-4-2003 appointing 17th April, 2003 as the date on which the different provisions of the said Act comes into force.

The powers conferred under this Act to the Nirma University of Science and Technology under Section-6 are explicit. A copy of the same is enclosed herewith. The Nirma University of Science and Technology is empowered to admit students for the courses offered by the University and also award degrees, diplomas etc.

In view of the above, the Nirma Education and Research Foundation has decided to admit the students in diffe. nt branches of the first year under Nirma Institute of Technology at UG as well PG level with effect from the academic year 2003-04 as the students of Nirma University of Science and Technology.

We therefore, request you to kindly move the authorities of the University to consider the affiliation withdrawn, given to Nirma Institute of Technology for different courses as per following details :

| Academic year from which the affiliation to be withdrawn | Courses |
|---|---|
| 2003-04 | 1st year of all the courses as shown in Appendix-A attached herewith both for UG & PG |
| 2004-05 | 2nd year of all the courses as shown in Appendix-A attached herewith both for UG & PG.. |
| 2005-06 | 3rd year of all the courses as shown in Appendix-A attached herewith + 3rd year of M.C.A. |
| 2006-07 | 4th year of all the UG courses in Engineering as shown in Appendix-A attached herewith. |

Kindly take appropriate actions at your end.

Yours faithfully,
**Ambubhai M. Patel**
Managing Trustee
Nirma Eduication and Research Foundation

Encl. : (1) Notification of the Government of Gujarat dated 16-4-2003.
(2) A copy of Section 6 of the said Act of Nirma University of Science and Technology.

## APPENDIX - A

**The list of courses where the affiliation is to be withdrawn phase wise from Gujarat University.**

1. UG Courses leading to Bachelor's Degree in Engineering :
   (a) Chemical Engineering
   (b) Mechanical Engineering
   (c) Electrical Engineering
   (d) Electronics and Communication
   (e) Instrumentation and Control
   (f) Civil Engineering
   (g) Information and Technology Engineering
   (h) Computer Engineering.
2. PG Courses leading to Post-graduate Degree :
   (a) MCA
   (b) ME-Chemical Engineering
   (c) ME-Civil Engineering
   (d) ME-Electrical Engineering.

**Ambubhai M. Patel**
Managing Trustee

NOTIFICATION
Education Department
Sachivalaya, Gandhinagar,
Dated the 16th April, 2003

NIRMA UNIVERSITY OF SCIENCE & TECHNOLOGY ACT, 2003

No. GH/SH/3/APB-2001-M-65-KH.1 : In exercise of the powers conferred by sub-section (2) of section 1 of the Nirma University of Science and Technology Act, 2003 (Guj. 10 of 2003), the Government of Gujarat hereby appoints the 17th April, 2003 as the date on which the said Act shall come into force.

By Order and in the name of the Governor of Gujarat.

**(Arvind Dhaduk)**
Under Secretary to Government

No. APB-2001-M-65-KH.1
Education Department,
Sachivalaya, Gandhinagar,
Dated the 16th April, 2003.

To,

1. The Principal Secretary to the Governor of Gujarat, Raj Bhavan, Gandhinagar.
2. The Commissioner of Higher Education, Dr. Jivraj Mehta Bhavan, Ganhinagar.
3. The Secretary, Legislature of Parliamentary Affairs Deptt., Sachivalaya, Gandhinagar.
4. The Nirma University of Science and Technology.
5. The Manager, Govt. Central Press, Gandhinagar with a request to publish the notification in Government Gazette and furnish 50 copies to this Department.
6. The P. S. to the Chief Minister, Sachivalaya, Gandhinagar.
7. P. S. to the Minister (Education) Sachivalaya, Gandhinagar.
8. P. S. to All Ministers.

5. (1) No person shall be excluded from any office of the University or from membership of any of its authorities or from admission to any degree, diploma or other academic distinction or course of study on the sole ground of sex, race, creed, caste, class, place of birth, religious belief or political or other opinion.

University open to all irrespective of sex, religion, class, creed or opinion.

(2) It shall not be lawful for the University to impose on any person any test whatsoever relating to sex, race, creed, caste, class, place of birth, religious belief or profession of political or other opinion in order to entitle him to be admitted as a teacher or a student or to hold any office or post in the University or to qualify for any degree, diploma or other academic distinction or to enjoy or exercise any privileges of the University or any benefaction thereof.

6. Subject to the provision of this Act, the University shall exercise the following powers and perform the following functions, namely :-

Powers and functions of University.

( i ) to administer and manage the University and such centres for research, education and instruction as are necessary for the furtherance of the objects of the University;

( ii ) to provide for instruction, training and research in such branches of knowledge or learning pertaining to science and technology and allied areas and for the advancement and dissemination of science and technology and allied areas;

( iii ) to conduct innovative experiments in new methods and technologies in the field of science and technology in order to achieve international standards of such education, training and research;

( iv ) to prescribe courses and curricula and provide for flexibility in the education system and delivery methodologies including electronic and distance learning;

( v ) to hold examinations through electronic mode also and confer degrees, diplomas or grant certificates, and other academic distinctions or titles on persons subject to such conditions as the University may determine, and to withdraw or cancel any such degrees, diplomas, certificates, or other academic distinctions or titles in the manner prescribed by the Regulations;

( vi ) to confer honorary degrees or other distinctions in the manner prescribed by the Regulations;

( vii ) to to establish such special centers, specialized study centers or other units for research and instruction as are, in the opinion of the University, necessary for the furtherance of its objects;

( viii ) to provide for printing, reproduction and publication of research and other works and to organise exhibitions;

( ix ) to sponsor and undertake research in all aspects of science and technology and allied areas;

( x ) to collaborate or associate with, advise, administer, control, develop, maintain, or take over by way of merger or otherwise, any educational institution with like or similar objects;

( xi ) to develop and maintain linkages with educational or other institutions in any part of the world having objects wholly or partially similar to those of the University, through exchange of teachers and scholars, and generally in such manner as may be conductiove to their common objects;

( xii ) to develop and maintain relationships with teachers, researchers, and domain experts in science and technology and allied areas in any part of the world for achieving the objects of the University;

(xiii) to regulate the expenditure and to manage the finances and to maintain accounts of the University;

(xiv) to receive funds from industry, national and international organisations or any other source as gifts, donations, benefactions, bequests and by transfers of movable and immovable properties, for the purposes and objects of the University;

( xv ) to establish, maintain and manage halls and hostels for the residence of students;

(xvi) to supervise and control the residence and regulate the discipline of students of the University and to make arrangements for promoting their Helth and general welfare and cultural activities;

(xvii) to fix, demand and receive or recover fees and such other charges as may be prescribed by the Regulations;

(xviii) to institute and award fellowships, scholarships, prizes, medals and other awards;

(xix) to purchase or to take on lease or accept as gifts or otherwise any land or building or works which may be necessary or convenient for the purpose of the University and on such terms and conditions as it may think fit and proper and to construct or alter and maintain any such building or works;

(xx) to sell, exchange, lease or otherwise dispose of all or any portion of the properties of the University, movable or immovable, on such terms as it may think fit and consistent with the interest, activities and objects of the University;

(xxi) to draw and accept, to make and endorse, to discount and negotiate, Government of India and other promissory notes, bills of exchange, cheques or other negotiable instruments;

(xxii) to raise and borrow money on bond, mortgages, promissory notes or other obligations or securities founded or based upon all or any of the properties and assets of the University or without any securities and upon such terms and conditions as it may think fit and to pay out of the funds of the University, all expenses incidental to the raising of money, and to repay and redeem any money borrowed;

(xxiii) to invest the funds of the University in or upon such securities and transpose any investment from time to time in such manner as it may deem fit;

(xxiv) to execute conveyances regarding transfers, mortgages, leases, licenses, agreements and other conveyances in respect of property, movable or immovable including Government securities belonging to the University or to be acquired for the purpose of the University;

(xxv) to admit the students for the courses offered by the University in the manner prescribed by the Regulations;

(xxvi) to create academic, technical, administrative, ministerial and other posts and to make appointments thereto;

(xxvii) to regulate and enforce discipline among the employees of the University and to provide for such disciplinary measures as may be prescribed by the Regulations;

(xxviii) to institute professorship, associate professorship, assistant professorship, readerships, lecturerships, and any other teaching, academic or research posts and to prescribe qualifications for them;

(xxix) to appoint persons as professors, associate professors, assistant professors, readers lecturers or otherwise as teachers and researchers of the University;

(xxx) subject to the provisions of this Act and regulations, any officer or authority of the University may, by order, delegate his or its powers except the power to make regulations to any other officer or authority under his or its control and subject to the condition that the ultimate responsibility for the exercise of the power so delegated shall continue to vest in the officer or authority delegating them;

(xxxi) to do all such other acts and things as the University may consider necessary, conducive or incidental to the attainment or enlargement of all or any of the objects of the University.

7. (1) The Patron Trustee of the Nirma Education and Research Foundation, Ahmedabad shall be the President of the University for life at his pleasure. He may at his pleasure designate any other permanent Trustee of the Trust to be the President of the University. President

(2) The President shall have, subjects to the provioisions of this Act, power to cause an inspection or review to be made by such person or persons as he may direct, of the University, its buildings, libraries, equipment and systems and processes and of any institution or centre maintained by the University, and also of the examinations, teaching, research, and other work conducted or done by the University and to cause an inquiry to be made in like manner in respect of any matter connected with the administration and finances of the University.

8. The following shall be the authorities of the University, namely : Authorities of University

( a ) the Board;
( b ) the Academic Council;
( c ) the Finance Committee; and
( d ) such other authorities as may be declared by the Regulations to be authorities of the University.

9. The following shall be the officers of the University, namely : Officers of University

( a ) the Director,
( b ) the Deans,
( c ) the Executive Registrar, and
( d ) such other persons as may be declared by the Regulations to be officers of the University.

## પરિશિષ્ટ "૩૧"

કામકાજ ક્રમાંક ૫

યુનિવર્સિટી તબીબી વિદ્યાશાખાની એક સભા આજ રોજ તા. ૧-૫-૨૦૦૩ના રોજ ૪-૦૦ કલાકે કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ડીન શ્રી. ડૉ. ભલોડિયાએ સંભાળ્યું હતું :

સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | |
|---|---|
| ૧. ડૉ. એચ. પી. ભાલોડિયા | હાજર |
| ૨. ડૉ. કેતન દેસાઇ | ગેરહાજર |
| ૩. ડૉ. સી. એ. દેસાઇ | હાજર |
| ૪. ડૉ. કીર્તિભાઇ પટેલ | હાજર |
| ૫. ડૉ. આર. કે. પટેલ | ગેરહાજર |
| ૬. ડૉ. નીતિન વોરા | હાજર |
| ૭. ડૉ. જી. વી. શાહ | હાજર |
| ૮. ડૉ. જ્યોતિબેન | હાજર |
| **આમંત્રિત :** | |
| ૯. ડૉ. એમ. એસ. જોષી | હાજર |
| ૧૦. ડૉ. ઉષાબેન વ્યાસ | હાજર |
| ૧૧. ડૉ. એમ. એચ. મકવાણા | હાજર |
| ૧૨. ડૉ. એચ. એલ. પટેલ | હાજર |

લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા :

**ઠરાવ : ૧** : તબીબી અને ડેન્ટલ વિદ્યાશાખા હેઠળ આવરી લેવાતાં વિવિધ વિષયોની વિવિધ બ્રાન્ચોમાં હાલ અનુસ્નાતક કક્ષાએ પ્રવેશપાત્રતા સમયે આંતરિક ગુણાંકન (ઇન્ટરનલ માર્કસ) ગણનાપાત્ર છે, જેના બદલે હવેથી માત્ર યુનિવર્સિટીની પરીક્ષાના ગુણને લક્ષમાં લેવામાં આવશે. સદરહુ ઠરાવનો અમલ મે-૨૦૦૪માં અનુસ્નાતક કક્ષાએ યોજાનાર પ્રવેશની કાર્યવાહીથી કરવાનો રહેશે.

**ઠરાવ ૨ :** એમ.સી.એચ. અને ડી.એમ. બ્રાન્ચમાં હાલમાં પ્રવેશપાત્રતાનાં ધોરણોમાં ફેરફાર કરવા માટે નામદાર કોર્ટ તરફથી મળેલ ચુકાદા અન્વયે ઉપલી કોર્ટમાં દાદ માગવાની કાર્યવાહી કરવી.

**ઠરાવ ૩ :** તબીબી વિદ્યાશાખા દ્વારા સપ્ટેમ્બર/ઑક્ટોબર-૨૦૦૩માં ફાઇનલ એમ.બી.,બી.એસ.ના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનમાળા (લેક્ચરર કોર્સ)નું આયોજન કરવાની કામગીરી બંને કૉલેજોના ડીનોને સોંપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ ૪ :** બી.ડી.એસ./બી.ફિઝિયોથેરાપીના અભ્યાસક્રમમાં એ.ટી.કે.ટી.નાં ધોરણો હાલનાં એમ.બી.,બી.એસ.ના ધોરણો પ્રમાણે રાખવાનું ઠરાવવામાં આવે છે. (ફક્ત દ્વિતીય અને તૃતીય વર્ષમાં એટી.કે.ટી. મળશે જ્યારે પ્રથમ વર્ષ બી.ડી.એસ.માં ૪ પ્રયત્ને પાસ થવું ફરજિયાત રહેશે.)

**ઠરાવ ૫ :** એમ.ડી. ફાર્માકોલોજી બ્રાન્ચ-૪નો અભ્યાસક્રમ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે, જેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે, સદરહુ અભ્યાસક્રમ આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**ઠરાવ ૬ :** તબીબી વિદ્યાશાખા હેઠળ આવરી લેવાતા વિવિધ વિષયોની વિવિધ બ્રાન્ચોના અનુસ્નાતક અભ્યાસક્રમો માટે આગામી પ્રવેશ સમયે જૂના અને નવા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે અલગ બેઠકો રાખવા માટે આવેલ રજૂઆતના સંદર્ભમાં આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે હાલમાં જે પ્રો-રેટા પદ્ધતિ પ્રમાણે મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવે છે, તે પ્રણાલિકા ચાલુ રાખવી.

**ઠરાવ ૭ :** બી.ડી.એસ. અને ફિઝિયોથેરાપી પરીક્ષામાં એમ.બી.બી.એસ.ની પરીક્ષાની જેમ ઇન્ટર્નલ પરીક્ષા/ડે ટુ ડે એસેસમેન્ટ/પીરિયોડિકલ એકઝામ (કૉલેજ એકઝામ)માં જે તે વિષયમાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય, તે વિદ્યાર્થી જ યુનિવર્સિટી પરીક્ષા આપવા માટે પાત્રતા ધરાવશે. ઉપરોક્ત નિયમના અમલની યોગ્ય કાર્યવાહી ડેન્ટલ અને ફિઝિયોથેરાપીના કૉલેજના ડીનશ્રી (પ્રિન્સિપાલશ્રીઓએ કરવાની રહેશે.)

**ઠરાવ ૮ :** અનુસ્નાતક તબીબી અને દંત વિજ્ઞાનની પરીક્ષાઓમાં ઉમેદવારે ડેઝરટેશનની સાથે લૉગબુક ફરજિયાત જમા કરાવાની રહેશે.

**ઠરાવ ૯ :** A candidate can not give examination of P. G. Medical degree and diploma Simultaneously.

**ઠરાવ ૧૦ :** If any post-graduate student if found absent for more than thirty days without permission of concern authority, his/her admission/registration in P. G.. Course will be cancelled without any notice, thereof fees and deposits will be foreited".

Above rule is applicable to all post-graduate Me Medical/Dental broad and superspeciality courses.

**ઠરાવ ૧૧ :** O.' M.B.,B.S. 2(7) (b) is modified as under : Passing is second M.B.,B.S. Examination is compulsory before entering for sixth, seventh, eighth and ninth semester training.

**ઠરાવ ૧૨ :** For appointment of physiotheraphy teachers in physiotherapy school/college minimum academic qualification and teaching experience should be as per annexeture-I.

**ઠરાવ ૧૩ :** Rule No. 1, 3, of O. M. 14, O. M.S. 14 is modified as under : The candidate must have completed the recognized M.B.B.S. course and intership (compulsory rotating housemanship) before the date of interview. However before submitting the application form for P. G. admission. candidate must have completed 9 months of intership (compulsory rotating housemanship) on the last day of submission of application.

**ઠરાવ ૧૪ :** Rule No. 1, 3, of O. 377 is modified as under : The candidate must have completed the recognized B.D.S. course and internship (compulsory rotating housemanship) before the date of interview. However be before submitting the application from P. G. admission, candidates must have completed 10 months of intership (compulsory rotating housemanship) on the last day of submission of application.

Rule No. 1, 3, of O. 377 is modified as under : The candidate must have completed the recognized B.D.S. course and internship (compulsory rotating houemanship) before the date of interview. However before submitting the a application form for P. G. admission, candidates must have completed 10 months of internship (compulsory rotating housemanship) on the last day of submission of application.

Rule No. 237 is modified as under :

The examination of D.M.R.E. shall be as under :

Theory :

| | |
|---|---|
| Paper - I : | Physics & Electro-technology carrying 100 marks. |
| Paper - II : | Diagnostic Radiology and Electrology relation to Radiology to Pathology, anatomy and medicine in general carrying 100 marks. |
| Paper - III : | Radiotheraphy including Radioactivity and Electrotherapy carrying 100 marks. |
| Total : | 300 marks |

Practical :

| | |
|---|---|
| Two case each of 100 marks | 200 marks |
| Two viva table each of 50 marks | 100 marks |
| Total | 300 marks |

Selected and admitted candidates are required to execute the bond along with solvency certificate/Bank quaranty as per rules of concern college/institute and submitt to Head the concern college/institute failing which their admission will be cancelled without any notice and they will be debarred from appling in future.

Above rule is applicable to all post graduate medical/dental broad and superspeciality courses.

ત્યાર બાદ સભાનું કામ પુરું થયું હતું.

ડીનશ્રી,
(ડૉ. એચ. પી. ભાલોડિયા)

## પરિશિષ્ટ "૩૨"

બાબત ક્રમાંક : ૬

### બી.એડ. શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ પ્રવેશ અંગે

બી.એડ. પ્રવેશ અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓની એક મીટિંગ તા. ૧૮-૬-૨૦૦૩ને બુધવારે સાજે ૪-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં નીચે જણાવેલ કાર્યસૂચિ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી :

૧. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટવાળી બી.એડ. કૉલેજોમાં વિદ્યાર્થીઓની પ્રવેશની કાર્યવાહી સર્વપ્રથમ કરવી અને તેની પ્રવેશ યાદી સૌપ્રથમ શકય હોય તેટલી વહેલી જાહેર કરવી.

૨. ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયા બાદ સેલ્ફ ફાઇનાન્સ કૉલેજમાં વિદ્યાર્થી પ્રવેશ બી.એડ. સેલમાં વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવી પ્રવેશ આપવો, તથા પ્રથમ સત્રની ફી પણ તે સમયે લેવી તેમ નક્કી કરવામાં આવે છે, વિદ્યાર્થીને ફીની રકમની પણ પત્ર સાથે જાણ કરવી.

૩. દરેક કૉલેજો પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓની અસલ માર્કશીટ એક માસ સુધી પોતાની પાસે રાખવી અને મેરિટ વગેરે ચકાસીને એક માસ પછી માર્કશીટ પરત કરવી, તેજ રીતે અનામત કેટેગરીમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તે વિદ્યાર્થીઓને સરકારશ્રીએ જે તે કેટેગરી માટે અસલ પ્રમાણપત્ર આપ્યું હોય તે સંસ્થાએ ૧૫ દિવસ માટે વેરિફિકેશન કરવા માટે રાખવું, આ કેટેગરીમાં આવતા વિદ્યાર્થીનું સ્કૂલ લીવિંગ પ્રમાણપત્ર (અસલ) પણ સંસ્થાએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ પરત કરવું.

૪. કોઇ પણ વિદ્યાર્થીને કૉલેજ ટ્રાન્સફર કરવામાં આવશે નહીં, જે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો હોય અને કૉલેજ શરૂ થયાના પંદર દિવસમાં પ્રવેશ રદ થાય તો ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરેલ નિયમ પ્રમાણે ફી પરત કરવી. પ્રથમ પ્રવેશયાદીમાં ૯૦ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે, જે કૉલેજમાં આ કરતાં ઓછી સંખ્યામાં પ્રવેશ મેળવે તો ખૂટતા વિદ્યાર્થીઓ બી.એડ. સેલ પાસેથી મેળવી લેવા.

૫. સેલ્ફ ફાઇનાન્સ કૉલેજમાં એન.સી.ટી.ઇ. અને ગુજરાત યુનિવર્સિટીએ મંજૂર કરેલ કુલ વિદ્યાર્થી સંખ્યાના ૮૫ ટકા વિદ્યાર્થીઓ જે તે કૉલેજની વિષયની પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવી પ્રવેશ આપવામાં આવશે, બાકીના ૧૫ ટકા વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઇનાન્સ કૉલેજે ગુણવત્તાના ધોરણે તેમજ સરકારશ્રી અને ગુજરાત યુનિવર્સિટી જણાવે તે રીતે બેઠકો ભરવાની રહેશે.

૬. ગ્રાન્ટવાળી કૉલેજો માટે પ્રવેશફોર્મની કિંમત રૂ. ૨૦/- લેવાનું ઠરાવવામાં આવે છે, તેમ જ ટી.સી. ફોર્મના રૂ. ૨૦/- લેવાનું નક્કી કરવામાં આવે છે.

૭. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બધી જ કૉલેજોએ જૂન-૨૦૦૩થી અમલમાં આવતો યુ.જી.સી. સૂચિત અભ્યાસક્રમનો અમલ કરવાનો રહેશે.

૮. દરેક વિદ્યાર્થીને પ્રવેશ અંગેના પત્રો બી.એડ. સેલમાંથી રવાના કરવામાં આવશે. પરંતુ કોઇ વિદ્યાર્થીને આ પ્રવેશપત્ર ન મળ્યો હોય અને જે તે કૉલેજમાં પ્રવેશ યાદીમાં તેનું નામ અને વિષય પદ્ધતિની ચકાસણી કરી તેને પ્રવેશ આપી દેવો, ડુપ્લિકેટ પ્રવેશપત્રનો આગ્રહ રાખવો નહીં.

૯. બી.એડ.ના પ્રવેશ ફોર્મમાં જે પ્રવેશના નિયમો દર્શાવ્યા છે, તેનો પૂરેપૂરો અમલ કરવો.

(................)
કુલસચિવ વતી

## પરિશિષ્ટ "૩૩"

બાબત ક્રમાંક ૭

(૧)

શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪થી નવી કૉલેજો શરૂ કરવા માટે વિવિધ સંસ્થાઓ-ટ્રસ્ટો, કૉલેજો તરફથી કરવામાં આવેલી જોડાણ અરજીઓ પરત્વે નિયુક્ત કરવામાં આવેલ નીડ સમિતિની સભા તા. ૧૭-૧-૨૦૦૩ ને શુક્રવારના રોજ ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | ૧૭-૧-૨૦૦૩ |
|---|---|
| (૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| (૨) ડૉ. એમ. એન. દેસાઇ | ગેરહાજર |
| (૩) શ્રી નરહરિભાઇ એચ. અમીન | ગેરહાજર |
| (૪) શ્રી સુધીરભાઇ આઇ. નાણાવટી | ગેરહાજર |
| (૫) પ્રિ. વાડીભાઇ પટેલ | ગેરહાજર |
| (૬) શ્રી. દામુભાઇ પંચાસરા | હાજર |
| (૭) પ્રો. સુરેશચન્દ્ર દાણી | હાજર |
| (૮) પ્રો. એન. કે. પાઠક | હાજર |
| (૯) પ્રો. એન. યુ. રાજગુરુ | હાજર |
| (૧૦) ડૉ. આર. કે. પટેલ | ગેરહાજર |
| (૧૧) ડૉ. જે. એન. પંડ્યા | ગેરહાજર |
| (૧૨) પ્રિ. પી. સી. ઉપાધ્યાય | ગેરહાજર |

સભાગૃહની સંમતિથી સભાગૃહનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે સર્વસંમતિથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યા :

ઠરાવ ૧ : શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૦૩થી શરૂ થનાર કૉલેજો/સંસ્થાઓ પૈકી જે સંસ્થાઓની સંબંધિત કાઉન્સિલ તરફથી મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨ : આગામી શૈક્ષણિક વર્ષના જોડાણ માટે યુનિવર્સિટીને જે અરજીઓ મળેલ છે, તેમાં જે તે સંસ્થાની, જે તે અભ્યાસક્રમના સંદર્ભમાં આનુષંગિક માહિત-ટૂંક નોંધ સાથે આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવા ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

**કે. એસ. શાસ્ત્રી**
અધ્યક્ષ

(૨)

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી નવી કૉલેજો શરૂ કરવા માટે વિવિધ સંસ્થાઓ, ટ્રસ્ટો, કૉલોજો તરફથી કરવામાં આવેલી જોડાણ અરજીઓ પરત્વે નિયુક્ત નીડ સમિતિની સભા તા. ૨૧-૫-૨૦૦૩ અને ૨૨-૫-૨૦૦૩ના રોજ ૪-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | તા. ૨૧-૫-૨૦૦૩ | તા. ૨૨-૫-૨૦૦૩ |
|---|---|---|
| ૧. કુલપતિશ્રી | હાજર | હાજર |
| ૨. શ્રી સુધીરભાઇ નાણાવટી | હાજર | હાજર |
| ૩. શ્રી નરહરિભાઇ એચ. અમીન | ગેરહાજર | ગેરહાજર |
| ૪. શ્રી. આર. જી. ભટ્ટ | હાજર | ગેરહાજર |
| ૫. પ્રો. દેવેન્દ્રસિંહ સોલંકી | હાજર | હાજર |
| ૬. શ્રી જયેશભાઇ ઠક્કર | ગેરહાજર | ગેરહાજર |
| ૭. શ્રી. અમિતભાઇ ડી. ઠાકર | હાજર | હાજર |
| ૮. શ્રી. એન. યુ. રાજગુરુ | હાજર | હાજર |
| ૯. શ્રી. દામુભાઇ પંચાસરા | હાજર | હાજર |
| ૧૦. કમિશનર ઑફ હાયર એજ્યુકેશન, ઉ.શિ. કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર | ગેરહાજર | ગેરહાજર |

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલ સાહેબે સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે સર્વસંમતિથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યા :

ઠરાવ ૧ : જુદી જુદી સંસ્થાઓ તરફથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે જોડાણ મેળવવા મળેલ અરજીઓ પરત્વે માન. કુલપતિશ્રીએ નીમેલ પ્રાથમિક તપાસસમિતિ નીમ્યાની બાબત આવકારવામાં આવી/સ્વીકારવામાં આવી.

ઠરાવ ૨ : આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના જોડાણ માટે યુનિવર્સિટીને જે અરજીઓ મળેલ છે તે યાદી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. તેમાં દર્શાવેલ જોડાણ અરજીઓ પૈકી જે કૉલેજોના પ્રાથમિક તપાસસમિતિના હેવાલ આવી ગયેલ છે, તે સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જે સંસ્થાઓનો પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ આવેલ નથી, તે સંસ્થાઓની તાકીદે મુલાકાત લઇ ત્વરિત હેવાલ આપવામાં આવે તેમ ઠરાવવામાં આવ્યું.

જ્યારે નીચે જણાવેલ કૉલેજોની પ્રાથમિક તપાસસમિતિના હેવાલ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૩ : એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, ડ્રાઈવ-ઇન રોડ, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩ની બી.બી.એ. અભ્યાસક્રમ શરૂ કરવાની અરજી પરત્વે નીમેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં દર્શાવેલ પ્રાથમિક તપાસસમિતિની ભલામણો જોતાં આ કૉલેજની બી.બી.એ. અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રાથમિક તબક્કે નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું હતું.

ઠરાવ ૪ : બાઇ જીવકોર લલ્લુભાઇ ટ્રસ્ટ સંચાલિત મહર્ષિ રંગ અવધૂત અને સી.એ. સામરીયા મહિલા કૉમર્સ કૉલેજ, મણિનગર, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ની જોડાણ અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવેલ પ્રાથમિક સમિતિની ભલામણો જોતાં આ કૉલેજની બી.કૉમ. અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રાથમિક તબક્કે નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું હતું.

ઠરાવ ૫ : વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, સેટેલાઇટ રોડ, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩થી બી.કૉમ. સ્વનિર્ભર ધોરણે જોડાણ મેળવવાની અરજી પરત્વે માન. કુલપતિશ્રી સાહેબે નીમેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ નીડ સમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવેલ પ્રાથમિક તપાસસમિતિની ભલામણો જોતાં નીડ સમિતિએ આ સંસ્થાની બી.કૉમ. અભ્યાસક્રમ અંગેની પ્રાથમિક તબક્કે નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું. (ચર્ચા-વિચારણા દરમ્યાન શ્રી અમિતભાઇ ઠાકર સભાગૃહ સમક્ષ હાજર રહ્યા ન હતા.)

ઠરાવ ૬ : કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ-કચ્છની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩થી મહિલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ જોડાણ મેળવવાની અરજી પરત્વે માન. કુલપતિશ્રી સાહેબે નીમેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ નીડ સમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવેલ પ્રાથમિક તપાસસમિતિની ભલામણો જોતાં નીડ સમિતિએ આ સંસ્થાની મહિલા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજનો અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રાથમિક તબક્કે નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૭ : શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, એલિસબ્રિજ, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩થી બી.કૉમ. સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવાની જોડાણ અરજી પરત્વે માન. કુલપતિશ્રી સાહેબે નીમેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ નીડ સમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવેલ પ્રાથમિક તપાસસમિતિની ભલામણો જોતાં અને સદરહુ સંસ્થાની જોડાણ અરજી જોતાં શૈ. વર્ષ ૨૦૦૪ની નીડ સમિતિ સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૮ : અખિલ અમદાવાદ વ્યાયામ મંડળ, હાથીજણ, અમદાવાદની બી.પી.એડ., બી.પી.ઇ., ડિપ્લોમા ઇન યોગા અભ્યાસક્રમ શરૂ કરવાની શૈ. વર્ષ ૨૦૦૩ની જોડાણ મેળવવાની અરજી પરત્વે માન. કુલપતિશ્રી સાહેબે નીમેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ નીડ સમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવેલ પ્રાથમિક તપાસસમિતિની ભલામણો જોતાં નીડ સમિતિએ આ સંસ્થાની બી.પી.ઇ. અને ડિપ્લોમા ઇન યોગા અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રાથમિક તબક્કે નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું, જ્યારે બી.પી.એડ. અભ્યાસક્રમ અંગે સંબંધિત કાઉન્સિલની મંજૂરી આવે કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી આ સંસ્થાની બાબત પરત્વે ચર્ચાવિચારણા દરમ્યાન સભાગૃહ સમક્ષ હાજર રહ્યા ન હતા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયેલ જાહેર કરવામાં આવ્યું.

ચેરમેનશ્રી
**એ. યુ. પટેલ**
કુલપતિ

| | | |
|---|---|---|
| **શ્રી સુધીરભાઇ નાણાવટી** | **શ્રી આર. જી. ભટ્ટ** | **શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી** |
| **શ્રી અમિતભાઇ ડી. ઠાકર** | **શ્રી એન. યુ. રાજગુરુ** | **શ્રી દામુભાઇ પંચાસર** |

(૩)

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી નવી કૉલેજો શરૂ કરવા માટે વિવિધ સંસ્થાઓ, ટ્રસ્ટો, કૉલેજો તરફથી કરવામાં આવેલી જોડાણ અરજી પરત્વે નિયુક્ત નીડ સમિતિની સભા તા. ૧૯-૬-૨૦૦૩ના રોજ ૪-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | | તા. ૧૯-૬-૨૦૦૩ |
|---|---|---|
| ૧. | કુલપતિશ્રી | હાજર |
| ૨. | શ્રી સુધીરભાઇ નાણાંવટી | હાજર |
| ૩. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૪. | શ્રી. આર. જી. ભટ્ટ | હાજર |
| ૫. | પ્રો. દેવેન્દ્રસિંહ સોલંકી | હાજર |
| ૬. | શ્રી જયેશભાઇ ઠક્કર | ગેરહાજર |
| ૭. | શ્રી. અમિતભાઇ ડી. ઠાકર | હાજર |
| ૮. | શ્રી. એન. યુ. રાજગુરુ | હાજર |
| ૯. | શ્રી. દામુભાઇ પંચાસરા | હાજર |
| ૧૦. | કમિશનર ઑફ હાયર એજ્યુકેશન ઉ.શિ. કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર | ગેરહાજર |

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલ સાહેબે સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે સર્વસંમતિથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યા હતા :

ઠરાવ ૧ : હિન્દી ભાષા પ્રચાર સંઘ, રખિયાલ રોડ, અમદાવાદની વિનયન અને વાણિજ્ય અભ્યાસક્રમ અંગે શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં અને પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં આ સંસ્થાના ટ્રસ્ટી તેમજ હોદ્દેદારોને આગામી નીડ સમિતિની સભા સમક્ષ રૂબરૂ બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨ : વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, રાયપુર, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩થી વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં અને પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં ચર્ચાવિચારણાને અંતે હાલ આ બાબત મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩ : શ્રી મુક્તજીવન સ્વામિબાપા કેળવણી મંડળ, વાઘજીપુરા, સંતરોડ, તા. શહેરા, જિ. પંચમહાલની વાણિજ્ય વિદ્યાશાખા શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં ચર્ચાવિચારણાને અંતે આ સંસ્થાના મૅનેજમેન્ટના સભ્યશ્રીઓને આગામી નીડ સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૪ : શૈ. વર્ષ ૨૦૦૩થી રામકૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં અને તે અંગનો પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ તેમજ સંસ્થા શૈ. વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી આ અભ્યાસક્રમ શરૂ કરવા માગતી ન હોવાની રજૂઆત જોતાં આ સંસ્થાની આ અરજી શૈ. વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું અને તે અંગેની જાણ સંસ્થાને કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૫ : પારૂલ આરોગ્ય સેવા મંડળ, મુ.પો. લીમડા, તા. વાઘોડિયાની વાણિજ્ય વિદ્યાશાખાના અભ્યાસક્રમની નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં તેમજ સંસ્થાની શૈ. વર્ષ ૨૦૦૩થી આ અભ્યાસક્રમ શરૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત જોતાં આ સંસ્થાની આ અરજી શૈ. વર્ષ ૨૦૦૪ માટે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૬ : શ્રી એસ. પી. પટેલ આર્ટ્સ કૉલેજ, મુ. સીમાલિયા, તા. ઘોઘંબાની શૈ. વર્ષ ૨૦૦૩થી વાણિજ્ય વિદ્યાશાખાનો નવો અભ્યાસક્રમ શરૂ કરવાની અરજી જોતાં તેમજ જોતાં આ ટ્રસ્ટ હેઠળની કૉલેજના પ્રશ્નો જોતાં શૈ. વર્ષ ૨૦૦૩થી વાણિજ્ય વિદ્યાશાખાના નવા અભ્યાસક્રમ અંગે જોડાણ આપી શકાય નહીં તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૭ : શૈ. વર્ષ ૨૦૦૩થી હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ વિજ્ઞાન વિદ્યાશાખાનો નવો અભ્યાસક્રમ શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં ચર્ચાવિચારણાના અંતે આ સંસ્થાની આ અભ્યાસક્રમ અંગેની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૮ : વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩થી બી.પી.એડ.ની નવી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે સંસ્થાએ શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની અસંમતિ દર્શાવેલ હોવાથી, ચર્ચાવિચારણાને અંતે આ સંસ્થાની આ અરજી શૈ. વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૯ : વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, રાયપુર, અમદાવાદની બી.પી.એડ., બી.પી.ઇ. અને યોગાના અભ્યાસક્રમ અંગે અભ્યાસક્રમની નવી કૉલેજ શરૂ કરવાની અરજી જોતાં તેમજ સંસ્થાની શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની જોડાણ અરજી પરત્વે સંસ્થાએ શૈ. વર્ષ ૨૦૦૩થી અસંમતિ દર્શાવેલ હોવાથી ચર્ચાવિચારણાને અંતે આ સંસ્થાની આ અરજી શૈ. વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે ફરીથી યોગ્ય સમયે સમિતિ સમક્ષ મૂકવાનું રાખવું તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૦ : તુલીપ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની બી.એસસી. ફાયર અને ડિપ્લોમા ઇન ડીઝાસ્ટર મૅનેજમેન્ટના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નિયુક્ત પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી આગામી નીડ સમિતિની સભા સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૧ : શ્રી નરનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની જૂન-૨૦૦૩થી બી.એસસી. ફાયર વિષયનો નવો અભ્યાસક્રમ અંગેની નવી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસ સમિતિનો હેવાલ જોતાં તેમજ કેસ પેપર્સ જોતાં આ સંસ્થાની અભ્યાસક્રમ અંગેની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૨ : આર. એચ. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નવા વાડજ, અમદાવાદની શૈ. વર્ષ ૨૦૦૩થી કાયદા વિદ્યાશાખાના અભ્યાસક્રમ અંગેની નવી કૉલેજ શરૂ કરવાની અરજી તેમજ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની મંજૂરી આવ્યેથી અરજી અંગે વિચારણા કરવામાં આવશે તેમજ તે અંગેની જાણ સંસ્થાને કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૩ : પ્રેમમંદિર ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની વિનયન અને વાણિજ્ય અભ્યાસક્રમ શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની અરજી પ્રરત્વે નિયુક્ત પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૪ : શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવકમંડળ દાસા, મુ. મોરા, જિ. પંચમહાલની વિનયન વિદ્યાશાખાના નવા અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નિયુક્ત પ્રાથમિક તપાસ સમિતિનો હેવાલ જોતાં ચર્ચાવિચારણાને અંતે આ સંસ્થાની શૈ. વર્ષ-૨૦૦૩થી વિનયન વિદ્યાશાખાના અભ્યાસક્રમ અંગેની નવી કૉલેજ શરૂ કરવાની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૫ : ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવકમંડળ દાસા, મુ. સંતરોડ, જિ. પંચમહાલની વિનયન વિદ્યાશાખાના નવા અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે સંસ્થાના તારીખ ૯-૬-૨૦૦૩ના પત્રની વિગતો ધ્યાને લઇ તેઓ આ અરજી અંગે કોઇ કાર્યવાહી કરવા માગતા ના હોઇ, ચર્ચાવિચારણાને અંતે આ અરજી દફતરે કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૬ : સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ, પીપળિયાની કાયદા વિદ્યાશાખાના નવા અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની મંજૂરી મળેથી અરજી અંગે કાર્યવાહી કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૭ : એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની કાયદા વિદ્યાશાખાના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં તેમજ આ અંગે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની મંજૂરી આવ્યેથી અરજી અંગે વિચારણા કરવાનું તેમજ આ અંગેની જાણ સંસ્થાને કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૮ : શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ, ઘાટલોડિયા, અમદાવાદની વિનયન અને વાણિજ્ય અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે આ અંગે સંસ્થા તરફથી મૌખિક રીતે જાણવા પ્રમાણે ૧૦ દિવસ સુધીમાં આ અંગેનો પત્ર આવે તો તે પછી પ્રાથમિક ચકાસણી સમિતિ મોકલવી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૧૯ : સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ બી.પી.એડ. અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં તેમજ કેસ પેપર્સ જોતાં આ સંસ્થાની એન.સી.ટી.ઇ.ની મંજૂરી આવ્યેથી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૦ : સ્વામિ ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ બી.બી.એ.નો અભ્યાસક્રમ શીખવવાની નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૧ : શ્રી સંસ્કૃતિ પ્રતિષ્ઠાન, અમદાવાદની બી.બી.એ.નો અભ્યાસક્રમ શીખવવાની નવી કૉલેજ શરૂ કરવાની શૈ. વર્ષ ૨૦૦૩ની અરજી પરત્વે આ સંસ્થા અંગેના તમામ કેસ પેપર્સ જોતાં આ અભ્યાસક્રમ અંગે સંસ્થાને જો રસ હોય તો આ સંસ્થા નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગેનું સ્થળ તેમજ પ્રાથમિક તપાસ સમિતિ તપાસ અંગે જાય ત્યારે જવાબદાર હોદ્દેદાર/વ્યક્તિ સ્થળ પર હાજર રહેશે તેની અત્રે જાણ કર્યેથી પ્રાથમિક તપાસસમિતિ મોકલવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૨ : એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ બી.એસસી. (ઇલેક્ટ્રોનિક્સ) અભ્યાસક્રમ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવા અંગેની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિ નિયુક્ત કરવાનું તેમજ તે અંગેનો હેવાલ આગામી નીડ સમિતિ સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૩ : એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ બી.બી.એ. અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નિયુક્ત પ્રાથમિક તપાસ સમિતિનો હેવાલ નીડ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે જોતાં આ સંસ્થાની શૈ. વર્ષ ૨૦૦૩થી બી.બી.એ.નો નવો અભ્યાસક્રમ શરૂ કરવાની નીડ પ્રશથાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૪ : શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, અમદાવાદની વાસદ ખાતે શૈ. વર્ષ ૨૦૦૩થી બી.બી.એ.ના અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે સંસ્થાએ આ અભ્યાસક્રમ શરૂ કરવાની અરજી પરત ખેંચેલ હોઇ અરજી દફતરે કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૫ : શિવમ્ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, કલોલની બી.બી.એ. અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસ સમિતિનો હેવાલ જોતાં આ સંસ્થાની અભ્યાસક્રમ અંગેની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૬ : વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની બી.બી.એ. અભ્યાસક્રમ અંગે શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિ તાકીદે સંસ્થાની મુલાકાત લઇ હેવાલ આપે તેમ ઠરાવવામાં આવ્યું.

ઉપરોક્ત સંસ્થાની બાબત પરત્વે ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી અમિતભાઈ ઠાકર સમિતિના નિર્ણય સમયે ગેરહાજર રહ્યા હતા.

ઠરાવ ૨૭ : મધુ ફાઉન્ડેશન, અમદાવાદની બી.બી.એ. અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં સંસ્થાની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૮ : વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદની બી.બી.એ. અભ્યાસક્રમ અંગે નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે સંસ્થાની શૈ. વર્ષ ૨૦૦૩થી આ અભ્યાસક્રમ શરૂ કરવાની અસંમતિ જોતાં શૈ. વર્ષ ૨૦૦૩ અંગે કંઇ કરવાનું રહેતું નથી જ્યારે શૈ. વર્ષ ૨૦૦૪ માટે આ બાબત મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૨૯ : અવધ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરની વાણિજ્ય વિદ્યાશાખાના સ્વનિર્ભર ધોરણે શૈ. વર્ષ ૨૦૦૩થી કૉલેજ શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસ સમિતિનનો હેવાલ જોતાં હાલ આ બાબત મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૦ : ડૉ. ઠાકોરભાઇ બી. પટેલ, પ્રમુખશ્રી કેળવણી ટ્રસ્ટ, જૂના પાદરા, વડોદરાની શૈ. વર્ષ ૨૦૦૩થી વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ (સ્વનિર્ભર ધોરણે) શરૂ કરવાની અરજી પરત્વે પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં આ સંસ્થાની વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવાની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૧ : બાઈ જીવોકર લલ્લુભાઇ, મણિનગર, અમદાવાદની મણિનગર ખાતે બી.કૉમ. અભ્યાસક્રમની શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ (સ્વનિર્ભર ધોરણે) શરૂ કરવાની અરજી પરત્વે અગાઉ તા. ૨૧-૫-૨૦૦૩ અને તા. ૨૨-૫-૨૦૦૩ની સભામાં નિર્ણય થઇ ગયેલ હોઇ આ બાબત પરત્વે કશું કરવાનું રહેતું નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૨ : વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની બી.કૉમ. અભ્યાસક્રમની શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ (સ્વનિર્ભર ધોરણે) શરૂ કરવાની અરજી પરત્વે અગાઉ તા. ૨૧-૫-૨૦૦૩ અને તા. ૨૨-૫- ૨૦૦૩ની સભામાં નિર્ણય થઇ ગયેલ હોઇ આ બાબત પરત્વે કશું કરવાનું રહેતું નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૩ : કચ્છ વિદ્યાપ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ-કચ્છની બી.કૉમ. અભ્યાસક્રમની શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ (સ્વનિર્ભર ધોરણે) શરૂ કરવાની અરજી પરત્વે અગાઉ તા. ૨૧-૫-૨૦૦૩ અને તા. ૨૨-૫-૨૦૦૩ની સભામાં નિર્ણય થઇ ગયેલ હોઇ આ બાબત પરત્વે કશું કરવાનું રહેતું નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૪ : શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, એલિસબ્રિજ, અમદાવાદની બી.કૉમ. અભ્યાસક્રમની શૈ. વર્ષ ૨૦૦૩થી નવી કૉલેજ (સ્વનિર્ભર ધોરણે) શરૂ કરવાની અરજી પરત્વે અગાઉ તા. ૨૧-૫-૨૦૦૩ અને તારીખ ૨૨-૫-૨૦૦૩ની સભામાં નિર્ણય થઇ ગયેલ હોઇ આ બાબત પરત્વે કશું કરવાનું રહેતું નથી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૫ : શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવકમંડળ, દાસા, ધાનપુર ખાતે વિનયન વિદ્યાશાખાની નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી આગામી નીડ સમિતિમાં રજૂ કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૬ : કે. કે. શાહ જરોદવાલા, મણિનગર સાયન્સ કૉલેજ, મણિનગર અમદાવાદ વિજ્ઞાન વિદ્યાશાખામાં નવો બોટાની/ઝૂલોજી વિષય શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં આ અરજી શૈ. વર્ષ ૨૦૦૪ માટે ગ્રાહ્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ૩૭ : ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદની બી.એસસી./એમ.એસસી. ઇન કૉમ્પ્યુટર સાયન્સ ઍન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિષયના અભ્યાસક્રમ અંગેની નવી કૉલેજ શૈ. વર્ષ ૨૦૦૩થી શરૂ કરવાની અરજી પરત્વે નીમાયેલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ જોતાં આ સંસ્થાની આ અભ્યાસક્રમ અંગેની નીડ પ્રસ્થાપિત થાય છે તેમ ઠરાવવામાં આવ્યું.

(ઉપરોક્ત ઠરાવ ક્રમાંક ૩૭ની બાબત પરત્વે ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી સુધીરભાઇ નાણાવટી સમિતિ સમક્ષ હાજર રહ્યા ન હતા.)

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી.

## પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ

અમે નીચે સહી કરનાર ત્રણમાંના બે પ્રાથમિક તપાસસમિતિના સભ્યોએ આજરોજ તા. ૨-૬-૨૦૦૩ ના રોજ ૧૨-૦૦થી ૩-૦૦ દરમિયાન હિન્દી ભાષા પ્રચાર સંઘ સંચાલિત, રખિયાલ—પૂર્વ વિસ્તાર અમદાવાદમાં જૂન ૨૦૦૩થી હિન્દી માધ્યમની વિનયન અને વાણિજ્ય કૉલેજ શરૂ કરવાની અરજી કરેલ છે તેની રૂબરૂ તપાસમાં ગયા હતા. ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી (પ્રમુખ)ની ગેરહાજરીમાં તે જ ટ્રસ્ટની સ્કૂલના આચાર્યશ્રી શર્માજીની જોડે મૌખિક પૂછપરછ અને તપાસ કરી હતી. અમને એમ લાગે છે કે–

(૧) વિનયન અને વાણિજ્ય એ પરંપરાગત અભ્યાસક્રમ અને વિષયો શીખવતી કૉલેજ છે, જેમાંની બંને ફેકલ્ટીની મળી અમદાવાદ શહેરમાં જ ૧૦૦ની આસપાસ કૉલેજો ચાલે છે, તો એક વધારાની કૉલેજ શરૂ કરવાની શી જરૂર છે?

(૨) આ ટ્રસ્ટ ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજ શરૂ કરવા માગે છે. હાલમાં સરકાર નાણાકીય જવાબદારી ઓછી કરવા માટે સેલ્ફ ફાઇનાન્સ કૉલેજોને મંજૂરી આપવા માંડી છે, ત્યારે ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજને સરકાર તથા યુનિવર્સિટી મંજૂર કરે તેવી શક્યતા જણાતી નથી.

(૩) આ ટ્રસ્ટ હિન્દી માધ્યમની કૉલેજ શરૂ કરવા માગે છે અને તે પણ ગ્રાન્ટેબલ. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન હિન્દી માધ્યમની ગ્રાન્ટેબલ વિનયન અને વાણિજ્યની એક કૉલેજ અમદાવાદ શહેરમાં ચાલે છે તો બીજી પરંપરાગત (trasitional) અભ્યાસક્રમવાળી કૉલેજ શરૂ કરવી અર્થહીન અને હેતુ વિહીન અમને લાગે છે.

(૪) શર્માજી જોડે ચર્ચામાંથી એવું લાગ્યું કે વિદ્યાર્થીઓની સંખ્યા અને નાણાકીય સાધનોની દૃષ્ટિએ આ કૉલેજની સક્ષમતા (Viability) ઘણી ઓછી જણાય છે.

(૫) વિનયન વિદ્યાશાખામાં કયા કયા વિષયો તેઓ શીખવવા માગે છે? કૉલેજ પાસે કેટલી ભૌતિક સુવિધાઓ (ક્લાસરૂમ, લાઇબ્રેરી, સ્ટાફરૂમ વગેરે) તેમજ કૉલેજ ચલાવવા નાણાં ક્યાંથી લાવવાં વગેરે બાબતો અંગે તેઓ સ્પષ્ટ નથી એટલે કે Clearity નથી, They are not aware and not mentally prepaired but we felt that they are rather confused.

જો કૉલેજની મંજૂરી મળે તો અમે બધી વ્યવસ્થા કરીશું એવો સંદિગ્ધ જવાબ હતો.

(૬) કૉલેજ શરૂ થાય તો ભવિષ્યમાં કૉલેજનું અલગ મકાન બનાવવા માટે જમીન અને તેનો પ્લાન લે આઉટ (નકશો) બિનખેતીનું સર્ટિફિકેટ (જો ખેતર હોય તો) ૭ અને ૧૨નો ઉતારો વગેરે કાગળો જોડાણ માટેની અરજીની સાથે જોડેલ ન હોઇ, આ કાગળો ૫મી જૂન-૦૩ સુધીમાં યુનિવર્સિમાં રજૂ કરવાની સૂચના આપી છે.

(૭) હિન્દી માધ્યમની કૉલેજમાં ભણાવવા માટે આપ આચાર્ય, અધ્યાપકોની ભરતી, નિમણૂક કેવી રીતે અને કયાંથી કરશો? તેના ઉત્તરમાં યુ.પી., બિહાર, રાજસ્થાન વગેરે જગ્યાએથી મેળવી શકાય એવું તેમનું વિધાન અને વલણ અમોને અવ્યવહારું અને અનુચિત લાગે છે.

(૮) અમે તપાસમાં એ પણ પૂછ્યું કે ધારો કે સરકાર આપને ગ્રાન્ટ ન આપે તો સેલ્ફ ફાઇનાન્સ ધોરણે કૉલેજ ચલાવી શકશો ? તો તેમણે બહુ સ્પષ્ટ કહ્યું કે, 'ના', અમારે તો ગ્રાન્ટ મળે તો જ કૉલેજ શરૂ કરવી છે. સ્વનિર્ભર કૉલેજ નહીં.

(૯) આ વિસ્તારની લોકાલિટી-રખિયાલ, બાપુનગર, ગોમતીપુર, ચમનપુરા, અમરાઇવાડી, ખોખરા વગેરેમાં પ્રમાણમાં ગરાબ અને નીચલા મધ્યમવર્ગની વસ્તી હોઇ, સ્વનિર્ભર અને તે પણ વિનયન અને વાણિજ્યની સક્ષમતા-viability નથી અને ગ્રાન્ટેબલ કૉલેજની મંજૂરીની શક્યતા (સરકાર તરફથી) નહીંવત છે. તેથી;

(૧૦) અમે સમિતિના સભ્યો એવા તારણ પર આવ્યા છીએ કે આ કૉલેજને જૂન, ૨૦૦૩થી શરૂ કરવાની માન્યતા કે જોડાણ આપી શકાય તેમ નથી.

સહી

**સરમણ વી. ઝાલા**

**અર્ચના ર. ધોળકિયા**

પ્રાથમિક તપાસસમિતિના સભ્યો

**વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા સૂચિત સેલ્ફ ફાયનાન્સ કૉમર્સ કૉલેજ અંગેનો પ્રાથમિક ચકાસણી સમિતિનો હેવાલ**

તા. ૩-૬-૨૦૦૩ના રોજ ગુજરાત યુનિવર્સિટીની પ્રાથમિક ચકાસણી સમિતિએ વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનની ઑફિસની મુલાકાત લીધી હતી અને પછી સૂચિત સેલ્ફ ફાયનાન્સ કૉમર્સ કૉલેજની સાઇટની પણ મુલાકાત લીધી હતી. સમિતિને પ્રાથમિક ચકાસણી દરમ્યાન જાણવા મળ્યું કે ઉપર્યુક્ત ટ્રસ્ટની આર્થિક સ્થિતિ સંતોષકારક છે. આ ટ્રસ્ટ છેલ્લાં બત્રીસ વર્ષથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૬ કૉલેજો ચલાવે છે. ટ્રસ્ટના વાર્ષિક હિસાબો ઑડિટ થાય છે. સૂચિત કૉલેજ માટેની કેટલીક ભૌતિક સુવિધાઓ અત્યારે હાલ ઉપલબ્ધ છે. બાકીની સુવિધાઓ ટ્રસ્ટ મંજૂરી મળ્યા પછી ટૂંક સમયમાં ઊભી કરવા તૈયાર છે. સૂચિત કૉલેજ મિશ્ર પ્રકારની છે. સૂચિત કૉલેજ માટેના સ્થળની રજૂઆત આજુબાજૂના વિસ્તારમાં ધોરણ બાર ચલાવતી લગભગ ત્રીસેક શાળાઓ છે. અને આ વિસ્તારમાં ચારેક કિલોમીટરના અંતરે માત્ર એક જ કૉલેજ જે.જી. કૉલેજ ઑફ કૉમર્સ આવેલી છે. એશિયા સ્કૂલમાં બી.સી.એ. કૉલેજ છે. આ સિવાય આ વિસ્તારમાં બીજી કૉલેજ નથી. તેથી વિદ્યાર્થી સંખ્યા મળવામાં મુશ્કેલી નહીં પડે એમ લાગે છે. આ મુદ્દાઓ અંગે ચકાસણી કર્યા પછી સમિતિને લાગ્યું છે કે સૂચિત સેલ્ફ ફાયનાન્સ કૉમર્સ કૉલેજને મંજૂરી આપવામાં કશો વાંધો નથી. તેથી સમિતિ તે માટે સર્વાનુમતે ભલામણ કરે છે.

તા. ૪-૬-૨૦૦૩

(૧) **ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**
(૨) **ડૉ. કૃષ્ણા ગોસ્વામી**
(૩) **ડૉ. કીર્તિદા જોશી**
સમિતિના સભ્યો

**શ્રી મુક્તજીવન સ્વામિબાપા કેળવણી મંડળ, વાઘજીપુરા, શહેરા, પંચમહાલનો પ્રાથમિક ચકાસણી હેવાલ**

આપના તા. ૨૩-૫-૨૦૦૩ના પત્ર ક્રમાંક ઍકેડેમિક-૫૬૨૮૫-૨૦૦૩ના પત્રના અનુસંધાનમાં અમે ઉપરોક્ત સંસ્થાની મુલાકાત તા. ૭-૬-૨૦૦૩ના રોજ શનિવારે લીધી હતી. અમે ત્યાં મુલાકાત લેવાના છીએ એ અંગે કોઇ જાણકારી ઉપર્યુક્ત સંસ્થાને મળી ન હતી. તેમ છતાં આ સંસ્થાના હોદ્દેદારોએ સહકાર સારો આપ્યો હતો. યુનિવર્સિટી આપેલ મુદ્દાઓ આધારિત અમારાં નિરીક્ષણો નીચે મુજબ છે :

**(૧) ટ્રસ્ટની આર્થિક સ્થિતિ અને સામાજિક સ્થિતિ :**

ટ્રસ્ટના હોદ્દેદારો એ વિસ્તારના પ્રતિષ્ઠિત નાગરિકો છે અને કેટલાક કેળવણી સાથે સંકળાયેલા છે. મુખ્ય આધાર અમદાવાદના સ્વામિનારાયણ સંપ્રદાયના મુક્તજીવન સ્વામીજીની, મણિનગર સંસ્થા છે જે પ્રણેતા પણ છે. ટ્રસ્ટને નામે પંચમહાલ, વડોદરા ગ્રામીણ બૅન્ક ખાતામાં ૮-૪-૦૨ની તારીખે રૂ. ૨૬,૯૬,૦૭૯નું બેલેન્સ છે. હાલની સ્થિતિનું પ્રમાણપત્ર સંસ્થા ટૂંક સમયમાં જ આપશે.

**(૨) સૂચિત કૉલેજ માટે ભૌતિક સુવિધાઓ :**

ટ્રસ્ટની પોતાની જમીનમાં પાયાનું ખોદકામ થયેલ છે. પ્લાન ટ્રસ્ટ તરફથી દર્શાવ્યો હતો જે યોગ્ય જણાયો છે. મકાન બને ત્યાં સુધી (ત્રણ મહિના) ત્યાંથી ૧ કિ.મી.ને અંતરે ભાડાના મકાનમાં કૉલેજ શરૂ થઇ શકે તેમ છે. આ મકાન બતાવવામાં આવ્યું હતું, જેમાં ૬ ઓરડા અને ઑફિસ વગેરે માટે અગલ ઓરડા છે. ખુલ્લી જગ્યા છે. જેનો પ્લાન સંસ્થાએ ફાઇલમાં મૂકેલ છે. જે કામચલાઉ અર્થે યોગ્ય લાગે છે.

સંસ્થાને ૭-૧૨નો ઉતારો અને ફાઇનલ પ્લાન આપવા જણાવેલ છે.

**(૩) સૂચિત કૉલેજ મિશ્ર પ્રકારની છે.**

**(૪) સૂચિત કૉલેજમાં મળવાપાત્ર વિદ્યાર્થીની સંખ્યાના સ્તોત્ર :**

શહેરા તાલુકામાં એક પણ કૉલેજ નથી, વિદ્યાર્થી કાંકણપુર કે ગોધરા જાય છે, જે તેમને દૂર પડે છે. અહીં કૉલેજ થાય તો સંખ્યા મળે તેમ છે. આ અંગે અમે થોડાક વિદ્યાર્થીઓને પણ મળ્યા હતા અને અભિપ્રાય પૂછ્યો હતો જે સાનુકૂળ જણાયો હતો.

**(૫) સૂચિત કૉલેજની આસપાસ ક્યા અભ્યાસક્રમ શીખવતી કઇ કૉલેજ અંદાજે કેટલા કિ.મી. અંતરે આવેલી છે?**

પંચમહાલ જિલ્લામાં ગોધરા, લુણાવાડા, સંતરામપુર, દેવગઢબારીયા, દાહોદ, કાલોલ, હાલોલ ખાતે વિનયન, કૉમર્સ અને વિજ્ઞાન કૉલેજો છે, પણ શહેરા તાલુકામાં નજીક કોઇ કૉલેજ નથી ૧૦ કિ.મી.થી ૨૦ કિ.મી. દૂર કૉલેજો છે આ વિસ્તારમાં કૉલેજની જરૂર જણાઇ છે.

આપના વિશ્વાસુ,
**ડૉ. અરવિંદ ભાંડારી**
ભાષા ભવન
**ડૉ. કાર્તિક ભટ્ટ**
સમાજ વિદ્યાભવન

## નવી કૉલેજના જોડાણની ચકાસણી બાબત પ્રાથમિક ચકાસણી સમિતિનો હેવાલ

મા. સાહેબશ્રી,

આપના પત્ર ક્રમાંક નં. ઍકેડેમિક-૫૬૨૮૫-૨૦૦૩, તા. ૨૩-૫-૨૦૦૩ મુજબ નવી કૉલેજ રામકૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ, આશ્રમરોડ, (વાણિજ્ય)ની પ્રાથમિક ચકાસણીની સમિતિમાં અમારી નિમણૂક કરવામાં આવેલ હતી તે મુજબ તપાસ કરતાં સદરહુ કૉલેજના ટ્રસ્ટીઓને આ વર્ષે કૉલેજ શરૂ કરવી નથી, તેવી વાત તેમણે ફોન ઉપર જણાવેલ છે, તેથી ચકાસણી કરવાની રહેતી નથી, તે આપને સુવિદિત થાય.

ડૉ. નીલોત્પલા ગાંધી

ડૉ. વિકેશ પંડ્યા

## શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવક મંડળ પ્રાથમિક ચકાસણી સમિતિનો હેવાલ

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપને જણાવવાનું કે શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવક મંડળ દાસા, દ્વારા સંતરોડ મુકામે કૉલેજ શરૂ કરવાની માગણી કરી હતી હાલ ટૂંકા સમયગાળામાં તૈયારી થઇ શકે તેમ નથી. સદર મંડળ સંતરોડ વિનયન કૉલેજ શરૂ કરવા માગતુ નથી એટલે આપની જાણ અર્થે આ પત્ર લખી મોલવામાં આવે છે જે અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

શ્રી એસ. આર. ભાંભોર

## હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ

પ્રાથમિક તપાસસમિતિના સભ્યો :

૧. ડૉ. એમ. એલ. જોષી (રીડર)

૨. ડૉ. અશ્વિન જન્સારી (વ્યાખ્યાતા)

૩. ડૉ. ચાંદબીબી શેખ (વ્યાખ્યાતા)

ઉપરોક્ત ત્રણ સભ્યોની સમિતિએ હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણના મંડળની રૂબરૂ મુલાકાત તા. ૩-૬-૨૦૦૩ના રોજ લીધી હતી, મંડળના માનદ્‌મંત્રી શ્રી મુકુંદ પી. શાહ, કારોબારી સભ્યશ્રી, સુરેશભાઇ અને આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી સુતરિયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક તપાસસમિતિના સભ્યોએ આ મંડળ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ તથા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના મકાનો તથા સંકુલની જમીન વગેરેનું અવલોકન કર્યું હતું, વિગતવાર હેવાલ આ મુજબ છે :

ઉપરોક્ત ટ્રસ્ટની સ્થાપના ઇ.સ. ૧૯૭૩માં થઇ છે. આ ટ્રસ્ટ ઇ.સ. ૧૯૭૩થી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલોજ ચલાવે છે. જેમાં ગત વર્ષે કુલ વિદ્યાર્થી સંખ્યા ૧૫૨૬ હતી. આ ઉપરાંત આ ટ્રસ્ટ નર્સરી અને કે.જી. થી શરૂ કરી ધો. ૧૨, સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ ધરાવતી અને અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમની બે ઉ. મા. શાળાઓ ચલાવે છે. ગુજરાતી માધ્યમની ઉ. મા. શાળાના ધો. ૧૨ના (વિજ્ઞાન પ્રવાહ) વર્ગમાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં ૯૧ વિદ્યાર્થીઓ હતા. પરિણામ ૫૩ ટકા આવતાં ધો. ૧૨, (વિજ્ઞાન પ્રવાહ) પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૬ છે, જેમાં ૧૦ જેટલી છોકરીઓ છે, આ ઉપરાંત હાલોલમાં ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી બીજી ત્રણ ઉ. મા. શાળાઓ છે. જેનાં નામ આ મુજબ છે :

૧. એમ. જી. એમ. હાઇસ્કુલ ધો. ૧૧-૧૨ (વિજ્ઞાન) એક-એક વર્ગ

૨. એમ. એસ. હાઇસ્કૂલ ધો. ૧૧-૧૨ (વિજ્ઞાન) એક-એક વર્ગ

૩. કલરવ હાઇસ્કૂલ ધો. ૧૧-૧૨ (વિજ્ઞાન) એક-એક વર્ગ

હાલોલ, કાલોલ અને બોડેલી એમ ત્રણ તાલુકાઓ માટે એક પણ વિજ્ઞાન કૉલેજ નથી. હાલોલથી વડોદરા ૪૦ કિ.મી.ના અંતરે છે, જ્યાં એમ. એસ. યુનિવર્સિટીમાં અંગ્રેજી માધ્યમ હોવાથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી. ગોધરા ૪૦ કિ.મી. અંતરે છે, ત્યાં વિજ્ઞાન કૉલેજ છે. આ ઉપરાંત લુણાવાડા ૮૦ કિ.મિ. અંતરે છે, ત્યાં વિજ્ઞાન કૉલેજ છે. એટલે આ પછાત પ્રદેશમાં વિજ્ઞાન કૉલેજ શરૂ થાય તો ઉપયોગી બને એવું સમિતિના સભ્યોને લાગ્યું છે. ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી છોકરીઓને વધુ અભ્યાસ માટેની વિજ્ઞાન કૉલેજની જરૂરિયાત છે.

હાલોલ નજીક જી.આઇ.ડી.સી.માં ચાલતા ફાર્મસી અને અન્ય ઉદ્યોગોમાં વિજ્ઞાન સ્નાતકોની જરૂર છે. આ બીજું મહત્ત્વનું કારણ વિજ્ઞાન કૉલેજ શરૂ કરવા માટે અમને જણાયું છે.

સંસ્થા પાસે આર્ટ્સ-કૉમર્સ કૉલોજમાં કુલ ૨૦ ખંડ, બંને ઉ. મા. શાળાઓના કુલ ૬૮ વર્ગખંડો છે. જો વિજ્ઞાન કૉલેજનો સમય સવારનો રખાય તો આમાંથી ઘણા વર્ગખંડો વિજ્ઞાન કૉલેજ માટે ઉપયોગમા લઇ શકાય. આર્ટ્સ-કૉમર્સ કૉલેજનું ગ્રંથાલય છે. ઉ. મા. શાળાની ભૌતિક, રસાયણ અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળાઓ છે, જે હમણાં

પ્રારંભિક ધોરણે વિજ્ઞાન કૉલેજ માટે વાપરી શકાય તેમ છે. સંસ્થા પાસે કુલ ૧૦ એકર જેટલી જમીન છે, તેમાં ભવિષ્યમાં વિજ્ઞાન કૉલેજનું અલાયદું મકાન બનાવવાની સંસ્થાએ તૈયારી બતાવી છે.

સંસ્થા પાસે રૂ. ૨૦ લાખ જેટલું ભંડોળ છે, આ પૈકી રૂ. ૧૫ લાખની એફ.ડી. રસાદો અમને દર્શાવી છે. આર્થિક બાબતોના પુરાવા તરીકે ગત વર્ષમાં ઑડિટ-રિપોર્ટ મોકલવા મંત્રીશ્રીએ ખાતરી આપી છે. આ ઉપરાંત જમીનની માલિકી અંગેના પૂરાવા તથા હાલોલ શહેરની ઉ. મા. શાળાઓના આચાર્યોના પત્રો બે થી ત્રણ દિવસમાં મોકલવા અંગે મંત્રીશ્રીએ મૌખિક વચન આપ્યું છે.

આ પછાત પ્રદેશમાં જો વિજ્ઞાન કૉલેજ શરૂ થાય તો ખૂબ ઉપયોગી બને એવું અમને લાગે છે. સવિશેષ છોકરીઓને વિજ્ઞાન વિદ્યાશાખામાં ઉચ્ચ અભ્યાસની તકો મળી શકે.

સંસ્થાએ આપેલ માહિતીનો પત્ર

તા. ૪-૬-૨૦૦૩

**ડૉ. એમ. એલ. જોષી**
**ડૉ. અશ્વિન જન્સારી**
**ડૉ. ચાંદબીબી શેખ**

## વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદનો પ્રાથમિક ચકાસણી રિપોર્ટ

આપશ્રીને જણાવવાનું કે, ગુજરાત યુનિવર્સિટીના પરીપત્ર નં. ઍકેડેમિક-૫૬૨૮૫-૨૦૦૩ તા.૨૩-૫-૨૦૦૩ મુજબ વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ (બી.પી.એડ્.)ની પ્રથમિક ચકાસણી સમિતિમાં અમારી નિમણૂંક કરવામાં આવેલ છે.

તા. ૯-૬-૨૦૦૩ ને સોમવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે અમોએ ઉપરોક્ત સંસ્થાની મુલાકાત લીધેલી હતી. તે સમય આ સંસ્થામાં કોઇ જવાબદાર વ્યક્તિ હાજર ન હતી અમોએ ટેલિફોન દ્વારા શ્રી અમિતભાઇ ઠાકર, ટ્રસ્ટી સાથે વાતચીત કરેલ હતી. તેઓશ્રીએ અમને જણાવેલ કે અગાઉ આ સંસ્થાએ અરજી કરેલ હતી, પરંતુ આ વર્ષે કૉલેજ શરૂ કરવાની તેમની વિચારણા નથી. અમોએ તેમને જણાવેલ કે આ બાબતની માહિતી યુનિવર્સિટીને ત્વરિત મોકલી આપે.

સંસ્થાને કૉલેજ શરૂ કરવાની વિચારણા ન હોઇ સંબંધિત મુદ્દાઓના હેવાલની જરૂરિયાત રહેતી નથી, તે જાણ સારું.

આભારસહ,

આપનો વિશ્વાસુ,
**હરીશ ઓઝા**
**કૌશિક રાવલ**
**ફલેવીયા લોબો**

## શ્રી નરનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, ઝુંડાલ, મુ. પો. ગાંધીનગરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ નવા વિષય ફાયર ટેકનોલોજી-બી.એસસી. (સેલ્ફ ફાઇનાન્સ)

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે સ્થાનિક તપાસસમિતિના ત્રણે સભ્યોએ આજરોજ કૉલેજની મુલાકાત લીધી હતી.

કૉલેજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બ્રીજેશ પ્રભુદાસ પટેલ તથા અન્ય ટ્રસ્ટી પ્રભુદાસ મણિલાલ પટેલ વગેરે હાજર રહ્યા હતા અને તેમની સાથે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

કૉલેજે બી.એસસી. ફાયર ટેકનોલોજી વિષયમાં નવું જોડાણ માગેલ છે. આ સંદર્ભમાં અમોએ જાતે જમીન-બિલ્ડિંગ અને તેને સંબંધી પુરાવાઓ (દસ્તાવેજ)ની ચકાસણી કરેલ છે. જમીન પૂરતા પ્રમાણમાં છે અને બાંધકામ ચાલુ છે. કૉલેજ ટ્રસ્ટની હાલની આર્થિક સ્થિતિ ઠીક દેખાય છે.

આ બધી બાબતને ધ્યાનમાં લઈને જણાય છે કે બાંધકામ પૂર્ણ થયા બાદ અને પૂરતા પ્રામાણમાં જરૂરી સામાન આવ્યા બાદ બી.એસસી. ફાયર ટેકનોલોજીના વિષયમાં કોર્સ શરૂ કરી શકાય.

આપના વિશ્વાસુ,
**એમ. વી રાવ**
**દિપ્તીબેન ત્રિપાઠી**
**રાજશ્રી જોટાણીયા**

## પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ

**આર. એચ. પટેલ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજે માગેલ લૉ કલેજના યુનિવર્સિટી જોડાણનો પ્રાથમિક ચકાસણી હેવાલ**

જયભારત સાથે લખવાનું કે ઉપરોક્ત સંસ્થા આર. એચ. પટેલ આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજે, વાડજ, અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી સાથે લૉ કૉલેજ માટેના નવા જોડાણ અંગેની પ્રાથમિક ચકાસણી કરવા અંગે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર એક કમિટીની રચના કરવામાં આવી હતી, જેના અમો ત્રણ સભ્યશ્રીઓ :

૧. પ્રો. આર. જે. વર્મા

૨. પ્રો. એચ. એન. હાઇલેન્ડ

૩. પ્રો. બળદેવભાઇ પટેલ

ઠરાવવામાં આવ્યા હતા.

પ્રાથમિક ચકાસણી માટે અમો તા. ૫-૬-૨૦૦૩ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે ઉપરોક્ત કૉલેજ પર સ્થળ પરની મુલાકાત માટે ગયા હતા, જેનો રિપોર્ટ નીચે મુજબ છે :

૧. સંસ્થાએ આપેલ વિગત મુજબ તેઓશ્રીએ બાર કાઉન્સિલ જોડે કોઇ પત્રવ્યવહાર કરેલ નથી (તેમ જ તેમની લાઇબ્રેરીમાં લૉ શાખાનાં પુસ્તકોની કોઈ વ્યવસ્થા કરેલ નથી)ને જોડાણ મળ્યા પછી કરશે તેવું જણાવે છે.

૨. ઉપરોક્ત જોડાણવાળી લૉ કૉલેજ તેઓ સેલ્ફ ફાઇનાન્સ ધોરણે ચલાવવા માગે છે જે માટે હાલમાં તેઓ જ ભાડાના મકાનમાં સવારની આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ચલાવે છે તે જ મકાનમાં બપોર અથવા સાંજના સમયે લૉ કૉલેજ ચલાવવાનું જણવે છે. મકાનની ભાડા કરાર તેમજ તેનો પ્લાન આ સાથે સામેલ છે.

૩. સંસ્થાની આર્થિક સધ્ધરતાનાં પુરાવા રૂપે છેલ્લાં ત્રણ વર્ષના ઑડિટ રિપોર્ટ આ સાથે સામેલ છે. બીજી કોઈ ફિક્સ્ડ ડિપોઝિટ કે બૅન્ક સ્ટેટમેન્ટ જોડેલ નથી.

૪. આ સૂચિત કૉલેજની આસપાસ ત્રણથી ચાર કિ.મી.માં બીજી કોઈ કૉલેજ આવેલ નથી, તેમજ વિસ્તારનો વ્યાપ જોતાં તેમણે સૂચવેલ ૧૦૦ વિદ્યાર્થી લૉ કૉલેજ માટે મળી શકે તેમ છે.

૫. સૂચિત લૉ કૉલેજ તેઓ જૂન : ૨૦૦૪થી શરૂ કરવા માગે છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લઇ આપશ્રી ઘટતી કાર્યવાહી કરવા યોગ્ય કરશો.

આભાર સહ,

તા. ૫-૬-૨૦૦૩

**પ્રો. આર. જે. વર્મા**
**પ્રો. એચ. એન. હાઇલેન્ડ**
**પ્રો. બળદેવભાઇ પટેલ**

**પ્રેમમંદિર ચેરિટેબલ ટ્રસ્ટ, ઘાટલોડિયા, પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

અમો સર્વે સમિતિના સભ્યો આજ રોજ તા. ૨૦-૬-૦૩ના રોજ ઉપરોક્ત સંસ્થાની રૂબરૂ મુલાકાત બપોરે ૧૨-૦૦ વાગ્યે ઉપરોક્ત સંસ્થાના સરનામે, સેકટર-૬, એલ.બી. એપાર્ટમેન્ટ પાસે, ચાણક્યપુરી, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ જઇ આવ્યા છીએ, અમારું તારણ :

૧. ઉપરોક્ત સરનામે સંસ્થા કાર્યરત હોય તેવાં કોઇ ચિહ્નો જણાતાં નથી.

૨. ત્યાં સંસ્થાનું કાર્યાલય, કોઇ કાર્યકર કે સંસ્થાના નામનું સાઇનબોર્ડ હતાં નહીં.

૩. આસપાસના રહીશોને પૂછતાં જાણવા મળેલ છે કે ટ્રસ્ટીઓએ કૉલેજ/સ્કૂલ બનાવવાનું માંડીવાળ્યું છે.

લિ. આપનો વિશ્વાસુ,
**એન. કે. યાદવ**
**એમ. એન. પટેલ**
**મીનુ શરાફ**

**શ્રી ગુજરાત રાજ્ય રામ વનવાસી સેવા યુવક મંડળ દ્વારા સૂચિત વિનયન કૉલેજ અંગેનો પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા રચાયેલ તપાસસમિતિએ તા. ૯-૬-૨૦૦૩ના રોજ ઉપર્યુક્ત મંડળની ઑફિસે દાસા મુકામે પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને પછી સમિતિ મોરા મુકામે સૂચિત કૉલેજ માટે સ્થળની મુલાકાતે પણ ગઇ હતી. સમિતિના સભ્યોએ મંડળના પ્રમુખ તથા અન્ય પદાધિકારીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી, અને યુનિવર્સિટીની ગાઇડ લાઇન્સ પ્રમાણેની વિગતોની ચકાસણી કરતાં જણાયું કે, પ્રસ્તુત મંડળ દ્વારા વર્ષોથી અનેક શિક્ષણ સંસ્થાઓ ચાલી રહી છે. મંડળની આર્થિક અને સામાજિક સ્થિતિ સંતોષકારક છે. સૂચિત કૉલેજની આજુબાજુમાં પંદર-વીસ કિલોમીટરના વિસ્તારમાં કોઇ વિનયન કૉલેજ નથી, અને દશેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હોવાથી આ મિશ્ર પ્રકારની કૉલેજને સંખ્યા મેળવવામાં મુશ્કેલી પડે તેમ નથી, અત્યારે સંસ્થા પાસે મોટા ચાર ખંડનું મકાન હોવાથી ત્રણેક વર્ગો તે શરૂ કરી શકે તેમ છે. મંજૂરી મળશે તો આગામી શૈક્ષણિક વર્ષ સુધીમાં જરૂરી નવું મકાન તૈયાર કરવાની મંડળની વિચારણા છે. આ અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં સૂચિત કૉલેજ થવાથી ખાસ કરીને એ વિસ્તારની બહેનોને ઉચ્ચ શિક્ષણ મેળવવું સરળ બને તેમ હોઈ સમિતિ સર્વાનુમતે સૂચિત કૉલેજને મંજૂરી આપવા ભલામણ કરે છે.

સમિતિના સભ્યો :

**ડૉ. કે. એમ. કુલકર્ણી**

**ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

**ડૉ. માલતી મહેતા**

**એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, લૉ કૉલેજનો પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના તા. ૨૩-૫-૨૦૦૩ના પત્ર નં. ઍકેડેમિક-૫૬૨૮૫-૨૦૦૩ની સૂચના અનુસાર તારીખ ૨૯-૫-૨૦૦૩ના રોજ પ્રાથમિક તપાસસમિતિના સભ્યો સર્વશ્રી પ્રિ. કે. જે. પટેલ, પ્રિ. એસ. કે. મન્સુરી, પ્રિ. યુ. એમ. પટેલે કૉલેજના ડ્રાઇવ-ઈન રોડ પર આવેલ સ્થળની રૂબરૂમાં મુલાકાત લીધી હતી.

સંસ્થા તરફથી ટ્રસ્ટના સેક્રેટરી શ્રી નાયર સાહેબ તથા સંસ્થાના ડાયરેકટરશ્રી સૌરભભાઇ ચોકસી રૂબરૂમાં હાજર રહ્યા હતા. અને જરૂરી માહિતી પૂરી પાડી હતી. સંસ્થાએ શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૦૩થી સ્વનિર્ભર ધોરણે લૉ કૉલેજ શરૂ કરવા માટે યુનિવર્સિટીને જરૂરી ફી ભરીને અરજી કરી છે.

યુનિવર્સિટીએ જે બાબત અંગેની માહિતીનો આગ્રહ રાખ્યો છે તે તમામ માહિતી નીચે પ્રમાણે છે :

૧. ટ્રસ્ટની આર્થિક સ્થિતિ ઘણી સંતોષકારક છે. આ અંગે ઇન્ડિયન ઓવરસીઝ બૅંકમાં મૂકેલ રૂ. ૬૪,૭૯,૦૫૮ની ડિપોઝિટ અંગેનું બૅંકે આપેલ પ્ર. પત્રની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

૨. સંસ્થાનું પોતાનું છ માળનું મકાન આગવું છે. જેમાં પાંચમા માળે જ્યાં કુલ ૧૬ વર્ગખંડો છે. તે માળ પર સૂચિત લૉ કૉલેજ શરૂ કરવાનું આયોજન છે. આ માળ પર બી.સી.એ. કૉલેજ માટે ૩ વર્ગખંડોનો ઉપયોગ થાય છે. બાકીના વર્ગખંડો સૂચિત લૉ કૉલેજ માટે ઉપલબ્ધ રહેશે. આ તમામ વર્ગખંડો પૂરતી જગ્યા અને તમામ સુવિધાઓવાળા છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે પણ અલગ રૂમ ફાળવી શકાય તેમ છે. જરૂરી સુવિધાવાળું પુસ્તકાલય, સ્પોર્ટરૂમ વગેરે અંગે પણ પૂરતી વ્યવસ્થા થઇ શકે તેમ છે.

૩. સૂચિત લૉ કૉલેજ મિશ્ર પ્રકારની છે.

૪. સૂચિત કૉલેજને નારણપુરા, ઘાટલોડિયા, થલતેજ, મેમનગર, વસ્ત્રાપુર, બોડકદેવ જેવા વિકસિત વિસ્તારોમાંથી જરૂરી સંખ્યામાં પૂરતા વિદ્યાર્થીઓ મળી શકે તેમ છે કારણ કે લૉ ગાર્ડનથી પશ્ચિમના વિસ્તારમાં એક પણ લૉ કૉલેજ નથી.

૫. આ કૉલેજથી ૬ કી.મી.ના અંતરે સર એલ. એ. શાહ લૉ કૉલેજ તથા તેટલા જ અંતરે ટી. સી. ત્રિવેદી લૉ કૉલેજ (નવગુજરાત કૉલેજ કેમ્પસ) પર આવેલી છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં લેતાં સંસ્થાની નજીકમાં બીજી કોઇ સંસ્થા લૉ કૉલેજ ચલાવતી ન હોવાથી સમિતિના સભ્યો આથી સર્વાનુમતે સૂચિત સ્વનિર્ભર લૉ કૉલેજ શરૂ કરવા માટેની મંજૂરી આપવા ભલામણ કરે છે.

તા. ૨૯-૫-૨૦૦૩

**પ્રિ. કે. જે. પટેલ**

**પ્રિ. એસ. કે. મનસુરી**

**પ્રિ. યુ. એમ. પટેલ**

**એસ. એન. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનો પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

આથી અમો નીચે સહી કરનાર ત્રણ પ્રાથમિક તપાસસમિતિના સભ્યો આજ રોજ તા. ૩૧-૫-૨૦૦૩ના ૧૨-૦૦થી ૩-૦૦ દરમિયાન સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ. એન. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં જૂન-૨૦૦૩થી બી.પી.એડ. કૉલેજ શરૂ કરવા માગે છે, તેના જોડાણ માટેની પ્રાથમિક તપાસ માટે રૂબરૂ મુલાકાતે ગયા હતા. ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટીશ્રી નટવરલાલ જોઇતારામ પટેલની જોડેથી મૌખિક પૂછપરછ કરી હતી. ચર્ચા કરતાં અમને લાગે છે કે :

(૧) આ ટ્રસ્ટની અરજીમાં માત્ર ત્રણ જ કાગળો છે, એટલે અપૂરતી અને અધૂરી વિગતો છે.

(૨) આ ટ્રસ્ટની ખૂટતી માહિતી (વિગતો) બે દિવસમાં યુનિ.માં રજૂ કરવાની રહેશે તે પછી જ જોડાણ અંગેની તપાસ થઇ શકે.

(૩) ટ્રસ્ટઓને અમે કઇ કઇ વિગતો ખૂટે છે તેની યાદી (કાગળો) લખાવી છે.

(૪) આ ટ્રસ્ટ બી.પી.એડ. કૉલેજ શરૂ કરવા માગે છે તે સ્થળ ગોઝારિયા (જિ. ગાંધીનગર) અને ઇટાદરાની વચ્ચે આવેલ છે. આ સ્થળે (૧) મેદાન (૨) વર્ગખંડો (૩) છાત્રાલય તેમજ અનેય ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત થઇ શકે તેમ છે કે કેમ? તેની સ્થળ પરની તપાસ કરવી જરૂરી હોઇ, સમિતિના સભ્યો આ ટ્રસ્ટે દર્શાવેલ જગ્યાની મુલાકાત રૂબરૂમાં લીધા પછી જ જોડાણ અંગેની આગળની કાર્યવાહી થઇ શકે.

(૫) ટ્રસ્ટ તરફથી અમે માગેલી અધૂરી વિગતોની પૂર્તતા બે દિવસમાં કરે ત્યાર પછી તરત જ સમિતિના સભ્યો ગોઝારિયાની સૂચિત જગ્યાની મુલાકાત લઇ અભ્યાસ અને તપાસ કર્યા પછી તેનો આ અંગેનો અંતિમ હેવાલ (Report) રજૂ કરશે ત્યાં સુધીમાં આ અહેવાલ પ્રાથમિક અને હંગામી (એડહોક) ગણાશે.

આભારસહ,

**પ્રો. સરમણ વી. ઝાલા**
**પ્રો. કાર્તિક ભટ્ટ**
**પ્રો. વિકેસ પંડ્યા**

**Report of the Primary Examination Committee for the Bhagavadacharyaji Education trust (B.B.A. Course)**

We, the undersigned members of the primary Examination Committee for affiliation visited the office of the above said trust in the context of their demand for affilitation with Gujarat University for the proposed B.B.A.College.

As per your letter No. Academic/56285/2003 dtd. 23-5-03, we considered the main guidelines mentioned in the letter and have tried to the information required by you. We visited the trust office housed at Prabhudas Thakkar at Paldi on 3rd June 2003 during 12-00 to 3-00 p.m. where the Managing Trustee and another member of the Trust were available for the necessary interaction. After detailed discussion and physical verification of the premises we would like to report the following :

1. Although the availability of physical space/rooms appears to be adequate to start a new B.B.A. college, the quality and maintenance of the infrastructure appears to be extremely poor. This may be a major constraint in attracting students for the proposed self-financed course in which the fees are likely to be higher than that of the granted colleges.
2. In the context of increasing the demand for their B.B.A. Course, the trustees have shown the willingness to adopt a moderate fee structure. However, the economics has not been worked out yet. We, the committee memberss do not feel convinced about the viability of the proposed course at this juncture.
3. We did ask for last three year's Balance sheet of the Trust as well as the academic results of Final year students of the colleges presently run by the Trust to establish their financial and academic standing which they could not furnish on the spot.
4. From the list of their current academic staff only three permanent faculty members exist in the Commerce college where the number of students were relatively Larged. Considering this the strength of the teachers appears to be quite inadequate and also raises about the quality of education imparted here.
5. Apparenly, there is no other B.B.A. college in the nearly vicinity. Mdoreover, the trustees anticipate to divert some commerce students to B.B.A. college. However, we have the apprehension about the availability of quality students for the B.B.A. course. To substantiate this, Gujarat University can look into the academic profile of the students seeking admission in this college.

6. We could also understand that there are some internal conflicts and court cases going on amongst the Trustees themselves. This may have implications on the efficient running of the course.
7. Given the facts that around 50% of the B.B.A.seats have remained vacant during the last couple of years, the need for the new B.B.A. college cannot be jusitfied.

   Considering the above points, we do not suggest for the affiliation of the proposed college with the Gujarat University.

Thanking You,

Yours sincerely,

**Dr. Archana R. Dholakia**

**Dr. Sujati O. Sony**

**શ્રી સાંસ્કૃતિ પ્રતિષ્ઠાન દ્વારા બી.બી.એ. કૉલેજ શરૂ કરવા અંગેનો પ્રાથમિક ચકાસણી સમિતિનો હેવાલ**

તા. ૨-૬-૨૦૦૩ના રોજ ઉપર્યુક્ત સમિતિએ સી.જી. રોડ, પર આવેલ સાંસ્કૃતિ પ્રતિષ્ઠાનની ઑફિસે રૂબરૂ મુલાકાત લીધી હતી. ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી વિપુલ શાહ ત્યાં ઉપસ્થિત હતા. તેમણે અમને જણાવ્યું કે, આ ટ્રસ્ટમાંથી મેં અને અન્ય સઘળા ટ્રસ્ટીઓએ રાજીનામાં આપી દીધાં છે અને હવે નવા ટ્રસ્ટીઓએ વહીવટ સ્વીકાર્યો છે અને તેથી ટ્રસ્ટની ઑફિસ આ સ્થળે નથી. તે અન્યત્ર ખસેડવામાં આવી છે.

સહી

**ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

**ડૉ. એ.સી. બ્રહ્મભટ્ટ**

**ડૉ. કૌશિક સી. રાવલ**

**એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.બી.એ. કૉલેજની પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના તા. ૧૬-૫-૨૦૦૩ના પત્ર નં. ઍકેડેમિક-૨૧-૫૦૮૦૬-૨૦૦૩ના સંદર્ભમાં તારીખ ૨૩-૫-૨૦૦૩ના રોજ પ્રાથમિક તપાસસમિતિના સભ્યોએ કૉલેજની રૂબરૂમાં મુલાકાત લીધી હતી.

સંસ્થા તરફથી આચાર્યશ્રી સૌરભ ચોકસી તેમજ ટ્રસ્ટના શ્રી મેનન એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર રૂબરૂમાં હાજર રહ્યા હતા અને જરૂરી માહિતી પૂરી પાડી હતી. સંસ્થા દ્વારા શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૦૩થી બી.બી.એ.ની નવી કૉલેજ શરૂ કરવા માટે યુનિવર્સિટીને જરૂરી ફી ભરી અરજી કરી છે.

સંસ્થાને પોતાનું છ માળનું આગવું મકાન છે જેમાં પાંચમા માળે સૂચિત બી.બી.એ.ની કૉલેજ શરૂ કરવા માગે છે. આ માળ ઉપર હાલમાં બીજા કોઇ શૈક્ષણિક વર્ગો કે કોર્સ ચાલતા નથી. સદરહુ ફ્લોર માત્ર બી.બી.એ. કૉલેજ માટે વપરાશે તેવી સંસ્થાએ બાંહેધરી આપી છે. નવી કૉલેજ શરૂ કરવા માટે જરૂરી સુવિધાવાળા પૂરતા વર્ગખંડો છે તેમજ વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓ માટે જરૂરી જુદી વ્યવસ્થા તેમજ અદ્યતન સુવિધાવાળું પુસ્તકાલય, સ્પોર્ટરૂમ તેમજ વ્યાખ્યાતાઓ માટે અલાયદો રૂમ પણ ઉપલબ્ધ છે.

નવી કૉલેજ શરૂ કરવા માટે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે જરૂરી ડિપોઝિટ જમા કરાવવાની તેમજ જોડાણના નિયમોનું પાલન કરવાની સંસ્થાએ ખાતરી આપી છે.

ઉફરોક્ત સદરહુ બાબતે ધ્યાનમાં લેતાં આ સંસ્થાની નજીકમાં બીજી કોઇ સંસ્થા દ્વારા બી.બી.એ.નું શિક્ષણ આપતી કૉલેજ ન હોવાથી સમિતિના સભ્યો આથી સર્વાનુમતે બી.બી.એ.ની સૂચિત કૉલેજ શરૂ કરવાની મંજૂરી આપવા માટેની યુનિવર્સિટી સત્તામંડળો સમક્ષ કૉલેજના જોડાણ માટે ભલામણ કરે છે.

તા. ૨૩-૫-૨૦૦૩

**પ્રિ. એન. યુ. રાજગુરુ**

**પ્રો. દામુભાઇ પંચાસરા**

**પ્રિ. એન. કે. પાઠક**

**શિવમ્ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, કાલોલ (બી.બી.એ. પ્રોગ્રામ) પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ**

આ સમિતિના બે સભ્યો પ્રો. એમ. વી. રાવ, પ્રો. આર. જે વર્મા તા. ૬-૬-૨૦૦૩, શુક્રવારના રોજ કાલોલ ખાતે શિવમ્ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, બી.બી.એ. પ્રોગ્રામની ચકાસણી માટે સવારે ૧૧-૦૦ વાગ્યે કૉલેજ સ્થળની મુલાકાત લીધી હતી. જેનો હેવાલ નીચે મુજબ છે :

(૧) આ સંસ્થા બી.બી.એ. પ્રોગ્રામ (સેલ્ફ ફાઇનાન્સ) વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં શરૂ કરવા માગે છે.

(૨) ટ્રસ્ટના ત્રણ વર્ષનો ઑડિટ રિપોર્ટ અને ફિક્સ ડિપોઝિટની નકલો આ હેવાલમાં આપની જાણ માટે સામેલ છે.

(૩) સૂચિત કૉલેજ માટે ટ્રસ્ટ તરફથી જમીન (૩.૫ એકર) લીધેલ છે. જેના ઉપર બાંધકામ હાલ ચાલુ છે. બિલ્ડિંગનો પ્લાન થોડા દિવસોમાં ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીમાં મોકલવામાં આવશે. જે છ મહિનામાં પૂર્ણ થવાની શક્યતા છે. (જમીનના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ રિપોર્ટ સાથે સામેલ છે.) હાલમાં બી.બી.એ.નો પ્રોગ્રામ ટ્રસ્ટ તરફથી રેન્ટેડ બિલ્ડિંગ, ડેરોલ ગામ કેળવણી મંડળ, ડેરોલ ગામ ખાતે ચલાવવા માગે છે. હાલમાં બી.સી.એ. પ્રોગ્રામ ત્યાં જ ચાલે છે. ત્યાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે. સ્ટાફની નિમણૂક શૈક્ષણિક, બિનશૈક્ષણિક યુનિવર્સિટીના નિયમો પ્રમાણે તાત્કાલિક કરવામાં આવશે. ગ્રંથાલયનાં પુસ્તકોની પણ તાત્કાલિક સુવિધા કરવામાં આવશે તેની ખાતરી આપી છે. જેમાં પત્ર રિપોર્ટ સાથે સામેલ છે.

(૪) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં બી.બી.એ.ની કૉલેજ આવેલ નથી. સૂચિત કૉલેજ મિશ્ર પ્રકારની રહેશે. જેમાં બી.બી.એ. પ્રોગ્રામ અને બી.સી.એ. પ્રોગ્રામ ચલાવવામાં આવશે. સૂચિત કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ જેટલી રહેશે.

(૫) શિવમ્ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત પી.પી. ચૌહાણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ યુવક મહોત્સવ ૨૦૦૨-૨૦૦૩નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો રિપોર્ટ પણ હેવાલ સાથે સામેલ છે.

આ સંદર્ભમાં ઘટતું કરવા વિનંતી.

આભારસહ.

**પ્રો. એમ. વી. રાવ**
**પ્રો. આર. જે. વર્મા**

### પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ

આપના તા. ૨૩-૫-૨૦૦૩ના પત્ર ક્ર. ઍકેડેમિક-૫૬૨૮૫-૨૦૦૩ અનુસાર તા. ૪-૬-૨૦૦૩ના રોજ અમે નવું ફાઉન્ડેશનની દરખાસ્ત અંગે પ્રાથમિક ચકાસણી કરી હતી. યુનિવર્સિટીએ દર્શાવેલ નીચેના મુદ્દાઓ અંગે અમારાં નિરીક્ષણો નીચે મુજબ છે :

(૧) ટ્રસ્ટની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ : ફાઇલમાં ટ્રસ્ટના હેતુઓ અંગે સ્પષ્ટતા નથી. ટ્રસ્ટ ડીડની નકલ સામેલ નથી. ટ્રસ્ટને નામે ખાતામાં કેટલી રકમ છે તે જણાવેલ નથી. પૂછવામાં આવતાં આયકર પ્રમાણપત્ર અને સોલ્વન્સી પ્રમાણપત્ર બે દિવસમા રજૂ કરશું એમ કહ્યું હતું.

(૨) સૂચિત કૉલેજની ભૌતિક સુવિધા : ટ્રસ્ટે દર્શાવેલ જગ્યાનો નકશો ફાઇલમાં છે. સ્થળ પર કોઇ મકાન છે નહીં. ટ્રસ્ટ દ્વારા હાલ ટ્રસ્ટની ઑફિસ મણિપ્રભુ, નવરંગ સ્કૂલ ચાર રસ્તા પાસે એક માળ પર બી.બી.એ. અને બી.સી.એ.નો એક એક વર્ગ ચાલુ કરવાની રજૂઆત કરી. આ સ્થળ મૂળ દર્શાવેલ થલતેજ ખાતેના સ્થળથી દૂર (૪-૫ કિ.મી.) છે. આ મકાનમાં હાલ સુવિધા નથી. વર્ગખંડ, ઑફિસ વગેરેની સગવડ મંજૂરી મળતાં કરવામાં આવશે એમ રજૂઆત થઇ. પાર્કિંગની સગવડ નથી.

(૩) સૂચિત કૉલેજ મિશ્ર પ્રકારની છ? હા.

(૪) સૂચિત કૉલેજમાં મળવાપાત્ર વિદ્યાર્થી સંખ્યાના સ્રોત : સૂચિત સ્થળ થલતેજ ખાતે છે. જ્યાં સંખ્યાનો સ્રોત બતાવેલ છે. ટ્રસ્ટની ઑફિસ ખાતે સંખ્યાના સ્રોત અંગે ટ્રસ્ટી નિશ્ચિત નથી.

(૫) સૂચિત કૉલેજની આસપાસની કૉલેજો : સૂચિત સ્થળ થલતેજ વિસ્તારમાં નજીકમાં જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ છે. પણ ટ્રસ્ટ દ્વારા હાલના મકાનથી નવરંગપુરા વિસ્તારની કૉલેજો નજીક છે.

ઉપરના મુદ્દા (૧)ના સંદર્ભમાં જે કાગળો - નકલ આપવાનાં હતાં તે તા. ૭-૬-૦૩ સુધી ટ્રસ્ટ તરફથી અમને મળ્યા નથી.

સહી
**પ્રો. અરવિંદ ભંડારી**
**પ્રો. અશ્વિન જન્સારી**

### અવધ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર પ્રાથમિક તપાસસમિતિનો હેવાલ

તા. ૪-૬-૨૦૦૩

ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ અવધ પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા નવી સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ શરૂ કરવાની દરખાસ્ત પરત્વે રૂબરૂ સ્થળ નિરીક્ષાર્થે ગયા હતા. અમારી મુલાકાત દરમ્યાન ટ્રસ્ટ વતી શ્રી અરૂણભાઇ રાજપૂત હાજર રહ્યા હતા. તેઓએ અમને વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

(૧) ટ્રસ્ટની આર્થિક સ્થિતિ અત્યંત સબળ અને સધ્ધર છે અને ટ્રસ્ટમાં સમાજમાં મોખરાનું સ્થાન ધરાવતા સેવાભાવી ટ્રસ્ટીઓ છે અને નવી સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ માત્ર શૈક્ષણિક હેતુથી જ શરૂ કરવાનો હેતુ રહેલો છે.

(૨) ટ્રસ્ટીશ્રી અરૂણભાઇ રાજપૂતે આપેલી માહિતી, જમીનના દસ્તાવેજોનું કરાયેલું નિરીક્ષણ અને રૂબરૂમાં બતાવેલી જગ્યાને જોતા ટ્રસ્ટ પાસે માળખાગત પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે.

(૩) સૂચિત કૉલેજ માત્ર સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સની શરૂ કરવા માગે છે તેમ ટ્રસ્ટની અરજી પરથી અને રૂબરૂ ચર્ચાથી માલૂમ પડે છે.

(૪) સૂચિત કૉલેજ નવી વિકસી રહેલી જગ્યામાં શરૂ થઇ રહેલી છે જે જગ્યાએ ટ્રસ્ટ સૂચિત કૉલેજ શરૂ કરવા માગે છે તેની આસપાસના વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલી છે અને આ સોસાયટીના રહીશોના ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નજીકના વિસ્તારમાં લાભ મળી રહે તેમ છે.

(૫) સૂચિત કૉલેજની આસપાસમાં સાબરમતી તરફના વિતસ્તારમાં ૮ કિ.મી.ના અંતરે કૉલેજ આવેલી છે જ્યારે સૂચિત કૉલેજથી ગાંધીનગરમાં આવેલી કૉલોજો ૧૫ કિ.મી. અંતરે આવેલી છે.

(૬) ટ્રસ્ટીશ્રી અરૂણભાઇ રાજપૂતના જણાવ્યા અનુસાર ટ્રસ્ટ આ નવી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ જૂન-૨૦૦૪થી પોતાના નવા મકાનમાં શરૂ કરવા ઇચ્છે છે.

A meeting of State Level Committee on determination of fees in private non-aided colleges in the state of Gujarat constituted under the University Grants Commission's order no. F-1-2/98 (CPP-II) dated 20/01/2000, was held on 2nd May, 2003. Based on that the State Level Committee recommended a comprehensive fee structure for various courses.

Taking into account the recommendations of the State Level Committee the maximum ceiling of annual fees to be charged by the Self-Financed institution in the state for the academic year 2003-2004 shall be as under :

| No. | Name of the Course | Fees Per Annum (in Rs) |
|---|---|---|
| 1. | B.B.A. | 10,000/- |
| 2. | B.C.A. | 15,000/- |
| 3. | B.Com. | 2,500/- |

| | | |
|---|---|---|
| 4. | B.Ed. | 15,000/- |
| 5. | B.P.E.(3years course) | 15,000/- |
| 6. | B.P.Ed. | 15,000/- |
| 7. | B.Sc. Fire | 15,000/- |
| 8. | Diploma in Yoga | 6,000/- |
| 9. | Home Science | 5,000/- |
| 10. | B.Sc. Medical | 5,000/- |

* Note : Maximum in take per class will be as per University reconmendations

B.B.A. = Bachelor of Business Administration
B.C.A. = Bachelor of Computer Application
B.Com. = Bachelor of Commerce.
B.Ed. = Bachelor of Education
B.P.Ed. = Bachelor of Physical Education (1 year course)
B.P.E. = Bachelor of Physical Education (3 year course)

1. The Self finance institutions would fill up 15% of the seats on their own as management quota. However, while doing so, they shall maintam the principle of transparency and merit 85% of the total seats in each course shall be treated as general seats to be filled in accordance with the principle of merit as per the relevant system existing in various Universities.
2. The Fee determined as above the maximum a private non-aided institution can charge for the aforesaid 85% of seats. All the self financed institutions have to fix the fees for various courses within the maximum ceiling prescribed. No institution shall charge any fees other than mentioned above under any circumstances except for boarding and lodging and transport facilities, if provided on actual basis.
3. The Hon. Supreme Court in TMA Pai Foundation and others versus State of Karnataka and Others, case has suggested for establishment of scholarship fund for the benefit of economically backward students. In addition to this the government has carefully considered the existing circumstances in Gujarat State. The sex ratio has been going down and female dropouts at school level are a cause of worry. The government has initiated a concerted effort to deal with these problems by emphasizing on expansion of the educational infrastructure for girl's education in the state. Since this is a mammoth task, the society as a whole should contribute, in accordance with the judgment of the Supreme court in TMA Pai foundation case and in accordance with the objectives and goal of the government, self financed institutions should charge 25% fee over and above the fee prescribed above from the students admitted against the managment quota only. Self Financed instutions will have to open a separate account in nationalized Banks and credit the proceed to that account and at the end of quarter credit coumulative process to the Kanya Kelavani Nidhi.
4. The new fee structre shall be applicable to the fresh batch of students to be admitted in the current academic year 2003-2004, in all private unaided institutions in the state. The existing students shall not be subjected to such changes and shall continue to be governed by the present fee structure as notified vide Government of Gujarat Notification No. KGT/SFI/Fee/ 2002/8750 dated 7th Septeber, 2002.
5. For the purpose of payment of fees, an academic year shall be divided into two terms/ semesters. The fees shall be recoverable in advance for a terms/semester at the beginning of the term semester.
6. The structure of fees indicated above shall be levied by the institutions only after the syllabus/ courses have been approved by the competent authority.
7. The University shall furnish a copy of the University Grants Commission (Regulation of Admission and fees in Private Non-aided Professional Institutions) Regulations, 1997 to every private non-aided institution.
8. The private non-aided institution shall comply with all the norms prescribed by the University Grants Commission, the University and the State Government, as the case may be, in respect of teacher student ratio, strength of faculty (number and cadre), scales of pay and allowances and facilities to be provided.

By order and in the name of the Government of Gujarat.

Deputy Secretary
to The Government of Gujarat
Education Department.

## પરિશિષ્ટ "૪૦"

બાબત ક્રમાંક ૧૦(૮)

### સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી. મહાવીર જૈન એજ્યુકેશન કૉલેજ, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ, જૂન ૨૦૦૩ થી શરૂ કરવામાં આવનાર નવી બી.એડ. કૉલેજ માટે તા. ૧૬-૬- ૦૩ના રોજ સ્થાનિક તપાસસમિતિએ સવારે ૧૦-૦૦ કલાકે સંસ્થાની મુલાકાત લીધી હતી. સ્થળ ઉપર સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી ડૉ. બી.એમ. મોદી હાજર રહી માહિતી પૂરી પાડી હતી. જેને આધારે અમો નીચે મુજબનો હેવાલ આપીએ છીએ :

૧. શ્રી. મહાવીર જૈન એજ્યુકેશન કૉલેજને એન. સી. ટી. ઈ., ડબલ્યુ. આર. સી. ભોપાલનાં પત્ર નં. ડબલ્યુ. આર. સી/એલ.૩૨/૨૦૦૩/૨૬૪૦,૫ જૂન ૨૦૦૩, ૨૦૦૩/૪ થી બી.એડ. નો કોર્સ શરૂ કરવાની માન્યતા આપવામાં આવેલ છે. આ સંસ્થાનું સંચાલન શ્રી. ઘંટાકર્ણ મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ કરે છે.

૨. દર બી.એડ. કૉલેજને ગુજરાત રાજ્ય તરફથી તેમજ ગુજરાત યુનિવર્સિટી તરફથી એન.ઓ.સી. આપવામાં આવેલ છે.

૩. ............................................

૪. આ બી.એડ. કૉલેજ પાસે એન. સી. ટી. ઈ. ભોપાલ અને ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબની તમામ સવલતો જેવા કે જરૂરી વર્ગખંડો, પ્રયોગશાળા, મનોવિજ્ઞાન ખંડ, તેમજ બાથરૂમ, જાજરૂ, લેડીઝરૂમ તેમજ વોટરકૂલર વગેરેની વ્યવસ્થા છે.

૫. આ સંસ્થા પાસે શિક્ષણના તેમજ ઈતર વાચનનાં નામાંકી જર્નલ્સ વસાવેલ છે.

૬. મનોવિજ્ઞાનની પ્રયોગશાળામાં અલગ અલગ ટેસ્ટની કસોટીઓ તેમજ મનોવિજ્ઞાનની કસોટીઓ જેવી કે બુધ્ધિ, અભિયોગ્યતા, આર્થિક-સામાજિક માપદંડ, વગેરે મહત્વની છે.

૭. આ સંસ્થા સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવશે અને આ સંસ્થાનો વધારાનો ખર્ચ ટ્રસ્ટ દ્વારા ઉઠાવવામાં આવશે.

૮. સંસ્થાએ એન. સી. ટી. ઈ. ના ધારાધોરણ મુજબ આચાર્ય અને સાત અધ્યાપકોની નિમણૂક કરી છે. જો આ શૈક્ષણિક સ્ટાફમાં કોઈ હાજર ન થાયતો ઓપન ઈન્ટરવ્યૂ રાખી ગુજરાત યુનિવર્સિટીની મંજૂરી લઈને તે પ્રકારની કાર્યવાહી કરવાની રહેશે.

૯. આ સંસ્થામાં ગુજરાત યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા ૮૫ બેઠકો અને મેનેજમેન્ટ ક્વોટા હેઠળ ગુણવત્તાના ધોરણે ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

૧૦. આ સંસ્થાના વર્ગો માત્ર ગુજરાતી માધ્યમમાં ચલાવવાનાં રહેશે.

૧૧. આ સંસ્થાએ સહશિક્ષણની સંસ્થા રહેશે.

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ વહીવટી સ્ટાફની ભરતી કરેલ છે.

૧૩. આ સંસ્થાએ તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને ધારાધોરણ મુજબ પગાર તેમજ ભથ્થા તેમજ પ્રોવિડંડ ફંડની સવલત આપવાની રહેશે.

૧૪. સંસ્થાએ વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટી તેમજ સરકારની સ્ટેટ લેવલ કમિટી દ્વારા નક્કી કરેલ ફીઝ વસૂલ લેવાની રહેશે.

૧૫. જે અધ્યાપકોએ યુ.જી.સી.ના નિયમ મુજબ નેટ કે સ્લેટની પરીક્ષા પસાર કરેલ ન હોય તેમણે ઉપરોક્ત પરીક્ષા પસાર કરવાની રહેશે.

૧૬. આ સંસ્થામાં શરૂ કરેલ બી.ઓ. ની વિષય પધ્ધતિની યાદી દિન ૩ માં યુનિવર્સિટીમાં મોકલવાની રહેશે.

૧૭. વિજ્ઞાનની પ્રયોગશાળામાં જીવવિજ્ઞાનનાં મોડલ્સ સંસ્થાએ વસાવવાનાં રહેશે.

૧૮. ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આ સંસ્થાની ડિપોઝિટ પેટે રૂ. ૧૨,૦૦,૦૦૦/- રૂપિયા બાર લાખ જમા કરાવવાનાં રહેશે.

૧૯. આ સંસ્થાએ એન. સી. ટી. ઈ.ના એકેડેમિક નોર્મ્સ પ્રમાણે શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

૨૦. બી.એડ.નો નવો અભ્યાસક્રમ જૂન ૨૦૦૩થી અમલમાં આવી રહ્યો છે તે અભ્યાસક્રમનો અમલ કરવાનો રહેશે.

ઉપરોક્ત જોગવાઈ અને શરતોને આધીન સર્વાનુમતે જૂન ૨૦૦૩ થી શ્રી. મહાવીર જૈન એજ્યુકેશન કૉલેજને બી.એડ. નો વર્ગ શરૂ કરવાની ભલામણ કરીએ છીએ.

ડૉ. વાય. કે. અગ્રવાલ

ડૉ. દુષ્યંત. એસ. શુક્લ

## પરિશિષ્ટ "૪૧"

બાબત ક્રમાંક ૧૦ (૯)

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે સત્રોની ગોઠવણી ઑર્ડિ-૭૫માં જે નિયત કરવામાં આવી છે. તેમાંથી નીરપેક્ષ રહીને નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે :

૧. પ્રથમ સત્ર — તા. ૧૬-૦૬-૨૦૦૩ થી તા. ૨૨-૧૦-૨૦૦૩

૨. દિવાળી વેકેશન — તા. ૨૩-૧૦-૨૦૦૩ થી તા. ૧૨-૧૧-૨૦૦૩

૩. દ્વિતીય સત્ર — તા. ૧૩-૧૧-૨૦૦૩ થી તા. ૨૭-૪-૨૦૦૪

૪. ઉનાળુ વેકેશન — તા. ૨૮-૪-૨૦૦૪ થી તા. ૧૪-૬-૨૦૦૪

૫. પ્રથમ કસોટી — પ્રથમ કસોટી દોઢ કલાકની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા પ્રથમ સત્ર દરમિયાન તા. ૬-૧૦-૨૦૦૩થી તા. ૨૧-૧૦-૨૦૦૩ સુધીમાં કૉલેજે ગોઠવવી.

૬. દ્વિતીય કસોટી તથા વધારાની કસોટી — દ્વિતીય કસોટી ત્રણ કલાકની તથા વધારાની કસોટી બીજા સત્ર દરમિયાન કૉલેજોએ પોતાની અનકુળતા મુજબ પરંતુ ૧૨મી માર્ચ-૨૦૦૪ સુધીમાં પૂરી કરવાની રહેશે.

૭. સેકન્ડ બી.એ./સેકન્ડ બી.કોમ./સેકન્ડ બી.એસસી.ની વાર્ષિક પરીક્ષાઓ તા. ૩૧મી માર્ચ, ૨૦૦૪ પહેલા યુનિવર્સિટીના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ યોજવાની રહેશે.

૮. ઉપર જણાવ્યા પ્રમાણે, સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી ફક્ત વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણ વિધાશાખાની સંલગ્ન કૉલેજોને તથા બી.બી.એ., બી.પી.એ., બી.પી.ઈ., બી.પી.એડ., યોગા કૉલેજોને પણ સત્રોની ગોઠવણી લાગુ પડશે.

(..............)
કુલસચિવ વતી

## ACADEMIC CALENDAR : 2003–2004

**June, 2003 :**

(1) Dt. 16th : New Academic year starts. Beginning of all the academic activities.

**July, 2003 :**

(1) Dt. 31st : Last date for acceptance of the Enrollment forms with students' fees for University Sports and Welfare activities from the colleges by the University. No Enrollment forms to be accepted by the University beyond this date.

**August, 2003 :**

(1) Meetings of different Boards of Studies to be arranged in the first week of the month.

(2) Date 1st to 30th : To fill up the forms for Annual Convocation for Award of Degrees and Diplomas.

**September, 2003 :**

(1) Dt. 1st to 30th : Examination forms for M.A./ M.Com. Part I & II External Examinations shall be accepted by the University.

(2) Dt. 8th : Last date for B.Ed. and P. G. Registration. No B.Ed. & P. G. Registration forms to be accepted by the University beyond this date.

(3) Dt. 15th to 30th : To arrange Regional Youth Festivals.

(4) Dt. 18th : Last date for submitting Electoral Rolls for University Court and the Board for Students' Welfare by the Colleges.

(5) Dt. 22nd to 30th : To submit the October/November, 2003 University Examination forms. No Examination forms to be accepted by the University beyond this date.

(6) Dt. 30th : Last date to decide by the University in case of Rechecking and Reassessment applications.

**October, 2003 :**

(1) Dt. $6^{th}$ to $21^{st}$ :

(a) To hold First Internal College Test.

(b) To hold A.T.K.T. Examinations of Second Year B.A., B.Com., B.Sc.

(2) Dt. $12^{th}$ : Election for student members of the University Court.

(3) Dt. $23^{rd}$ October to $12^{th}$ November : **Dipawali Vacation.**

**November, 2003 :**

(1) Dt. $1^{st}$ to $14^{th}$ : To hold October/November, 2003 University Examinations

(2) Dt. $13^{th}$ : **Beginning of the Second Term.**

(3) Dt. $23^{rd}$ : University Establishment Day.

(4) Latest by $29^{th}$ : Annual Convocation function for award of Degrees and Diplomas.

**December, 2003 :**

(1) Dt. $1^{st}$ to $11^{th}$ : To arrange Inter-Collegiate Sports Festival.

(2) Dt. $2^{nd}$ to $12^{th}$ : To arrange Inter Regional Sports Festival.

(3) Meetings to prepare panels for the University examinations to be held in the second and third week of the month.

(4) Dt. 31st : Last date for determining any change in the Syllabus or Text Books for ensuing Academic Year.

**January, 2004 :**

(1) Dt. $2^{nd}$ to $12^{th}$ : To submit March/April 2004 University examination forms. No examination forms to be accepted beyond this date.

**March, 2004 :**

(1) Dt. $1^{st}$ : To begin the practical examinations of B.Ed. Part II.

(2) Dt. $4^{th}$ : To begin the practical examinations for the First Year B.Sc., Third Year B.Sc., M.Sc. (Part I & II), First Year B.A. and Third Year B.A.

(3) Dt. $12^{th}$ : Last date for completion of the Second Test as well as Additional Test for internal marks by the Colleges.

(4) Dt. $29^{th}$ : To begin the University Examinations for B.Ed., Part I.

(5) Latest by $31^{st}$ : All Second year theory and practical annual examinations to be arranged and completed under the control and guidance of University (scheme to be finalized by the Principals of the Colleges)

(6) Latest by $31^{st}$ : **Special Convocation** function for award of Degrees and Diplomas and University Court Meetings.

**April, 2004 :**

(1) Dt. $5^{th}$ : **Beginning of the University Examinations.**

(2) Dt. $23^{rd}$ : Last date to submit to the University the Internal Marks of the students by the Colleges.

(3) Dt. $27^{th}$ : Completion and **closure of the Second Term** of the Affiliated Colleges.

**May, 2004 :**

(1) Dt. $11^{th}$ : Completion and closure of the second term of the Departments of University.

**June, 2004 :**

(1) Dt. $15^{th}$ : All the results of the March/April, 2004 University Examinations to be declared before this date.

પ્રતિ,

(૧) યુનિવર્સિટી વિદ્યાભવનો અધ્યક્ષશ્રીઓ

(૨) યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોનાં ઇનચાર્જ તરફ

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે સત્રોની ગોઠવણી ઓર્ડિ-૭૫માં જે નિયત કરવામાં આવી છે. તેમાંથી નીરપેક્ષ રહીને નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રથમ સત્ર | તા. ૧૬-૦૬-૨૦૦૩ થી તા. ૨૨-૧૦-૨૦૦૩ |
| ૨. દિવાળી વેકેશન | તા. ૨૩-૧૦-૨૦૦૩ થી તા.૧૨-૧૧-૨૦૦૩ |

| | |
|---|---|
| ૩. દ્વિતીય સત્ર | તા. ૧૩-૧૧-૨૦૦૩ થી તા.૧૧-૫-૨૦૦૪ |
| ૪. ઉનાળુ વેકેશન | તા. ૧૨-૫-૨૦૦૪ થી તા. ૧૪-૬-૨૦૦૪ |
| ૫. પ્રથમ કસોટી | પ્રથમ કસોટી દોઢ કલાકની આંતરિક વિકલ્પ પધ્ધતિ દ્વારા પ્રથમ સત્ર દરમિયાન તા. ૬-૧૦-૨૦૦૩ થી તા. ૨૧-૧૦-૨૦૦૩ સુધીમાં ભવનો/કેન્દ્રોએ ગોઠવવી. |
| ૬. દ્વિતીય કસોટી | દ્વિતિય કસોટી ત્રણ કલાકની બીજા સત્ર દરમિયાન ભવનો/કેન્દ્રોએ પોતાની અનુકુળતા મુજબ પરંતુ ૩૧મી માર્ચ-૨૦૦૪ સુધીમાં પૂરી કરવાની રહેશે. |

(..............................)
કુલસચિવ

## પરિશિષ્ટ "૪૨"

બાબત ક્રમાંક ૧૦(૧૦)

વાણિજ્ય વિદ્યાશાખાની એક સભા આજરોજ તા. ૨૩-૪-૨૦૦૩ના રોજ ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ડીનશ્રી પ્રો. કૌશિકભાઈ. કે. શાહે સંભાળ્યું હતું, સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| ક્રમ | સભ્યનું નામ | ૨૩-૪-૨૦૦૩ |
|---|---|---|
| ૧. | પ્રો. કૌશિકભાઈ કે. શાહ | હાજર |
| ૨. | પ્રો. એસ. બી. વોરા | હાજર |
| ૩. | પ્રો. ડી. એમ. શીખ | હાજર |
| ૪. | પ્રો. આર. એચ. વ્યાસ | હાજર |
| ૫. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૬. | પ્રો. બી. એચ. દેસાઈ | હાજર |
| ૭. | પ્રો. સરલા અચ્યૂતન | હાજર |
| ૮. | પ્રો. સી. ગોપાલક્રિષ્ણન | ગેરહાજર |
| ૯. | પ્રો. એ. સી. બ્રહ્મભટ્ટ | ગેરહાજર |
| ૧૦. | પ્રો. કે. વી. પાટીદાર | ગેરહાજર |
| ૧૧. | પ્રો. અમૃતલાલ એસ. શાહ | હાજર |
| ૧૨. | પ્રો. દિનેશ સી. શાહ | ગેરહાજર |
| ૧૩. | પ્રો. જે. એસ. પ્રજાપતિ | હાજર |
| ૧૪. | પ્રો. ડી. બી. સોલંકી | હાજર |
| ૧૫. | પ્રો. જશવંત એચ. ઠક્કર | ગેરહાજર |
| ૧૬. | પ્રિ. એ. એમ. પટેલ | હાજર |
| ૧૭. | પ્રો. કે. એસ. ગાંધી | હાજર |
| ૧૮. | પ્રો. પી. ડી. પંડ્યા | ગેરહાજર |
| ૧૯. | પ્રો. કે. જે. પટેલ | હાજર |
| ૨૦. | પ્રિ. શાંતિલાલ એ. પટેલ | હાજર |
| ૨૧. | પ્રિ. પી. સી. ઉપાધ્યાય | હાજર |
| ૨૨. | પ્રિ. એચ. ડી. શીખ | ગેરહાજર |
| ૨૩. | પ્રો. નીતિનકુમાર ડી. શાહ | હાજર |
| ૨૪. | પ્રો. કે. એમ. ભાવસાર | હાજર |
| ૨૫. | પ્રો. પી. એમ. ભટ્ટ | ગેરહાજર |
| ૨૬. | પ્રો. રજનીકાન્ત એમ. શાહ | હાજર |
| ૨૭. | પ્રો. જયકુમાર સી. શાહ | ગેરહાજર. |

લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં :

બાબત ક્રમાંક ૧ : વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ આવરી લેવાતાં વિવિધ વિષયોની સંયુક્ત સભા તારીખ ૧૬-૪-૨૦૦૩મા નિયુક્ત થયેલ ઉપસમિતિની તા. ૧૭-૪-૨૦૦૩ની સભાની મિનિટ્સ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

ઠરાવ ૧ : વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ આવરી લેવાતા વિવિધ વિષયોની સંયુક્ત સભા તા. ૧૬-૪-૨૦૦૩માં નિયુક્ત થયેલ ઉપસમિતિની તા. ૧૭-૪-૨૦૦૩ની સભાની મિનિટ્સ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

બાબત ક્રમાંક ૨ : વાણિજ્ય વિદ્યાશાખાની પેટા સમિતિની તા. ૨૧/૨૨ જાન્યુઆરી, ૨૦૦૨ની સભાની મિનિટ્સ મંજૂર કરવા વિચારણા કરવા સારુ.

ઠરાવ ૨ : વાણિજ્ય વિદ્યાશાખાની પેટા સમિતિની તા. ૨૧/૨૨, જાન્યુઆરીની સભાની મિનિટ્સ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

બાબત ક્રમાંક ૩ : જાગૃતિ એમ. વસાણીને એમ.બી.એ.માં પ્રવેશ મેળવવાપાત્ર ગણવા વિચારણા કરવા બાબત.

ઠરાવ ૩ : જાગૃતિ એમ. વસાણીને એમ.બી.એ.માં પ્રવેશ મેળવવાપાત્ર ગણવાની બાબતે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે આ બાબતે જરૂરી નિર્ણય લેવા બિઝનેસ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિને રિફર કરવાનું રાખવું.

બાબત ક્રમાંક ૪ : પ્રથમ વર્ષ બી.કૉમ. અને દ્વિતીય વર્ષ બી.કૉમ.માં ગૌણ વિષય તરીકે ઈ.કૉમર્સનો અભ્યાસક્રમ દાખલ કરવા તા. ૧-૬-૨૦૦૧ના રોજ મળેલ વાણિજ્ય વિષયની અભ્યાસસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

ઠરાવ ૪ : આથી ઠરાવવામાં આવે છે કે તાજેતરમાં યુ.જી.સી. દ્વારા ભલામણ કરાયેલ મોડેલ પ્રારુપને અનુરૂપ સદરહુ અભ્યાસક્રમ નિયત કરવાનો હોઈ તા. ૧૭-૪-૨૦૦૩ના રોજ મળેલ ઉપસમિતિએ આ અંગે અલગથી અભ્યાસક્રમ નિયત કરી અમલ કરવા આ સભામાં ઠરાવ ક્રમાંક-૧થી અલગ ભલામણ કરેલ હોઈ આ બાબત રદ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક ૫ :

ઠરાવ ૫ : સ્ટેન્ડિંગ કમિટી ઓન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશનની તા. ૧૭-૪-૨૦૦૨ની સભાની ભલામણ અનુસાર ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઇન્ડિયાની પરીક્ષાઓને યુનિવર્સિટીની એમ.કૉમ. પોસ્ટ ગ્રેજ્યુએટ સમકક્ષ માન્ય કરી પીએચ.ડી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે આવેલ સદરહુ સંસ્થાની ભલામણ અન્વયે ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

પ્રમુખશ્રીની મંજૂરીથી નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે :

બાબત ક્રમાંક ૬ :

ઠરાવ ૬ : આજરોજ વાણિજ્ય વિદ્યાશાખાએ મંજૂર કરેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમના વાણિજ્ય (કૉમર્સ) એકાઉન્ટન્સી, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને બિઝનેસ મેનેજમેન્ટ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ પેપરવાઇઝ તૈયાર કરવા નીચેના સભ્યોની પેટાસમિતિ આગામી તા. ૨૮-૪-૨૦૦૩ના રોજ ૩-૩૦ કલાકે બોલાવવી :

૧. પ્રો. કે. કે. શાહ, ડીનશ્રી
૨. પ્રો. આર. એચ. વ્યાસ
૩. પ્રો. ડી. એમ. શીખ
૪. પ્રિ. શાંતિલાલ એ. પટેલ
૫. પ્રિ. પી. સી. ઉપાધ્યાય
૬. પ્રો. કે. એન. ભાવસાર
૭. પ્રિ. એ. એમ. પટેલ.

બાબત ક્રમાંક ૭ :

ઠરાવ ૭ : વધુમાં હાલના એમ.કૉમ.ના વિવિધ વિષયોના અભ્યાસક્રમો સુધારવા માટે નીચેનાં સભ્યોની પેટાસમિતિ નિયુક્ત કરી આગામી તા. ૨૯-૪-૨૦૦૩ના રોજ ૧૨-૩૦ કલાકે બોલાવવાનું રાખવું.

૧. પ્રો. કે. કે. શાહ
૨. પ્રિ. ડી. એમ. શીખ
૩. પ્રો. આર. એચ. વ્યાસ
૪. પ્રો. જે. સી. ત્રિવેદી
૫. પ્રો. એસ. બી. વોરા
૬. પ્રો. બી. એચ. દેસાઈ
૭. પ્રો. સરલાબેન અચ્યુતન.

ત્યાર બાદ સભ્યશ્રીઓનો આભાર માની ડીનશ્રીએ સભાનું કામકાજ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યું.

(ડીનશ્રી)
**પ્રો. કે. કે. શાહ**

## પરિશિષ્ટ "૪૩"

બાબત ક્રમાંક ૧૦(૧૧)

**પારુલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલોજી (લીમડા, તા. વાઘોડિયા)ના ગુજરાત યુનિવર્સિટી સાથેના જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ઉપર્યુક્ત બાબતે સમિતિના નીચે પ્રમાણેના સભ્યશ્રીઓને તા. ૧-૬-૨૦૦૩ના રોજ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી, જે દરમિયાન સંસ્થાના ચેરમેનશ્રી જયેશભાઈ પટેલ તથા ચેરમેન બોર્ડ ઑફ ડાયરેક્ટર શ્રી બી. જે. પંડ્યાએ હાજર રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી, જેને આધારે નીચે મુજબ હેવાલ તૈયાર કરેલ છે :

૧. સદર સંસ્થામાં ચાર વર્ગખંડ, પુસ્તકાલય, અધ્યાપક ખંડ તેમજ આચાર્યશ્રીના ખંડની વ્યવસ્થા હાલમાં તૈયાર છે.

૨. પુસ્તકાલયમાં રૂ. ૧૧,૭૩,૨૩૦ની કિંમતના વિષયવાર પુસ્તકો ખરીદેલા છે.

૩. એન્જિનિયરિંગ વર્કશોપ, પ્રેક્ટિસ પેટે સ્મિથિ તથા કારપેન્ટરીની વર્કશોપ પણ સંસ્થામાં તૈયાર થઈ છે.

૪. મિકેનિકલ એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રોનિક અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ તથા કોમ્પ્યુટર એન્જિનિયરિંગની પ્રયોગશાળાઓ પણ તૈયાર થયેલ છે.

૫. બોઇઝ તથા લેડીઝ સ્ટુડન્ટ્સ હોસ્ટેલની વ્યવસ્થાનું પણ આયોજન થયેલ છે.

૬. વિદ્યાર્થીઓ તથા સ્ટાફના રિફ્રેશમેન્ટ માટે કેન્ટીન પણ ચાલું થયેલ છે.

૭. સંસ્થાને એ.આઈ.સી.ટી.ઈ.એ તેના તા. ૧૨-૫-૨૦૦૩ના પત્રાંક નં. ૦૬-૦૧-જીયુજે- ડીઈજી-૨૦૦૩/ ૦૦૨થી નીચેના વિષયોમાં વિષયદીઠ ૬૦ વિદ્યાર્થી સંખ્યાની મંજૂરી આપેલ છે :

   ૧. કોમ્પ્યુટર સાયન્સ ઍન્ડ એન્જિનિયરિંગ

   ૨. ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કોમ્યુનિકેશન

   ૩. મિકેનિકલ એન્જિનિયરિંગ

   ૪. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ

ઉપર્યુક્ત સુવિધાઓ પ્રથમ વર્ષ બી.ઈ.ના વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય માટે પર્યાપ્ત છે આથી સમિતિની ભલામણ છે કે સંસ્થાને ગુજરાત યુનિવર્સિટી સાથે ઉપરોક્ત વિષયોનું જોડાણ આપવું.

| | | |
|---|---|---|
| **(પ્રા. ડી. બી. સોલંકી)** | **(ડૉ. આર. સી. દેસાઈ)** | **(પ્રો. એમ. એન. પટેલ)** |
| એક્ઝિ. કા. સભ્ય | વાસદ એન્જિ. કૉલેજ | એલ. ડી. એન્જિ. કૉલેજ |

## પરિશિષ્ટ "૪૪"

બાબત ક્રમાંક ૧૦(૧૨)

તા. ૨૨-૩-૨૦૦૩

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

**વિષય :** સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

**સંદર્ભ :** આપની કચેરીના પત્રક્રમાંક : ઍકેડેમિક-૨૧-૯૫૫૭-૨૦૦૩ તા. ૧૬-૨-૨૦૦૩

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને સંદર્ભમાં દર્શાવેલ આપની કચેરીનાં પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી દ્વારા નીમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો (૧) ડૉ. નીતિન વોરા, ડાયરેક્ટર, ઈ.એસ.આઈ.એસ. તથા (૨) ડૉ. શ્રીમતી ઉષાબેન એસ. વ્યાસ, ડીન, શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજે તા. ૧૮-૩-૨૦૦૩ના રોજ ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદનું ઇન્સ્પેક્શન કરેલ છે. સમિતિના સભ્યોના વિસ્તૃત હેવાલ બે નકલોમાં આ સાથે સામેલ છે.

| | |
|---|---|
| સહી | સહી |
| **ડૉ. નીતિન વોરા** | **ડૉ. (શ્રીમતી) ઉષાબેન એસ. વ્યાસ** |
| નિયામકશ્રી | ડીનશ્રી |
| ઈ.એસ.આઈ.એસ. | શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ |
| અમદાવાદ | અમદાવાદ |

## ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, અમદાવાદનો ઈન્સપેકશન રિપોર્ટ

ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ સિવિલ હોસ્પિટલના પરિસરમાં અસારવા, અમદાવાદ-૧૬ ખાતે આવેલી છે, સદર કૉલેજ અને હોસ્પિટલ ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવે છે અને તે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની માન્યતા સને વર્ષ ૧૯૬૩થી ધરાવે છે, સદર કૉલેજના ડીન તરીકે ઓરલ સર્જરી વિભાગના વડા અને પ્રાધ્યાપક ડૉ. કે. એચ. શાહ ફરજ બજાવી રહેલ છે.

ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ બિલ્ડિંગ કુલ ૧૦,૧૫૮ એકર જમીન વિસ્તાર ધરાવે છે જેમાં કૉલેજ અને હોસ્પિટલ યુજી/પીજી હોસ્ટેલ, ડેન્ટલ હોસ્ટેલ, સ્ટાફ, ક્વાર્ટર્સ, ડીન બંગલો, ગાર્ડન, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ વગેરેનો સમાવેશ થાય છે, જેથી ઉપરોક્ત સંસ્થા કાઉન્સિલના નિયમોનુસારની જમીનની જરૂરિયાત પૂર્ણ કરેલ છે.

ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, અમદાવાદના મકાનનું કુલ બાંધકામ ૩,૬૯,૮૫૪ સ્કે. ફીટ છે જે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ૧૦૦ બેઠકોની પ્રવેશ સંખ્યા માટે મકાનના બાંધકામના નિયમોની જરૂરિયાત પૂર્ણ કરેલ છે, તેમજ સંસ્થા ખાતે નવા બિલ્ડિંગનું બાંધકામ ચાલું છે, કુલ ૫ બ્લોકમાં વહેચાયેલ આ મકાનમાં વહીવટી કચેરી હોસ્પીટલ, બહારના દર્દીઓનો વિભાગ, અંદરના દર્દીઓનો વિભાગ અને વ્યાખ્યાન ખંડો અલગ અલગ બ્લોકમાં કામ કરી રહેલ છે.

વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે સંસ્થાને ભારત સરકારના તા. ૨૧-૬-૨૦૦૨ના પત્રથી પ્રવેશ સંખ્યા ૫૦થી વધારીને ૧૦૦ કરવા મંજૂરી આપેલ છે તે જ બાબતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેરનામાં ક્રમાંક-૦૭-૨૦૦૨-તા. ૧૨-૯-૨૦૦૨થી મંજૂરી આપવામાં આવેલ છે, (પત્રોની નકલ સામેલ નથી) ગુજરાત યુનિવર્સિટીએ વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે તા. ૧૫-૬- ૨૦૦૨થી તા. ૧૪-૬-૨૦૦૩ સુધી ચાલુ જોડાણની મંજૂરી આપેલ છે, (ગુજરાત યુનિવર્સિટીની મંજૂરીનો પત્ર સામેલ છે. છાપેલ નથી)

પ્રથમ વર્ષ બી.ડી.એસ.માં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા નીમાયેલ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા ગુણવત્તાના ધોરણે નિયમો અનુસાર પ્રવેશ આપવામાં આવે છે, કુલ સંખ્યાબળમાં નિયમો અનુસાર અનામત બેઠકો વિવિધ સંવર્ગમાં રાખવામાં આવે છે.

સદર સંસ્થા ખાતે નીચેના સાત વિષયોમાં અનુસ્નાતક અભ્યાસક્રમની સુવિધા છે, આ વિભાગો યુનિવર્સિટી તેમજ કાઉન્સિલની માન્યતા ધરાવે છે. (૧) પ્રોસ્થસ્ટ્રિક ડેન્ટિસ્ટ્રી (૨) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રી (૩) ઓરલ સર્જરી (૪) પેરીરિયોડોન્શિયા (૫) ઓર્થોડોન્શિયા (૬) ઓરલ ડેન્ટલ પેથોલોજી (૭) ઓરલ મેડિસિન રેડિયોલોજી.

**શિક્ષકો વિષયક માહિતી** : સંસ્થામાં કુલ ૧૩ વિભાગો છે દરેક વિભાગો સ્વતંત્ર રીતે કાર્યરત છે, દરેક વિભાગમાં પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે, ૧૦૦ બેઠકોની પ્રવેશ સંખ્યા માટે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની જરૂરિયાત સામે નીચે જણાવ્યા પ્રમાણેનો ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે, (ટીચિંગ સ્ટાફનું લિસ્ટ સામેલ છે.):

| ક્રમ | હોદ્દો | ડીસીઆઈની જરૂરિયાત | ઉપલબ્ધ ટીચિંગ સ્ટાફ |
|---|---|---|---|
| ૧. | ડીન | ૧ | ૧ |
| ૨. | પ્રાધ્યાપક ડેન્ટલ સબ્જેક્ટ | ૬ | ૮ |
| ૩. | મદદનીશ પ્રાધ્યાપક ડેન્ટલ સબ્જેક્ટ | ૧૩ | ૧૬ |
| ૪. | ટ્યૂટર ડેન્ટલ સબ્જેક્ટ | ૩૯ | ૩૯ |
| ૫. | પ્રાધ્યાપક બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૩ | ૩ |
| ૬. | મદદનીશ પ્રાધ્યાપક બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૬ | ૬ |
| ૭. | ટ્યૂટર બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૭ | ૭ |
| ૮. | પાર્ટ ટાઈમ પ્રાધ્યાપક બેઝિક મેડિકલ સબ્જેક્ટ | ૩ | ૩ |
| | | કુલ .... ૭૮ | ૮૩ |

ઉપકોક્ત ટીચિંગ સ્ટાફ જરૂરી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની લાયકાત તેમજ જરૂરિયાત મુજબનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

**બેઝિક મેડિકલ સબ્જેક્ટ શિક્ષકો વિષયક માહિતી** : નિયમો અનુસાર કૉલેજમાં તે મુજબના એનેટોમી, ફિઝિયોલોજી ફાર્મેકોલોજી, જનરલ પેથોલોજીના સ્વતંત્ર વિભાગો જરૂરી ટીચિંગ અને નોનટીચિંગ સ્ટાફ, સાધનો સાથે કાર્યરત છે જ્યારે મેડિસિન અને સર્જરીના વિષયો માટે તે જ કેમ્પસમાં આવેલી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનું જોડાણ મળેલ છે અને તે વિષયના પ્રોફેસરોની સેવાઓ મેળવવામાં આવે છે.

**લાઇબ્રેરી** : અંદાજે ૩૦૦૦ સ્કે. ફિટ વિસ્તાર ધરાવતી કુલ ૧૨૫ બેઠકની ક્ષમતા સાથેની ૪૯૨૩ બુક્સ અને ૩૭ જર્નલ્સ સાથે ઝેરોક્ષ મશીન, અભ્યાસની કોમ્પેક્ટ ડિસ્ક વિડિયો કેસેટ્સ કોમ્પ્યુટર (ઇન્ટરનેટ સુવિધા સાથે)ની લાઇબ્રેરી અસ્તિત્વ ધરાવે છે, સ્ટાફ તેમજ પી. જી. સ્ટુડન્ટ્સ માટે અલગ ખંડની વ્યવસ્થા છે, ૮ વિભાગીય લાઇબ્રેરી પણ અસ્તિત્વ ધરાવે છે (પત્રક સામેલ છે) લાઇબ્રેરીનો સમય સવારના ૯ કલાકથી રાત્રીના ૯ કલાકનો છે.

**વ્યાખ્યાન ખંડ** : સદર સંસ્થા ખાતે કુલ-૪ વ્યાખ્યાન ખંડ ઉપલબ્ધ છે અને પ્રત્યેકની ક્ષમતા ૧૫૦ની છે.

**ઓડિયો વિઝ્યુયલ ખંડ તથા શૈક્ષણિક સાધનો :** સ્લાઇડ પ્રોજેક્ટર, ઓવરહેડ પ્રોજેક્ટર, એલ.સી.ડી. પ્રોજેક્ટર, કલર ટી.વી., વી.સી.આર., કોમ્પ્યુટર (ઇન્ટરનેટ, મલ્ટી મીડિયા, સીડી રાઇટર સાથે), ડિઝિટલ કેમેરા, પી. એ. સીસ્ટમ, વલો સ્ક્રીન સાથે ઓડિયો વિઝયુયલ ખંડ-ઉપાસના ઍકેડેમિક કાર્ય માટે ઉપલબ્ધ છે.

**લેબોરેટરી :** સદર સંસ્થા ખાતે સામેલ પત્રક મુજબની લેબોરેટરીની સગવડો ઉપલબ્ધ છે. આ લેબોરેટરીમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ્સ તેમજ દર્દીઓને સારવાર આપવાના હેતુસર જરૂરિયાતના સાધનો, મટીરિયલ્સ અને કેમિકલ્સ ઉપલબ્ધ છે.

**ડેન્ટલ ચેર યુનિટ :** સદર સંસ્થા ખાતે કુલ ૨૯૦ ડેન્ટલ ચેર અને ૨૯૧ ડેન્ટલ યુનિટ છે જે કાઉન્સિલના નિયમો પૂર્ણ કરે છે.

ઉપરોક્ત યુનિટો નિયમોનુસાર જે તે વિભાગની જરૂરિયાત પ્રમાણે જે તે વિભાગમાં મૂકવામાં આવેલ છે.

**અન્ય સાધનસામગ્રી :** ડેન્ટલ કાઉન્સિલના નિયમો મુજબની સાધનસામગ્રી જે તે વિભાગમાં ઉપલબ્ધ છે. વિભાગવાર સાધનોનું પત્રક સામેલ છે. (છાપેલ નથી)

**ઓપરેશન થિયેટર અને ડેન્ટલ ટેબલ :** સદર સંસ્થા ખાતે અદ્યતન સુવિધાઓ સાથેનું ઓપરેશન થિયેટર તથા થિયેટરની પાસે કુલ-૨૩ પથારીઓ સાથેનું પુરુષ અને સ્ત્રી માટેના અલગ વોર્ડ તેમજ સેમિ સ્પેશિયલ અને સ્પેશિયલ રૂમની સગવડો સાથેનો અલાયદો વોર્ડ ઉપલબ્ધ છે. ઓપરેશન થિયેટરમાં તાત્કાલિક સારવારની સુવિધા ઉપલબ્ધ છે.

**શૈક્ષણિક કામગીરી :** સદર સંસ્થા ખાતે ડેન્ટલ કાઉન્સિલના નિયમો અનુસાર તેમજ યુનિવર્સિટી દ્વારા માન્ય અને પ્રસિદ્ધ કરાયેલ રૂપરેખા પ્રમાણે શૈક્ષણિક કામગીરી હાથ ધરવામાં આવે છે. નિયમો મુજબ વિદ્યાર્થીઓને ક્લિનિકલ ડ્યૂટી પણ આપવામાં આવે છે. શૈક્ષણિક કામગીરીનું તેમજ ક્લિનિકલ ડ્યૂટીનું સમયપત્રક સામેલ છે.

**પરીક્ષા પદ્ધતિ :** ડેન્ટલ કાઉન્સિલના નિયમો અનુસાર અને યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલ પદ્ધતિ મુજબ જે તે વર્ષના અંતે થિયરીની પરીક્ષા યુનિવર્સિટી કેન્દ્રો ખાતે તથા પ્રેક્ટિકલ પરીક્ષા હોસ્પિટલ ખાતે લેવાય છે જેમાં નિયમો મુજબ ઇન્ટરનલ અને એક્સ્ટર્નલ પરીક્ષકોની નિમણૂક યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.

**સેટેલાઈટ સેન્ટરો અને ડેન્ટલ કેમ્પ :** કોમ્યુનિટી ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળોએ તેમજ કુલ ૩૧ સેટેલાઈટ સેન્ટરોમાં ડેન્ટલ કેમ્પનું આયોજન કરી વિનામૂલ્યે સારવાર પૂરી પડાય છે. જેના માટે મોબાઈલ વાનની સગવડ પણ છે. સેટેલાઈટ સેન્ટોમાં ઇન્ટરનીઝ ડૉક્ટરોને પણ મૂકવામાં આવે છે અને ૨૦૦૦થી સને ૨૦૦૨ સુધીમાં કુલ ૨૮ કેમ્પો આયોજાયેલ છે.

**બિનશૈક્ષણિક મહેકમ વિષયક માહિતી :** વર્ગ-૩ના ૪૮ અને વર્ગ-૪ના ૭૦ કર્મચારીઓ ફરજ બજાવી રહેલ છે. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની જરૂરિયાત મુજબનો ટેકનિકલ તેમ જ વહીવટી સ્ટાફ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

**હોસ્ટેલ :** ડેન્ટલ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા માટે પુરુષ અને સ્ત્રી માટે તેમજ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે અલગ અલગ હૉસ્ટેલ ઉપલબ્ધ છે જેમાં કુલ ૨૧૦ સ્નાતક અને ૫૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓને સમાવી શકાય તેમ છે. હોસ્ટેલમાં મેશ, કેન્ટીન, રીડિંગ રૂમ, સ્પોર્ટ રૂમ, ટી.વી. રૂમ, ગાર્ડન, પાર્કિંગ વગેરે સગવડો ઉપલબ્ધ છે. માહિતીનું પત્રક ફાઈલમાં ઉપલબ્ધ છે.

**સ્ટાફ ક્વાટર્સ :** ડીન બંગલા ઉપરાંત ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે ફરજ બજાવતાં વર્ગ-૧થી ૪ના અધિકારી, કર્મચારીઓને રહેવા માટે નીચે મુજબનાં સ્ટાફ ક્વાટર્સ ઉપલબ્ધ છે :

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧૮ ક્વાટર્સ |
| વર્ગ-૨ | ૨૪ ક્વાટર્સ |
| વર્ગ-૩ | ૩૬ ક્વાટર્સ |
| વર્ગ-૪ | ૭૨ ક્વાટર્સ |
| કુલ ... | ૧૫૦ ક્વાટર્સ |

**હોસ્પિટલ ફી :** ગુજરાત સરકાર દ્વારા આવકના ધોરણે નક્કી કરાયેલ ફી દર્દીઓ પાસેથી તે મુજબ મેળવવામાં આવે છે અને તેની પાવતી દર્દીઓને આપવામાં આવે છે.

**સ્ટુડન્ટ્સ ફી :** સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નિયમો મુજબની ફી એકત્રિત કરાઈ એની પાવતી આપવામાં આવે છે. કલ્ચરલ અને સ્પોર્ટ્સ ફી નિયમોનુસાર યુનિવર્સિટીમાં નિયમિત રીતે જમા કરાવે છે.

**ઉપસંહાર :** વિદ્યાર્થીઓનું સંખ્યાબળ વધારવા માટે ભારત સરકાર અને યુનિવર્સિટીની મંજૂરી મળેલ, ગુજરાત સરકાર દ્વારા ચલાવાતી, ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, અમદાવાદ, ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમો મુજબ જમીન, મકાન, વિભાગો ધરાવે છે. કાઉન્સિલના શૈક્ષણિક લાયકાત અને અનુભવ મુજબના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત શિક્ષકોનું પૂરતું સંખ્યાબળ ધરાવે છે. શૈક્ષણિક કામગીરી સાધનો નિયમોનુસાર અને સંતોષકારક જણાય છે.

સહી
**ડૉ. નીતિન વોરા**
નિયામકશ્રી,
ઈ.એસ.આઈ.એસ.,
અમદાવાદ

સહી
**ડૉ. (શ્રીમતી) ઉષાબેન એસ. વ્યાસ**
ડીનશ્રી
શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ,
અમદાવાદ.

## પરિશિષ્ટ "૪૫"

બાબત ક્રમાંક ૧૦ (૧૩)

ગુજરાત યુનિવર્સિટીના પત્ર અન્વયે કાશીબા જયશંકર પંડયા કૉલેજ ઓફ ફિઝિયોથેરાપી, પીપરિયાની યુનિવર્સિટીના જોડાણ અંગે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવામાં આવેલ છે.

૧. પ્રો. વાય. ડી. વ્યાસ

૨. પ્રો. ડી. બી. સોલંકી

૩. પ્રિ. નીતાબેન વ્યાસ

પ્રો. વાય. ડી. વ્યાસ રૂબરૂ મુલાકાતમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા, બાકીના સભ્યશ્રીઓએ કાશીબા જયશંકર પંડયા કૉલેજ ઓફ ફિઝિયોથેરાપી, પીપરિયાનું તા. ૨-૪-૨૦૦૩ના રોજ રૂબરૂમાં ઇન્સ્પેક્શન કરેલ છે, કૉલેજના ટ્રસ્ટીઓએ તથા વ્યાખ્યાતાઓએ ઉપસ્થિત રહી કૉલેજની સંપૂર્ણ માહીતી આપી હતી. કૉલેજમાં રાઉન્ડ લઇ લેકચર હોલ, ઇકવ્યુપમેન્ટ, ગ્રંથાલય, ફિઝિયોથેરાપી યુનિટ, હોસ્ટેલ વિગેરે બતાવેલ છે.

આ ટ્રસ્ટ હેઠળ ધીરજ જનરલ હોસ્પિટલનું સંચાલન થઇ રહ્યું છે તેમાં ફિઝિયોથેરાપી કલીનીક સેન્ટરમાં દર્દીઓને ની:શુલ્ક સેવાઓ આપવામાં આવતી હોઈ દર્દીઓની સંખ્યાનાં કારણે વિદ્યાર્થીઓને પૂરતો કાર્ય અનુભવ મળી રહે છે. કમિટીઓ નીચેની બાબતોની ચકાસણી કરેલ છે :

૧. આ કૉલેજને ગુજરાત યુનિવર્સિટીએ ૨૦૦૧-૨૦૦૨થી જોડાણ આપેલ છે.

૨. આ કૉલેજ કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત છે. અને આજ ટ્રસ્ટ સંચાલિત ધીરજ જનરલ હોસ્પિટલમાં વિદ્યાર્થીઓને સિલેબસ મુજબની પ્રેક્ટિકલની સુવિધા ઉપલબ્ધ છે.

૩. યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે જરૂરી શિક્ષક-બિનશિક્ષકવર્ગ રાખવામાં આવેલ છે.

૪. ફિઝિયોથેરાપી કૉલેજમાં વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ માટે જરૂરી તમામ સાધનસામગ્રી વસાવવામાં આવેલ છે.

૫. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના સિલેબસ મુજબ થિયરી અને પ્રેક્ટિકલ શીખવવામાં આવે છે. તેમજ વર્ષમાં ચાર વખત આંતરિક કસોટી પણ યોજવામાં આવે છે.

૬. આ કૉલેજમાં પ્રવેશ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવે છે અને ફી ના ધોરણો રાજ્ય સરકારશ્રીએ નિયત કર્યા મુજબના છે.

૭. શિક્ષક બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને દર માસે નિયમિત પગાર ચૂકવવામાં આવે છે.

ઉપરોકત તમામ હકીકતો જોતા આ કૉલેજને પ્રથમ અને દ્વિતિય વર્ષનું ચાલુ જોડાણ અને તૃતિય વર્ષનુ નવું જોડાણ આપવા ભલામણ છે.

તૃતીય વર્ષના જોડાણ સમયે કૉલેજે ગ્રંથાલયમાં તૃતીય વર્ષનાં પુસ્તકો વસાવવાના રહેશે.

**પ્રા. ડી. બી. સોલંકી**
એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય

**ડૉ. નિતાબેન વ્યાસ**
કાર્યકારી પ્રિન્સિપાલ
સ્વ. સુરેશ બ્રહ્મકુમાર ભટ્ટ ફિઝિયોથેરાપી કૉલેજ

## પરિશિષ્ટ "૪૬"

બાબત ક્રમાંક ૧૦ (૧૪)

ગુજરાત યુનિવર્સિટીના પત્ર અન્વયે શ્રી કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપરિયાના યુનિવર્સિટીના જોડાણ અંગે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવામાં આવેલ છે :

૧. પ્રો. વાય. ડી. વ્યાસ

૨. ડૉ. ગિરીશભાઈ દવે

૩. ડૉ. બી. એન. સુહાગિયા

પ્રો. સુહાગિયા નાદુરસ્ત તબિયતને લઈને કૉલેજની રૂબરૂ મુલાકાતમાં ઉપસ્થિત રહી શકયા ન હતા. બાકીના સભ્યશ્રીઓએ કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, પીપરિયાનું તા. ૨૦-૨-૨૦૦૩ના રોજ રૂબરૂમાં ઈન્સ્પેકશન કરેલ છે. ડેન્ટલ કૉલેજના રજિસ્ટ્રારશ્રીએ કમિટીને ડેન્ટલ કૉલેજની સંપૂર્ણ માહિતી આપી હતી. કૉલેજ અને ડેન્ટલ જનરલ હોસ્પિટલનો તથા આજ સંસ્થાની ધીરજ જનરલ હોસ્પિટલનો રાઉન્ડ લેવડાવી જુદા જુદા વિભાગો, સ્ટાફ, ડેન્ટલ ચેર યુનિટ અને અન્ય ઈક્વિપમેન્ટ, ગ્રંથાલય, ઓડિયા વિઝુયુઅલ, સેન્ટ્રલ કલીનીક, હોસ્ટેલ લેકચર હોલ વિગેરે બતાવેલ છે.

કમિટીએ નીચેની બાબતોની ચકાસણી કરેલ છે :

૧. કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજને ગુજરાત યુનિવર્સિટીએ સને ૧૯૯૯થી જોડાણ આપેલ છે.

૨. કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૦૦ વિદ્યાર્થીની પ્રવેશ ક્ષમતા નિર્ધારિત થયેલી છે.

૩. આ કૉલેજ કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે. આ કૉલેજમાં તમામ વિભાગો સ્વતંત્ર છે. દરેકમાં ડી.સી.આઈ.ના ધારાધોરણો પ્રમાણે પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ અને નોન ટીચિંગ સ્ટાફ છે.

૪. આ કૉલેજમાં વિદ્યાર્થીઓને જનરલ મેડિસિન અને જનરલ સર્જરી જેવા મેડિકલના વિષયો આ ટ્રસ્ટની કૉલેજના કેમ્પસમાં આવેલ આજ ટ્રસ્ટની ધીરજ જનરલ હૉસ્પિટલમાં શીખવવામાં આવે છે. અને અન્ય બેઝિક મેડિકલ વિષયો ડેન્ટલ કૉલેજમાં શીખવવામાં આવે છે જે માટે કૉલેજમાં ઉપરોક્ત વિષયો માટે અલગ-અલગ વિભાગો અને વિષયવાર લેબોરેટરી ઉપલબ્ધ છે અને તેમાં પૂરતા પ્રમાણમાં ટીચિંગ તથા લેબોરેટરી સ્ટાફ ઉપલબ્ધ છે.

૫. આ કૉલેજમાં જડબા અને દાંતના એક્સ-રે માટે ઓ.પી.જી. મશીન વસાવેલ છે જે મશીનની વિશિષ્ટતા એ છે કે જડબામાં આવેલ તમામ દાંત અને તેને આનુષાંગિક અવયવોનો ફોટો પ્રિન્ટ એક જ ફિલ્મમાં ઉપલબ્ધ થાય છે.

૬. ડેન્ટલ કૉલેજમાં જુદા જુદા ક્લિનિકલ વિભાગોમાં દર્દીઓને દાંતની સારવાર આપવા અને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં ડેન્ટલ ચેર, બેન્ચીસ, બ્લેકબોર્ડ, પંખા વિગેરે ઉપલબ્ધ છે.

૭. આ કૉલેજે નવું બિલ્ડિંગ બાંધેલ છે જેમાં આવેલા ચાર લેક્ચરર હોલમાં અંદાજે ૧૩૦ વિદ્યાર્થીઓ બેસી શકે અને ઓડિયો વિઝ્યુલ દ્વારા અભ્યાસની વ્યવસ્થા તથા ડી.સી.આઈ.ના ધારાધોરણઓ મુજબ ગ્રંથાલયની વ્યવસ્થા ઊભી કરેલ છે.

૮. ડેન્ટલ હૉસ્પિટલમાં તપાસણી ફી તથા દાંત પાડવા માટે કોઈ જ ફી લેવામાં આવતી ન હોવાથી તથા સિનિયર સીટિઝનને મફત ડેન્ચર બનાવી આપવામાં આવતા હોઈ આ સંસ્થામાં દાંતની સારવાર લેવા આવતા દર્દીઓનો સારો એવો ધસારો રહે છે. ઉપરાંત આજ કેમ્પસમાં જનરલ હૉસ્પિટલ તથા એક જ કેમ્પસમાં તમામ સારવાર ઉપલબ્ધ બનતા દર્દીઓની સંખ્યા વધવા પામી છે જેથી વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ માટે પૂરતા દર્દી મળી શકે છે.

૯. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સિલેબસ મુજબ થિયરી અને પ્રેક્ટિકલ શીખવામાં આવે છે તેમજ વર્ષમાં ચાર વખત આંતરિક કસોટી પણ યોજવામાં આવે છે.

૧૦. આ કૉલેજમાં પ્રવેશ કેન્દ્રીય સમિતિ દ્વારા આપવામાં આવે છે અને ટ્યુશન ફી પણ રાજ્ય સરકારશ્રીએ નક્કી કર્યા મુજબની લેવામાં આવે છે.

૧૧. ડી.સી.આઈ.ના ધારાધોરણ મુજબ કૉલેજ ખાતે ઉપલબ્ધ ટીચિંગ સ્ટાફ પૂરતા પ્રમાણમાં જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવે છે.

શિક્ષક બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને દર માસે નિયમિત પગાર કરવામાં આવે છે.

ઉપરોક્ત તમામ વિગતો કમિટી દ્વારા ચેક કરવામાં આવેલ છે. કૉલેજ ખાતે કાઉન્સિલની જરૂરિયાત મુજબની તમામ સગવડો ઉપલબ્ધ છે તેમજ ગુજરાત યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવામાં આવે છે. આ તમામ હકીકતો જોતા કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપરિયાને જૂન-૨૦૦૪થી કાયમી જોડાણ આપવા ભલામણ કરે છે.

સહી

**પ્રો. વાય. ડી. વ્યાસ**

**ડૉ. ગિરીશભાઈ દવે**

## પરિશિષ્ટ "૪૭"

બાબત ક્રમાંક ૧૦(૧૫)

### સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન કૉલેજ જૂન, ૨૦૦૩થી શરૂ કરવામાં આવનાર નવી કૉલેજ માટે તા. ૧૫-૬-૨૦૦૩ના રોજ સ્થાનિક સમિતિએ સાંજે ૫-૦૦ કલાકે સંસ્થાની મુલાકાત લીધી હતી. સ્થળ ઉપર સંસ્થાના ચેરમેન શ્રી. માણેકલાલ પટેલ તથા આચાર્યશ્રી જગદીશભાઈ ત્રિવેદીએ હાજર રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. જેના આધારે નીચે મુજબનો હેવાલ આપીએ છીએ.

૧. સંસ્થાને એન.સી.ટી.ઈ.માં નિયમ મુજબ તા. ૫-૬-૨૦૦૩ના રોજ પત્ર નં. WRC232-47-2003-2643થી ૨૦૦૩-૨૦૦૪થી બી.એડ્.કોર્સ શરૂ કરવાની માન્યતા આપવામાં આવેલ છે.

૨. સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટ્રસ્ટ હેઠળ ચલાવવામાં આવશે. ટ્રસ્ટ છેલ્લા ૭૬ વર્ષથી શૈક્ષણિક પ્રવૃત્તિમાં સંકળાયેલ છે.

૩. સંસ્થાને આ કોર્સ ચલાવવા માટે ગુજરાત રાજ્ય તરફથી તેમજ ગુજરાત યુનિવર્સિટી તરફતી એન.ઓ.સી. આપવામાં આવેલ છે.

૪. સંસ્થા પાસે એન.સી.ટી.ઈ. અને યુનિવર્સિટીના નિયમ મુજબની તમામ સવલતો જેવી કે વર્ગખંડો, ફર્નિચર, ટોઇલેટ, પાણી, લેબોરેટરી, વિગેરે વ્યવસ્થા છે.

૫. સંસ્થા પાસે લાઈબ્રેરી છે પરંતુ વધારાનું રૂ. ૫૦,૦૦૦ના પુસ્તકો વસાવવા ભલામણ છે.

૬. સંસ્થા સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવશે અને તેના તમામ ખર્ચ ટ્રસ્ટ દ્વારા ઉઠાવાશે તેની લેખિત બાંયેધરી આપવામાં આવેલ છે.

૭. સંસ્થાએ માન્યતા અગાઉ એન.સી.ટી.ઈ.ના ધારાધોરણ મુજબ આચાર્ય અને ૭ શિક્ષકોની ઓપન ઈન્ટરવ્યૂ દ્વારા ભરતી કરેલ છે. જો આ શૈક્ષણિક સ્ટાફમાં કોઈ હાજર ના થાય તો યુનિવર્સિટી કાર્યાલયમાં ફરીથી ઓપન ઈન્ટરવ્યૂ રાખવાના રહેશે.

૮. સંસ્થાએ એન.સી.ટી.ઈ. ના ધારાધોરણ મુજબ ગુજરાત યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કયા મુજબ ૮૫ અને મેનેજમેન્ટ ક્વોટા હેઠળ ગુણવત્તાનાં ધોરણે ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૯. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જરૂરી વહીવટી સ્ટાફની ભરતી તાત્કાલિક કરવાની રહેશે.

૧૦. સંસ્થા મિશ્ર કક્ષાની (વિદ્યાર્થી તથા વિદ્યાર્થિની) રહેશે.

૧૧. સંસ્થાનાં વર્ગો ગુજરાતીમાં ચલાવવાના રહેશે.

૧૨. સંસ્થાએ તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર તેમજ ભથ્થાં અને પ્રોવિડંડ ફંડની સવલત આપવાની રહેશે.

૧૩. સંસ્થાએ વિદ્યાથીઓ પાસેથી યુનિવર્સિટી તેમજ સરકારશ્રીની સ્ટેટ લેવલ કમિટી દ્વારા નક્કી કરેલ ફી જ વસૂલ લેવાની રહેશે.

૧૪. જે પ્રાધ્યાપકોએ યુ.જી.સી.ના નિયમ મુજબ એન. ઈ. ટી. કે સ્લેટ ની પરીક્ષા પસાર કરેલ ના હોય તેમણે બે વર્ષમાં એટલે કે માર્ચ ૨૦૦૫ સુધીમાં ઉપરોક્ત પરીક્ષા પસાર કરવાની રહેશે.

૧૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ દિન ૫માં રૂ. ૧૨,૦૦,૦૦૦/- જમા કરાવવાના રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓ અને શરતોને આધીન સર્વાનુમતે જૂન-૨૦૦૩થી બી.એડ.નો વર્ગ શરૂ કરવાની ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રિ. સૌરભ ચોકસી**

**૨. પ્રિ. દુષ્યંત શુકલ**

**૩. પ્રિ. મીનાબેન અમીન**

## પરિશિષ્ટ "૪૮"

બાબત ક્રમાંક ૧૦(૧૭)

**સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન જી. એલ. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન કૉલેજ જૂન : ૨૦૦૩થી શરૂ કરવામાં આવનાર નવી કૉલેજ માટે તા. ૧૫-૬-૨૦૦૩ના રોજ સ્થાનિક સમિતિએ સવારે ૧૧-૦૦ કલાકે સંસ્થાની મુલાકાત લીધી હતી. સ્થળ ઉપર સંસ્થાના એક્ઝિક્યુટિવ ડીરેક્ટર શ્રી. એન. આર. શાહે હાજર રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. જેના આધારે નીચે મુજબનો હેવાલ આપીએ છીએ :

૧. સંસ્થાને એન.સી.ટી.ઈ.ના નિયમ મુજબ તા. ૫-૬-૨૦૦૩ના રોજ પત્ર નં. ડબલ્યુ/આરસી/૨-૩૨/૪૭-૨૦૦૩/-૨૬૪૨-થી ૨૦૦૩-૨૦૦૪થી બી.એડ્.કોર્સ શરૂ કરવાની માન્યતા આપવામાં આવેલ છે.

૨. સંસ્થા ગુજરાત લો સોસાયટી ટ્રસ્ટ હેઠળ ચલાવવામાં આવશે. ટ્રસ્ટ છેલ્લાં ૭૬ વર્ષથી શૈક્ષણિક પ્રવૃત્તિમાં સંકળાયેલ છે.

૩. સંસ્થાને આ કોર્સ ચલાવવા માટે ગુજરાત રાજય તરફથી તેમજ ગુજરાત યુનિવર્સિટી તરફથી એન.ઓ.સી. આપવામાં આવેલ છે.

૪. સંસ્થા પાસે એન.સી.ટી.ઈ. અને યુનિવર્સિટીનાં નિયમ મુજબની તમામ સવલતો જેવી કે વર્ગખંડો, ફર્નિચર, ટોઇલેટ, પાણી, લેબોરેટરી, વિગેરે વ્યવસ્થા છે.

૫. સંસ્થા પાસે લાઈબ્રેરી છે પરંતુ વધારાનું રૂ.૫૦,૦૦૦ના પુસ્તકો વસાવવા ભલામણ છે.

૬. સંસ્થા સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવશે અને તેના તમામ ખર્ચ ટ્રસ્ટ દ્વારા ઉઠાવાશે તેની લેખિત બાંયેધરી આપવામાં આવેલ છે.

૭. સંસ્થાએ માન્યતા અગાઉ એન.સી.ટી.ઈ.ના ધારાધોરણ મુજબ આચાર્ય અને ૭ શિક્ષકોની ઓપન ઈન્ટરવ્યુ દ્વારા ભરતી કરેલ છે. જો આ શૈક્ષણિક સ્ટાફમાં કોઈ હાજર ના થાય તો યુનિવર્સિટી કાર્યાલયમાં ફરીથી ઓપન ઈન્ટરવ્યૂ રાખવાના રહેશે.

૮. સંસ્થાએ એન.સી.ટી.ઈ. ના ધારાધોરણ મુજબ ગુજરાત યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કર્યા મુજબ ૮૫ અને મેનેજમેન્ટ ક્વોટા હેઠળ ગુણવત્તાનાં ધોરણે ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૯. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જરૂરી વહીવટી સ્ટાફની ભરતી તાત્કાલિક કરવાની રહેશે.

૧૦. સંસ્થા મિશ્ર કક્ષાની ( વિદ્યાર્થી તથા વિદ્યાર્થિની ) રહેશે.

૧૧. સંસ્થાના વર્ગો ગુજરાતી માધ્યમમાં ચલાવવાના રહેશે.

૧૨. સંસ્થાએ તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર તેમજ ભથ્થાં અને પ્રોવિડંડ ફંડની સવલત આપવાની રહેશે.

૧૩. સંસ્થાએ વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટી તેમજ સરકારશ્રીની સ્ટેટ લેવલ કમિટી દ્વારા નક્કી કરેલ ફી જ વસૂલ લેવાની રહેશે.

૧૪. જે પ્રાધ્યાપકોએ યુ.જી.સી.ના નિયમ મુજબ એન. ઈ. ટી. કે સ્લેટ ની પરીક્ષા પસાર કરેલ ના હોય તેમણે બે વર્ષમાં એટલે કે માર્ચ ૨૦૦૫ સુધીમાં ઉપરોક્ત પરીક્ષા પસાર કરવાની રહેશે.

૧૫. યુનિવર્સિટી નાં ધારાધોરણ મુજબ દિન ત્રણમાં રૂ. ૧૨,૦૦,૦૦૦/- જમા કરાવવાના રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓ અને શરતોને આધીન સર્વાનુમતે જૂન-૨૦૦૩થી બી.એડ.નો વર્ગ શરૂ કરવાની ભલામણ કરીએ છીએ.

સહી

૧. પ્રિ. **સૌરભ ચોકસી**

૨. પ્રિ. **દુષ્યંત શુકલ**

૩. પ્રિ. **મીનાબેન અમીન**

## પરિશિષ્ટ "૪૯"

બાબત ક્રમાંક ૧૦(૧૮)

**બાબત :** શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં પ્રથમ વર્ષ બી.બી.એ.-બી.સી.એ.માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની સૂચનાઓ અને માર્ગદર્શક નિયમો અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત બાબત પરત્વે કુલપતિશ્રીના અધ્યક્ષપદે મળેલ પ્રવેશ સમિતિના સભ્યશ્રીઓ તથા બી.બી.એ-બી.સી.એ. અભ્યાસક્રમ શીખવતી કૉલેજના આચાર્યશ્રીની તા. ૩૧-૫-૨૦૦૩ના રોજ મળેલ સભામાં નક્કી થયા મુજબ ૨૦૦૩-૨૦૦૪ના શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરી માટે નીચે જણાવેલ સૂચનાઓ-માર્ગદર્શક નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું જણાવવામાં આવે છે.

(૧) બી.બી.એ.-બી.સી.એ.માં પ્રવેશ વહેલો તે પહેલાના ધોરણે આપવાનું નક્કી પરવામાં આવેલ છે.

(૨) ધોરણ ૧૨ સાયન્સ કૉમર્સ પ્રવાહમાં પાસ થયેલા અનામત તથા બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને તા. ૩-૬-૨૦૦૩થી શરૂ કરી પરિણામ આવે તે તારીખથી ચાર દિવસ સુધી રૂ. ૫૦ ની કિંમતે માત્ર પ્રવેશ ફોર્મનું વિતરણ કરવાનું રહેશે, પરંતુ પ્રવેશ આપી શકાશે નહી

(૩) ધોરણ ૧૨માં બિન અનામત વિદ્યાર્થીઓ કે જેઓએ ૪૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને અનામત કક્ષાના વિદ્યાર્થીઓ કે જેઓએ ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમને પરિણામ જાહેર થયા પછીના છઠ્ઠા દિવસથી વહેલો તે પહેલાના ધોરણે તાજેતરની સ્ટેટ લેવલ કમિટી વ્દારા નક્કી થયેલ ફી લઈ પ્રવેશ આપવાનો રહેશે ( દા. : તા. ૫-૬ના રોજ પરિણામ આવે તો તા. ૧૦-૬ના રોજથી ફી સ્વીકારવી)

(૪) જે વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ પ્રયત્ને ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કરેલ હોય તેમને દરેક પ્રયત્ન દીઠ ૧૫ ગુણની કપાત કરી ટકાવારી નક્કી કરવાની રહેશે. આવા વિદ્યાર્થીઓ માટે આ કપાત બાદ, ઉપર નક્કી કરેલ ન્યૂતમ ટકાવારી (૪૫ ટકા અને ૪૦ ટકા) થતી હોય તો જ પ્રવેશ આપવો.

(૫) ધોરણ ૧૨ પાસ થયેલા આવા વિદ્યાર્થીઓની પ્રવેશપાત્રતા માટે તેમણે તે પરીક્ષા નીચેના વિષયો સાથે પાસ કરેલી હોવી જોઈએ. ( ) બી.સી.એ. માટે (૧) અંગ્રેજી, (૨) મેથેમેટિક્સ અથવા સ્ટેટિસ્ટિકસ અથવા અલિમેન્ટસ ઓફ એકાઉન્ટન્સી અથવા બિઝનેસ મેથેમેટિસ એકાઉન્ટન્સી (બુક કીપિંગ) બી.બી.એ. માટે (૧) અંગ્રેજી (૨) મેથેમેટિક્સ અથવા સ્ટેટિસ્ટિકસ અથવા એકાઉન્ટન્સી (બુક કીપિંગ ઍન્ડ એકાઉન્ટન્સી)

(૬) ઓર્ડિનન્સ: ૧૨૦ (બી)(૯) મુજબ સામાન્ય કેટેગરીની મેરિટ અનુસાર પ્રવેશ માટે પાત્ર હોય તેવા અનામત કક્ષાના ઉમેદવારોને બિન અનામત કેટેગરીમાં આવતા હોય તો પ્રવેશ આપ્યા બાદ અનામત કેટેગરીની કુલ જગ્યાઓની ટકાવારી પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે. અનામત ટકાવારી

| | |
|---|---|
| અનુસૂચિત જાતિ | ૭ ટકા |
| અનુસૂચિત જનજાતિ | ૧૩ ટકા |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિધવા, અનાથ બાળકો | ૨૭ ટકા |
| શારીરિક ખોડખાપણ-વિકલાંગો | ૩ ટકા |

(૭) બી.સી.એ. તેમજ બી.બી.એ.માં વર્ગ દીઠ વધુમાં વધુ ૬૦ અને કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને બે વર્ગની મર્યાદામાં જ પ્રવેશ આપવાનો રહેશે જો કોઈ સંસ્થા વર્ગ દીઠ ૬૦થી વધુ પ્રવેશ આપશે તો વધારાના વિદ્યાર્થીઓની પૂરેપૂરી ફી ફરજીયાત રીતે યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ જ તેમના એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નિયમોમાં કોઈ બાંધછોડ થશે નહીં આ જોગવાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ જો જગ્યા ખાલી રહે તો ગુજરાત યુનિવર્સિટીની અન્ય યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને પણ નક્કી કરેલ ગુણવતાના ધોરણે પ્રવેશ આપી શકાશે, આ માટે યુનિવર્સિટીમાંથી એલિજિબિલિટી સર્ટિફિકેટ ફરજિયાત લેવાનું રહેશે.

(૯) પ્રવેશ આપવાની અંતિમ તારીખ પછી બોર્ડમાંથી વિદ્યાર્થીઓના પરિણામમાં ફેરફાર થયા હોય તેવા વિદ્યાર્થીઓની ગુણ સુધારણાની અરજીઓ સ્વીકારી ન્યૂનતમ પ્રવેશ ટકાવારીને ધ્યાનમાં રાખી પ્રવેશ આપવાનું રાખવું.

(૧૦) ગુજરાત યુનિવર્સિટીની અન્ય બી.બી.એ.(બી.સી.એ.) સંસ્થામાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તેમને કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવાનો નથી.

(૧૧) દરેક સંસ્થાએ સ્પષ્ટ રીતે સૂચના મૂકવી કે સંસ્થામાં ફી ભર્યા બાદ પ્રવેશ રદ થઈ શકશે નહીં કે બીજી સંસ્થામાં પ્રવેશ માટે અસલ ગુણપત્રક પરત મળશે નહીં.

(૧૨) પ્રવેશ આપતી વખતે અસલ ગુણપત્રક સંસ્થાએ લઈ લેવું, એનરોલમેન્ટની કામગીરી પૂરી થયા પછી જ તે પરત કરવું.

(૧૩) અનામત વિદ્યાર્થીઓને માટે બી.સી. કાર્ડનો આગ્રહ રાખવો નહીં, પરંતુ ઓર્ડિનન્સ મુજબ પ્રવેશ શરૂ થયા પછીના ૧૦ દિવસના ગાળા દરમ્યાન બી.સી. કાર્ડ રજૂ કરે તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ ફાઈનલ ગણવો અને ત્યાં સુધી પ્રવેશનો અધિકાર ચાલુ ગણવો.

(૧૪) પ્રવેશ મેળવ્યા બાદ કોઈ વિદ્યાર્થી અન્ય પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ મેળવે તો ગુણપત્રક અને નિયમ મુજબ ફી પરત કરવાનું રાખવું.

(૧૫) મેનેજમેન્ટ તથા આચાર્ય દ્વારા અથવા તો રમતગમત, સાંસ્કૃતિક, એન.સી.સી. વિગેરે બાબતો માટે કુલ સંખ્યાના ૧૫%થી વધુ નહીં એવા વિદ્યાર્થીઓને ૪૫% અને ૪૦% ન્યૂનતમ મર્યાદાને ધ્યાનમાં રાખીને પ્રવેશ આપી શકાશે.

(૧૬) પ્રવેશ અંગે કોઈપણ વધુ માહિતીની જરૂર જણાય તો યુનિવર્સિટીનો સંપર્ક કરવો.

(૧૭) પ્રવેશ અંગેની ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જ્યારે જરૂર જણાય ત્યારે યુનિવર્સિટી હવે પછી જે જે સૂચનાઓ આપે તેનો પણ અમલ ચૂસ્તપણે કરવો.

(૧૮) પ્રવેશનું કાર્ય પુરું થયા પછી ટકાવારી સાથેની યાદી બીબીએ/બીસીએ બન્નેની ૩ દિવસમાં ફરજિયાત મોકલી આપવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

કુલસચિવ વતી

## પરિશિષ્ટ "૪૯-એ"

બાબત ક્રમાંક ૨(૨૦)

### એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક તપાસસમિતિના અમે સભ્યશ્રીઓએ આજ તા. ૨૫-૬-૨૦૦૩ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે એમ.પી. આર્ટસ એન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેનની મુલાકાત લીધી હતી. આ કૉલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪થી એમ.કૉમ. (કોસ્ટિંગ)નું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા ઈચ્છે છે. અમારી મુલાકાત દરમ્યાન કૉલેજના આચાર્યશ્રી ઉષાબહેન ચતુર્વેદી, ટ્રસ્ટના મંત્રીશ્રી પદમાબહેન જયકૃષ્ણભાઈ તથા એકાઉન્ટન્સી વિભાગના વડા શ્રી વલ્લભભાઈ વાઢેલ હાજર રહ્યા હતા અને જરૂરી તમામ માહિતી વિગતે પૂરી પાડી હતી

૧. આ કૉલેજ કન્યાઓના સર્વાંગી વિકાસ માટે પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના (સ્નાતક) અધ્યયન માટે કાર્યરત છે. કૉલેજની વિદ્યાર્થિનીઓને પોતાની જ કૉલેજમાં અનુસ્નાતક શિક્ષણ મળી રહે એવી દઢ ઈચ્છા છે.

૨. કૉલેજની છેલ્લાં ચાર વર્ષની થર્ડ બી.કૉમ.ના વર્ગની વિદ્યાર્થિનીઓની સરેરાશ સંખ્યા ૨૦૦થી વધુ રહેલી છે અને કૉલેજનું પરિમામ પણ સરેરાશ ૭૫%ની આસપાસ રહયું છે. (**પરિશિષ્ટ-એ** થી કૉલેજના પત્રની નકલ સામેલ છે.)

૩. આ કૉલેજમાં ભૌતિક સુવિધાઓ સાધનો-સગવડો પર્યાપ્ત છે. (**પરિશિષ્ટ-બી** થી કૉલેજના પત્રની નકલ સામેલ છે.)

૪. એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી આપવામાં આવે તો રૂ. ૧૦,૦૦૦/-ની કિંમતના લાઈબ્રેરીના પુસ્તકો અનાવર્તક રીતે વસાવવાની કૉલેજે તત્પરતા દર્શાવી છે. (**પરિશિષ્ટ-સી** થી કૉલેજના બાહેધરી પત્રની નકલ સામેલ છે.)

૫. એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર માટે ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૬૫ પી(એ) મુજબ જરૂરી અધ્યાપકો હાલમાં કૉલેજમાં છે. (**પરિશિષ્ટ-ડી** થી ૬૫ પી(એ) મુજબના અધ્યાપકોની માહિતી સામેલ છે)

૬. ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૫ (S) મુજબ અમદાવાદ સિટી ઝોનમાં હાલમાં ત્રણ એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્રો કાર્યરત છે. કૉલેજ દ્વારા આ પૂરી પાડવામાં આવેલી માહિતી મુજબ હાલમાં આ કૉલેજ જે ઝોનમાં આવી છે. તે ઝોનમાં ત્રણ એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્રો હોય તો ચોથું કેન્દ્ર મંજૂર કરવા અમારી આગ્રહભરી ભલામણ છે.

૭. વિદ્યાર્થિનીઓની વિદ્યાકીય ભૂખને સંતોષવાની આ કૉલેજની દઢ ઇચ્છા જોતા અને રાજ્ય સરકાર તથા યુનિવર્સિટીની પણ કન્યા કેળવણી પ્રત્યેની વિશાલ અને ઉમદા દષ્ટિકોણ જોતા આ એમ.કોમ.(કોસ્ટિંગ)નું અનુસ્નાતક કેન્દ્ર ફાળવતા અમે સર્વાનુમતે ભલામણ કરીએ છીએ.

સહી

**૧. પ્રિ. પી. સી. ઉપાધ્યાય**

**૨. પ્રિ. ભાલચન્દ્રભાઈ જોષી**

**૩. પ્રો. દેવેન્દ્રસિંહ સોલંકી**

## પરિશિષ્ટ "૫૦"

બાબત ક્રમાંક ૧૨

**સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, લાલ દરવાજા, અમદાવાદ-૧ના અંગ્રેજી (મુખ્ય) વિષયના કાયમી જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના ઍકેડેમિક/૨૧/૫૨૩૫૧/૨૦૦૩ના તા. ૧૬-૬-૨૦૦૩ના પત્ર અન્વયે અમે સ્થાનિક સમિતિના સભ્યોએ સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજની તા. ૧૭-૭-૨૦૦૩ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત વખતે પ્રિ. ભાલચંદ્ર જોશીએ હાજર રહી સઘળી માહિતી પૂરી પાડી હતી. જે માહિતી નીચે મુજબ છે :

૧. સંસ્થાને ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૧૯૯૬-૯૭ના વર્ષ માટે અંગ્રેજી (મુખ્ય વિષય) તરીકે ઍકેડેમિક/૨૧/૫૨૬૪૧/૧૯૯૯ના પત્રક્રમાંકથી તા. ૯-૧૦-૧૯૯૯ના રોજ એડહોક માન્યતા આપવામાં આવી હતી.

૨. હાલમાં અંગ્રેજી વિષયમાં ત્રણ પૂરા સમયના વ્યાખ્યાતાઓ છે.

૩. હાલમાં કુલ ૭૨ તાસનો કાર્યભાર છે. આથી ૧૮ તાસનો કાર્યભાર માટે પ્રાધ્યાપકની જરૂર છે. જો એફ.વાય.બી.એ.માં અધિક ગૌણ તરીકે અંગ્રેજી વિષય આપવામાં આવે તો વધારાના ૬ તાસ માટે પ્રાધ્યાપકની જરૂર રહે.

૪. સરકારશ્રી પાસે ૨૪ તાસ માટે વ્યાખ્યાતાની માગણી કરેલ છે. જે મળેલ નથી. આથી સંસ્થા વિઝિટિંગ પ્રાધ્યાપક દ્વારા કાર્યભાર ચલાવે છે.

૫. હાલમાં અંગ્રેજી વિષયના પૂરતા પ્રમાણમાં લાઈબ્રેરીના પુસ્તકો છે.

૬. સંસ્થા પાસે આ વિષય ચલાવવા પૂરતા વર્ગખંડો અને પૂરતું ફર્નિચર છે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં લેતાં અને સમિતિના સભ્યો સર્વાનુમતે સંસ્થા ૧૯૯૬-૯૭થી વર્ષ ૨૦૦૨-૨૦૦૩ સુધી ચાલુ જોડાણ લંબાવી આપવા તેમજ ત્યાર બાદ કાયમી જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

સહી

૧. **પ્રિ. કૌશિક કે. શાહ**

૨. **પ્રિ. સૌરભ ચોકસી**

૩. **પ્રિ. એચ. ડી. શીખ**

## પરિશિષ્ટ "૫૧"

બાબત ક્રમાંક ૧૩

**સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટી નીયુક્ત નીચેના સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ તા. ૨-૮-૨૦૦૩ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વાસદની મુલાકાત લીધી હતી.

૧. પ્રિ. જે આર. પટેલ
એલ. ડી. અન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૧૫.

૨. પ્રિ. ડી. અશોક પાલ
પારુલ અન્જિનિયરિંગ કૉલેજ, લીમડા, તા. વાઘોડિયા

૩. શ્રી. પી. એસ. શાહ
ડાયરેકટર, બાલાજી કૉલેજ ઓફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, વાસદ
પ્રિ. જે. આર. પટેલ અનિવાર્ય કારણોસર હાજર રહી શક્યા ન હતાં.

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, વાસદ એ.આઈ.સી.ટી.માં અરજી કરી હતી, તેની નકલ ગુજરાત યુનિવર્સિટી અને સરકારશ્રીને પણ મોકલી હતી, આ સંસ્થાને એમ.સી.એ. અભ્યાસક્રમ માટે અને એરોનેટિકલ અન્જિનિયરિંગ માટે ગુજરાત સરકારશ્રીએ એન.ઓ.સી. સર્ટિફિકેટ આપેલ છે, અને એ.આઈ.સી.ટી.ઈ.એ આ અભ્યાસક્રમોની મંજૂરી આપેલી છે, જે પત્રની નકલ ગુજરાત યુનિવર્સિટીને પણ મોકલેલ છે.

એરોનેટિકલ અન્જિનિયરિંગ અભ્યાસક્રમ સમગ્ર ગુજરાતમાં કોઈપણ કૉલેજમાં નથી, બલ્કે સમગ્ર ભારતદેશમાં માત્ર ત્રણ જ કૉલેજો કાનપુર, મદ્રાસ અને મુંબઈમાં આ અભ્યાસક્રમ ચાલે છે, તે જોતાં આ અભ્યાસક્રમ આપણી યુનિવર્સિટીમાં આ પ્રથમ કૉલેજ શરૂ કરી રહી છે, અને તે માટે જરૂરી શિક્ષકગણ પણ ઉપલબ્ધ છે, ઉપરાંત આ સંસ્થાની ઈજનેરી કૉલેજના પરિણામો પણ ઘણા સારા આવે છે, તે જોતાં આ સંસ્થા આ અભ્યાસક્રમ સારી રીતે ચલાવી શકશે તેવી માહિતી અમને સંસ્થાના ચેરમેનશ્રી શાંતિભાઈ અમીને આપી છે.

આ અભ્યાસક્રમ માટે જરૂરી સાધનસામગ્રી લેબોરેટરીઝ તથા શૈક્ષણિક અને વહીવટી વર્ગના કર્મચારીઓ ઉપલબ્ધ છે, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં એમ.સી.એ. અભ્યાસક્રમની સગવડ નથી, તેમજ આ સંસ્થાની ઈજનેરી વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ શાખા પણ છે, તે જોતાં એમ.સી.એ. અભ્યાસક્રમ પણ સંસ્થા સારી રીતે ચલાવી શકશે અને તે માટે જરૂરી કૉમ્પ્યુટર્સ, પુસ્તકો અને અન્ય સાધનસામગ્રી ઉપલબ્ધ કરેલ છે, એમ.સી.એ. અભ્યાસક્રમ અલગ પી. જી. કેન્દ્ર તરીકે શરૂ કરવાની થાય છે.

સંસ્થા પાસે ઉપરોક્ત બંન્ને અભ્યાસક્રમો માટે જરૂરી લેબોરેટરી, સાધનસામગ્રી જરૂરી ફર્નિચર વિગેરે છે, તેમજ એ.આઈ.સી.ટી.ઈ.એ.એમ.સીએ.માં ૬૦ વિદ્યાર્થીઓની અને એરોનોટિકલ એન્જિનિયરિંગમાં પણ ૬૦ વિદ્યાર્થીઓની મંજૂરી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી આપી હોઈ, એમ.સી.એ.ને યુનિવર્સિટી નિયમોને આધિન અલગ પી. જી. કેન્દ્ર તરીકે તથા ઈજનેરી વિદ્યાશાખામાં એરોનેટિકલ એન્જિનિયરિંગને નવી બ્રાન્ચ તરીકે માન્યતા આપવા ભલામણ કરીએ છીએ.

સહી
**ડી. અશોક પાલ**
**શ્રી. પી. એસ. શાહ**

## પરિશિષ્ટ "૫૨"

બાબત ક્રમાંક ૧૫

**સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં બી.એસસી. (સ્પેશિયલ) ઈલેક્ટ્રોનિકસનો અભ્યાસક્રમ શીખવવા માટેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

૧. યુંનિવર્સિટીના તા. ૧૬-૬-૨૦૦૩ના પત્રાંક નં. એકેડેમિક/૨૧/૫૨૩૫૫/૨૦૦૩ના સંદર્ભમાં આજરોજ તા. ૨૩-૬-૨૦૦૩ના દિવસે સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ કૉલેજની રૂબરૂમાં મુલાકાત લીધી હતી.

૨. કૉલેજ તરફથી આચાર્યશ્રી ફ્રાન્સીસ જી. પરમાર દ્વારા સમિતિના સભ્યોને જરૂર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

૩. યુનિવર્સિટીના તા. ૧૯-૭-૨૦૦૧ના પત્રાંક ઍકેડેમિક/૨૧/૫૦૪૭૯/૨૦૦૨થી તા. ૧૫-૬- ૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું એડહોક જોડાણ આપવામાં આવ્યું છે. કૉલેજ દ્વારા ઈલેક્ટ્રોનિકસના વિષય માટે છેલ્લાં ૧૬ વર્ષથી વારંવાર કાયમી જોડાણ માટે આ પૂર્વ અરજીઓ કરવામાં આવી છે. યુનિવર્સિટી તા. ૧૫-૬-૨૦૦૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંક ૧૨થી તે વખતથી સ્થાનિક તપાસસમિતિ દ્વારા કૉલેજને કાયમી જોડાણ આપવાની ભલામણ કરતો પત્ર ડૉ. વાય. કે. અગ્રવાલ અને વી. બી. ગોહિલ દ્વારા ભલામણ કરવામાં આવી હતી.

૪. સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ આજરોજ રૂબરૂ મુલાકાત દરમ્યાન ઈલેક્ટ્રોનિક્સના વિષય માટે જરૂરી પ્રયોગશાળા, પુસ્તકો, તેમજ અન્ય જરૂરી ભૌતિક સુવિધા દર્શાવતાં વર્ગખંડો ઉપલબ્ધ છે.

૫. કૉલેજ દ્વારા વર્ગદીઠ કાર્યભાર અને શિક્ષકોનું યુનિવર્સિટીના નિયમાનુસાર લખાણમાં વિગતો આપવામાં આવી છે, યુનિવર્સિટીના જોડાણની શરત પ્રમાણે કુલ-૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે ઈલેક્ટ્રોનિક્સ વિષય ભણાવવા માટે કૉલેજ પાસે જરૂરી શિક્ષકો હોવાથી અભ્યાસક્રમનું સુચારુ રૂપે સંચાલન થાય છે.

૬. અમારી રૂબરૂ મુલાકાત દરમ્યાન પુસ્તકાલયની પણ મુલાકાત લેવામાં આવી હતી. છેલ્લાં ત્રણ વર્ષના પુસ્તક ખરીદીની વિગતો દર્શાવતા આંકડા આ સાથે રજૂ કરવામાં આવ્યા છે. જેમાં દર વર્ષે ઉત્તરોત્તર પુસ્તકો ખરીદવામાં વધારો માલૂમ પડયો છે.

૭. ઉપરોક્ત સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતા શિક્ષણના સાતત્યના સંદર્ભમાં આથી સમિતિના સભ્યો સર્વાનુમતે, કૉલેજને તા. ૧૪-૬-૨૦૦૨થી કાયમી જોડાણ આપવાની ભલામણ કરે છે.

વિશેષમાં અગાઉ પેરા-૪માં જણાવ્યા પ્રમાણે આ પૂર્વે પણ કૉલેજના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ કાયમી જોડાણની ભલામણ કરતો હોવા છતાં પણ, શા માટે કાયમી જોડાણ આપવામાં ઢીલ કરવામાં આવી, તેની પણ તપાસ કરવા કુલપતિશ્રીને આ સાથે વિનંતી કરે છે.

સહી

૧. **પ્રો. એન. યુ. રાજગુરુ**

૨. **પ્રો. દામુભાઈ પંચાસરા**

૩. **પ્રો. એન. કે. પાઠક**

## પરિશિષ્ટ "૫૩"

બાબત ક્રમાંક ૧૬

**શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, કોઠંબા, તા. લુણાવાડાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજરોજ ઉપરોક્ત કૉલેજની સ્થાનિક તપાસસમિતિના સભ્યો ડૉ. રંજનાબહેન હરીશ તેમજ ડૉ. જગદીશ ભાવસારે ઉપરોક્ત કૉલેજની મુલાકાત લીધી હતી, આ કૉલેજની જૂન-૨૦૦૨ની જોડાણ અરજી અંતગર્ત અમોએ લીધેલ મુલાકાત દરમ્યાન સંસ્થામાં નીચેની બાબતો ધ્યાનમાં આવી હતી, આ બાબતોની નોંધ ધ્યાનમાં લઈ યુનિવર્સિટીના સક્ષમ સત્તામંડળોને યોગ્ય નિર્ણય કરવા અમો વિનંતી કરીએ છીએ.

અમોએ સંસ્થાની ૨ જુલાઈના રોજ મુલાકાત લીધી ત્યારે સંસ્થાના મકાનમાં પ્રમુખશ્રી દિનેશભાઈ પટેલ હાજર હતાં, આ કૉલેજશ્રી કોઠંબા વિભાગ નાગરિક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જૂન-૧૯૯૪થી ચલાવવામાં આવે છે, આ કૉલેજના હાલના કાર્યકારી આચાર્યશ્રી સંજયભાઈ એસ. પટેલ પણ હાજર હતાં.

**ધ્યાનમાં આવેલી બાબતો**

૧. સંસ્થા એફ.વાય.બી.એ.,એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ.ના જુદા જુદા વિષયોનું શિક્ષણ આપે છે, પરંતુ વિદ્યાર્થીઓને બેસવા માટેના ઓરડા પૂરતા પ્રમાણમાં નથી.

૨. અધ્યાપકોને બેસવા માટે તેમજ વિદ્યાર્થીઓને બેસવા માટે કોઈજ અલાયદા રૂમની વ્યવસ્થા નથી.

૩. સંસ્થા ભાડાના મકાનમાં ચાલે છે, ભાડું ચૂકવવામાં આવતું નથી, તેવું મુલાકાતમાં જણાવેલ છે, આ સંસ્થાના બિલ્ડિંગના નીચેના ભાગમાં મકાન માલિક રહેતા હોઈ તેમના ઢોર બાંધેલા રહે છે.

૪. સંસ્થા પાસે પુસ્તકોની સંખ્યા ઓછી છે, તેમજ લાઈબ્રેરીની કોઈજ વ્યવસ્થા ઉપલબ્ધ નથી કે જ્યાં વિદ્યાર્થીઓ બેસીને વાંચી શકે.

૫. આ કૉલેજમાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી અને સંસ્કૃત ભણાવવામાં આવે છે. પ્રથમ ગૌણ વિષય તરીકે સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, ઈતિહાસ વિષય ભણાવાય છે.

૬. આ કૉલેજમાં ૨૦૦૨-૨૦૦૩ના શૈક્ષણિક સત્રમાં એફ.વાય.બી.એ.માં ૪૭૫ એસ.વાય.બી.એ.માં ૨૨૫ અને ટી.વાય.બી.એ.માં ૧૭૦ એમ કુલ ૮૭૦ વિદ્યાર્થીઓ હતાં.

૭. સંસ્થામાં ૫(પાંચ) પૂર્ણ સમયના અને ૨(બે) ખંડ સમયના અધ્યાપકો છે, તેમજ ગ્રંથપાલ અને ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર મળીને ૯ નો સ્ટાફ છે, અમો જ્યારે સંસ્થાની મુલાકાતે ગયા ત્યારે અધ્યાપકો હાજર હતાં.

૮. અધ્યાપકોનો પગાર સંસ્થા કરે છે, તેમજ કૉલેજ માટે જગ્યા મેળવવાની તજવીજ કરવામાં આવી રહી છે, તેવી રજૂઆત છે.

ઉપરોક્ત વિગતો અને હકીકતોને ધ્યાનમાં લઈને ૨૦૦૨-૨૦૦૩ના જોડાણ અંગેનો સમક્ષ સત્તામંડળો નિર્ણય કરે તેવી સમિતિની ભલામણ છે.

સહી

**ડૉ. રંજનાબહેન હરીશ**

**ડૉ. જગદીશ ભાવસાર**

## પરિશિષ્ટ "૫૪"

બાબત ક્રમાંક ૧૭

**સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

શ્રી ગુજરાત રાજ્ય રામવનવાસી સેવા યુવક મંડળ, સિંગવડ, તા. લિમખેડા, જિ. દાહોદની નવી શરૂ થનાર બી.એડ. કૉલેજ માટે સ્થાનિક તપાસસમિતિએ તા. ૪-૭-૨૦૦૩ના રોજ સ્થળની રૂબરૂ મુલાકાત લઈ નીચે પ્રમાણે અવલોકન કરેલ છે.

સંસ્થા પાસે મકાનની સગવડ છે જેમાં આચાર્ય માટે, સ્ટાફ માટે અને વહીવટી સ્ટાફ માટે અલગ અલગ ઑફિસ છે તે ઉપરાંત વર્ગખંડો લાઈબ્રેરી રૂમ, કૉમ્પ્યુટર રૂમ, એજ્યુ. ટેકનોલોજી રૂમ તેમજ સાયન્સ લેબ. માટેના રૂમ છે.

પરંતુ આ તમામ રૂમોમાં ફર્નિચર અને લાઈટ ફિટિંગની વ્યવસ્થા કરવાની બાકી છે. ગેલેરીમાં ફ્લોરિંગનું કામ ચાલું છે.

સાયન્સ લેબોરેટરીના કે શૈક્ષણિક ટેકનોલોજી માટેના સાધનો વસાવેલા નથી.

લાઈબ્રેરીમાં પુસ્તકો પૂરતા છે. સંસ્થાની પી.ટી.સી. કૉલેજમાં પાંચ કૉમ્પ્યુટર બતાવવામાં આવ્યા જે બી.એડ. કૉલેજ માટે છે તેમ મેનજિંગ ટ્રસ્ટીએ જણાવ્યું.

સંસ્થાએ ટીચિંગ સ્ટાફમાં આચાર્ય તેમજ પાંચ અધ્યાપકોની નિમણૂક કરેલ છે તે ઉપરાંત પી.ટી. ઈન્ટ્રકટર, લાઈબ્રેરિયન અને કલાર્કની નિમણૂક પણ કરેલ છે જેઓ તે વખતે હાજર હતા. સ્ટાફના નિમણૂકપત્રો આપેલ છે પણ તેમના સ્વીકૃતિપત્ર જોવા મળ્યા નથી.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને આચાર્યશ્રીએ હાજર રહી ઉપરોક્ત વિગતો આપેલી. મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીએ ફર્નિચર, લેબોરેટરીના સાધનો, ઓડિયો વિજયુયલ ઈક્વિપમેન્ટ વગેરે વસાવી લેવાની મૌખિક ખાતરી આપેલી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા સંસ્થા તેની ઊણપો દૂર કરે તે પછી જ સંસ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માટે જોડાણ આપવા સમિતિ ભલામણ કરે છે.

સહી

**ડૉ. સી. પી. પટેલ**

**ડૉ. જે. એન. પંડયા**

**ડૉ. દુષ્યંત એસ. શુકલ**

## પરિશિષ્ટ "૫૫"

બાબત ક્રમાંક ૧૮

**એમ. ડી. શાહ કૉમર્સ અને બી. ડી. પટેલ આટ્‌ર્સ કૉલેજ મહુધાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તા. ૧૧-૭-૨૦૦૩ના રોજ એમ. ડી. શાહ કૉમર્સ અને બી. ડી. પટેલ આટ્‌ર્સ કૉલેજ મહુધા ખાતે એફ.વાય.બી.કૉમ. કૉમ્પ્યુટર સાયન્સ ગૌણ વિષયના જોડાણ માટે અને સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તેમજ એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ ગૌણ વિષયના કાયમી જોડાણની અરજીના સંદર્ભમાં મુલાકાતે ગયા હતાં. સંસ્થામાં આચાર્યશ્રી એ. વી. પરમારે હાજર રહી માહિતી પૂરી પાડી હતી, અમારી તપાસને અંતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા હતાં :

૧. સંસ્થાએ ૧૯૯૯થી કૉમ્પ્યુટર વિષય એફ.વાય.બી.કૉમ.માં ગૌણ વિષય તરીકે જોડાણ મેળવવા અરજી કરી હતી, ત્યારબાદ સ્થાનિક તપાસસમિતિએ મૂકેલ શરતોનું પરિપાલન કરવું શક્ય નહીં હોવાથી આ વિષય શરૂ કરવામાં આવ્યો ન હતો, હવે કૉલેજ આ વિષય શરૂ કરવાની ઈચ્છા પણ ધરાવતી નથી.

૨. કૉલેજે સમાજશાસ્ત્ર મુખ્ય વિષયના કાયમી જોડાણની માગણી કરેલ છે, આ વિષયનું ચાલુ જોડાણ ૧૯૯૭-૯૮થી મળેલ છે, તેમજ આ વિષય હાલમાં પણ ભણાવવામાં આવે છે, હાલમાં પ્રથમ વર્ષ બી.એ.માં ૧૩૧, દ્વિતીય વર્ષ બી.એ.માં ૫૬ અને તૃતીય વર્ષ બી.એ.માં ૨૦૦ વિદ્યાર્થીઓ છે. સમાજશાસ્ત્ર વિષયના કુલ ૫૧ તાસના કાર્યભારની સામે હાલમાં ૧ પૂરા સમયના અને ખંડ સમયના વ્યાખ્યાતા છે, ૧ પૂરા સમયના ૧ ખંડ સમયના વ્યાખ્યાતાની જગ્યા ખાલી છે, જે અંગે સરકારશ્રીમાં એન.ઓ.સી.ની માગણી કરેલ છે.

૩. સંસ્થાએ એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ ગૌણ વિષય તરીકે પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.કૉમ.માં જોડાણ માટે માગણી કરેલ છે, આ સંસ્થામાં હાલ ૪૨ તાસના કાર્યભારની સામે ૧ પૂરા સમયના અને ૧ ખંડ સમયના વ્યાખ્યાતા છે, સરકારશ્રી પાસે ૧ કાયમી પ્રાધ્યાપકની માગણી કરવામાં આવેલ છે, પરંતુ આ

વિષય માટેના નિષ્ણાંત પ્રાધ્યાપક સંસ્થા પાસે નથી, સંસ્થા પાસે છેલ્લાં ત્રણ વર્ષથી આ વિષય ચાલતો હોવા છતાં કોઈ પુસ્તિકો નથી, ગ્રામ્ય વિસ્તારમાં આ વિષય ભણવા માટે વિદ્યાર્થીઓ પૂરતા પ્રમાણમાં મળવા મુશ્કેલ છે, ચાલુ વર્ષે પ્રથમ વર્ષમાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, જે પૈકી બિઝનેસ મૅનેજમેન્ટ વિષય માટે વિદ્યાર્થીઓ નથી.

ઉપરની હકીકતો ધ્યાનમાં લેતા અમે સમિતિના સભ્યો નીચેનો હેવાલ રજૂ કરીએ છીએ :

૧. સમાજશાસ્ત્ર વિષયનું જોડાણ મુખ્ય વિષય તરીકે સરકારશ્રી તરફથી સ્ટાફ ભરતી કરવામાં ના આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે જૂન-૨૦૦૪ સુધી જોડાણ લંબાવી આપવાની ભલામણ કરવામાં આવે છે.

૨. સંસ્થાએ કૉમ્પ્યુટર સાયન્સ વિષય તરીકે શરૂ કરેલ નથી, તેમજ જરૂરી સગવડો પૂરી પાડી શકે તેમ પણ નથી, ઉપરાંત તા. ૧૧-૭ ગૌણના રોજ આચાર્યશ્રીએ આ વિષય શરૂ કરવા અંગેના અરજી પત્ર દ્વારા દર્શાવેલ હોવાથી કૉમ્પ્યુટર સાયન્સ વિષયનું કામચલાઉ કે અન્ય જોડાણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૩. એફ.વાય.બી.કૉમ.માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ માટે પૂરતા પ્રમાણમાં સ્ટાફ નહીં હોવાથી તેમજ પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મળી શકે તેમ નહીં હોવાથી આ વિષયની માન્યતા નહીં આપવાની આ સમિતિ ભલામણ કરે છે, તેમજ એસ.વાય.બી.કૉમ.માં આ વિષયની ગૌણ વિષય તરીકેની માન્યતા જૂન-૨૦૦૪ સુધી માત્ર કામચલાઉ ધોરણે ચાલુ રાખવાની ભલામણ કરીએ છીએ. સમાજશાસ્ત્રના રૂ. ૫૦૦૦ના વધારાના પુસ્તકો ખરીદવાની ભલામણ કરવામાં આવે છે.

સહી

**૧. પ્રિ. સૌરભ ચોકસી**

**૨. પ્રો. દામુભાઈ પંચાસરા**

**૩. પ્રો. આર. પી. સોની**

## પરિશિષ્ટ "૫૬"

બાબત ક્રમાંક ૧૯

**એફ. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર વુમનનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

તા. ૧૬-૬-૨૦૦૩ના રોજ સવારે ૮-૩૦ વાગે અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે ઉપરોક્ત કૉલેજની મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી એસ. કે. મન્સુરીએ અમને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી, અમારો હેવાલ નીચે પ્રમાણે છે :

૧. આ કૉલેજની વાણિજ્ય વિદ્યાશાખાને બી.કૉમ.માં મુખ્ય વિષય તરીકે એડવાન્સ એકાઉન્ટિંગ અને ગૌણ વિષય તરીકે એસપી આંકડાશાસ્ત્ર અને કૉમ્પ્યુટર ઈન બિઝનેસ ઓપરેશન વિષયનું ૧૪-૬-૨૦૦૩ સુધીનું જોડાણ મળેલ છે, કૉલેજ યુનિવર્સિટી પાસેથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૧-૩-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક-યજન/૧૦૨૦૦૩/૨૮૦/ખ-૧ અનુસાર કાયમી જોડાણની માગણી કરેલ છે. (**પરિશિષ્ટ-૧ સામેલ છે**)

૨. કૉલેજે ચાર પૂર્ણ સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની જગ્યા ભરવાની મંજૂરી સરકારશ્રી પાસેથી માગેલ છે (પત્રની નકલ **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે) સરકારશ્રી તરફથી હજુ સુધી કૉલેજને આ જગ્યાઓ ભરવાની મંજૂરી મળેલ નથી.

૩. કૉલેજે અત્યાર સુધીમાં વિનયન વિદ્યાશાખામાં કુલ રૂ. ૮૦૩૫૯/-નો તેમજ વાણિજ્ય વિદ્યાશાખામાં કુલ રૂ. ૭૨૬૯૦/- મળી કુલ રૂ. ૧,૫૩,૦૪૯/-ના પુસ્તકોની ખરીદી કરી છે.

૪. કૉલેજે યુ.જી.સી.ની ગ્રાન્ટમાં રૂ. ૨,૦૦,૦૦૦-૦૦ના પુસ્તકોની પણ ખરીદી કરી છે.

૫. અધ્યાપકોને યુનિવર્સિટીના નિયમ અનુસાર કાર્યભાર આપવામાં આવે છે.

૬. સરકારશ્રીના તા. ૧૧-૩-૨૦૦૩ના ઠરાવ અનુસાર (ઠરાવની નકલ પરિશિષ્ટ-૩) કૉલેજોએ હવે તા. ૩૧-૫-૨૦૦૪ સુધીમાં કાયમી જોડાણ મેળવી લેવાના રહે છે, આ ઠરાવની કલમ-૫(અ) અને (બ) અનુસાર હવે કાર્યવાહી કરવાની રહે છે, તેથી અમે આ કૉલેજને તા. ૩૧-૧૦-૨૦૦૩ સુધી વધારાના સમય સુધીનું જોડાણ અને તા. ૩૧-૫-૨૦૦૪ સુધીમાં કાયમી જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

સહી

**૧. શ્રી દર્શનસીંગ શીખ**

## પરિશિષ્ટ "૫૭"

બાબત ક્રમાંક ૨૦

**તપાસસમિતિનો હેવાલ**

ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંક/એકેડેમિક/૨૧/૨૦૦૩ અન્વયે તા. ૧૫-૫-૨૦૦૩ને ગુરુવારની રોજ તપાસ સમિતિના સભ્યોએ બી.વી.ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. અમારો આ અંગેનો હેવાલ નીચે મુજબ છે. તપાસ વખતે પ્રિ. એમ. જી. મનસુરી અને શ્રી. એ. ડી. મણિયાર ડાયરેક્ટર હાજર રહયા હતા.

૧. ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી. વી. ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને બાપાશાસ્ત્રીની પોળ, સાંકડી શેરીના સ્થળે માન્યતા આપવામાં આવેલ છે. પરંતુ યુનિવર્સિટીની કોઈ પણ મંજૂરી વગર હાલમાં આ સંસ્થા ભાઈકાકાનગર પાસે, થલતેજમાં ચલાવવામાં આવે છે. જે ખૂબ જ ગંભીર બાબત છે.

૨. હાલમાં સંસ્થામાં એફ.વાય.બી.કૉમ.ના ૦૨ વર્ગો, એસ.વાય.બી.કૉમ.ના ૨ અને ટી.વાય.બી.કૉમ.નો એક વર્ગ તેમજ એફ.વાય.બી.એ.ના ૨, એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ.નો એક એક વર્ગ ચાલે છે.

૩. હાલમાં આચાર્ય માત્ર કાર્યવાહી છે. આથી પૂરા સમયના આચાર્યની નિમણૂક કરવી જરૂરી છે.

૪. સંસ્થાના છેલ્લાં ત્રણ વર્ષના પરિણામની માહિતી મળી શકી નથી.

૫. પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ નથી અને સરકારશ્રી તરફથી માન્યતા નહીં મળતી હોવાથી વિઝિટિંગ પ્રાધ્યાપકો બોલાવી વર્ગો ચલાવવામાં આવે છે. વિઝિટિંગ પ્રાધ્યાપકોની માહિતી મળેલ નથી.

૬. ગત વર્ષના ટાઈમ ટેબલની માગણી કરવામાં આવેલ પરંતુ મળી શકેલ નથી.

૭. લાઈબ્રેરીમાં ઘણાં જૂના પુસ્તકો છે. છેલ્લાં ત્રણ વર્ષ નવી ખરીદી પુસ્તકોની થઈ હોય તેમ જણાતું નથી.

૮. હાલમાં લગભગ ૯૩૫ વિદ્યાર્થીઓ સંસ્થામાં અભ્યાસ કરે છે. જેની સામે માત્ર ૨૦૫ વિદ્યાર્થીઓ બેસી શકે તેવું જ ફર્નિચર હાલમાં કૉલેજ પાસે છે. જે ખૂબજ ગંભીર બાબત છે. બાકીના વિદ્યાર્થીઓને અભ્યાસ કે પરીક્ષા માટે બેસાડવાની શું જોગવાઈ છે તેનો કોઈ ખૂલાસો કરી શકેલ નથી.

સંસ્થા પાસે કુલ ૮ વર્ગખંડો, ૧ લાઈબ્રેરી, લેડીઝ રૂમ, આચાર્યનો ખંડ અને ઑફિસ છે. સંસ્થાની સાર્વત્રિક તપાસને અંતે વિદ્યાર્થીઓ માટે પૂરતી સુવિધાનો અભાવ જણાવેલ છે. આથી સંસ્થાને કાયમી ધોરણે માન્યતા આપવી હિતાવહ નથી.

સહી

**પ્રિ. કૌશિક શાહ**

**પ્રિ. સૌરભ ચોકસી**

**પ્રિ. ભાલચંન્દ્ર જોષી**

## પરિશિષ્ટ "૫૮"

બાબત ક્રમાંક ૨૧ (૩)

**તપાસ સમિતિનો હેવાલ**

આજ રોજ તા. ૭-૫-૨૦૦૩ના રોજ અમો નીચે સહી કરનાર ત્રણ સભ્યો સર્વશ્રી

૧. શ્રી. નટવરલાલ યુ. રાજગુરુ

૨. શ્રી. ડી. એન. પંચાસરા

૩. શ્રી. કૌશિકભાઈ શાહ

એ શ્રીમતી ચંદ્રિકા રશ્મીકાંત ગાર્ડી આર્ટ્સ કૉલેજ મુનપુર, જિલ્લા પંચમહાલની રૂબરૂ મુલાકાત લીધી હતી. સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે અમારી આ મુલાકાત હતી. શ્રી મુનપુર ગ્રુપ સર્વોદય કેળવણી મંડળ સંચાલિત સદરહુ કૉલેજના પ્રમુખશ્રી પ્રબોધકાંત પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા અને સભ્યશ્રીઓનું સ્વાગત કરી તપાસમાં સંપૂર્ણ સાથ-સહકાર આપ્યો હતો.

**અહેવાલ મુદ્દા :**

૧. ઉપરોક્ત મંડળે તેના તા. ૧૭-૩-૨૦૦૩ના પત્રથી કૉલેજને જૂન ૨૦૦૩થી કાયમી જોડાણ આપવા વિનંતી કરી છે.

૨. તા. ૩૦-૩-૨૦૦૩ના રોજ ગુજરાત યુનિ.ના પત્રાંક ઍકે-૨૧-૧૦૯૭૧ જોડાણ અંગેનું જાહેરનામું ક્રમાંક ૪૮-૨૦૦૩ સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૩ સુધી બી.એ. (પ્રિન્સી)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિષયોનું તથા બી.એ. (ગૌણ) ભૂગોળ વિષયનું ચાલુ જોડાણ આપેલું જ છે.

૩. તા. ૧૧-૬-૯૬ના રોજ તપાસસમિતિ ગઈ હતી જેણે આ કૉલેજને કાયમી જોડાણ માટે ભલામણ કરી જ હતી.

૪. સદરહુ કૉલેજને પોતાનું સ્વતંત્ર મકાન પુરતી સગવડતાવાળું છે આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, ગ્રંથાલય ટૉયલેટ વગેરેની ભૌતિક સુવિધાઓ છે વર્ગખંડોની પણ પૂરતી સગવડતા છે.

૫. આચાર્ય સહિત કુલ ૧૨ પૂર્ણસમયના વ્યાખ્યાતા તથા એક ખંડ સમયના વ્યાખ્યાતાને યુનિ.ની માન્યતા મળી ગઈ છે.

૬. જોડાણ અંગેની યુનિ.ની શરતોનું પાલન થયાની આ સમિતિની પ્રત્યક્ષ મુલાકાતથી ખાતરી થઈ હોઈ, સદરહુ કૉલેજને બી.એ. (પ્રિન્સી)માં હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર માટે તથા બી.એ. (ગૌણ) ભૂગોળના વિષય માટેનું કાયમી જોડાણ આપવા આ સમિતિ ભલામણ કરે છે.

સહી

અમદાવાદ. શ્રી. નટવરલાલ યુ. રાજગુરુ

તા. ૧૨-૫-૨૦૦૩ શ્રી. ડી. એન. પંચાસરા

શ્રી. કૌશિકભાઈ શાહ

## પરિશિષ્ટ "૬૦-૬૧"

બાબત ક્રમાંક ૨૨

**ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળ એલ. ડી. એન્જિ. કૉલેજ ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ વિભાગમાં એમ.ઈ. (આઈ.સી.), એપ્લાઈડ ઈન્સ્ટ્રુમેન્ટેશનનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટીએ તેના ક્રમાંક નં. અનું. બી./૨૩૧૨/૦૩ તા. ૯-૫-૨૦૦૩ના પત્રથી સદર અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા બાબતે નિયુક્ત કરેલ એલ.આઈ.સી.ના સભ્યોની રૂએ અમોએ તા. ૨-૬-૨૦૦૩ના રોજ સદર કૉલેજની પ્રત્યક્ષ મુલાકાત લીધી અને સંબંધિત વિભાગની લેબોરેટરીઓ તેમજ સદર સંસ્થામાં સદર અનુસ્નાતક કેન્દ્રના સંચાલન અંગે સંબંધિત વિષયોની શૈક્ષણિક કામગીરીમાં જેમને પોતાનું પ્રદાન આપવાનું છે તેઓ સાથે રૂબરૂમાં ચર્ચા કરી. પરામર્શ અને પ્રત્યક્ષ મુલાકાત સંબંધે અમોએ જે તારણ કાઢેલ છે તેની સંક્ષિપ્ત સમીક્ષા નીચે મુજબ છે :

૧. સદર અભ્યાસક્રમના શૈક્ષણિક સંચાલનમાં પ્રદાન આપનાર સંસ્થામાં ચાલુ સેવામાં પીજી માન્યતા ધરાવતા મુખ્ય પ્રધ્યાપકોની નામાવલી નીચે મુજબ છે.

- આચાર્ય પ્રાધ્યાપક શ્રી જે. આર. પટેલ (એમ ઈ ઈલેકટ્રોનિકસ)
- પ્રાધ્યાપકશ્રી એમ. વી. ગરાચ (એમ. ઈ. ઈલેકટ્રોનિક્સ)
- પ્રાધ્યાપકશ્રી જે. વી. દવે (એમ ઈ ઈલેકટ્રોનિક્સ)
- પ્રાધ્યાપકશ્રી બી. વી. બુધ્ધદેવ, એમ ટેક કૉમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિ.
- પ્રાધ્યાપકશ્રી એમ. જે. મોદી, ખાતાના વડાશ્રી-આઈસી

તેમજ સદર આઈસી વિભાગના યુનિવર્સિટી માન્ય પ્રાધ્યાપકો તેમજ અધ્યાપકોની માહિતી યુનિવર્સિટીને મોકલેલ દરખાસ્તમાં પ્રસ્તુત કરેલ છે જે અમોએ પ્રત્યક્ષ જોયેલ છે.

હાલમાં આઈસી વિભાગમાં ત્રણ પૈકીના બે યુનિવર્સિટી માન્ય અધ્યાપકોએ એમ ટેક ઈન્સ્ટુમેન્ટેશનનો સંલગ્ન અભ્યાસ કરેલ છે અને સરકારી ઈજનેરી કૉલેજ ગાંધીનગર ખાતે સેવા બજાવતા શ્રી સી. બી. ભટ્ટની સેવા આ અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત આજ અભ્યાસક્રમ સાથે સંકળાયેલ પ્રા. શ્રી એન. વી. ધુંચલા, ડૉ. શ્રી જે. એસ. શાહ પણ ડૉ. શ્રી એમ. ડી. દેસાઈ, પ્રા. વી. આર. ઐયરની સેવાઓ ઉપલબ્ધ થનાર છે.

આમ આઈસી વિભાગના મહેકમ ઉપર ઉપલબ્ધ આધ્યાપકો તેમજ સંલગ્ન વિષયોમાં અત્રેની સંસ્થાના ઈલેકટ્રોનિક્સ, કૉમ્પ્યુટર, મિકેનિકલ જેવા વિભાગોમાંથી તેમજ અમદાવાદ- ગાંધીનગર ખાતેથી વર્ષોનો આજ અભ્યાસક્રમનો બહોળો અનુભવ ધરાવતા અધ્યાપકોની સુવિધા હોઈ આ અભ્યાસક્રમના સંચાલન માટે શૈક્ષણિક કાર્યભારના કામ માટે પૂરતા પ્રમાણમાં ફેકલ્ટી ઉપલબ્ધ છે.

૨. આ સંસ્થા ખાતે અન્ડર ગ્રેજયુએટ (આઈસી)નો અભ્યાસક્રમ ૧૯૭૨થી ચાલે છે અને તેથી દેખિતી રીતે જ આ વિભાગમાં હાલના તબક્કે સાધનસામગ્રીની સ્થિતિ સંતોષકારક છે. અલબત ૨૦૦૦-૨૦૦૧ પહેલા પીજી અભ્યાસક્રમ માટે તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવતી હોય આ અભ્યાસક્રમ શરૂ કરાયેલ નહી. તે પૂરક માહિતી પરથી જણાયેલ છે. હાલમાં ગુજરાતમાં આ અભ્યાસક્રમ ડીડીઆઈટી ખાતે શરૂ થયેલ છે. જેની ઈન્ટેક મર્યાદા ૧૦ ની છે. યુજી અભ્યાસક્રમ મહદઅંશે રાજ્યની સરકારી, અનુદાનપાત્ર અને

એસએફઆઈમાં વર્ષોથી ચાલે છે. પરંતુ નવા પગારધોરણ હેઠળ વ્યાખ્યાતા માટે પીજી અભ્યાસક્રમ એક અનિવાર્ય જરૂરિયાત છે. રાજ્ય સરકાર માટે સરકારી સંસ્થામાં સેવા બજાવતા અધ્યાપકોને એમ ટેક કરવા મોકલી શકે નહી તેવા સંજોગોમાં આ અભ્યાસક્રમ શરૂ કરવાની અનિવાર્ય જરૂરિયાત ઊભી થયેલ છે અને તેથી જ એઆઈસીટીઈએ ઓકટોબર ૨૦૦૧થી આ અભ્યાસક્રમ માટે માન્યતા આપેલ છે. અને માન્યતા મળ્યા બાદ તુરત જ ૨૦૦૧-૨૦૦૨થી યુનિવર્સિટી સ્તરે આ માન્યતાની દરખાસ્ત પડતર રહેવા પામેલ છે. તે જોતા એઆઈસીટીઈની માન્યતા બાદ રાજ્ય સરકારની અપેક્ષા મુજબ સ્ટાફ તેમજ સાધન સામગ્રીની સ્થિતિ સંતોષકારક હોઈ યુનિવર્સિટી દ્વારા આ અભ્યાસક્રમ શરૂ કરવા તુરત જ માન્યતા આપવી જરૂરી છે.

૩. એલ. ડી. એન્જિ. કૉલેજમાં ૧૨ યુજી. તેમજ ૯ પીજી અભ્યાસક્રમો ચાલે છે. ૧૯૪૮થી શરૂ થયેલ આ સંસ્થા જે ક્રમશ: વિકાસ પામી રાજ્યની એક આગળ પડતી ઈજનેરી સંસ્થાનું સ્થાન મેળવેલ છે. તેની લાઇબ્રેરીમાં હાલ આઈસી અને ઈસીના આશરે ૧૭૦૦ જેટલા ટાઈટલ અને વિવિધ રેફરન્સ બુકો ઉપલબ્ધ છે. આમ આ કૉલેજની લાઇબ્રેરી પીજી અભ્યાસક્રમ માટે ખુબજ સમૃધ્ધ કહેવાય.

પીજી અભ્યાસક્રમ માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર પર જવાબદારી નાખ્યા બાદ કેન્દ્ર સરકારની એઆઈસીટીઈ મારફતે સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે અને એઆઈસીટીઈ દ્વારા વિવિધ પ્રોજેકટલક્ષી કેન્દ્રીય સહાય ઉપલબ્ધ થાય છે. તે મેળવી અદ્યતન ટેકનોલોજીવાળા સાધનો તેમજ એડવાન્સ પુસ્તકો રિસર્ચ પ્રોજેકટ માટે ડીસીએ ગ્રાન્ટ મેળવી આ અભ્યાસક્રમને વધુ સઘન બનાવવા માટે પૂરતો અવકાશ છે. આ ત્યારે જ શક્ય બને જયારે એઆઈસીટીઈની અપેક્ષા મુજબ તેને માન્યતા મેળવ્યા બાદ યુનિવર્સિટી પણ તેને અનુમોદન આપે. આમ લાઇબ્રેરી સુવિધા પણ આ અભ્યાસક્રમ માટે પર્યાપ્ત છે. અને એઆઈસીટીઈ દ્વારા પીજી અભ્યાસક્રમોને મળી રહેલ પ્રોત્સાહનોને ધ્યાનમાં રાખી યુનિવર્સિટી દ્વારા પણ તે શરૂ કરવા બાબતે અનુમતી આવશ્યક છે.

૪. એલ. ડી. એન્જિ. કૉલેજની લેબોરેટરીઓ વર્ષો પહેલા આયોજન થવા થતાં હાલની નવી શરૂ થયેલ સંસ્થાઓની સાપેક્ષમાં વિશાળ જગ્યાઓ ધરાવે છે. અને તેથી એઆઈસીટીઈના ધારાધોરણ પ્રમાણે તેમા કોઈ કમી જણાતી નથી. ઉપરાંત આ અભ્યાસક્રમ શરૂ થવાથી રાજ્યમાંના જ આઈસીના વિદ્યાર્થીઓ (GATE) ગેટની પરીક્ષા પસાર કરી અત્રે પ્રવેશ લે તો તેમને આ માટે બહાર અભ્યાસ કરવા જવાની જરૂર પડે નહી.

૫. પીજી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વ્યાખ્યાનો ઉપરાંત જે પ્રોજેકટ કામ હાથ ધરવાના થાય તે માટે આ કૉલેજની વર્કશોપમાં પૂરતી સાધનસામગ્રી ઉપલબ્ધ છે. તેમજ ખાતામાં પોતાની કૉમ્પ્યુટર લેબ, રોબોટિક્સ, કેડકેમ તેમજ ઈલેકટ્રોનિક્સને સંલગ્ન લેબોરેટરીઓ ઉપલબ્ધ હોઈ, સંબંધિત લેબના ઉચ્ચ તાલીમ પામેલ સ્ટાફનો પણ લાભ આ ખાતાને મળી શકે તેમ છે અને તેથી શરૂઆતના તબક્કે હાલ નવી ભરતી ન થતી હોવા છતાં આ સંસ્થા ખાતે પુરતા પ્રમાણમાં સપોર્ટિંગ સ્ટાફ ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ તમામ પાસાને લક્ષમાં રાખી વિશેષ તો પીજી અભ્યાસક્રમ માટે એઆઈસીટીઈ દ્વારા એક પ્રાધ્યાપક અને બે સહાયક પ્રાધ્યાપકની જોગવાઈ કરવાની થાય છે. જેથી તેઓ પોતાની શૈક્ષણિક ફરજો તે અભ્યાસક્રમ પૂરતીજ કેન્દ્રિત કરે અને વધારાના કાર્યભાર માટે વિઝિટિંગ ફેકલ્ટીનું આયોજન કરવાનું નિર્ધારિત કરેલ છે. આવી નિમણૂંક થાય તે વચગાળાના સમય દરમ્યાન પેરા-૧ માં ચર્ચા કર્યા મુજબ અત્રે સંસ્થા ખાતે પ્રારંભિક સ્તરે પૂરતા પ્રમાણમાં સિનિયર ફેકલ્ટી ઉપલબ્ધ છે અને એપ્લાઈડ વિષયો શીખવવા માટે આ સ્થિતિ વધુ સાનુકુળ છે, અને લાયબ્રેરી, લેબોરેટરી તેમજ સર્પોટિંગ સ્ટાફની સ્થિતિ સંતોષકારક હોઈ આ કમિટી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી આ અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા ભલામણ કરે છે.

સહી

**પ્રો. એન. યુ રાજગુરૂ** **પ્રા. વાય. એમ. શેખ**

## પરિશિષ્ટ "૬૨"

બાબત ક્રમાંક ૨૩

### ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળ એલ. ડી. કૉલેજ ઓફ એન્જિ. અમદાવાદ ખાતે મિકેનિકલ ખાતામાં M.E. (Internal Cumbuston Engines & Automobile Engineering)નું અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર શરૂ કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટીએ તેમના પત્ર ક્રમાંક: અનુ. બી./૨૩૧૨/૦૩ તા. ૯-૫-૨૦૦૩ના પત્રથી સદર અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે નિયુક્ત કરેલ LIC ના સભ્યોની રૂએ તા. ૨-૬- ૨૦૦૩ ના રોજ સવારે ૧૧-૩૦ વાગ્યે સદર કૉલેજના મિકેનિકલ ખાતાની પ્રત્યક્ષ મુલાકાત લીધી અને સંબંધિત વિભાગની લેબોરેટરીઓ તેમજ સદર સંસ્થામાં સદર અનુસ્નાતક કેન્દ્રના સંચાલન અંગે સંબંધિત વિષયોની શૈક્ષણિક કામગીરીમાં જેમને પોતાનું પ્રત્યક્ષ પ્રદાન આપવાનું છે તેવા ખાતાના યુનિવર્સિટીમાં રજિસ્ટર્ડ થયેલ પ્રાધ્યાપકો રૂબરૂમાં ચર્ચા કરી સદર ખાતાએ સંસ્થા મારફતે યુનિવર્સિટીને અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે તા. ૨૮-૩-૨૦૦૨ પત્રાંક : એલડીસીઈ/આઈ.સી./ઓટો/

૧૩૩૨થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે અરજી કરેલ હતી. તે અગાઉ AICTEની માન્યતા મેળવવા માટે સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી તા. ૧૬-૩-૨૦૦૧ ક્રમાંક PG/B/૭૯૩૩૪/૨૦૦૧ થી ના વાંધા પ્રમાણપત્ર મેળવેલ હતું અને ત્યાર બાદ AICTE ધ્વારા એક્સપર્ટ કમિટી ધ્વારા સદર સંસ્થાની મુલાકાત લઈ ઉપસ્થિત કરેલ કેટલાક ખાસ મુદ્દાઓની સ્પષ્ટતા મેળવ્યા બાદ તે સંતોષકારક જણાતાં તેના તા. ૧૨- ૨-૨૦૦૨ ના પત્રાંક : ૧૫૯૫/ ૨૦૦૧થી સદર અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની અનુમતી આપી હતી. પરંતુ યુનિવર્સિટી સ્થળેથી ૨૦૦૨-૨૦૦૩ માં મજૂરી અંગેની દરખાસ્ત પડતર રહેતાં સંસ્થામાં આ કેન્દ્ર શરૂ થવા પામેલ નહિ.

યુનિવર્સિટીને મોકલેલ સદર દરખાસ્ત, AICTE ધ્વારા અનુમતિ પૂર્વે માગેલી સ્પષ્ટતાઓ અને LIC ના સભ્યની રૂએ ખાતા પાસેથી મંગાવવામાં આવેલી પૂરક માહિતી (નકલ સામેલ છે) અંગેનો રેકર્ડ ચકાસીને ખાતાના વડા પ્રો. સી. સી. રાજયગુરુ તેમજ પ્રા. ડી. ટી. ઓઝા સાથે પરામર્શ અને પ્રત્યેક મુલાકાત સંબંધે અમોએ જે તારણ કાઢેલ છે. જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે :

૧. અનુસ્નાતક કેન્દ્ર માટે ઉપલબ્ધ ફેકલ્ટી તેમજ મુલાકાતી પ્રાધ્યાપકોના આયોજન સંદર્ભે : એલ. ડી. કૉલેજ ઑફ એન્જિ., અમદાવાદની સ્થાપના થઈ તે સ્થાપના વર્ષ ૧૯૪૮થી અન્ડર ગ્રેજયુએટનો મિકેનિકલ અન્જિ.નો અભ્યાસક્રમ ચાલે છે અને તે સમયે આ અભ્યાસક્રમની બેઠકો (૯૦) જેટલી હતી અને ત્યાર બાદ વર્ષ ૧૯૬૯માં આ ખાતામાં Internal Cusmbston Enginesના Specification સાથે M.E. Mechanical નો અભ્યાસક્રમ શરૂ થયેલ અને તે વખતે આ અભ્યાસક્રમ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવતી હતી. આમ મુળભૂત રીતે તો આ અભ્યાસક્રમ આ કૉલેજના મિકેનિકલ ખાતામાં વાસ્તવમાં ચાલુ હતાં. પરંતુ ખાતા તરફથી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વર્ષ ૧૯૮૬માં એક યા બીજા કારણસર સદર અભ્યાસક્રમ બંધ કરી અન્ય પી.જી. અભ્યાસક્રમ કેન્દ્ર સરકારની સહાયથી શરૂ કરવાનું આયોજન થયેલ, રેકર્ડ ચકાસતાં એમ જણાય છે કે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ કે તે અગાઉ વર્ષ ૧૯૯૦થી પી.જી. અભ્યાસક્રમો માટે કેન્દ્રીય સહાય ઉપલબ્ધ નથી અને AICTEનો અભિગમ વિકસતા ક્ષેત્રોમાં મંજુરી આપવાનો રહેલ હોઈ યાંત્રિક ખાતામાં ડાયમેનિક એન્જિનિયરીંગ-૧૯૯૦ અને CAD, CAM નો પી.જી. અભ્યાસક્રમ ૧૯૯૬થી શરૂ કરવામાં આવ્યો છે. જે બંને રાજય સરકારની સહાયથી ચાલે છે.

સદર ખાતાના વડા સાથે તેમણે આપેલી માહિતી મુજબ પરદેશોમાં ઑટોમોબાઈલ એન્જિ.ના વિકાસને ધ્યાન લઈ પુન: યાંત્રિક ખાતામાં M.E. Mechanical (Internal Cusmbston- Auto) શરૂ કરવાનું સૂચન ભુતપૂર્વ સચિવશ્રી વેદ સાહેબે અને તેમના સૂચનને સ્વીકારી લઈ AICTE ની માન્યતા માટે પ્રયાસ હાથ ધરેલ.

AICTE ની એક્સપર્ટ કમિટીએ યાંત્રિક ખાતાની મુલાકાત લીધી ત્યારે તેમણે જે પાસાઓ અંગે વિગતે સ્પષ્ટતાઓ માગેલ તે મહદ અંશે (૧) Ph.D. અને M.Tech લાયકાત ધરાવતાની ઊણપ સંબંધે (૨) ઈન્ટરનેટ ફેસેલિટી અને નેટવર્કિંગ બાબતે (૩) લાઇબ્રેરી સંબંધે (૪) સ્કીનિંગ કમિટીના અભ્યાસક્રમમાં સુધારો સૂચવતા સૂચનો બાબતે હતી અને અમોએ સંસ્થાએ તેની પૂર્તતામાં જે માહિતી પ્રસ્તૂત કરીને તેને લગતો રેકર્ડ પ્રત્યક્ષ ચકાસેલ છે. આમ AICTE ને ઉપરોક્ત તમામ બાબતો અંગે જે સ્પષ્ટતાઓ કરાયેલ અને સૂચનો પરિપૂર્ણ કરવાની બાબતમાં પગલાં લેવાયેલા તેને ધ્યાને રાખી AICTEએ આ કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપેલી.

આ તમામ બાબતો સંસ્થાએ તેની દરખાસ્તમાં અસલ રેકર્ડમાં યુનિવર્સિટીને રજૂ કર્યાનું જણાય છે. તેમ છતાં ખાતાના M.E./M.Techની લાયકાત ધરાવતા અને યુનિવર્સિટીમાં નોંધાયેલા પ્રાધ્યાપકો ઉપરાંત જે મુલાકાતી પ્રાધ્યાપકોની યાદી સંસ્થાએ પ્રસ્તુત કરી છે તેમની નામાવલી આ સાથે પ્રસ્તુત છે. (અત્રે છાપેલ નથી).

આમ હાલ ખાતામાંથી મહદઅંશે સિનિયર ફેકલ્ટી નિવૃત થયા બાદ પૂરતા યુવા પ્રાધ્યાપકો ઉપલબ્ધ છે. તે ઉપરાંત સદર પી. જી. અભ્યાસક્રમની જે ટીચિંગ સ્કીમ રજૂ થયેલી છે. તેમાં આવરી લેવાયેલા વિષયોની જાણકારી અને અનુભવ ધરાવે છે. તેઓ આ સંસ્થામાંથી નિવૃત થયેલ અને બહારના એક્સપર્ટની સેવા ઉપલબ્ધ થનાર છે. સદર અનુભવી પ્રધ્યાપકો પૈકીના નીચેના પ્રાધ્યાપકોની સેવા આ કેન્દ્ર ને ઉપલબ્ધ થનાર છે :

૧. પ્રા. પી. કે. પટેલ, M.S.

૨. ડૉ. એસ. પી. કેલોગ, Ph.D.

૩. પ્રા. એ. ડી. પંડયા, M.Tech(I.C.)

૪. પ્રા. વજેના પુરકર, Ph.D.(I.C.)

૫. ડૉ. મુરલી, Ph.D.

૬. પ્રા. એમ. સી. શાહ, M.E.(Auto)

૭. પ્રા. એચ. આઈ. ઈસરાની, M.Tech(I.C.)

૮. ડૉ. જે. એલ. જૂનેજા, Material Science

૯. પ્રા. વાય. એમ. શેખ, M.E.(I.C.).

આમ ખાતામાં ઉપલબ્ધ યુવા પ્રાધ્યાપકો ઉપરાંત તેમને માર્ગદર્શન આપી લેબોરેટરીઓના વિકાસ માટે જરૂરી કાર્યવાહી માટે પ્રવૃત કરી સદર અનુસ્નાતક અભ્યાસક્રમને વિકસાવવા માટે સાનુકૂળ વાતાવરણ આવશ્યક છે અને તેથી પી.જી. અભ્યાસક્રમ માટે સામાન્ય રીતે એક પ્રાધ્યાપક, એક સહા. પ્રાધ્યાપકની નિમણૂંક કરવાની હોવા છતાં

ખાતામાં ક્રાયોજેનિક અને CAD/CAM ની સુવિધા ઉપલબ્ધ હોય તેની શૈક્ષણિક કામગીરી બજાવતા પ્રાધ્યાપકોની સેવા સંલગ્ન વિષયોની શૈક્ષણિક કામગીરી માટે ઉપલબ્ધ હોવા ઉપરાંત પૂરતા પ્રમાણમાં મુલાકાતી પ્રાધ્યાપકો પણ ઉપલબ્ધ છે અને તેમણે પૂર્વ સંમતિ પણ આપેલી છે. તે જોતાં દેખીતી રીતે જ આ ખાતામાં આ અભ્યાસક્રમ ચલાવવા માટે સ્ટાફ સંબંધે સાનુકૂળ પરિસ્થિતિ છે.

(૨) લાયબ્રેરી સુવિધા બાબત :

આ કૉલેજમાં (૧૨) જેટલા U.G. અભ્યાસક્રમ અને (૯) જેટલા પી. જી. અભ્યાસક્રમો અને જે અભ્યાસક્રમોની કેન્દ્ર સરકારની પી.જી. ગ્રાન્ટ ઉપલબ્ધ છે. તેમાંથી પ્રતિવર્ષ અદ્યતન પુસ્તકો મેગેઝિન્સ ઈત્યાદિનો ઉમેરો થતાં હાલ લાઇબ્રેરીમાં (૯૭૦૭) ટાઈટલ્સ ઉપલબ્ધ છે અને (૧૦) જેટલા ઈન્ટરનેશનલ મેગઝિન્સ આવે છે.

AICTE ધ્વારા લાઇબ્રેરીના વિકાસ અંગે કેન્દ્રીય સહાય અપાતી હોઈ સંસ્થા લાયબ્રેરીના નવા બંધાયેલા મકાનમાં ઈન્ટરનેટ સુવિધા મારફતે DELNET ઈલેક્ટ્રોનિક્સ નેટવર્કિંગના નેટવર્કમાં જોડાઈ પુસ્તકો ઈત્યાદિની ભૌતિક ખરીદી કર્યા વિના પણ પી.જી. અભ્યાસક્રમની થિસિસ ઈત્યાદિ માટે ટેકનોલોજીને લગતા વિકાસનું સાહિત્ય ઉપલબ્ધ કરી સંસ્થા તેનું પ્રદાન આ ક્ષેત્રમાં આપી શકે છે.

રાષ્ટ્રીય સ્તરે મર્યાદિત જગાએ ઓટોમોબાઈલ્સનો ડિગ્રી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે થયેલા વિકાસને ધ્યાને રાખી આ સંસ્થામાં વર્ષોથી મિકેનિકલના યુ.જી. અભ્યાસક્રમમાં ઓટોમોબાઈલ્સનો વિષય એક ઈલેક્ટિવ તરીકે સેમેસ્ટર-૮ માં વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે અને સંસ્થાની લાઇબ્રેરીના સાહિત્યનો ઉપયોગ કરી સેમિસ્ટર-૭ અને ૮ ના વિદ્યાર્થીઓએ Internal cusmbston Engines ઉપરાંત ઓટોમોબાઈલ્સ એન્જિ.ના ઈલક્ટિવને કેટલાય પ્રોજેક્ટ કરેલ છે. જે પૈકીના કેટલાક પ્રોજેક્ટ પી. જી. અભ્યાસક્રમ શરૂ થાય તો વધુ કામગીરી થઈ શકે. આમ હાલ આ સંસ્થાની લાઈબ્રેરીની સુવિધા આ અભ્યાસક્રમ શરૂ કરલા પૂરતી જણાય છે.

(૩) લેબોરેટરી સુવિધા સંબંધે :

I.I.T. કક્ષાએ ચાલતા M.E. Mechanical, I.C. ને લક્ષમાં રાખીને આ અભ્યાસક્રમને ઘડાયેલો છે. જેમાં I.C. એન્જિનિયરિંગ ઉપરાંત ઓટોમોબાઈલ્સ એન્જિનિયરિંગને પ્રાધાન્ય અપાયું છે.

સંસ્થાના સ્થાપન કાળથી M.E. Mechanical તેમજ B.E. Mechanical માટે આ સંસ્થાના મિકેનિકલ ખાતામાં જે લેબોરેટરીઓ વિકસાવવામાં આવી છે. તે પૈકી ફલુડ મિકેનિક્સ મટિરિયલ્સ સાયન્સ, I.C. એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ્સ એન્જિનિયરિંગ, હીટ અને માસ ટ્રાન્સફર મુખ્ય છે અને તે માટે સ્વનિર્ભર સંસ્થાઓમાં કે જયાં જોઈતા સાધનો ઉપલબ્ધ નથી. તેની તુલનામાં આ લેબોરોટરીઓમાં એવા સાધનો છે જેનો ઉપયોગ P.G. અભ્યાસક્રમ ન હોવાથી મર્યાદિત રહેવા પામેલ છે અને M.E. mechanical નો અભ્યાસક્રમ બંધ થવાથી સાધન ઉપયોગ થઈ શકેલ નથી. જો આ ખાતામાં આ અભ્યાસક્રમ ફરી શરૂ થાય તો Two Wheeler ના ટેસ્ટિંગ માટેનું એસીઝ ડાઈનોમીટર, (રૂ. ૪,૦૦,૦૦૦/-) પોલ્યુશન મેઝરમેન્ટ માટેના સાધનો અદ્યતન ટેકનોલોજી આધારિત ગેસ ટર્બાઈન (રૂ. ૫,૦૦,૦૦૦/-) ઓટો મોબાઈલ્સને લગતા વિવિધ ટેસ્ટિંગ સાધનો તેમજ વિવિધ એન્જિ. ટેસ્ટ રિંગો જે બીજે નથી તેના ઉપયોગ શક્ય બનશે.

આ ઉપરાંત તાજેતરમાં જ મોડાસા તેમજ ભૂજ એન્જિનિયરિંગ કૉલેજ માટે કૉમ્પ્યુટરાઈઝડ પેટ્રોલ અને ડીઝલની ટેસ્ટ રિંગો, વેરિયેબલ કોમ્પ્રેસર એન્જિન જેવા સાધનો ખરીદવામાં આવ્યા છે. સરકારી ઈજનેરી સંસ્થાઓમાં GATE સ્કોર ધરાવતા વિદ્યાર્થીઓના પ્રવેશ ઉપરાંત M.Tech કરવા ન જઈ શકનાર ફેકલ્ટીના યુવા અધ્યાપકોને અત્રે ડેપ્યુટ કરાતા અધ્યાપકો પી. જી. ગાઈડના માર્ગદર્શન હેઠળ સંસ્થાઓમાં વસાવેલી ઉપરોક્ત સુવિધાઓનો ઉપયોગ કરી સદર I.C. અથવા Auto ક્ષેત્રમાં પોતાની થિસિસને લગતું કાર્ય કરી શકશે. આમ સરકારી નાણાંમાંથી થયેલી ઉપલબ્ધ લોબોરેટરીઓની સાધનસામગ્રીના સાધનોનો મહત્તમ ઉપયોગ માટે પૂરતો અવકાશ છે તેમજ અદ્યતન ટેકનોલોજી આધારિત સાધનસામગ્રી માટે સંસ્થાએ જે અપેક્ષિત સાધનસામગ્રી વસાવવાનું વિચારેલ છે તેની યાદી જોતાં આ ખાતામાં યુ.જી. સ્તરે આગળના વિકાસની કામગીરી જે સ્થગિત થઈ ગયેલી જણાય છે તે આ ક્ષેત્રમાં વિકસે તે અંગે પણ પૂરતો અવકાશ ઊભો થશે. અમદાવાદ આ કૉલેજના જ વિદ્યાર્થી એવા શ્રી નિરંજન શાહ કે જેમણે બૅંગલોર ખાતેથી M.E. Automobile કરેલ છે અને હાલ મીઠાખળી ખાતે પોતાનું ગેરજ ધરાવે છે. અને ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે વર્ષોનો અનુભવ છે. તેમણે પણ આ ક્ષેત્રમાં પોતાનું પ્રદાન આપવા સંમતી આપેલ છે. તેમનું ગેરેજ આ કેન્દ્રના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણમાં ખૂબજ ઉપયોગી બનશે. અમદાવાદ ખાતે હાલ જે અદ્યતન મોડેલ જે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના માર્કેટમાં ઉપલબ્ધ છે. તે અંગેના સર્વિસ સ્ટેશન અદ્યતન સાધન સામગ્રી સાથે કાર્યરત છે અને દેખીતી રીતેજ સંસ્થા આ સર્વિસ કેન્દ્રો સાથે સંકલન સાધનો વિષય નિષ્ણાતો તૈયાર કરવામાં પોતાનું પ્રદાન આપે તે માટે કેન્દ્ર શરૂ થતાં આ દિશામાં તેમણે સક્રિય થવું પડશે અને તેથી પણ આ કેન્દ્ર શરૂ કરવું જરૂરી છે અને સમયની માંગ જોતાં વાસ્તવમાં જો યુનિવર્સિટી દ્વારા ગત વર્ષે સંસ્થાની દરખાસ્તનો વિકાસ કરાયેલ હોત તો તે યોગ્ય ગણાત.

(૫) પુરક સ્ટાફ :

આ અભ્યાસક્રમ માટે સંબંધિત I.C. Auto Laboratory માં વર્ગ-૪ કક્ષાના એટેન્ડન્ટ અને એક્સપર્ટ I.C. Auto Mechanicની આવશ્યકતા હોય છે.

નિવૃતિના કારણે આ લેબોરોટરીઓમાંના મિકેનિકસ અને એટેન્ડન્ટસ મોટી સંખ્યામાં નિવૃત થઈ ચૂકેલ છે અનેતેથી ખાતાની વર્ગ-૩ અને ૪ની કાયમી જગાઓ પર ભરતી કરવી અનિવાર્ય છે. જેથી સદર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને વાહન / એન્જિન ચાલુ કરવા બંધ કરવા રિસર્ચ પ્રોજેકટ સંલગ્ન કામગીરી માટે પૂરતી મદદ મળી રહે. એક વાર અભ્યાસક્રમ શરૂ થાય તે પછી તુરત જ સંસ્થાએ આ જરૂરિયાતને ગંભીરતા પૂર્વક લઈ નિયમિત નિમણૂક થાય કે પછી અન્યત્રથી ફાજલ સ્ટાફ બદલી કરી ઉપલબ્ધ કરવામાં આવે તે સમયના વચગાળાના સમયમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે. ટેસ્ટિંગ અંગેના પેટ્રોલ, ડીઝલ અંગેના એડીટીવ્ઝના આકસ્મિક ખર્ચ માટે ખાતાને સંસ્થા તરફથી પૂરતી અનુકૂળતા કરી આપવાની રહેશે.

આમ એલ. ડી. કૉલેજ ઓફ એન્જિ., અમદાવાદના મિકેનિકલ ખાતામાં ઉપર જણાવ્યા પ્રમાણે કેન્દ્ર શરૂ કરવા માટે જોઈતી સુવિધા ઉપલબ્ધ હોય તે શરૂ કરવા માટે આ કમિટી યુનિવર્સિટીને ભલામણ કરે છે.

સહી

**પ્રા. આર. આઈ. પટેલ**

**પ્રા. વાય. એમ. શેખ**

## પરિશિષ્ટ "૬૩"

બાબત ક્રમાંક ૨૫

ગુજરાત યુનિવર્સિટીના ડીનશ્રીઓની સભા સોમવાર, તા. ૪-૮-૨૦૦૩ના રોજ સાંજના ૧૬-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલે સંભાળ્યું હતું.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. બી. એમ. મોદી, ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા
૨. ડૉ. આર. જી. ભટ્ટ, ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા
૩. ડૉ. કુમારપાળ ભાઈ દેસાઈ, ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા
૪. પ્રિ. કે. કે. શાહ, ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા
૫. પ્રિ. રક્ષાબહેન દેસાઈ, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા

૧. યુનિવર્સિટી પરીક્ષાઓની પુરી થયેલ પરીક્ષાઓ અને જેનાં પરિણામ જાહેર થઈ ગયેલ છે, તે પરીક્ષાઓનાં પ્રશ્નપત્રના વિદ્યાર્થી સમાજ બહોળા પ્રમાણમાં લાભ લઈ શકે તે માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબતમાં યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર આ પ્રશ્નપત્ર મૂકવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટીની પરીક્ષાઓની કામગીરીમાં વધુમાં વધુ શિક્ષકો જોડાઈ શકે તે માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો/ભવનો/પી.જી. સેન્ટર/માન્ય ઓ પાસેથી ઓર્ડિ. ૯૬ મુજબ માહિતી દર વર્ષે મંગાવવામાં આવે છે, તેની સાથે એક વધારાનું ફોર્મ તૈયાર કરી મોકલવું, તેમજ તે ફોર્મમાં અગત્યની વિગતોનો સમાવેશ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. કાયદા વિદ્યાશાખાની તમામ યુનિવર્સિટી પરીક્ષાઓનું મધ્યસ્થ મૂલ્યાંકન કરવા અંગે વિચારણા કરવા બાબત. આથી ઠરાવવામાં આવે છે કે કાયદા વિદ્યાશાખાની તમામ યુનિવર્સિટી પરીક્ષાઓનું મધ્યસ્થ મૂલ્યાંકન કરાવવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪. તૃતીય વર્ષ બી.કૉમ.ની યુનિવર્સિટી પરીક્ષાઓ માટે દરેક પ્રશ્નપત્રના ત્રણ જુદા જુદા સેટ તૈયાર કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.કૉમ.ની યુનિવર્સિટી પરીક્ષાઓ માટે દરેક પ્રશ્નપત્રના ત્રણ જુદા જુદા સેટ ત્રણ જુદા જુદા પ્રાશ્નિકો પાસે તૈયાર કરાવવા અંગે આનુષાંગિક ફેરફાર કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. શિક્ષણ વિદ્યાશાખાની યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કૉલેજોમાં પ્રવેશ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિદ્યાશાખાની યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કૉલેજોમાં (૧) જેઓએ અગાઉ કેન્દ્રીય પ્રવેશ મારફતે બી.એડ. કૉલેજમાં પ્રવેશ મેળવેલ હોય અને ત્યાર બાદ સંબંધિત કૉલેજમાં ફી ભરેલ હોય કે ન હોય તો પણ તે સ્વનિર્ભર બી.એડ. કૉલેજમાં મેનેજમેન્ટ કવોટા કે પેમેન્ટ સીટ ઉપર અગાઉ પ્રવેશ મેળવેલ હોઈ, ફરીથી પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે નહીં. (૨) બી.એડ. કૉલેજમાં પ્રવેશ મેળવ્યા બાદ અન્ય બી.એડ. કૉલેજમાં આંતરિક ફેરફારને પાત્ર રહેશે નહીં. (૩) બી.એડ. અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા માટે સ્નાતક અને અનુસ્નાતકના કિસ્સાઓમાં બંને કક્ષાએ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલ હોય તેઓને જ પ્રવેશપાત્ર ગણવા.

આ અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૬. દ્વિતીય વર્ષની વાર્ષિક પરીક્ષાઓની હાલની પધ્ધતિમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે દ્વિતીય વર્ષની વાર્ષિક પરીક્ષાઓની હાલની પધ્ધતિમાં ફેરફાર કરી :

૧. પ્રશ્નપત્ર યુનિવર્સિટી કક્ષાએ તૈયાર કરાવવા.

૨. પરીક્ષાઓ સંબંધિત સંલગ્ન કૉલેજો ઉપર યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ સમયપત્રક અને સમય મુજબ એક જ સમયે પરીક્ષાઓ યોજવી.

૩. યુનિવર્સિટીમાં અન્ય પરીક્ષાઓમાં થતાં મધ્યસ્થ મૂલ્યાંકનની પધ્ધતિ મુજબ જ પરંતુ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં વિભાગીય કૉલેજના પ્રાધ્યાપકો દ્વારા મધ્યસ્થ મૂલ્યાંકનની વ્યવસ્થા ગોઠવવી.

૪. (અ) મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં તૈયાર થયેલ ગુણપત્રકો યુનિવર્સિટીમાં મોકલવા ત્યાર બાદ અન્ય પરિણામોની જેમ જ ગ્રેસિંગ ઠરાવો અનુસાર પરિણામ ફાઈનલ કરી યુનિવર્સિટી ધ્વારા જાહેર કરવું.

(બ) ગુણપત્રકો યુનિવર્સિટી ધ્વારા તૈયાર કરી જે તે કૉલેજોમાં મોકલવા રાખવું તથા આ ગુણનું એફ.વાય.બી.એ.ની જેમ જ ટી. વાય.માં ૨૫ ટકા વેઈટેજ આપવું.

(ક) પરીક્ષાની તમામ કામગીરી કૉલેજ કક્ષાએ જ રાખવી.

(ડ) યુનિવર્સિટી ધારાધોરણ મુજબ જે તે તમામ કામગીરીનું પેમેન્ટ કરવું અને ખર્ચ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જે તે કૉલેજ પાસેથી સમભાગી વસૂલ લેવું. પરીક્ષાની ફી ઉઘરાવવાની જવાબદારી જે તે કૉલેજની રહેશે.

(ઈ) પરીક્ષાની તમામ કામગીરી માટે સંબંધિત કૉલેજોના આચાર્યોની મીટિંગમાં વાઈસ-ચાન્સલરશ્રીના અધ્યક્ષપદે "સંયુકત પરીક્ષા સંચાલન"ની કામગીરી માટે સમિતિની રચના કરશે જેમાં ડીનશ્રીઓ અને બીજા પાંચ સભ્યો રહેશે. આ સમિતિને તમામ કામગીરી અંગેના નિર્ણયો લેવાની સંપૂર્ણ સત્તા રહેશે જે તમામ કૉલેજોને બંધનકર્તા રહેશે.

(એફ) આ પરીક્ષાનું તમામ ખર્ચ એસ.વાય.બી.એ.ની ફીની આવકમાંથી કરવાનું રહેશે જયારે જરૂર જણાય ત્યારે આવક-ખર્ચ સરખા રાખવા ફીમાં જરૂરી વધારો આ સમિતિ કરી શકશે.

(જી) એક વર્ષ બાદ તમામ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ પરીક્ષાઓની પવિત્રતા અને ગુણવત્તા ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કરવું.

આ ભલામણો એકેડેમિક કાઉન્સિલને મોકલવી :

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ દ્વિતીય વર્ષની વાર્ષિક પરીક્ષા અંગે ઓબ્જર્વરની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવે.

આ ભલામણો એકેડેમિક કાઉન્સિલને મોકલવી.

૭. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં દરેક વર્ષે પરીક્ષકોની સંખ્યા ઘટતી જાય છે અને છેલ્લી ઘડીએ પૂરતી સંખ્યામાં પરીક્ષકો ઉપસ્થિત ના રહેતા યુનિવર્સિટી ધોરણો વિરૂધ્ધ જે પરીક્ષકો ઉપલબ્ધ હોય તેમને કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા પરીક્ષણ કાર્ય સોપવું પડે છે જેના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓને ગુણાંકનમાં અથવા પ્રયત્ન કરવા છતા ગેરલાભ થાય છે તેથી વિદ્યાર્થીઓની વધતી સંખ્યા જરૂરિયાત અને શિક્ષણના વ્યાપક હીતમાં કેટલાંક નિર્ણયો લેવાની તાત્કાલિક જરૂર છે આ પરિપેક્ષ્યમાં દરેક અધ્યાપકશ્રી ઓછામાં ઓછી ૩૦૦ ઉત્તરવહીઓ તપાસે તે ફરજિયાત બનાવવું અને તે મતલબનું સર્ટિફિકેટ કો.-ઓર્ડિનેટરશ્રી પાસેથી લઈ પરીક્ષાનિયામકશ્રીની સહીથી આપવાનું રાખવું.

કોઈ આકસ્મિક કારણસર ન આવી શકે તો, એક વર્ષ માટે છૂટછાટ આપવી અને બીજા વર્ષે બેવડી ઉત્તરવહીઓ તપાસે તે અનિવાર્ય બનાવવું. આ માટેની સત્તા શ્રી કુલપતિશ્રીને આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

( ................ )

કુલસચિવ